


પદ્માને તીરે



લેખક :

હુમાયૂં કબીર

અનુવાદક :

કાન્તિલાલ શાહ

સવાચાર રૂપિયા

પદ્માને તીરે

લેખક

હુમાયૂં કબીર

અનુવાદક

કાન્તિલાલ શાહ

: પ્રાપ્તિસ્થાન :


સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ.

પાનવાડી : ભાવનગર



ગામડાના સંસ્કારમાં આજે ઠીક ઠીક પરિવર્તન આવી રહ્યું છે. પરંતુ તેમ છતાં ગામડાનો આ કિંમતી વારસો ગુમાવીને માનવ-સમાજ થોડો ગરીબ બનશે તેમાં કોઈ શંકા નથી. હિન્દુસ્તાન તો ગામડામાં પથરાએલું છે, અને દુનિયાને હિન્દનું દર્શન કરવું હશે તો તેને હિન્દના ગામડા તરફ દૃષ્ટિપાત કરવો પડશે.

હુમાયૂં કબીર






પદ્માને તીરે

લેખક
હુમાયૂં કબીર

અનુવાદક
કાન્તિલાલ શાહ



: પ્રાપ્તિસ્થાન :
સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ.
પાનવાડી : ભાવનગર

પ્રથમ આવૃત્તિ : મે ૧૯૫૪

કિંમત

સવાચાર રૂપિયા

મુદ્રક
જયન્તીલાલ મ. શાહ
સંસ્કાર મુદ્રણાલય
ભાવનગર

પ્રકાશક
સર્વોદય સહકારી સંઘ વતી
મનુભાઈ પંચોળી
ભાવનગર

અનુવાદકનું નિવેદન

આજથી લગભગ સાતેક વર્ષ પહેલાં બંગાળના સુપ્રસિદ્ધ લેખક અને કેળવણીકાર પ્રાધ્યાપક હુમાયૂં કબીરની એક અંગ્રેજી નવલકથા મારા હાથમાં આવી. શરૂઆતમાં નાનકડી પ્રસ્તાવના ઉપર નજર દોડાવ્યા પછી હું તેનાં થોડાં પાનાઓ જોઇ ગયો. પણ થોડીવારમાં જ વાર્તામાં પ્રવેશ કર્યા પછી એના કથારસમાં, એની મનોરમ ભાષા-શૈલી અને ચિત્રાત્મક પ્રસંગોમાં એવો તો ખેંચાયો કે આખી નવલ-કથા એક બેઠકે તો નહિ પણ એક દિવસમાં હું વાચીને પુરી કરી ગયો. વાંચ્યા પછી કયાંય સુધી એનાં પાત્રો નજુમિયાં અને અસગર-મિયાં, મલેક અને તુરૂ મગજમાં રમી રહ્યાં.

એની સાદી સરળ છતાં જોમદાર અને આકર્ષક શૈલી, ટુંકા અને સચોટ સંવાદો, ગ્રામજીવનના વિધવિધ પાસાંઓ રજૂ કરતાં રંગીન પ્રસંગ–ચિત્રો, નવલકથાની કાવ્યાત્મક ફૂલગુંથણી અને એનો કરુણ છતાં વાસ્તવિક અંત વગેરે મને એટલું તો ગમી ગયું કે એ રસમાં ગુજરાતી વાચકોને ભાગીદાર બનાવવા લલચાયો. અનુવાદ તો આજથી લગભગ પાંચ છ વરસ પહેલાં જ પુરો કરી નાખેલો. અને એ પ્રસિદ્ધ કરવાની લેખકની પરવાનગી પણ મેળવી લીધેલી પણ એની અમુક શરતોને કારણે એનું પ્રકાશન ઢીલમાં પડેલું. છેવટે બેએક વરસ પહેલાં મારે દિલ્હી જવાનું થયું ત્યારે એમને રૂબરૂ મળવાનું થતાં પુસ્તક પ્રસિદ્ધ કરવાનું કાર્ય સરળ બન્યું. સર્વોદય પ્રકાશન મંદિરે એ પ્રસિદ્ધ કરવાની તૈયારી બતાવી. શ્રી ઉમાશંકર જોશી ભાષાની દૃષ્ટિએ લગ-

ભગ આખો અનુવાદ જોઈ ગયા છે અને એમની સંમતિની મહોર મળ્યા પછી સર્વોદય પ્રકાશન મંદિરે એ પ્રસિદ્ધ કર્યું છે એ મારે માટે આનંદનો વિષય છે.

આ પુસ્તકની કાવ્યમય ભાષા, કલાત્મક પ્રસંગો, કુદરતના મનોરમ વર્ણનો વિગેરે, ગાંધીજીને પણ એટલા બધા ગમી ગયેલાં કે તેમણે પૂ. કાકાસાહેબને વાંચવા માટે એ પુસ્તક મોકલેલું. પૂ. કાકાસાહેબને પણ એ ખૂબ જ ગમ્યું છે એનો આનંદ એમણે દિલ્હીમાં થયેલી એક મુલાકાત વખતે મારી સાથેની વાતચીતમાં પ્રકટ કરેલો ને મને તેમણે ઉપરની વાત કહેલી. આ બધું જોતાં પૂ. કાકાસાહેબ આની પ્રસ્તાવના લખી આપે તો કેવું સારૂં એમ એક ક્ષણ મનમાં થયેલું. પણ એમના ઉપરનો કામનો બોજો જોતાં એ લોભ મેં જતો કર્યો છે. મારી બીજી નજર ઠરી હતી ભાઈશ્રી ઉમાશંકર જોશી ઉપર. તેઓ આ પુસ્તકની પ્રસ્તાવના જરૂર લખી આપત, પણ એમ કરતાં પુસ્તક પ્રકાશનનું હજી વિશેષ મોડું થાત. આથી આ નવલકથાનો પરિચય ક્યારેક 'સંસ્કૃતિ' દ્વારા એમને હાથેજ મળશે એમ વિચારી અત્યારે તો આ અનુવાદ કોઇ વિદ્વાન વિવેચકની પ્રસ્તાવના કે બે બોલ સિવાય જ પ્રગટ કરવાનું યોગ્ય લાગ્યું છે.

જે કૃતિ ગાંધીજી અને કાકાસાહેબ જેવા સમર્થ જીવનાચાર્ય અને સાહિત્યાચાર્યને ગમી તે ગુજરાતને પણ ગમશે એવી શ્રદ્ધા સાથે આ અનુવાદ રજૂ કરૂં છું.

આ નવલકથા બંગાળીમાં 'નદી ઓ માનુષ' એ નામે આ અગાઉ પ્રગટ થઇ ચૂકી છે.

હરિનિવાસ
ધર્મશાળા પ્લોટ
રાજકોટ.

કાંતિલાલ શાહ

મૂળ લેખકની પ્રસ્તાવના

પૂર્વ બંગાળની દંતકથાના આધારે રચાએલી આ એક સાદી વાર્તા છે. અહીં કોઈ નવા પ્રશ્નોની છણાવટ નથી, તેમ માનવ જીવનના જૂના પુરાણા પ્રશ્નો સિવાય કોઈ નવા કોયડાનો ઉકેલ પણ આમાં નથી. માનવી શરૂઆતથી જ પ્રેમ કરવાનું અને સહન કરવાનું શીખતો આવ્યો છે, અને આપણે કલ્પી શકીએ ત્યાંસુધી જીવનના આ રાહે ચાલતો જ રહેશે. આ ધરતીના છોરૂની સહનશક્તિ અને ધૈર્યે ગજબ બહાદુરી દાખવી છે. ઘણી વખત આપણે તેની તરફ બેદરકારી દર્શાવીએ છીએ પરંતુ આ બધા પરિવર્તનોની વચ્ચે તે તો શાંતજ રહે છે અને તેના જ્ઞાનમાં ઉમેરો કરવાની સાથે આપણી પ્રશંસાનો તે હકદાર બને છે. ગામડાના સંસ્કારમાં આજે ઠીકઠીક પરિવર્તન આવી રહ્યું છે. પરંતુ તેમ છતાં ગામડાનો આ કિંમતી વારસો ગુમાવીને માનવ–સમાજ થોડો ગરીબ બનશે તેમાં કોઇ શંકા નથી. હિન્દુસ્તાન તો ગામડામાં પથરાએલું છે અને દુનિયાને હિન્દનું દર્શન કરવું હશે તો તેને હિન્દના ગામડા તરફ દ્રષ્ટિપાત કરવો પડશે.

હુમાયૂં કબીર

આ લેખકના પુસ્તકો

આશાનું બીજ ભાગ ૧–૨	(પર્લબક કૃત–અનુવાદિત નવલકથા)
પ્રથમ પત્ની અને બીજી વાતો	પર્લબક કૃત ટૂંકીવાર્તાઓ
હરતાં ફરતાં હાડપિંજરો વચ્ચે	ઓરિસ્સાના દુષ્કાળનું પ્રવાસવર્ણન
દુર્ભિક્ષ	'૪૩ ના દુષ્કાળ વખતની વાર્તાઓ
રવીન્દ્રનાથ ટાગોર	જીવનચરિત્ર
મુસ્તફા કમાલપાશા	,,
બંગાળની રસકથાઓ	લોકકથા
દક્ષિણદેશની લોકકથાઓ	,,
કાશ્મીરની લોકકથાઓ	,,
અતિલોભ–પાપનું મૂળ	ઉપદેશકથા
દિલીપરાજાની કથા	બાળ પુસ્તકો
સુંદર પરી	,,
ત્રણ પીછાં	,,
કાળા જાદુ	,,
મૃત્યુલોકનું અમૃત દૂધ	આરોગ્ય
મારો જલોપચાર	,,

હવે પછી પ્રસિદ્ધ થશે

ઠક્કરબાપા	વિસ્તૃત જીવનચરિત્ર
દરિયાની વેળ	કિશોરકથા

: પ્રાપ્તિસ્થાન :

સંસ્કાર સાહિત્ય મંદિર : પો. બો. નં. ૩૪ ભાવનગર

બંગાળી સાહિત્યના રસજ્ઞ અને મર્મજ્ઞ

મુ. શ્રી. ભીમજીભાઇ સુશીલને

સપ્રેમ અર્પણ કરૂં છું.

અનુક્રમ

અતીત પર દૃષ્ટિપાત

(પ્રાસ્તાવિક)

નજુમિયાં પદ્માના કિનારા ઉપર ઊભો રહ્યો. તેણે ચારે તરફ નજર નાખી. સામે જ પ્રચંડ નદીનો અતુલ જલરાશી પથરાયેલો પડયો હતો. પ્રભાતના સોનેરી પ્રકાશમાં તેનું સૌંદર્ય સોળે કળાએ પ્રકાશી ઊઠયું હતું. પહેલી નજરે તે શાંત અને સંતુષ્ટ દેખાતી હતી. એની ભયાનક વિનાશકતા કે ક્રૂરતાનું ચિહ્ન સરખું પણ નજરે પડતું ન હતું. સવારના સૂર્યના સોનેરી તડકામાં પદ્માનાં પાણી ઝળહળ ઝળહળ પ્રકાશી રહ્યાં હતાં અને જોનારને ખુશી ઉપજાવતાં હતાં. નજુમિયાં ઊભો હતો ત્યાંથી થોડે દૂર સામે રેતીના કિનારા પાણીની ઉપર દેખાતા હતા અને એથીયે દૂર દૂર છેક ક્ષિતિજ પાસે નદીના સામા કાંઠાની રેખાઓ દેખાતી હતી. આ બન્ને કિનારા વચ્ચે થઇને નદીનાં અફાટ જળ જરાયે અવાજ કર્યા વિના ત્વરિત ગતિએ વેગબંધ ચાલ્યાં જતાં હતાં.

નજુમિયાંએ છુટકારાનો દમ ખેંચ્યો અને મનમાં ને મનમાં અલ્લાતાલાને હજાર હજાર દુવા દેવા લાગ્યો. અલ્લાએ તેના ઉપર મહેર કરી હતી અને તેની જિંદગીમાં બરકત પૂરી હતી.

પદ્માના નિર્જન કિનારે કિશોર–અવસ્થામાં પહેલવહેલો આવેલો એ દિવસ તેને યાદ આવ્યો. એ વખતે તો પોતે હજી કાચી ઉંમરનો છોકરો જ હતો અને ગામના બીજા મોટેરાઓ સાથે આવ્યો હતો. આ બધા ઊભડ ખેડૂતો પોતાની પાસે જમીન ન હોવાથી પારકાની જમીન ઉપર મહેનત–મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

ઘણી વાર તો કામની શોધમાં તેઓ પોતાના વતનથી સેંકડો માઇલ દૂર નીકળી જતા હતા.

જ્યારે તેઓ પદ્માને કિનારે પહેલવહેલા આવી પહોંચ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. નજુમિયાં પદ્માનો પટવિસ્તાર જોઈ આશ્ચર્યથી સ્તબ્ધ બની મોં વકાસીને ઊભો જ રહ્યો. તેણે કંઈ નદી જોયેલી નહિ એમ ન હતું, તેનું પોતાનું ઘર નદી-કિનારે જ આવેલું હતું. પણ એ તો એની ચિરપરિચિત દોસ્ત જેવી સાવ નાનકડી નદી હતી. એના પટમાં તો એ ઘણીયે વાર ખેલ્યો-કૂદ્યો હતો અને એના છીછરા પાણીમાં નાહ્યો હતો. પણ આ તો પદ્મા નદી હતી. વિશાળ અને ભેંકાર! એનું રાક્ષસી કદ અને કાળભૈરવ રૂપ જોઇને જ તે આભો બની ગયેલો. એનાં ઘુમરીઓ લેતાં અને ઘુઘવાટ કરતાં વેગબંધ પાણીનો કોઈ અંત નહોતો. નાખી નજર ન પહોંચે એટલે સુધી ગાઉના ગાઉ સુધી તે આગળ ને આગળ ધસ્યે જતાં હતાં. સંધ્યાના ઊતરતા ઓળા આ અફાટ જળરાશી ઉપર પોતાની કાળી છાયા પાથરતા હતા અને વાતાવરણને ઘેરું બનાવી રહ્યા હતા.

નજુમિયાંએ આ પ્રચંડ નદીના દર્શનથી પ્રભાવિત થઇને આશ્ચર્યભર્યા સ્વરે પૂછેલું: 'આ દરિયો છે?'

ત્યારે સાથેના ઘરડા માણસોમાંથી એક જણે હસીને જવાબ આપેલો, 'ના રે ના, મૂરખ! દરિયો તે કંઈ આવો હોય! આ તો પદ્મા નદી છે. અહીં આપણે જેને માટે ઝંખતા'તા એ જમીન મળી રહેશે. અહીં આપણે ખેતી કરશું ને ઘરબાર બનાવી કાયમી વાસો કરીને રહેશુ.'

નજુમિયાંને પોતે કાયમી વસવાટ કરીને ત્યાં રહ્યો એ પછીના દિવસો યાદ આવ્યા. પહેલાં તો તેમને ગામડાંથી દૂર દૂર જમીનની શોધ કરવા જવું પડ્યું હતું, કારણ ગામની નજીકમાં જે જમીન હતી એ તેની અગાઉના માણસોએ લઈ લીધી હતી. આ ખેડૂતોને

સાથીની પણ જરૂર હતી. એટલે નજુમિયાં જે ટોળીમાં આવ્યો હતો એમાંથી કેટલાકને કામ મળી જતાં તેઓ ત્યાં જ રોકાઈ પડ્યા. પણ ટોળીનો આગેવાન રહીમબક્ષ ત્યાં રોકાવા રાજી નહોતો. તેણે કહ્યું:

'કટિહારથી આટલે બધે દૂર બીજાની જમીન ઉપર મજૂરી કરવા થોડા આવ્યા છીએ? મજૂરી જ જો કરવી'તી તો કટિહાર શું ખોટું હતું? આપણે તો આપણી પોતાની જ જમીન મળે ત્યાં જઈ વસવું છે. ઊભડ રહીને હવે કોઈનાં વૈતરાં કરવાં નથી. હવે તો પોતીકી માલિકીની જમીન ઉપર ખેતી કરીને જીવવું છે.' નજુમિયાં એ વખતે સોળ વરસનો કાચી વયનો છોકરો જ હતો. છતાં એટલી વયે પણ તે રહીમબક્ષની વાતમાં રહેલું ડહાપણ જોઇ શક્યો. તેણે કહ્યું: 'ચાચા! બીજાને અહીં પડ્યા રહેવું હોય તો ભલે પડ્યા રહે. કોઈ નહિ આવે તોપણ હું તો તમારી સાથે જ આવીશ.' ટોળીમાંથી મોટાભાગના માણસો રહીમબક્ષની વાત સાથે મળતા થયા. બાકીના થોડા એ ગામમાં રોકાઈ ગયા. તેમને થયું કે હવે આમ ને આમ દૂર દૂર ક્યાં સુધી ભટકતા રહેવું! અહીં મજાનું ગામ વસી ગયેલું છે, કામ પણ મળી જાય તેમ છે, તો પછી જ્યાં વર્તમાન અચોક્કસ છે ને ભવિષ્યની ખબર નથી એવા પ્રદેશમાં જવા કરતાં અહીં જ રોકાઈ જઈ સ્થિર વસવાટ કરવો શું ખોટો? આમ વિચારી તેઓ તો એ ગામમાં જ રોકાઇ ગયેલા.

પણ રહીમબક્ષ તો પોતાની ટોળીને લઈ ડહાપણપૂર્વક આગળ વધ્યો. એમની સાથે સ્ત્રી-પરિવાર તો હતો નહિ, કારણ તેણે સૌને પહેલેથી જ કહી રાખેલું કે જ્યાં સુધી આપણે ઘરબાર બનાવી સ્થિર વસવાટ કરીએ નહિ ને પહેલી વખતનો પાક ઘરમાં લાવીએ નહિ ત્યાં સુધી કોઇએ પોતાની સ્ત્રીઓને સાથે લાવવાની નથી. નજુમિયાં એ વખતે એની વાત સાંભળીને હસેલો, પણ હવે એને રહીમબક્ષની શિખામણમાં રહેલા ડહાપણની પ્રતીતિ થઇ ગઇ.

આમ ને આમ એ ક્યાંય સુધી વિચારોના ઝોલે ચડી ગયો, પણ થોડી વારમાં જ અચાનક એમાંથી તે ઝબકીને જાગી ગયો.

તેને થયું: એ દિવસો તો હવે ગયા ને એની યાદ પણ ગઈ. જવાનીની મોજના એ મસ્તીભર્યા દિવસો! એ પાગલપન! એ મસ્તી–તોફાન! એ યૌવનના ઉછાળા! સોનેરી આનંદની એ ભરચક પળો! કેટલા બનાવો યાદ કરવા ને કેટલા ભૂલવા! હવે તો એ બધા ઉછાળા શરદઋતુના પ્રભાતના પદ્માના પાણીની પેઠે શાંત પડી ગયા છે. આજે હવે વર્ષાની થોડી છટા રહી છે ખરી, પણ એનો મસ્ત ઘુઘવાટ–એનાં છકેલાં પૂર આજે શમી ગયાં છે. પોતાનું જીવન પણ હવે આવું જ શાંત જશે. કોઇની પોતે ઇર્ષ્યા કરશે નહિ, કોઇનો દ્વેષ કરશે નહિ, પદ્માના ક્રૂર પ્રવાહની પેઠે કોઇને રાગદ્વેષ કે શંકાના પૂરમાં તાણી જશે નહિ.

નદીના શાંત સરોવર જેવા વિશાળ પટ ઉપર નજર ફેંકતાં જ એનું મન ઉલ્લાસ અને શાંતિથી પ્રફુલ્લિત થઇ ગયું. પદ્માને કિનારે એની સંગમાં રહીને જે જિંદગી ગુજારી હતી એની યાદ આવતાં જ પદ્મા પ્રત્યેનો પ્રેમ એના હૃદયમાં ઊભરાઇ આવ્યો. રહીમબક્ષ એને પહેલવહેલો અહીં સાથે લઇ આવ્યો ને તેને જમીનનો કટકો પસંદ કરીને આપ્યો તે દિવસથી જ એનું જીવન પદ્મા સાથે અતૂટ લગ્નગ્રંથિથી જોડાયું હતું. પોતાને મળેલો આ જમીનનો કટકો તેણે જોયો ત્યારે પહેલવહેલાં તો એ નકામો લાગેલો. કિનારા ઉપરની એ જગા અતિશય કાદવવાળી હતી ને એમાં ગીચોગીચ સૈયાં તથા જંગલી ઘાસ ઊગી નીકળ્યું હતું. પણ રહીમબક્ષે તેને એક બાજુ બોલાવીને કહ્યું: 'બેટા, એમ સાવ નિરાશ ન થતો. જમીન તો સોના જેવી છે. આમાં થોડી ડાંગર વાવીશ એટલે તને સ્વપ્નામાં યે ખ્યાલ ન હોય એટલો બધો પાક ઊતરશે. શિયાળામાં વળી રાઈ, લસણ ને એવી બીજી વસ્તુઓ ઉગાડી શકાય. જરૂર છે ફક્ત મહેનતની. એમાં પાછી પાની કરતો નહિ. કેડ વાળીને કામે લાગજે એટલે ખુદા તને બરકત દેશે.'

નજુમિયાંએ પણ કેડ વાળીને કામ કરવામાં બાકી રાખ્યું નહોતું.

સવારમાં ઉષાનાં ઝાંખાં કિરણ પ્રગટે એ પહેલાંનો એ કામે લાગી જતો તે છેક સૂરજ માથા ઉપર આવે ત્યાંસુધી જરાયે અટક્યા વગર બરાબર મંડ્યો રહેતો. એ પછી તે રહીમબક્ષને ઘેર જમવા જતો. તેને હજી એવું પોતાનું ઘર નહોતું એટલે તે આ બુઢ્ઢા માણસને ઘેર જમતો–રહેતો અને સૂતો–બેસતો. બુઢ્ઢાને પણ એના ઉપર કુદરતી પ્યાર બંધાઈ ગયો હતો. જમી–કરીને તુરત જ પાછો તે ખેતરે આવતો ને અટક્યા સિવાય સીધો ફરીને કામે લાગી જતો. ધીમે ધીમે બપોર નમતા જતા તેમ ઓળાઓ લાંબા ને લાંબા થતા જતા અને પછી તુરત જ અંધારું એકસરખું ખેતરમાં ને નદી ઉપર દસે દિશાએ ફરી વળતું. નજુમિયાં ખૂબ મોડે સુધી કામ કરતો ને પછી અંધારામાં કંઈ ન સૂઝે ત્યારે ઓજારો ભેગાં કરી *પંચાયતને ઘેર પાછો ફરતો.

જુવાનીના એ દિવસોમાં એની શક્તિનો પાર ન હતો, અને કામ પણ એટલું જ રહેતું. સૌથી પહેલું કામ કિનારાની અણખેડાઉ જમીન પરથી જંગલી ઘાસ વાઢી લેવાનું હતું ને સૈયાં એનાં મુખ સોતાં ખેંચી લેવાનાં હતાં. વળી આટલા મોટા કાફલા વચ્ચે બળદની ફક્ત ત્રણ જ જોડી હતી. એટલાથી બધાયની જમીન કેવી રીતે ખેડી નાખવી એ પણ એક કોયડો હતો. પોતાની જમીન ખેડવા માટે નજુમિયાંને બળદ મળવાનો વારો આવે એ માટે તો દિવસોના દિવસો સુધી રાહ જોવી પડે તેમ હતું, પણ એ હાથ–પગ વાળીને બેઠો રહે એવો આળસુ નહોતો. બળદ મળે એટલા વખતમાં નવરા બેસી રહેવાને બદલે પોતાના ખેતરમાં તેણે કૂવો ખોદી નાખ્યો અને કૂવાના ખોદાણમાંથી જે માટી નીકળી એ ઘર બાંધવાના કામમાં લેવાની ગણતરી પણ એણે કરી નાખી.

એક દિવસ કૂવો ગાળતાં ગાળતાં એને એક તુક્કો સૂઝ્યો. આમ

---

* પટેલ

બળદની રાહ જોતાં જોતાં તો કોણ જાણે કેટલા દિવસ વીતી જશે. બીજા બધા પણ નવરા પડ્યા છે. એમનો જો સાથ મળે તો પછી બળદનીયે જરૂર નથી. તો અમે બધા પરસ્પર મળીને એકબીજાનાં ખેતર ખેડી નાખીએ.

એનો મિત્ર અસગર બાજુના ખેતરમાં કામ કરતો હતો. પોતાનાં ઓજારો હેઠાં મૂકીને તુરત જ તે એની પાસે દોડી ગયો અને તેણે અસગરને પોતાને આવેલો વિચાર જણાવ્યો અને બન્નેએ જઈ બીજા થોડાને જણાવ્યો.

થોડા વખતમાં તો ખેતરના બુઢ્ઢા માણસો એક નવું દૃશ્ય આશ્ચર્યચકિત બનીને જોઇ રહ્યા. નજુમિયાં અને અસગર હળનું ધોંસરું લઇને બળદ જેમ કામ કરતા હતા ને પાછળ રહેમત તેમને હાંકતો હતો. આની દેખાદેખીથી બીજા માણસો પણ એ પ્રમાણે કરવા લાગ્યા ને થોડા વખતમાં આખા સંસ્થાનમાં બળદની જે તંગી લાગતી હતી એ મટી ગઈ ને જમીન ખેડવાનો પ્રશ્ન બહુ જ સરળતાથી ઉકલી ગયો.

જુવાનીના એ સુખી દિવસો યાદ આવતાં જ નજુમિયાંના મન ઉપર દુઃખની એક કાળી વાદળી પથરાઇ ગઈ. અસગર એ વખતે તો તેનો દિલોજાન દોસ્ત હતો—પણ અત્યારે ! એનાં ખેતર પાસેનીનહેરની સામી બાજુએ અસગરના ખેતર ઉપર નજર જતાં જ નજુમિયાંના મનની શાંતિ હરાઇ ગઇ. એનાં દુઃખ અને દ્વેષનો કોઇ પાર રહ્યો નહિ.

અગાઉની પેઠે આજે પણ તેઓ એકબીજાના પાડોશી હતા, પણ આજે બન્ને વચ્ચે દુશ્મનાવટ, કટુતા અને અનિષ્ટ પ્રસંગોનાં સ્મરણો સળગતા હતાં. ખુદા દયાળુ હતો પણ એની દયા સૌના ઉપર સરખી ઉતરે એ એનાથી સહ્યું જાય તેમ નહોતું. એના પોતાના ખેતરમાં પાક લચી પડતો હતો. પણ એના હરીફ અને દુશ્મન એવા અસગરના ખેતર સમૃદ્ધ પાકથી એટલાં જ લચી પડતાં હતાં. એ વિચારે એનો બધો આનંદ ઓસરી જતો હતો.

એના ભૂતકાલીન જીવનમાં થયેલા ફેરફારો વિષે એ જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ એના મનની અંદર રહેલી ઉદાસીનતા વધુ ઘેરી બનતી ગઈ. એના મનમાં થયું કે જેને પોતે દિલોજાન દોસ્ત માન્યો હતો એ ઊઠીને પોતાના ઉપર કઠોર પ્રહાર કરે એ નસીબની ક્રૂર બલિહારી નહિ તો બીજું શું? જો કે એના જખમ ઉપર કાળના વિસ્મરણનો આછો પડદો પડી ગયો હતો, છતાં એ પડદા નીચે જખમ હજી રુઝાયો ન હતો—એ તો એવો ને એવો જ લીલો રહ્યો હતો. આજે એ વાતને દસકો વીતી ગયો હતો છતાં નજુમિયાંને એનો વિચાર સરખો પણ અસહ્ય થઇ પડયો હતો. બહુ જ જોર કરીને તેણે આ વાત ઉપરથી પોતાનું ધ્યાન ખસેડી બાકી રહેલું કામ પૂરું કરવામાં ચિત્ત પરોવ્યું.

કામ કરતાં કરતાં એના મનમાં વિચાર આવ્યો: આ વરસે પાક કેટલો બધો થયો છે! આ બધો પાક ઘેર લઇ જવા માટે પોતાને બીજા માણસોની મદદની જરુર રહેશે. આજે હાટ ભરાવાનો દિવસ છે એટલે પોતે જાતે જઈને જ કામ કરનારા સાથીઓને પસંદ કરે એ જ સૌથી સારું. ધાન લઈ જવા માટે હોડીઓ પણ સારી જોઇશે. હોડીના શઢ ફાટી ગયા છે એ ફરીને સાંધવા પડશે. વરસાદ અને તોફાનને લીધે હોડીઓને પણ ઠીક ઠીક નુકસાન પહોંચ્યું છે એટલે એનું સમારકામ કરવું પડશે. આમ કામનો કંઇ પાર નહોતો. આ બધાં અધૂરાં રહેલાં કામનો જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ એનો ગુસ્સો ઓસરવા લાગ્યો ને એનું મન ફરી પાછું શાંત થવા લાગ્યું. એના મનમાં થયું: અલ્લા ઘણો દયાળુ છે! પોતે તો પોતાની જિંદગી આ બે હાથની મહેનતથી શરુ કરી હતી, પણ અલ્લાએ કેવી મહેર કરી ને એની મહેનતમાં બરકત પૂરી હતી! આજે પોતાની પાસે જમીન થઇ, પૈસો થયો, કામ કરનારા માણસો મળ્યા અને પાંચ–પાડોશીઓમાં આબરૂ બંધાણી એ બધી એની કૃપા નહિ તો બીજું શું?

(૧)

મગરનો શિકાર

નજુમિયાંની મા પરસાળમાં બેઠી બેઠી રેંટિયો કાંતતી હતી. એવામાં મલેક શ્વાસભેર દોડતો આવ્યો.

'કેમ! આટલું બધું શું છે તે આમ દોડતો દોડતો આવ્યો?' હસીને તેણે એને પૂછ્યું, કારણ એ પોતાના પૌત્રને ઓળખતી હતી.

મલેકના મુખ ઉપર ઉશ્કેરાટ હતો. એનો શ્વાસ માતો ન હતો. તેણે કહ્યું: 'દાદી, જલદી આવો, તમને કાંઈક દેખાડું, જિંદગીમાં ન જોયું હોય એવું! મોડાં પડ્યાં તો પછી ખલાસ! ફરી જોવા નહિ મળે!'

'તું ભૂલ કરે છે, બેટા!' આયશાએ હસીને કહ્યું. 'હું કાંઇ ગઇકાલની નાની ગીગલી નથી. મેં સિત્તેર ચોમાસાં કાઢી નાખ્યાં છે. આટલાં વરસમાં મારે દુનિયાની કઈ ચીજ જોવાની રહી ગઇ હોય, કહે જોઇએ? મેં તો બધું જોઈ નાખ્યું છે!'

'હવે...સાંભળી આ તમારી જૂનીપુરાણી વાત એકસો ને એક વખત!' મલેકે અધીરાઇથી માથું ધુણાવીને કહ્યું. 'તમારે આવવું છે કે નહિ એ વાત કરો ને? હું ઠેઠ ક્યાંથી દોડતો દોડતો તમને બોલાવવા આવ્યો, તો તમે તમારી વાત ચાલુ કરી દીધી મેં આ જોયું છે ને તે જોયું છે...' તેણે હોઠ ફફડાવ્યા ને કહ્યું: 'જુઓ દાદીમા, મારી વાત માનો ને બધી લપ પડતી મૂકીને એકવાર

કહું ત્યાં આવો તમને જિંદગીમાં ન જોઈ હોય એવી ચીજ બતાવું ! આવવું હોય તો ઝટ કરો, નહિ તો પછી રહી જશો !'

'સારું બેટા !' આયશાએ કહ્યું. 'હું જાણું છું કે એક વખત તું જક લઇને બેઠો એટલે મારે આવ્યા વિના છૂટકો નથી. લે, હું આવું છું, પણ તું બહુ ઉતાવળો ચાલજે નહિ. તારી દાદીમાનાં હાડકાં હવે બરડ થઈ ગયાં છે ને પગમાં પહેલાંના જેટલી તાકાત રહી નથી એટલે તારી જેમ વાંદરાની પેઠે ચપ ચપ પગ ઊપડશે નહિ એનો તું ખ્યાલ રાખજે.'

આયશાએ સૂંડલીમાં રૂ ભેગું કરી લીધું ને કાંતેલા સૂતરને એક બાજુ મૂકી તેનો છેડો ત્રાકમાં વીંટીને ભરાવી દીધો ને પછી ઘરની વીસ વરસની કામવાળી છોકરીને બોલાવી. એનું નામ કુલસુમ હતું. કુલસુમ એ વખતે છાશ ફેરવતી હતી, પણ જેવો તેણે આયશાનો ઘાંટો સાંભળ્યો કે તુરત જ હાથમાં રહેલાં નેતરાં થંભાવીને પૂછ્યું: 'કોને, મને બોલાવી અમ્મા !' ને પછી દોડતી બહાર આવી.

'સાંભળતી નથી, બહેરી થઈ ગઇ છે !' આયશાએ તેને ધધડાવી. 'લે, આ રેંટિયો લઈ જા ને ઘરમાં મૂક.' ને પછી મલેક તરફ ફરીને કહ્યું: 'લે ચાલ, બેટા ! હવે હું તૈયાર છું, તારે જ્યાં લઇ જવી હોય ત્યાં લઈ જા.'

જતાં જતાં બારણા પાસેથી ફરીને તેણે કુલસુમને મોઢેથી સૂચના આપી: 'હું બહાર જાઉં છું, પણ જોજે તું ઊંઘી જતી નહિ. પાછી આવું એટલી વારમાં ખાવાનું પકાવીને તૈયાર કરી નાખજે. ને ફળિયું વાળી નાખજે. ગુલાબીને કહી દેજે એટલે એ શાક સમારી દે ને મચ્છી પણ કાપી–કરીને તૈયાર કરી રાખે. મને બહુ વાર નહિ લાગે. પાછી ફરું એટલી વારમાં જો મેં કીધું એ બધું તૈયાર ન કર્યું તો પછી ફરીને બે વેણ સાંભળવાં પડશે.'

મલેકની અધીરાઇનો પાર ન હતો, દાદીમાનો હાથ ઝાલીને તે

એને ઘસડતો–અરધો ચાલતો ને અરધો દોડતો નદી તરફ જઇ રહ્યો હતો. દોડતાં દોડતાં તે હાંફતો હતો ને હાંફતાં હાંફતાં બોલતો હતો. વાત કરી નાખવાની એને એટલી બધી ઉતાવળ જણાતી હતી કે એના મોઢામાંથી ઉપરાઉપરી શબ્દોના ગોળા છૂટતા હતા.

તે કહેતો હતો : 'મા, જાણો છો ? કેટલાય વખતથી માછીમારો સાથે ગાઝીટેક જવાનું મને મન હતું. મનમાં ઘણુંય થાય કે એ લોકોની સાથે સાથે હોડીમાં બેઠા હોઇએ ને બેઠાં બેઠાં માછલાં પકડતા હોય તે જોતા હોઇએ તો કેવી મજા પડે ! બાપુને મેં ઘણીવાર એ લોકોની સાથે જવા દેવા કહ્યું, પણ એ તો હમેશાં એમ જ જવાબ આપે છે કે ત્યાં ન જવાય, નદી બહુ જોખમવાળી છે. એનાં ઘૂમરિયુંવાળાં અજાણ્યાં પાણીમાં કો'ક વખત પડી જવાય તો પત્તોય ન લાગે. કાલે રાત્રે માધુ અને એનો દીકરો મારા બાપુ પાસે આવ્યા હતા ને આપણી મોટી જાળ માગતા'તા. તેમણે ગાઝીટેકની ઓતરાદી દિશામાં મોટી માછલી જોઇ હતી, એને પકડવા માટે જેટલી મળે એટલી જાળ તેમજ માણસો એ લોકોને ભેગાં કરવા'તાં. મને થયું કે આવો સારો મોકો ફરી નહિ મળે એટલે મેં બાપુને મને જવા દેવા કહ્યું, પણ બાપુએ કહ્યું કે બેટા તું હજી નાનો છો ને નદીના જોરદાર વહેણમાં તારૂં કામ નહિ. તોયે મેં તો હઠ ચાલુ રાખી એટલે એમાંથી છૂટવા માટે તેણે મને ફોસલાવવા માંડ્યો ને કહ્યું કે પહેલાંવહેલાં તો તું તારી જાતે જ *બોલ–મચ્છી પકડી શકે છે કે નહિ એ મને બતાવી આપ. મેં કહ્યું કે જરૂર હું પકડી શકું, અરે પકડી શકવાની ક્યાં વાત, મેં જાતે પકડી પણ છે ને ! પણ એ મારી વાત માને જ નહિ ને ! છેવટ મેં નક્કી કર્યું કે એક વખત તો એમને જાતે બોલ–માછલી પકડીને ખાતરી કરાવી દઉં. એટલે મેં આપણા ઘરમાં મચાન ઉપર માછલાં પકડવાની દોરી પડી

* એક જાતની માછલી

નથી રહેતી? તે દોરી લીધી અને એની કડીમાં થોડું માંસ ચોંટાડયું, કારણ બોલ–માછલીને માંસ બહુ ભાવે છે, નહિ? પછી તો હજી તું ઊઠે એ પહેલાં અંધારામાં ને અંધારામાં હું ઊઠીને સીધો નદીએ પહોંચ્યો ને ત્યાં મને શું જડયું, ખબર છે?'

તે શ્વાસ લેવા થોભ્યો. સાથે સાથે આમ અટકીને તે પોતાની વાતનું મહત્ત્વ પણ એની દાદીમા ઉપર ઠસાવવા માગતો હતો.

આયશા એના આ બબડાટને ખુશ થતી થતી સાંભળતી હતી. તેણે હસતાં હસતાં કહ્યું: 'ના બેટા! મને કયાંથી ખબર હોય? તેં કહ્યું ને કે તમે જિંદગીમાં ન જોઇ હોય એવી એ નવીન ચીજ છે? તો પછી એવી કઇ ચીજ તને મળી એ હું શું જાણું?'

મલેક દાદીની વાત પાછળ રહેલો કટાક્ષ સમજી ગયો. એટલે તેણે કહ્યું: 'મા, તમે ભલે હસો, પણ હવે કયાં વાર છે? જ્યારે તમે નજરે જોશો ત્યારે માનશો, પણ વાત તો સાંભળો, સવારના પહોરમાં હું નદીએ આવ્યો ને પાણીમાં જેવી દોરી નાખી તો એ ખૂબ ભારે લાગી. એટલે મને થયું કે નક્કી કોઇ ચીજ ભરાણી લાગે છે. મેં દોરીને ઉપર ખેંચી તો એટલી વજનદાર જણાવા લાગી ને મારાથી ઊંચકાય જ નહિ. ગમે તેટલું ખેંચુ તોય ઉપર જ આવે નહિ, ઊલટું પકડાયેલ શિકાર પાણીમાં એવો તો ખળભળાટ મચાવવા માંડયો કે જાણે મોટું તોફાન જાગ્યું! પછી મેં જોયું કે જે ખીલા સાથે દોરી બાંધી હતી એ પણ જમીનમાંથી ઊખડી જવા આવ્યો હતો. એટલે હું એકદમ બહાર આવ્યો ને પથરો ઉપાડી તેને પાછો જમીનમાં ખોડી દીધો ને દોરીને તંગ કરી દીધી. પછી મને થયું કે માછલી એટલી બધી મોટી લાગે છે કે હું એકલો એને પકડી શકીશ નહિ એટલે બીજાની મદદ માગવા હું ગામમાં આવ્યો.'

'ત્યારે તો તારા બાપની વાત સાચી પડી, ખરું ને? તેણે તને કહેલું ને કે, પહેલવહેલાં તું એકલો બોલ–મચ્છી પકડી બતાવ, પછી તારી શક્તિમાં વિશ્વાસ આવે?' આયશાએ કહ્યું.

મલેકે આકળા થઇને માથું ધુણાવી કહ્યું: 'તમારે મારી વાત ન સાંભળવી હોય તો હું શું કરું મા ! પહેલાં આખી વાત તો સાંભળો, પછી જે કહેવું હોય તે કહેજો. હું દોડતો દોડતો ઘેર આવ્યો ત્યારે ઇદ્રીસ બળદને લઇને બહાર ખેતરે જવાની તૈયારીમાં હતો. મેં તેને બધી વાત કરી ને પછી અમે બન્ને જણ દોડતા નદીએ આવ્યા. હું નાની હોડી લઈ નદીમાં ઝુકાવવાની તૈયારી કરી રહ્યો હતો ત્યાં ઇદ્રીસે કહ્યું: 'એમ ને એમ પાણીમાં જાતો નહિ. મને તો આજ લાગે છે કે બોલ–મચ્છી કરતાંયે કોઈ વધારે મોટી ચીજ પકડાણી હોય એમ દેખાય છે. જા, તું દોડતોકને ઘેર જા ને તારા બાપાને કહે કે બીજા માણસોને લઇને આવે. મને એમ લાગે છે કે મચ્છી–બચ્છી નહિ, પણ મગર પકડાણો લાગે છે. એટલે પછી હું તમને બોલાવવા આવ્યો, પણ તમે મને આટલો બધો વખત રોકી રાખ્યો. હવે તો કદાચ તેઓએ મગરને પૂરો પણ કરી નાખ્યો હશે.'

આટલા વખતમાં તો તેઓ નદીકિનારે આવી પહોંચ્યાં, પણ મગર હજી પકડાયો નથી એની ખબર પડતાં જ મલેકના આનંદનો પાર રહ્યો નહિ. ગાંડો થઇને એ તો બૂમ પાડવા લાગ્યો. કિનારે ઊભેલા લોકો મગરને કેમ પૂરો કરવો એની વેતરણ કરતા હતા. એ મગર હતો એ બાબત હવે કશી શંકા રહી ન હતી. કાળો રાક્ષસી કદનો એ મગર એક વખત પાણીની સપાટી ઉપર આવ્યો હતો અને ખીજથી ધૂંવાંપૂંવા થઈ છૂટો થવા માટે ધમપછાડા કરતો હતો. એના પ્રહારથી પાણીની છોળો ઊડતી હતી, પણ દોરીના છેડા ઉપરનો આંકડો એના મોઢામાં એવો સજ્જડ રીતે ભરાઇ ગયો હતો કે એ તોડીને હવે તે છૂટો થઇ શકે તેમ નહોતું.

એકઠા થયેલ લોકોમાંથી રમજાન નામના એક ખેડૂતે કહ્યું: 'આપણે તેને દોરી ખેંચીને ઉપર લાવીશું ?'

નજુમિયાંએ દોરી ખેંચી જોઇને માથું ધુણાવી કહ્યું : 'નવાઈની વાત છે કે સાલાએ દોરી કાપી કે કરડી ખાધી નથી, પણ હવે જો

આપણે એને ઉપર ખેંચવાની કોશિશ કરશું તો કદાચ દોરી જ તૂટી જશે.'

આ સાંભળીને રમજાન હસી પડયો ને બોલ્યો: 'ના ના. એમ બની શકે એમ નથી. આંકડા પાસે દોરડાની ઉપર એવડો તાર ચડાવીને એને એવું તો ગંઠયું છે કે હવે એ તૂટી શકે એમ નથી.'

નજુમિયાંએ કહ્યું: 'ત્યારે અત્યાર સુધી એ છટકી શકયો નથી, પણ હવે જો આપણે એને પરાણે ખેંચીને કિનારે લાવવાનો પ્રયત્ન કરશું તો વખત છે ને ખેંચાખેંચીમાં દોરડું તૂટી જાય. હવે તો ફક્ત એક જ રસ્તો છે અને તે એ કે તેને દોરડા વતી બરાબર પકડી રાખવો ને બીજી એક હોડી લઇ જઇ એની રાહ જોતા રહેવું. એ જેવો પાણીની સપાટી ઉપર આવે કે તુરત જ સૌએ એના ઉપર ભાલાંથી તૂટી પડવું.'

મલેક પોતાનો આનંદ હવે કાબૂમાં રાખી શકે તેમ નહોતો. ઉત્સાહમાં ને ઉત્સાહમાં હરખભેર નજુમિયાં પાસે દોડી જઇને તેણે મોટેથી કહ્યું: 'હુંયેય બધાની સાથે હોડીમાં આવવાનો.'

પણ નજુમિયાંએ તેને હસી કાઢ્યો: 'ના ના, બેટા ! એ કંઇ બચ્ચાના ખેલ નથી. ત્યાં નાના છોકરાનું કામ નહિ. તું તો જ્યાં છો ત્યાં કિનારા ઉપર તારી દાદી સાથે ઊભો રહીને જે થાય તે જો.'

રમજાને કહ્યું: 'હોડી તો ત્યાં મગર પાસે લઈ જઇએ, પણ સાલો એટલો તો ખિજાણો છે કે પૂંછડાની સપાટો મારી હોડીને જ ઉડાડી દેશે. જો બરાબરનો એક સપાટો પડી જાય તો હોડીનાં તો પાટિયાં નોખાં કરી નાખે ને આપણે સૌ પાણીમાં પડીએ, આમ એના હાથમાં પડચા પછી એ કંઈ આપણને મૂકે ?'

નજુમિયાંએ જવાબ આપ્યો: 'તારી વાત સાચી છે રમજાન, એના કરતાં તો મોટી નાવ લઈ આવ અને માણસોને મોટા વાંસ આપીને તૈયાર રાખ, જો મગર નજીક આવી હોડી ઉથલાવવાનો

પ્રયત્ન કરશે તો વાંસડાથી મારી મારીને એને તગડી મૂકશું ને લાગ ફાવશે તો એને ભાલેથી વીંધી નાખશું. ભાલું હું પોતે લઇશ.'

એમાંથી કેટલાક માણસોએ તુરત જ વાંધો લીધો: 'ના ના, પંચાયત! તમારું હવે આ ઉંમરે કામ નહિ, કામ તો જુવાનડાનું છે, તમારામાં હવે પહેલાં જેવાં જોર કે ઝડપ કયાં રહ્યાં છે? તમતમારે અમને દોરવણી આપો ને શું કરવું એ કહેતા જાવ. બાકી આવું નકામું જોખમ તમારી જાત ઉપર લેવું રહેવા દો.'

આયશાએ પણ નજુમિયાંને એક બાજુ બોલાવીને કહ્યું: 'બેટા, આ શું કરછ? મલેક હજી સાવ છોકરડો છે એ ન ભૂલી જા, ખુદા કરે ને તને કાંઇક થાય તો એની સંભાળ લેનાર કોઇ છે નહિ. આ તારી ઘરડી માની વાત ધ્યાનમાં લે ને એ કામ તારા કરતાં વધારે કૌવતવાળો હોય એવા કોઈ જુવાનડાને કરવા દે.'

નજુમિયાંએ જવાબ આપ્યો. 'તમારી ના હોય તો હું નહિ જાઉં મા, પણ તો પછી ફરીને આ માણસોની સામે છાતી કાઢીને ઉભો નહિ રહું કે નહિ એને મોઢું બતાવું! તેઓ બધા મને પંચાયત કહે છે ને આખું ગામ મારી દોરવણી પ્રમાણે ચાલે છે. જો હવે એક વખત વાત ખુલ્લી પડી જાય કે પંચાયત પોતે જ્યાં જવાની હિંમત કરતો નથી ત્યાં બીજાને મોકલે છે, તો પછી હું શું મોઢું લઈને એમની સામે ઉભો રહું?'

આયશા કંઈ બોલી નહિ. નજુમિયાંએ ફરીને પોતાની વાત આગળ કરી: 'ઓલ્યો અસગર પંચાયત બનવા માટે કેટલા ધમપછાડા કરે છે એ તો તમે જાણો છો મા! એ હજી આગલો કાંટો ભૂલ્યો નથી ને હુંયે ભૂલ્યો નથી. અમારી બન્ને વચ્ચે ભૂલી જવાનું કે માફ કરવાનું કદી બનવાનું નથી. એટલે થોડી વાતમાં વધુ સમજી જાવ મા! હા, હું સાવચેતી બરાબર રાખીશ. વળી તમે ધારો છો એવું કંઈ જોખમ પણ નથી. મોઢું તો આંકડિયામાં બરાબર

સપડાઈ ગયું છે ને હોડીમાં કાંઈ હું એકલો થોડો રહેવાનો છું ? ઘણા માણસો સાથે હશે.'

અસગરનું નામ સાંભળતાં જ આયશાના મોઢાની રેખાઓ ખેંચાણી. તે શાંતિથી બોલીઃ ' તારે પોતાને જવું જ પડે એમ હોય તો જા. અલ્લા તારાં રખેવાળાં કરે ! રમજાન અને ઈદ્રીસને સાથે લેતો જા ને જોજે, બહુ ઉફાંદ ન કરતો.'

એ પછી તેણે રમજાન તેમજ ઇદ્રીસને પોતાની પાસે બોલાવ્યા ને કહ્યું: ' જુઓ બેટાવ ! તમે મારા છોકરાવ જેવા છો; ને નજુમિયાં તમારો મોટો ભાઈ છે, તમે બન્ને જણ એનાં બેય પડખે ઊભા રહેજો ને એની ઢાલ બનીને રહેજો, અલ્લા તમને સલામત રાખે !

જવાબમાં બન્ને જણ એક સાથે બોલી ઊઠયાઃ ' અમ્માજાન ! ફિકર ન કરો. જ્યાં સુધી અમે જીવતા છીએ ત્યાંસુધી તો પંચાયતને ઊની આંચેય નહિ આવવા દઈએ એની ધરપત રાખો. અલ્લાની તારીફ કરો કે અમે સૌ જીવતા ને સલામત પાછા આવીએ.'

આયશાએ મલેકને પોતાની પાસે ખેંચી લીધો ને એને ભુજાઓમાં બરાબર પકડી રાખીને બોલીઃ ' બેટા ! તારે તો મને છોડીને ત્યાં જવાનું નથી જ, અને પછી મનમાં ને મનમાં હોડીમાં જનારા માણસોની સલામતી માટે ખુદાની દુવા માગવા લાગી.

થોડા વખતમાં હોડી તૈયાર થઇ ગઇ. નજુમિયાં પાસેની હોડીઓમાં એ સૌથી મોટામાં મોટી હતી. એને પસંદ કરવાનું કારણ એ હતું કે એ હોડી સાવ નવી હતી ને એનાં પાટિયાં મજબૂત હતાં. હોડીને કાળો રંગ લગાવવામાં આવ્યો હતો ને આગલો ભાગ સિન્દુરિયા રંગે રંગેલ હતો. સૂર્યના તડકામાં એ ઝગારા મારતો હતો. એને ચલાવવા માટે ત્રણ માણસો જોતા. એક સુકાન સંભાળતો અને બીજા બે હલેસાં મારતા અથવા વાંસ વતી હાંકતા. તુતક લાંબું અને નીચું હતું. માણસો સૌ જલદી જલદી તુતક ઉપર જઇ બેઠા અને તેઓએ

પોતાની આસપાસ એક મજબૂત વાડ ઊભી કરી દીધી. આથી બે અર્થ સરે એમ હતાઃ એક તો એથી બધાને રક્ષણ મળે તેમ હતું, અને બીજું મગર ગમે તેટલી ખિજાઇ ને પૂછડાની થપાટો લગાવ્યા કરે તોપણ આખરે એ થાકી જતાં એનું જોર નરમ પડી જાય એમ હતું. હોડીના આગલા ભાગ ઉપર તેમણે એક નાનકડો માંચડો ગોઠવ્યો હતો. નજુમિયાં એના ઉપર ઊભો રહ્યો. રમજાન અને ઇદ્રીસ હાથમાં મોટાં વાંસ લઇને તેની પાછળ ઊભા રહ્યા. મગર નજીક આવવા પ્રયત્ન કરે તો એને મારી હટાવવા એ તૈયાર જ હતા. વળી આ ઉપરાંત નજુમિયાંના ભાલાનો પહેલો ઘા ખાલી જાય કે ધારી ચોટ ન લાગે તો બીજાં બે ભાલાં એમના પગ પાસે તૈયાર જ રાખ્યાં હતાં.

નજુમિયાંએ હોડી ચલાવવા માટે બીજા ચાર માણસો લીધા. એના સુકાની તરીકે ગામમાં જે સૌથી વધુમાં વધુ હોશિયાર ખલાસી હતો તેને પસંદ કરવામાં આવ્યો. જ્યારે સૌ પોતપોતાની જગાએ હોડીમાં ગોઠવાઇ ગયા ત્યારે સુકાનીએ તેઓના 'બદર બદર'ના મોટા શોર સાથે હોડી છોડી મૂકી. કિનારા ઉપરના માણસોએ પણ એમની સાથે જ 'બદર બદર'ના અવાજોનો મોટેથી ઉચ્ચાર કર્યો. મલેકનો તીણો સ્વર લોકોના ઘાટા સ્વરોથી ઊંચો ઉઠયો. આયશાનું હૃદય એટલું બધું હલી ગયું હતું કે એના મોંમાંથી શબ્દ સરખો નીકળી શકે તેમ ન હતું. એ તો કિનારા ઉપર ઊભી ઊભી મૂંગી મૂંગી મનમાં ને મનમાં લોકોની સલામતી માટે પ્રાર્થના કરતી હતી.

પાણીમાં થપાટો મારતી હોડી છૂટી. નદીના પ્રબળ અને વેગીલા પ્રવાહમાં એક ક્ષણ તે હાલક-ડોલક થઇ, પણ બીજી પળે એના અનુભવી સુકાનીએ તેને સ્થિર કરી દીધી. ખલાસીઓએ હલેસાં મારવાનું ચાલુ કર્યું અને થોડીવારમાં તો તેઓ શિકારના ધમપછાડાને કારણે જ્યાં નદીનાં જળ ખળભળી ઉઠયાં હતાં એ જગાએ આવી પહોંચ્યા.

'બીજાં વધુ દોરડાં લાવો.' નજુમિયાંએ કિનારા ઉપર ઊભેલા માણસોને ઉદ્દેશીને બૂમ મારી. કારણ, મગર પેલી જાળ ઢીલી પડેલી જોઈ નદીના મધ્યવહેનમાં જવા માટે પ્રયત્ન કરતો હોય એમ નજુમિયાંને લાગ્યું. કિનારા ઉપરના માણસોએ દોરડાને મજબૂતપણે જોરથી ઝટકો માર્યો. ભયંકર ખીજવાટથી બૂમ પાડતો મગર સપાટી ઉપર આવ્યો. નજુમિયાં તો લાગ જોતો જ ઊભો હતો. તેણે તુરત જ પોતાનું ભાલું મગરની પીઠ ઉપર ઝીંક્યું. 'એની ખરબચડી અને જાડી ચામડી વીંધીને ભાલાની અણી ઊંડી ગઇ. મગરના ખીજવાટ અને ધૂંધવાટનું તો પૂછવું જ શું ! તે એક મોટી ગર્જના કરીને હોડી તરફ ધસી આવ્યો, પણ રમજાન અને ઇદ્રીસ તૈયાર જ હતા. તે પૂંછડીનો ઝપાટો મારે એ પહેલાં તો બંનેએ વાંસનો મારો ચલાવી તેને હોડીથી દૂર હટાવી દીધો. આથી મૂંઝાઇને મગર બિચારો પાણીમાં ડૂબકી ખાઈ ગયો ને પાછો ઉપર આવ્યો જ નહિ.'

નાવની અંદરના માણસોએ ફરીને જલદી મસલત કરી લીધી. તેઓ અનિશ્ચિત મુદ્દત સુધી રાહ જોઈ શકે તેમ ન હતું, કારણ જે દોરડાના હૂકમાં એનું ગળું ભરાણું હતું એ દોરી પણ તૂટી જાય એવો ભય હતો અને એમ પણ થાય તો તો ભારે થઇ જાય ને? ઘાયલ થયેલો મગર સીધો માણસને જ ખાવા માંડે, કારણ એના કરતાં બીજો સહેલો શિકાર એને કયો મળવાનો હતો !

નજુમિયાંએ કહ્યું : 'આપણે સાલા કૂતરાને જલદી ખતમ તો કરી જ નાખવો જોઇએ. પણ કરવો કેમ ?'

રમજાન શરીરે વકરાડ આદમી હતો. છ ફૂટ કરતાંયે વધારે એની ઊંચાઇ હતી એટલે મોટો ભીમ જેવો લાગતો હતો. એનાં પરાક્રમોની ઘણી વાતો જાણીતી હતી. તેણે પાણીમાં જવા અને ડૂબકી મારી મગર સાથે હાથોહાથની કુસ્તી કરવાની માગણી રજૂ કરી. હસીને તેણે કહ્યું: 'પાણીની સપાટી ઉપર જ તરતાં રહેવું ને મગર સાથે

લડવું એ વાત જરાય બની શકે તેવી નથી. મગર સાથે લડવા માટે પાણીમાં ડૂબકી મારવી જ જોઇએ.'

'મુરખ થા મા !' નજુમિયાંએ કહ્યું, 'ઘાયલ થયેલા ને ખિજાયેલા મગર સાથે પાણીમાં ડૂબકી મારીને લડવા જવું એટલે સીધું મોતને જ નોતરવું ! એ વાત નકામી છે. એને બદલે આપણે કોઈ બીજો વધારે સચોટ ઉપાય શોધી કાઢવો જોઇએ.'

નજુમિયાંએ કિનારા ઉપર ઊભેલા માણસોને દોરી ખેંચવા મોટેથી બૂમ મારી, પણ તેઓએ સામો જવાબ વાળ્યો કે: 'મગર બરાબર સામનો કરી રહ્યો છે. હવે જો અમે જરા વધારે-પડતી દોરી ખેંચશું તો કદાચ તૂટી જશે.' તેઓએ જરા દોરડું ઢીલું કર્યું પણ મગર ફરીને ઉપર આવ્યો નહિ. એ તો પાણીની નીચે ઊંડાણમાં કોઇપણ જાતનો અવાજ કર્યા સિવાય ચૂપચાપ પડયો રહ્યો. તેઓએ એને વાંસ વતી ગોંચપરોણા કરી હલાવવા પ્રયત્ન કર્યો, પણ પાણી એટલું બધું ઊંડું હતું કે વાંસડાથી કશું વળ્યું નહિ.

થોડી વાર તો કેમ જાણે બન્ને પક્ષ વચ્ચે મડાગાંઠ પડી ગઇ હોય એમ લાગ્યું—મગર ન તો છટકી શકયો કે ન માણસો મગરને ઉપર લાવી શકયા. છેવટ નજુમિયાંને એક વિચાર સૂઝયો. તેણે કહ્યું: 'આપણે એને જાળ નાખીને પકડીએ તો કેમ ? એમાં બહુ બહુ તો એકાદ-બે જાળ બગડશે. પણ જો એમાં આપણને કામયાબી મળે તો એટલું નુકસાન કંઇ લેખામાં નથી. અને ધારો કે કામયાબી ન મળે તોપણ શું ? બહુ બહુ તો એકાદ-બે જાળ ગુમાવીશું એટલું જ ને ? બીજો રસ્તો પણ શું હતો ?

છેવટ જાળ મંગાવવામાં આવી. નજુમિયાંયે એમાંથી જે સૌથી મજબૂત અને ભારે જાળ હતી એ પસંદ કરી. ધીમે ધીમે એને નીચે પાણીમાં નાખી, અને બધા માણસો અદ્ધર શ્વાસે રાહ જોતા ઊભા રહ્યા. થોડા વખતમાં જ પાણીમાં જોરથી ભયંકર ખળભળાટ

મચી ગયો. તેમને છેવટે થોડીએક કામયાબી મળી હતી. મગર બરાબર સપડાયો હતો. સાવચેતીથી અને ગણતરીપૂર્વક તેઓએ જાળ ઉપર ખેંચવા માંડી. પાણીની અંદરનો ખળભળાટ સપાટીની નજીક ને નજીક આવતો ગયો. ખળભળાટ થયેલા નીરમાં થોડા વખતમાં જ લાંબું અને કાળું રૂપ દેખાવા માંડ્યું. નજુમિયાંએ આ વખતે પોતાની તમામ તાકાત એકઠી કરીને એના ઉપર ભાલું ઝીંક્યું. ચોટ બરાબરની અને ખરે ઠેકાણે જ વાગી હતી. ભાલું મગરની પીઠ ઉપરની સખત અને બરછટ ચામડી ઉપર નહિ પણ એના પડખામાં લાગ્યું. આથી તે એક પડખે ફરી ગયો અને ક્ષણભર એનું પેટાળ ઉઘાડું પડી ગયું. આંખના પલકારામાં નજુમિયાંએ એક બીજું ભાલું ઉપાડીને એના પેટમાં ખોસી દીધું. એ છેલ્લો ભયંકર બુમાટો નાખીને મગર એવો તો ઊછળ્યો કે લગભગ જાળમાંથી એ બહાર નીકળી પડ્યો અને જોરથી પૂંછડીની થપાટ મારી. હોડીને ઊંધી પડતાં જરાય વાર ન લાગત, પણ રમજાન અને ઇદ્રીસ બરાબર સાવધ થઇને જ ઊભા હતા. તેમણે આ થપાટ પોતાના વાંસડા ઉપર ઝીલવા વાંસ આડા ધર્યા. અલબત્ત થપાટ તો ઝીલાઇ ગઇ, પણ પ્રહાર એટલો જોરદાર હતો કે બન્નેના હાથમાંથી વાંસ ક્યાંય ઉડી પડ્યા ને બન્ને ઘુંટણભર હોડીમાં પડી ગયા. મગરના પેટમાં ભાલો ખૂંતેલો હતો. એ સ્થિતિમાં એ ફરીને જાળમાં ભરાણો. એના મૃત્યુ–પછાડાની વેદના–ત્રાડ એવી તો ભયંકર હતી કે સાંભળી જાય તેમ ન હતી. આખું દૃશ્ય પણ જોયું જોવાય તેમ ન હતું. એના ભારથી જાળ પાણીમાં નીચે ઊતરવા લાગી. પણ એણે મગરને બરાબર પકડી રાખ્યો. એ પછી તુરત જ હોડીના બધા માણસો જાળ ઉપર ખેંચી તેને સપાટી ઉપર ખેંચી લાવ્યા.

'બદર બદર' હોડીના માણસોએ મોટેથી વિજયધ્વનિ કર્યો. 'બદર બદર' કિનારા ઉપર ઉભેલા માણસોએ આનંદના ઉત્સાહમાં મસ્ત બનીને એ વિજયધ્વનિનો પ્રતિઘોષ પાડ્યો. છેવટ હોડીને

કિનારે લાવવામાં આવી ને મગરને પણ ખેંચીને કિનારા ભેળો કરવામાં આવ્યો.

'અરે ! આ તો હજુ બચ્ચું છે !' નજુમિયાંએ કહ્યું. આપણું દોરડું તૂટયું નહિ ને અત્યાર સુધી ટકી રહ્યું એનું કારણ જ આ. મોટી ઉંમરની મગર હોત તો દોરડું તૂટયા વગર રહેત જ નહિ.'

'એના દાંત તો જુઓ !' રમજાને કહ્યું. 'આ મુગર જાતનો મગર લાગે છે. આ મગરો ભારે વસમો ! આ જાતના મગર માણસ-ખાઉ હોય છે.'

ત્યાં તો આયશા દોડતી આવી ને બોલી: 'ખુદાની તારીફ કરો કે તમે સૌ સલામત છો ! હવે તમારે મસ્જીદમાં શીરણી મોકલવી પડશે અને મોટી મિજબાની ગોઠવવી પડશે, કારણ મારા દાદુએ પહેલવહેલો મગર પકડયો છે. ભલેને તમે સૌએ સાથે મળીને પકડયો. પણ સૌથી પહેલાં દોરડું નાખનાર તો એ જ ને ? એટલે પકડવાનો બધો જશ એને જાય છે !'

મલેક મગર સામે ગર્વભેર તાકીને જોઈ રહ્યો હતો. આયશાના પ્રશંસાસૂચક શબ્દો સાંભળી એ શરમાઇ ગયો ને એણે બુઢ્ઢી અમ્માજાનની સાડીની પાટલીમાં પોતાનું મુખ છુપાવી દીધું.



[૨]

હકીમને દવાખાને

ધુલડી ગામમાં દર અઠવાડિયે જે હાટ ભરાતું તે આસપાસ માઇલો સુધી પથરાયેલા પ્રદેશના ગ્રામજીવનની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની જતું. એ માત્ર ખેડૂતોને વધારાનો માલ વેચી જરૂરી ચીજ ખરીદવા માટેનું બજાર નહોતું પણ ગામેગામના લોકોનું મિલનસ્થાન પણ હતું. દૂર દૂરનાં ગામડાંથી અનેક લોકો ત્યાં એકઠાં થતાં અને ગામડાના જીવન સાથે સંકળાયેલા સેંકડો પ્રશ્નો સંબંધી ચર્ચા કરતાં, અલકમલકની વાતો કરી આનંદ–કિલ્લોલ કરતાં. આ સ્થળેથી અનેક પ્રકારની સાચી–ખોટી વાતો, નિંદાભરી કુથલીઓ, ચિત્રવિચિત્ર ઘટનાઓ, અફવાઓ અને ગુલબાંગો વહેતી મુકાતી. દૂર દૂરનાં ગામડાંઓમાં આ વાતો પહોંચતાં સુધીમાં તો એના ઉપર અતિશયોક્તિના ઘેરા રંગ ચડી જતા. કર્ણોપકર્ણ સંભળાતાં સંભળાતાં જ્યારે એ ફરીને મૂળ જગાએ પાછી ફરતી ત્યારે એનું રૂપ એટલું બદલાઈ જતું કે અસલ જોનારને તો એ ઓળખાય જ નહિ.

ગામડાંઓમાં આ બધી ઘટનાઓના ખબર એટલી ઝડપથી ફેલાતા હોય છે કે એ જાણીને આપણને નવાઈ થયા વિના રહે જ નહિ. આ ગામડાંઓમાં નથી હોતી ટપાલ કે નથી હોતાં ધોરી રસ્તા અને બાંધેલી સડકો. છતાં તાજુબીની વાત તો એ છે કે એક ખૂણામાં બનેલી વાત [illegible] ગામડાંઓમાં [illegible] પહોંચી જાય છે.

આથી ધુલડીમાં નજુમિયાંએ જ્યારે પોતાના દીકરાના પરાક્રમની અતિશયોક્તિ ભરેલી વાત સાંભળી ત્યારે તેને જરાયે આશ્ચર્ય થયું નહિ. ધુલડીમાં તેણે લોકોને વાત કરતા સાંભળ્યા :

'સાંભળ્યું ?' એક જણ કહેતો હતો. 'નજુમિયાંના દસ વરસના છોકરાએ એકવીસ ફૂટ લાંબા મગરમચ્છ સાથે એકલે હાથે લડીને એને ખતમ કરી નાખ્યો. છોકરો પણ માળો ત્યારે જબરો ! આવડા મોટા મગરમચ્છના કપાળ ઉપર નિશાન તાકીને એવો તો જોરથી ભાલો ઝીંકયો કે એક જ ઘાએ એના હોશ ખાટા કરી દીધા. માથા સોંસરવું ભાલું નીકળી ગયું ને મગર ત્યાં ને ત્યાં ખલાસ થઇ ગયો.'

નજુમિયાંને આ ગપ્પાં સાંભળવામાં જરા રમૂજ પડી.

એક માણસ તો એના કરતાંયે જાણે વધારે જાણતો હોય એમ એધડક દલીલ કરવા લાગ્યો: 'મને બધીય ખબર છે. નજુમિયાંનો છોકરો મલેક પાણીમાં નાવા પડયો'તો ત્યાં મગરે આવીને એના ઉપર હુમલો કરેલો. એટલે પછી મલેક એને મૂકે ? ઝબ દેતો ભાલો મારીને એને ત્યાં જ હતો–નો'તો કરી નાખ્યો.'

બીજા માણસે એનો સામે જવાબ વાળી એની દલીલના ચૂરા કરી નાખ્યા. તેણે કહ્યું: 'હવે રાખો રાખો ! તમેય ભલા માણસ લાગો છો ! માણસ નદીમાં નાવા જાય ત્યારે સાથે ભાલું લઇને જતા હશે, નહિ ? જરા અક્કલસે તો ખુદા પિછાનો !'

આમ છતાં પેલો માણસ જરાયે પાછો હઠયો નહિ. પોતાની વાતને પકડી રાખી તેણે કહ્યું: 'તમે ગમે તેમ કહો પણ મલેક નદીમાં નાતો'તો એ ચોક્કસ !'

પણ બીજો માણસ તેની દલીલ સ્વીકારવા તૈયાર નહોતો. બનાવ સંબંધી તેને સાવ જુદી જ વાત કહેવાની હતી. આથી પોતાની માન્યતા રજૂ કરવા તે બોલ્યો: 'અસલ વાત તો એમ છે કે મલેકને

માછલાં પકડવાં હતાં. અને એટલા માટે ઘેરથી દોરી લઇને છાનો-માનો નીકળી ગયેલો. એને પકડવી હતી તો બોલ માછલી, પણ આ તો અકસ્માત મગર હાથ આવી ગયો. ભૂલમાં મગરને તેણે બોલ માછલી સમજીને ભાલો મારેલો. મગર છે એની તો એને પાછળથી ખબર પડી.'

આમ આખા બનાવમાં થોડી હકીકત અને બાકીની કલ્પના ભેગી થઇ અને એક દંતકથા રચાઈ ગઈ. કોઇએ કાંઈ કહ્યું તો કોઇએ કાંઇ. નજુમિયાંને પણ આ બનાવ સંબંધી સેંકડો સવાલોના જવાબ આપવા પડ્યા. એથી તેને જરાયે કંટાળો આવ્યો નહિ. ઊલટું આ પ્રસંગને કારણે તેનું મહત્ત્વ વધી ગયું અને સૌની નજરમાં કેમ જાણે પોતે મહાન વીરપુરુષ હોય એવો અનુભવ કરવા લાગ્યો. ખુશામત તો ખુદાને પ્યારી છે, પછી નજુમિયાંને કેમ ન હોય ? પોતાની આસ-પાસ પ્રશંસાનું વર્તુળ રચાતું જોઇ મનમાં ને મનમાં તે ગર્વ અનુ-ભવવા લાગ્યો.

બજારના એક તરફના ખૂણા ઉપર એક દવાખાનું હતું. એમાં એક દાઢીવાળો બુઢ્ઢો હકીમ બેસતો. દુકાનના બારણા ઉપર તેણે પોતાના નામનું મોટા અક્ષરવાળું પાટિયું લટકાવ્યું હતું. પાટિયું વાંચીને કોઇ ગ્રાહકો આવે એમ સમજીને નહિ. કારણ ધુલડી ગામમાં મોટા ભાગના ખેડૂતો તો અભણ હતા અને લખી-વાંચી જાણતા ન હતા, પણ પાટિયું લટકાવવાનું કારણ એ હતું કે એમ કરવાથી પોતાનું ગૌરવ વધે છે તેમ તે માનતો. પાટિયા ઉપર પોતાના નામના અક્ષરો ઉપર નજર ફેરવીને ઝોલે ચડી જવામાં એને ઘણો આનંદ આવતો. અશ્રદ્ધાળુ લોકો એના વિષે ઘણી વાતો કરતા અને દરેક જણ એની મશ્કરી ઉડાવતો. છતાં હકીમના મનમાં એ વિષે જરાય દંશ નહોતો. ઊલટું ઘણીવાર તો પોતેજ પોતાની વિરુદ્ધ હસવામાં ભળી જતો. એકંદરે હકીમ ઘણો ભલો, દયાળુ અને સહૃદયી

હતો એટલી વાત લોકો બરાબર જાણતા હતા, અને એથી જ તેઓ એક યા બીજા રોગની સારવાર કરાવવા એની પાસે આવતા.

એ વખતે તે ગંભીરતાપૂર્વક દવાની ચોપડીનાં પાનાં ઉથલાવતો અને પછી હોઠ ફફડાવીને ગામડાના સીધા-સાદા લોકોને અજાણ્યા લાગે એવા શબ્દો ગણગણી છેવટ એક યા બીજો નુસખો ખોળી કાઢતો. ગામમાં નવાં પરણેલાં જુવાન માટે વશીકરણ-કવચ બનાવી આપતો. તાવ માટે ગોળી ને માથાના દુઃખાવા માટે તિલસ્માતી પાની–બધા જ નુસખા તેને ઝટ દઇને ચોપડીમાંથી મળી આવતા. ઘણીવાર તો એ દવા પણ આપતો નહિ, ફક્ત દર્દીને બોલાવી એની આગળ કુરાનમાંથી અમુક આયાતો પઢી જતો. તે પછી દર્દી ઉપર માથું નમાવી ઊંડા શ્વાસ લેતો. દર્દ જ્યાં સુધી નાબૂદ ન થાય ત્યાં સુધી આવું કંઈક કર્યા કરતો અને નવાઇની વાત એ છે કે લોકોને એથી સારું પણ થઇ જતું.

નજુમિયાંને આજે પોતાના દવાખાના પાસેથી નીકળતો જોતાં જ હકીમ પોતાનું હંમેશનું ગૌરવ ભૂલી ઉતાવળો ઉતાવળો બારણા પાસે દોડતો આવ્યો ને બોલ્યો: 'આવો આવો, નજુમિયાં! કેમ હમણાં દેખાતા નથી? આવો ને અંદર જરા!'

નજુમિયાં દવાખાનામાં આવ્યા કે તુરત જ વિવેક બતાવી તેણે જાજમ ઉપર બેસવા કહ્યું.

ઓરડાની અરધી જગામાં ઊંચી પેઢલી હતી. તેના ઉપર જાજમ પાથરેલી હતી. આ જાજમ એક વખત સફેદ હતી, પણ ઘણા દિવસના વપરાશને કારણે મેલી થઇ ગઈ હતી. જાજમના એક છેડે વચ્ચોવચ તકિયો ગોઠવ્યો હતો. આ તકિયાને અઢેલીને આરામથી બેઠો બેઠો હકીમ દરદીઓની રાહ જોતો. આ ઉપરાંત બીજા બે-ત્રણ તકિયા જાજમની જમણી બાજુ પડ્યા હતા. આ બેઠકો અમુક ખાસ વર્ગના દર્દીઓ માટે જ રાખવામાં આવી હતી. આ સિવાય બીજા સાધારણ

દર્દીઓને ત્યાં બેસવાની છૂટ નહોતી. નજુમિયાંને આજે ખાસ માન આપવામાં આવ્યું એ તેનાથી છાનું ન રહ્યું. હકીમના દવાખાનામાં આ પહેલાં તે ઘણીવાર આવેલો, છતાં કોઇ વાર તેને આવા મોભાદાર સ્થાન ઉપર બેસવાનું કહેવામાં આવ્યું નહોતું. હકીમે એનું નાક સાફ કરી પહોળી કોથળી જેવી બાંય વતી લૂછી નાખ્યું. પછી જરા ખોંખારો ખાઇ તે બોલ્યો: 'આવો, બેસો, તમાકુ પીઓ.' ને પછી પોતાના નોકર ભણી નજર કરી તેને હુક્કો લાવવા કહ્યું.

એનો નોકર પાતળો, લીંકડી જેવો ને ઊંચો હતો. દૂબળો તો એટલો બધો હતો કે મશ્કરીમાં એને વિષે બોલાતું કે પવનનું એક તોફાન આવે તો આને જરૂર ઉડાડી મૂકે.

થોડીવારમાં જ નોકર હુક્કામાં તમાકુ ભરી લાવ્યો. પહેલાં હકીમે નજુમિયાંને આપવા વિવેક બતાવ્યો. નજુમિયાં તો આ બધા અણધાર્યા માનપાનથી આભો જ બની ગયો હતો, અને ઓછો ઓછો થઇ ગયો હતો. તેણે સામો વિવેક બતાવીને કહ્યું: 'ના, ના, હકીમ સાહેબ! આપ પીઓ. પછી હું પીશ.'

'અરે! એમ તે કાંઈ હોય!' હકીમે કહ્યું. તમે તો મારા મહેમાન છો, એટલે આજે તો તમારે જ પહેલાં પીવો પડશે!'

નજુમિયાં પણ નમ્રતા દર્શાવવાની બાબતમાં પાછળ રહે એવો ન હતો. તેણે જવાબ આપ્યો: 'એ શી રીતે બની શકે, હકીમ સાહેબ? આપનો મોભો ક્યાં? મારો ક્યાં? આખું ગામ આપને માન આપે છે પછી મારાથી ભંગ કરાય? ગમે તેમ કહો તોપણ આપના પહેલાં મારાથી હુક્કો પિવાય જ નહિ.'

નજુમિયાં એના મનમાં તો ઇચ્છતો હતો કે પોતાને હુક્કો પહેલો પીવા મળે. એ હુક્કાની લહેજત માણવા ખાતર નહિ પણ એની પાછળ જે માનનો ખ્યાલ હતો એ માન મેળવવા ખાતર. તેણે એવી આશા રાખી હતી કે હકીમ હજુયે એકવાર વધારે આગ્રહ કરશે. પણ હકીમે

એવું કાંઇ કર્યું નહિ અને ફરી આગ્રહ કરવાનું પડતું મૂકી એ તો હુક્કો ગડગડાવવા લાગ્યો. નજુમિયાં આથી જરા છોભીલો પડી ગયો. છતાં તુરત જ મન વાળી લઇ કેમ જાણે કશું બન્યું જ ન હોય એમ ઉપર ઉપરથી દેખાવ બરાબર જાળવી રાખ્યો ને ઉત્સાહપૂર્વક મગર સાથેના પરાક્રમની વાત કહેવા લાગ્યો. વાતમાં તેણે બરાબર મીઠું-મરચું ભભરાવ્યું. પોતાનાં વખાણ કરવાં કોને ન ગમે ?

હકીમ આ તકની રાહ જોઇને જ બેઠો હતો. તેણે કહ્યું:

'તમારા પરાક્રમની વાત કોણે નથી સાંભળી ? હજી ગઈકાલે જ પદ્માને સામે કાંઠેથી મારે ત્યાં કેટલાક દરદીઓ આવેલા એ તમારી પૂછપરછ કરતા હતા. કહેતા હતા કે અમારે આ પંથકના મોવડીને મળવું છે.'

નજુમિયાં થોડો ફુલાયો ને ખુશમિજાજમાં આવી ગયો. એને થયું: 'મારી કીર્તિ જો પદ્માના સામાં કિનારા સુધી પહોંચી ગઇ હોય તો પછી જિંદગીમાં મારે એથી વધુ બીજું શું જોઈએ ?' આમ છતાં હકીમને તેણે કહ્યું:

'એ તો આપની મહેરબાની છે, હકીમ સાહેબ. એટલે આવાં તારીફનાં વચનો ઉચ્ચારો છો! બાકી ખરી રીતે આપ પોતે જ સૂરજ જેવા છો. અમે તો આપની રોશનીથી પ્રકાશીએ એટલું જ. આપની કીર્તિ દશે દિશામાં ફેલાઇ ગઇ છે એટલે તો દૂર દૂરથી લોકો આપની સલાહ લેવા દોડી આવે છે. સાચી રીતે તો જે આપની પોતાની કીર્તિ કહેવાય એમાંથી અમે તો ઊલટા ભાગ પડાવીએ છીએ.'

હકીમને થયું કે વિવેક પૂરતા રીતે બતાવાઈ ચૂક્યો છે. એટલે તે સીધો મુદ્દાની વાત ઉપર આવ્યો ને બોલ્યો: '' મારી પાસે જે કંઈ થોડી-ઘણી આવડત છે એનો ઉપયોગ અને એની સફળતા તો તમારા જેવા લોકોનાં સાથ, સહકાર અને ભલી લાગણીને આભારી છે. તમે જો બધા મને મદદ કરતા ન હોત તો હું મારી દવા બના-

વવા માટે જોઈતી વનસ્પતિ અને મૂળિયાં ક્યાંથી લાવત ? હજી ગઈ કાલે જ તમારા ગામનો અસગરમિયાં નામનો એક ભલો માણસ મહામુસીબતે પણ ક્યાંક જ મળે એવી ખાસ વનસ્પતિઓ લઇ આવેલો એ મને કેટલી ઉપયોગી થઈ પડેલી ? મેં એનો ઉપયોગ સામા કાંઠાના કેટલાક દરદીને સાજા કરવામાં કરેલો.

આ વાત સાંભળતાં જ નજુમિયાંના હૃદયમાં ઈર્ષ્યાનું શલ્ય ભોંકાયું. તેના મનમાં થયું કે અસગરે આણી આપેલાં વનસ્પતિનાં મૂળિયાં જો સામા કાંઠાનાં લોકોનાં દરદ સાજાં કરવામાં વપરાયાં હોય તો એ લોકોને પણ અસગર અને એના કામ વિષે પણ વાત કરેલી હોવી જોઇએ. અસગરને આટલું મહત્ત્વ અપાય એ વાત નજુ-મિયાં જરા પણ સહન કરી શકે તેમ ન હતું. આથી હકીમની વાતના જવાબમાં તે બોલ્યો: ‘ઓ ! પેલો અસગરિયો ? એ વળી પોતાને અસગરમિયાં ક્યારથી કહેવા માંડયો છે ?’ એના અવાજમાં તિરસ્કાર અને કટુતા સાફ સાફ દેખાઇ આવતાં હતાં.

‘વનસ્પતિ લઇ આવ્યો એમાં તે શું છે ? એવી તે કઇ વન-સ્પતિ છે કે જે એ લાવી શકે ને હું ન લાવી શકું ? તમારે તો ફક્ત કહી દેવાનું જ રહે. હકીમ સાહેબ, કે ફલાણી ચીજ લઇ આવ અને પછી જુઓ કે અમારી તાકાતથી તમે કહો તે લાવી આપીએ છીએ કે નહિ ?’

‘એ મને ક્યાં ખબર નથી ? હું બધુંય જાણું છું, નજુમિયાં ! હું બધુંય જાણું છું. એટલા માટે તો તમારા જેવા કામઠા માણ-સને મેં ખોટી કર્યા. એક ચીજ એવી છે જે મેળવવા મેં ઘણાં લાંબા વખતથી કોશિશ કરી. પણ એ મળતી જ નથી. એ બીજે ક્યાંયથી મળી શકે એમ નથી, પણ ફક્ત તમે જ લાવી આપી શકો તેમ છો.’

‘એ વળી કઇ ચીજ ? નજુમિયાંએ આતુરતાથી પૂછ્યું.

'મગરની બરોળ.' હકીમે કહ્યું. 'આ ચીજ એવી તો ઉમદા છે કે ન પૂછો વાત. સાંધા ઝલાઇ ગયા હોય, વા થયો હોય તો એના ઉપર એ અકસીર દવા છે. વળી કોઈનું શરીર કમજોર હોય. તાકાત ગુમાવી દીધી હોય તો પણ એમાંથી બનાવેલી દવા વાપરવાથી શક્તિનો ધોધ વહેવડાવી શકાય. તમે જે મગર માર્યો છે એ અહીં લઈ આવો તો એની બરોળમાંથી હું એવી તો દવા બનાવીશ કે જેનું સેવન કરવાથી તમે ફરીને જુવાની અનુભવશો ને અત્યારે છો એના કરતાંયે વીસ વરસ નાના લાગશો.'

એ પછી હકીમે પોતાની વાતના સમર્થનમાં કેટલીક બેતો ટાંકી બતાવી, પણ એ અરબી ભાષાની હોવાથી એનો અર્થ કોઇ સમજી શકે તેમ ન હતું.

'વળી એનું કાળજું પણ બહુ ઉપયોગમાં આવશે. એમાંથી પણ બીજી એક શક્તિની દવા બનશે. મગરના કાળજામાંથી શક્તિની દવા બને છે એ તો જાણીતી વાત છે. એ દવાથી સાવ માયકાંગલા અને જિંદગીથી હાથ ધોઇ બેઠેલા માણસો પણ શેર જેવા બની જાય છે.'

નજુમિયાંનો ઉત્સાહ મંદ પડી ગયો. તે જરા અસ્વસ્થ દેખાયો. માંડ માંડ મોં ઉપર સ્વસ્થતા ધારણ કરી તેણે જવાબ આપ્યો: 'તમે જો થોડું વહેલું કહ્યું હોત તો હું સંચોડો મગર જ અહીં લઈ આવત, હકીમ સાહેબ! હું તો રહ્યો અબુધ માણસ! મને મગરના કાળજાં ને બરોળના ગુણોની શી ખબર પડે? હું તો ફક્ત એના ચામડાની કિંમત સમજતો'તો એટલે એ મેં ઉતરડાવીને રાખી લીધું અને છોકરાંઓએ એના થોડા દાંત અને નહોર રમકડાં તરીકે રમવા રાખી લીધાં. બાકીનું મુડદું તો અમે પાછું નદીમાં ફેંકી દીધું. હવે એ કયાં ગયું હશે એ ખુદા જાણે!'

વાત સાંભળીને હકીમના નિરાશાનો પણ પાર રહ્યો નહિ. એનો ઉત્સાહ ઓસરી ગયો. એનું મોં ઝંખવાણું પડી ગયું. નિરાશાનો

વધારે આવત તો એટલા માટે લાગ્યો કે પોતે પોતાની મર્યાદાની બહાર જઈને, પોતાની કક્ષાએથી નીચે ઊતરીને નજુમિયાંને ખુશ કરવા પ્રયત્ન કર્યો. સામાન્ય સંજોગોમાં તે આવું ન કરત, હવે અચાનક તેને નજુમિયાં જાજમ ઉપર બેસે એમાં તેની ધૃષ્ટતા દેખાવા લાગી. તેના મનમાં થયું કે પોતે એને જાજમ ઉપર બેસવા કહ્યું એ તો બાહ્ય શિષ્ટાચાર પૂરતું જ ! ભલેને પોતે એને જાજમ ઉપર બેસવા કહ્યું, પણ નજુમિયાંએ તો સમજવું જોઈતું હતું કે એનું સ્થાન આ ગાદી–તકિયા ઉપર નહિ, પણ સામાન્ય માણસો અને અબુધ ગામડિયા જ્યાં બેસે છે એ ગારવાળી જમીન ઉપર જ છે !

હકીમને આ વાત નજુમિયાંના મોઢા ઉપર ચોડી તેને પોતાનું ખરું સ્થાન ક્યાં છે એનું ભાન કરાવવાની ઇચ્છા થઈ આવી, પણ એમ એ કરી શકે તેમ નહોતું. તેણે પોતે સામે ચાલીને તો નજુ-મિયાંને બોલાવ્યો હતો અને માનપૂર્વક આ ગાદી ઉપર બેસવા કહ્યું હતું. હવે જો પોતેજ ઊઠીને તેને ત્યાંથી ઊભા થઇ જવાનું કહે તો એને કેટલું અપમાન લાગે ? એ હજી સામાન્ય માણસ હોત તો એમ કરતાં પણ હકીમ જરાય ન અચકાત. પોતાના અપમાનજનક વર્તાવની એના ઉપર કેવી અસર પડે છે એની દરકાર પણ ન કરત, પણ આ પ્રસંગમાં તો સામો માણસ ગામનો પંચાયત હતો. આવા ઊંચા દરજ્જાના માણસ સામે થવામાં જોખમનો સંભવ હતો. કેટલાક પટેલો કેવા ઉદ્ધત અને વેરબુદ્ધિવાળા હતા એ પોતે જાણતો હતો. નજુ-મિયાં પણ એવો હોય અને પોતાના ઉપર હુમલો કરી બેસે તો શું થાય ? આ જાતનો વિચાર આવતાં તેણે સાવચેતીથી કામ લેવામાં ડહાપણ માન્યું. તેણે કહ્યું :

'સારું ત્યારે. તમે જો મગરનું મડદું નાખી જ દીધું હોય તો એનો બીજો કોઇ ઉપાય નથી. હવે હું વળી બાજી કોઇ મગરનું કાળજું અને બરોળ અસગરમિયાં પાસેથી મેળવી લઇશ. તેણે મને

કહ્યું હતું કે આ શિયાળામાં તે મારે માટે એકાદ મગર મારી લાવશે. ઓછામાં ઓછું કોશિશ તો કરશે જ.'

નજુમિયાંને હકીમના શબ્દોમાં રહેલી કડવાશનો કંઈક ખ્યાલ આવી ગયો. એટલે તેણે ટાઢે કોઠે જવાબ આપ્યો :

'અસગરમિયાંએ જો તમને મગર લાવી આપવાનું વચન જ આપ્યું હોય તો તો પછી ઢીલ શા માટે કરો છો ? દવા બનાવવાની શરૂઆત આજથી જ કરી દોને ?'

એના અવાજમાં રહેલો તુચ્છકાર સાવ ઉઘાડો હતો. હકીમે ખોંખારો ખાધો. અચાનક એની નજર નજુમિયાંના પગ ઉપર પડી. એના સળેખા જેવા પગ ખૂબ બરછટ અને સખત હતા. જાતનો ખેડૂત ને એમાં વળી અતિશય પરિશ્રમભર્યું જીવન એટલે પગને સુંવાળા રાખવાની ફુરસદ અને અનુકૂળતા ક્યાંથી મળી હોય ? વળી અચાનક હકીમને બીજું પણ ભાન થયું કે એના બેડોળ પગ સખત અને બરછટ જ નહોતા, પણ સાથે સાથે ધૂળવાળા અને ગંદા પણ હતા. આવા મેલા પગ તે વળી ગાદી ઉપર હોય ? આમ વિચાર આવતાં જ તેનાથી બોલી જવાયું.

'તમે જોડા કેમ પહેરતા નથી ?'

સાંભળીને નજુમિયાં હો...હો...હો કરતો ખડખડાટ હસી પડ્યો. હાસ્યના ખડખડાટ વચ્ચે જ તેણે જવાબ આપવા પ્રયત્ન કર્યો: મારા જેવા ખેડુ માણસને તે વળી જોડા હોતા હશે ? જો મારે મારા પગને જોડાની પેટીમાં જ પૂરી રાખવાના હોત તો અલ્લાતાલા મુને પગ જ શું કામ આપત ? એક વખત મારું મન ચળ્યું'તું ત્યારે જોડા પહેરવાની ઇચ્છા થયેલી. ને મેં જિંદગીમાં પહેલી વાર જોડા પહેર્યા પણ ખરા. પણ શું વાત કરું, હકીમ સાહેબ ? સાત દિવસ સુધી તો મારે લંગડાતે પગે ચાલવું પડ્યું. અમે રહ્યા ખેડુ માણસ. અમને

આવી સુંવાળપ પોસાય નહિ ને પાલવે પણ નહિ, એટલે પૂરા આઠ દી પણ જોડા લીધા થયા નહિ ત્યાં એને કાઢી નાખ્યા.'

નજુમિયાંના દિલમાં જે ડંખ લાગ્યો હતો તે એના મુક્ત હાસ્યમાં દબાઈ ગયો ને એનું દિલ પાછું હળવું થઈ ગયું. પણ હકીમના હૃદય ઉપર આની જુદી જ અસર થઇ. નજુમિયાંનું દિલભર હાસ્ય એને અપમાનજનક લાગ્યું. એના જેવા મહેનતુ માણસની પડછંદ કાયા, એના મોટા મોટા મજબૂત અને ભરાવદાર હાથ–પગ, ઓળ્યા વિનાની લાંબી દાઢી, અને એ સૌની ઉપર શગ ચડાવે એવું ખડખડાટ હાસ્ય–આ બધાં કેમ જાણે હકીમની લીંકડી જેવી કાયા અને એના માનમોભાના કૃત્રિમ ખ્યાલોનું અપમાન કરતાં હોય અને તેની ઠેકડી ઉડાવતાં હોય એમ તેને લાગ્યું. એના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે હવે કોઇ પણ જાતનો સંકોચ રાખ્યા સિવાય ઉઘાડી રીતે દુશ્મનાવટભર્યા સ્વરે કહ્યું :

'જ્યારે કોઈ આબરૂદાર માણસ તમને ગાદી ઉપર બેસવા કહે ત્યારે તમારે બીજું તો કાંઈ નહિ પણ હાથપગ તો ધોવા હતા ?'

નજુમિયાંનું ખડખડાટ હસવું એકદમ બંધ થઇ ગયું. અપમાનનો આ અચાનક ઝાટકો વાગતાં જ એની આંખોમાં રતુમડી ચમક આવી ગઈ. એક ક્ષણ હકીમને પણ લાગ્યું કે હમણાં જાણે આ માણસ તેના ઉપર તૂટી પડશે. આ વિચારથી મનમાં ને મનમાં તે અસ્વસ્થ થતાં થતાં પોતાની બેઠકમાં આઘો–પાછો થતો હતો. થોડી વારે પરિસ્થિતિને હળવી બનાવવા તેણે કહ્યું :

'મારા નોકરને બોલાવી પાણીનો કૂંજો મંગાવી આપું ?'

હકીમના આ છેલ્લા વાક્યે તો ઊલટું બળતામાં ઘી હોમ્યું. નજુમિયાંનો ગુસ્સો એકદમ વધી ગયો. મહા પ્રયત્ન કરી તેણે પોતાની જાતને કાબૂમાં રાખી ને એકદમ ઠંડા પણ કાતિલ અને ધુત્કારભર્યા સ્વરે કહ્યું: 'હું તો રહ્યો ખેડૂતનો દીકરો. તમારા જેવા બાબુલોકોની

રીતભાત મને ક્યાંથી આવડે ? અમે ભલે ગમે તેવા અભણુ અને અબુધ રહ્યા, પણ તમારી જેમ કોઇને નોતરું આપી ઘેર બોલાવી પછી એનું અપમાન કરતા નથી. બસ ત્યારે, સલામ સાહેબ ! '

આટલું કહી એકદમ તે પોતાની તાડ જેવી ઊંચી કાયાને ટટ્ટાર કરીને ઊભો થયો ને મોટાં મોટાં ડગલાં ભરતો દવાખાનામાંથી બહાર નીકળ્યો. એની અડીખમ કાયા કેમ જાણે આખા બારણાને ભરી દેતી હોય એમ લાગ્યું ને બીજી જ મિનિટે તે દૂર નીકળી ગયો.

નજુમિયાં ક્યાંક એને મારી બેસશે એવો હકીમનો ડર દૂર થતાં જ એને પણ ગુસ્સો ચઢયો અને મનમાં ને મનમાં બડબડાટ કરવા લાગ્યો. કેવો જડસા જેવો માણસ ! રીતભાતમાં તો કાંઇ સમજે જ નહિ ! '

એ પછી તુરત જ તેણે નોકરને બોલાવી ખીજ એના ઉપર ઉતારી. તેને બે-ચાર ગાળો ચોપડાવી ધમકાવતો હોય તેમ બોલ્યો:

'પેલો જડસા જેવો મિંયો આવ્યો એ પહેલાં જાજમ ઉપાડી કેમ ન લીધી ? એટલીયે ખબર ન પડે ? જા હવે, બહાર લઇ જા ને એમાંથી ધૂળ બરાબર ખંખેરી આવ.'

હકીમના દવાખાનામાંથી બહાર નીકળ્યા પછી નજુમિયાં આવેશમાં ને આવેશમાં મોટાં ડગલાં ભરતો જતો હતો. એની બધી મજા મારી ગઇ હતી. એનું અભિમાન ઘવાયું હતું. હકીમ પાસે તે એક વિજેતા વીરની પેઠે ગયો હતો પણ પાછો અપમાનિત અને હડધૂત થઇને આવ્યો એ વાતની કટુતા એના મનમાં પૂરેપૂરી ભરાઇ ગઇ. બજારના રસ્તા ઉપર મોટાં મોટાં ડગલાં ભરતો આવેશમાં ને આવેશમાં તે આગળ જતો હતો. એની પાસેથી કોણ આવે-જાય છે એ તરફ પણ તેણે જોયું નહિ. પાસેથી પસાર થતા માણસોને પણ નજુમિયાંનું આ વર્તન જોઈ આશ્ચર્ય થયું. તેઓ એકબીજાના સામું જોઈ કહેવા લાગ્યા:

'માર્યો છે તો નજીવો મગર. પણ એમાં અભિમાન કેટલું બધું કરે છે ?' આ ટીકા સાંભળી કોઇએ ઉમેર્યું: 'આટલો બધો અહંકાર એ પડતીની નિશાની છે. બહુ અભિમાન કંઇ સારું છે ?'

નજુમિયાંએ એ લોકોની ટીકા ઉપર કાંઇ લક્ષ આપ્યું નહિ. એ તો સીધેસીધો ચાલવા જ માંડયો ને પોતાની હોડી પાસે આવીને ઊભો. ઇદ્રિસ બેઠો બેઠો હુક્કો ગડગડાવતો હતો. નજુમિયાં આવતાં જ તેણે પૂછયું:

'અત્યાર સુધી કયાં હતા, પંચાયત ?'

'એનું તારે શું કામ છે ?' નજુમિયાંએ ખિજાઇને કહ્યું. 'હું કયાં હતો ને કયાં નહિ એનો મારે તને હિસાબ આપવાનો, કેમ ?'

નજુમિયાંના આ જાતના ખિજવાટભર્યા જવાબથી ઇદ્રિસને બહુ આશ્ચર્ય થયું નહિ, તેમ તે જરાયે અસ્વસ્થ પણ થયો નહિ. કારણ એ તેના શેઠને બરાબર ઓળખતો હતો.

'કેમ, વાત શી છે, પંચાયત ?' તેણે પૂછયું. 'આજે કંઇ તબિયત સારી નથી ?'

'તું તારે તારું કામ કરને ? બીજી પંચાત શું કામ કર છ ? હું મારે મારું ફોડી લઇશ.' નજુમિયાંએ જવાબ આપ્યો.

'કામ છે એટલા માટે તો પૂછું છું, પંચાયત !' ઇદ્રિસે કહ્યું. 'તમે બહાર ગયા પછી અહીં થોડા ઉભડ ખેડુ આવ્યા હતા. તેઓ કહેતા હતા કે કંઇ કામ હોય તો આપો. પણ તમારી ગેરહાજરીમાં અમે એને શું જવાબ આપીએ ? અમે તેમને થોડીવાર પછી આવવા કહ્યું હતું પણ હજુ સુધી તેઓ આવ્યા નથી.'

'જો તેમને રાખવા જેવા હતા તો રાખી કેમ ન લીધા ?' તેણે જરા ગુસ્સે થઇને કહ્યું. 'દરેક બાબતમાં હું આવું ત્યાં સુધી તમારે રાહ જોવાની છે ? નાના નાના કામમાં પણ મને પૂછયાવાટ રાખવાની હોય તો તમને મેં રાખ્યા છે શું કામ ?'

ઇદ્રિસે કંઇ જવાબ આપ્યો નહિ. તેણે જોયું કે નજુમિયાંનો મિજાજ અત્યારે ઠેકાણે નથી. એના મનનું તોફાન શાંત થઇ જાય ત્યાં સુધી એની સાથે દલીલ કરવી નકામી હતી એટલે તે મૂંગો રહ્યો.

થોડીવાર પછી નજુમિયાંએ પૂછ્યું: 'રમજાન ક્યાં છે?'

ઇદ્રિસે જવાબ આપ્યો: 'રમજાન ચીજ–વસ્તુ ખરીદવા બજારે ગયો છે. અમ્માજાને અમને એની તસબી (માળા) માટે પારા લઇ આવવા કહ્યું છે. મલેકમિયાંએ વળી પોતા માટે નાનું ચાકુ મગાવ્યું છે અને યાદ છે તમને પંચાયત, અમ્માજાનને હમણાં સંધિવાનું દરદ ફરીને ઊપડ્યું છે એટલે તેણે હકીમ સાહેબ પાસેથી ચોળવાનું તેલ લઈ આવવા કહ્યું છે?'

'હકીમ સાહેબ શાનો? એ તો સાલો ઊંટ–વૈદ્ય છે. એવા હકીમને તો હું લાત મારું લાત!' નજુમિયાંનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. 'એ બિચારો ત્રણ બદામનો હકીમ વળી દવામાં શું જાણે? એવા હાલી મળેલા હકીમનું જો ફરીને મારી આગળ નામ લીધું છે તો તમાચો ચોડી કાઢીશ!'

આથી ઇદ્રિસને નવાઇ લાગી. નજુમિયાંને હકીમ પ્રત્યે આદરભાવ હતો એ વાત તે જાણતો હતો. આજે પણ નજુમિયાં હકીમની જાજમ ઉપર બેઠા બેઠા તેની સાથે ગપ્પાં મારતો હતો એવી વાત કરતાં લોકોને તેણે સાંભળ્યા હતા. છતાં આમ કેમ થયું હશે? જરૂર, આ બન્ને વચ્ચે કંઈક ખટરાગ થયો હશે. તેને વાત જાણવાની જિજ્ઞાસા થઇ. છતાં અત્યારે મૂંગા રહેવામાં માલ છે એમ સમજી કંઇ પણ પ્રશ્ન ન પૂછતાં તે મૂંગો રહ્યો.

નજુમિયાંને પણ હવે પોતે જેમતેમ બોલી ગયો હતો તેની શરમ આવી. તે પોતે જ હકીમ પાસે એની બુઢ્ઢી મા માટે દવા લેવા ગયો હતો પણ મગરની વાત નીકળતાં જ દવા લેવાનું તે ભૂલી ગયો

હતો. પછી તો બનાવો જ એટલી ઝડપથી બની ગયા કે દવા માગવાનો અવકાશ ન રહ્યો. આ બધું યાદ આવતાં જ એ થોડી વાર શાંત રહ્યો, પછી પોતાની મેળે જ બોલ્યો :

'હવે એ હકીમને સંધિવાની દવામાં શું ખબર પડે ? સાલો જાણતો'તો કશુંય નથી. નકામો ડોળ કરે છે. એના કરતાં હું પાસેના ગામડામાં એક વૈદ્ય રહે છે તેની પાસેથી દવા લઈ આવીશ. દરમ્યાન જો આપણે એક બીજા મગરનો શિકાર કરશું તો પછી કોઈ વૈદ્ય–હકીમ પાસે જવાની જરૂર જ નહિ રહે.'

હાટ જ્યાં ભરાયું હતું ત્યાંથી થોડે દૂર એક ખૂણે લોકોનો એક સમૂહ ફકીરની આસપાસ ટોળે વળ્યો હતો. ત્યાં એક મોટો જટાજૂથ વડલો ઊભો હતો. એના નાના નાના થડની વચ્ચેનો ખાલી ભાગ નાનકડા ઓરડા જેવો બની ગયો હતો. આ જગાને ફકીરે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. હમેશાં ત્યાં તે પોતે કેસરી રંગનો ઝભ્ભો પહેરીને બેસતો. પોતે સૈયદ એટલે કે મહમ્મદ પયગંબરના વંશનો છે એ સૂચવવા તે માથે લીલો સાફો બાંધતો ને નાની સાદડી ઉપર બેસીને તસબીના પારા ફેરવતાં ફેરવતાં ખુદાની બંદગી કરતો.

અત્યારે બુઢ્ઢાં, જુવાન, છોકરાઓ વગેરે નવરા માણસોનું ટોળું ફકીરના આ રહેઠાણની આસપાસ એકઠું થયું હતું. એમાં વચ્ચે વચ્ચે થોડી સ્ત્રીઓ પણ હતી. તેઓ સૌ સંકોડાઈને એક બીજા પાસે અડોઅડ ઊભાં હતાં ને ધક્કામુક્કી કરી આગળ આવવાનો પ્રયાસ કરતાં હતાં. કેટલાંક વળી અંદર અંદર ગુસપુસ વાતચીત ચલાવી રહ્યાં હતાં તેમને સૌને પોતાનાં દુ:ખો ક્યારે ટળશે ને સુખના દહાડા ક્યારે આવશે એ એક જ વાત ફકીરને પૂછવાની હતી, પણ એને ખલેલ પહોંચાડવાની કોઈની હિંમત ચાલતી નહોતી.

આખરે એક બુઢ્ઢી ડોસી, જેની જિજ્ઞાસા એની બીક કરતાંયે વધુ તીવ્ર હતી, તે ધીમેથી ગણગણ કરતી આગળ આવી ને મનમાં

મનમાં બડબડાટ કરવા લાગી. ' મારે તે હવે બીવા જેવું શું છે? પોણી જિંદગી તો મેં ક્યારની પૂરી કરી નાખી છે, ને બાકીનો ચોથો ભાગ પણ ઢસરડીને પૂરો કરી નાખીશ. ચાલને એને પૂછી જોઉં? એમાં મારું શું જાય છે? કંઈક જવાબ તો આપશે ને!'

આમ બડબડાટ કરતી તે ચુપચાપ ઉભા રહેલા ટોળામાંથી બહાર નીકળી અને ફકીરની સામે જઈ બેઠી. ફકીરે તેની સામે જોયું. પણ એ વખતે તે કાંઇ બોલ્યો નહિ. થોડી વાર પછી વળી હિંમત એકઠી કરી ડોસી બોલી:

' અય ખુદાના બંદા! મારે એક સવાલ પૂછવાનો છે.'

' તારે તારા દીકરા બાબત પૂછવું છે ને? તો જરુર પૂછ, બેટી!' ફકીરે જવાબ આપ્યો:

હાજર રહેલા સૌ લોકો તો સડક જ થઈ ગયા. તેમના દિલમાંથી એક ધ્રુજારી પસાર થઇ ગઇ. એમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આ બુઢ્ઢીનો દિકરો 'મતિદાસ ઘણાં વરસોથી ગુમ થઈ ગયો છે ને એની પાછળ એ લગભગ ગાંડી થઇ ગઇ છે. આ બધી વાત ફકીરે શી રીતે જાણી લીધી હશે?

મતિદાસની મા જમીન ઉપર લાંબી થઇને ફકીરને પ્રણામ કરવા લાગી. આંખમાં આંસુ લાવી એના પગ પકડી તે બોલી: ' તમે તો બધું જાણો છો, સાંઇ! મતિ ક્યારે પાછો આવશે? મહેરબાની કરીને મને કહો કે એ હજી જીવતો છે ને? અને જીવતો હોય તો સાજો-સારો છે ને? એને કાંઈ થયું તો નથી ને? મરતાં પહેલાં હું એનું મોઢું એક વાર જોઈ શકીશ ખરી?'

ફકીરે હસીને કહ્યું: ' આ પ્રમાણે બેટી, તું મારા ઉપર સવાલોનો મારો ચલાવે તો હું તને જવાબ શી રીતે આપી શકું? જરા ધીમી પડ. મારે જે કહેવાનું છે તે તને હમણાં કહું છું.'

આટલું કહી ફકીરે પોતાની આંખો બંધ કરી ને થોડી વાર ઊંડા ધ્યાનમાં ઊતરી ગયો.

મતિની માનું હૃદય દુઃખ અને વેદનાથી ભરાઈ આવ્યું હતું પણ વધારે પૂછવાની તેની હિંમત ચાલી નહિ. થોડીવારે ફકીરે આંખો ઉઘાડીને કહ્યું: 'બેટી તારો છોકરો હજી જીવે છે. અને સાજો–સારો છે. એને ઊની આંચેય આવી નથી. થોડા વખતમાં એ શાદી કરશે ને પછી પોતાની ઓરતને લઇને ઘેર પાછો આવશે.'

'હેં! પાછો આવશે? ક્યારે પાછો આવશે?' બુઢ્ઢીએ આતુરતા બતાવી. ફકીરે એનું કામ પૂરું કરી નાખ્યું હતું. બુઢ્ઢી સાથેની વાત પૂરી કરી તે બીજો માણસ, જે એનું ધ્યાન ખેંચવા ક્યારનો તલપાપડ થઈ રહ્યો હતો, તેના તરફ વળ્યો.

પણ બુઢ્ઢી એમ સહેલાઇથી મૂકે એવી ન હતી. તેણે તો ફકીર પાસેથી પોતાનો જવાબ મેળવવા માટે આજીજી, વિનંતિ અને રડારોળ ચાલુ રાખી. આખરે ફકીર કંટાળ્યો ને એના તરફ મોં ફેરવી સખ્તાઇથી બોલ્યો:

'દરેક બાબતમાં વધુ પડતી જિજ્ઞાસા રાખવી સારી નહિ. વધુ પડતું જાણવાની ઇચ્છા જ ઘણીવાર દુઃખનું કારણ બને છે. એટલે વધુ જાણવાની કોશિશ કરતી નહિ. ભવિષ્યમાં શું બનવાનું છે એની ઝાંખી કોઈ કોઈ વાર પાક પુરુષોને થતી હોય છે. પણ એની ઝાઝી લપ કરવી સારી નહિ. જેટલો પડદો એ એની મેળે ઊંચકે તેટલો જ ઊંચકવા દેવો, એથી વધારે ઊંચો કરવા જઇશ તો ખતા ખાઇશ. બેટી, આખરે તો બધી વાત ખુદાના હાથમાં છે! તારા છોકરાના નસીબ વિષે કહેનાર હું કોણ?'

ફકીરના અવાજમાં રહેલી સખ્તાઇથી બુઢ્ઢી ડઘાઇ ગઈ ને ડરીને ચૂપ થઈ ગઈ. ફકીરની ... ... દુઃ... એની પણ

તેને ખબર પડી નહિ. એ તો વિમાસણમાં જ પડી ગયો. એ પછી ફકીર સામે ઊભેલા ટોળાને ઉદ્દેશીને બોલ્યો:

'મારે તમારી સૌની વચ્ચે આવીને રહેવું એવો મારા ગુરુનો હુકમ છે. સંભવ છે કે એથી હું તમારું કંઈક ભલું કરી શકું-કંઇ નહિ તો થોડી કોશિશ કરી શકું. બાકી બધું તો એક ખુદા જાણે.'

વાત પૂરી થઈ એટલે અત્યાર સુધી જે માણસ તેની નજર સાથે નજર મેળવવા આતુર હતો તે આગળ આવ્યો. શરીરે તે સાવ દૂબળો હતો અને ચામડી એટલી કરચલિયાળી થઈ ગઈ હતી કે કદી એ સુંવાળી હશે કે કેમ એની જ શંકા આવે. એના કપાળના ઉપરના ભાગ ઉપર છૂટાછવાયા થોડા ધોળા વાળ હતા. બાકી આખું માથું ટાલિયું હતું. અસ્વસ્થ બનીને તે પોતાના બન્ને હાથને દાબવા ને વળ દેવા લાગ્યો.

'કેમ, તારે શું કહેવું છે, ભાઇ?' ફકીરે તેને પૂછયું.

એટલે તેણે પોતાની દુઃખદર્દની કહાણી સંભળાવવાનું શરૂ કર્યું.

'અય ખુદાના બંદા! અય સાંઈ મૌલા! મારી વાત શું કરું? જિંદગીએ મારા ઉપર બરાબર વેર લીધું છે. આફત વરસાવવામાં કંઈ બાકી રાખ્યું નથી. મારે છ છ છોકરા હતા પણ એમાંથી આજે એકેય જીવતો નથી. જમીન-જાગીર હતી એ પણ બીજા તાણી ગયા. અત્યારે એવો કોઇ બીજો આધાર નથી કે જેના ઉપર હું જિંદગી ગુજારી શકું. મારે બીજું કાંઈ જોઇતું નથી ફક્ત એક જ ચીજની માગણી કરું છું. સાંઈ, મને એવી દવા આપો જેથી મારે ત્યાં પરજા થાય. એક-ફક્ત એક-છોકરો થાય તોય ગનીમત સમજીશ. એના સામું જોઇને હું બધાંય દુઃખ ભૂલીની જઈશ ને બાકીની જિંદગી સુખચેનથી વિતાવી શકીશ.'

આખા ટોળામાં એક દબાયેલું હાસ્ય ફરી વળ્યું. એમાંથી એક જુવાન, જે બીજા કરતાં વધારે હિંમતવાન હતો, તે બોલ્યો:

‘ વાહ, બુઢ્ઢાજી, વાહ ! તમેય કમાલ ! કરી. સાંઈ પાસે છોકરો માગ્યો એ વાત તો ઠીક, પણ તમારે ઘેર બીબી છે ખરી ? બીબી વિના છોકરો કેવી રીતે માગો છો !’

બુઢ્ઢો જરા મૂંઝાયો. પણ એનો કશો જવાબ આપ્યા વિના જ ફકીર તરફ વળીને એ ગોટા વાળવા લાગ્યો. બોલતી વખતે એનાં આંગળાં વધુ ને વધુ ઠરડાવા લાગ્યાં. તેણે કહ્યુ: ‘ આવા નાચીજ છોકરાનું કહેવું ધ્યાન ઉપર લેતા નહિ, સાંઈ મૌલા ! ફક્ત દયા કરીને હું માગું છું એ દવા આપો. દવા મળશે એટલે બીબી તો હું તરત જ નવી લઇ આવીશ.’

‘નવી બીબી ? ને વળી આટલી ઉંમરે ?’ પેલા જુવાને તિરસ્કારપૂર્વક કહ્યું. ‘બુઢ્ઢા ! તમારી હિંમતને ધન્ય છે ! આ ઉંમરે શાદી કરવા તૈયાર થયા છો, કમાલ ! તમારા જેવાએ આ ઉંમરે શાદી કરવાનો વિચાર કરવાને બદલે નજીક આવનારા મોતનો વિચાર કરવો જોઇએ.’

‘હવે તારી લૂલી મોંમાં રાખને ! હું મારે શાદી કરવી હશે તો કરીશ ને નહિ કરવી હોય તો નહિ કરું. મને ફાવે તેમ કરીશ, બાકી તારા જેવા અલ્લડ અને ઉદ્ધત જુવાનિયા કરતાં કોઈપણ બાપ મારા જેવા બુઢ્ઢા માણસને પોતાની દીકરી આપવાનું વધારે પસંદ કરશે.’

પછી ફકીર તરફ વળીને તેણે કહ્યું: ‘ એની વાતથી ભરમાશો નહિ, સાંઇ ! આખરે તો હું દેખાઉં છું એટલો બુઢ્ઢો નથી. મને પચાસથી માંડ એકાદ–બે વરસ વધુ થયાં હશે. આ તો મુસીબતો અને આફતોએ મારા આ હાલ કર્યા છે–એટલે તો હું છું એના કરતાં બમણો મોટો દેખાઉં છું. પણ તમે મને દવા આપશો પછી વાંધો નહિ આવે. થોડા દિવસોમાં જ આપના આશીર્વાદથી હું રૂસ્તમ જેવો જુવાન અને ખૂબસૂરત બની જઈશ.’

ખડ[illegible] કરી

કહ્યું: 'અરે વાહરે રૂસ્તમજી! તમને પચાસ કરતાં બે–ચાર વરસ માંડ વધુ હશે એમ કહો છો? તમેય ખરા લાગો છો! બુઢિયાજી, તમે કોને બનાવવા નીકળ્યા છો? ચાલાકી રહેવા દો. હું બધુંય જાણું છું. મારી ઉંમર પચાસ કરતાં થોડી વધારે થઇ. પણ મને બરાબર યાદ છે કે જે વખતે હું સાવ નાની છોકરી હતી, ત્યારેય તમે તો પૂરા આદમી હતા.'

આખા ટોળામાં ફરી હાસ્ય અને રમૂજની લહરી પ્રસરી ગઇ.

છેવટ ફકીરે કહ્યું: 'તમે પણ નવજુવાન બની શકો છો, ભાઇ, પણ એમાં ઘણી મહેનત કરવી જોઇશે ને કીમતી દવાઓ તૈયાર કરવી પડશે. હું તમને જે જે દવાની ભલામણ કરું એ તમે ખરીદી શકશો?'

બુઢ્ઢાના આનંદનો પાર ન રહ્યો. તેણે લાગણીના આવેશમાં આવીને કહ્યું: 'તમે જે કંઇ કહેશો તે બધું કરવા હું તૈયાર છું, સાંઈ! દવા ખરીદવામાં તો પૈસાનો સવાલ છે ને? પૈસા હું ગમે તેમ કરીને મેળવીશ. કોઈ બીજો રસ્તો નહિ હોય તો છેવટ જમીનનો થોડો ટુકડો બાકી રહ્યો છે એ પણ વેચી દઈશ. જુવાની દોલત કરતાંય વધારે કીમતી ચીજ છે તે હું કયાં નથી જાણતો? જિંદગીના મારા છેલ્લા દિવસો આનંદથી ભરી દે એવો દીકરો મારે ત્યાં થાય એથી વધારે મારે બીજું શું જોઇએ? એ એક ચીજ મેળવવા માટે મારે જે કરવું પડશે તે બધું હું કરી છૂટીશ.'

ફકીરે જવાબ આપ્યો: 'વારુ! તમને જો ખરેખર આ બાબતની લગની લાગી હોય તો મને સાંજે મળજો. મારાથી તમને શું મદદ થઈ શકે તેમ છે તેનો હું વિચાર કરીશ.'

એકઠા થયેલા લોકોમાંથી કોઇએ ફકીરના આ વલણની તરફેણ કરી તો કોઇએ વિરોધ કર્યો. જુવાનો તો શરૂઆતથી જ શંકાશીલ

હતા. એમને ફકીરની વાતોમાં શ્રદ્ધા ન હતી. આ પ્રસંગ પછી ફકીરમાં રહ્યોસહ્યો વિશ્વાસ પણ ઊઠી ગયો અને એના વિષે મનમાં ગાંઠ બંધાઈ ગઈ. પણ મોટી ઉમરના માણસો તો ફકીર તરફ વધારે શ્રદ્ધાથી જોઈ રહ્યા. ફકીરની શક્તિ વિષેની એમની જિજ્ઞાસાવૃત્તિ વધારે તેજ થઈ. એમના મનમાં વિચારો ઊઠતા હતા : ' જુવાનીના સોનેરી દિવસો ફરી આવતા હોય એ કોને ન ગમે ? ફલાણા ફકીરે સંજીવની શોધી કાઢી ને ફલાણાએ નવજીવનનો સંચાર કરે એવી બેનમૂન યાકુતિ શોધી કાઢી એ જાતની પાર વગરની દંતકથાઓ પ્રચલિત છે. આ ફકીર પણ એ ઊંચી જમાતનો નહિ હોય એમ કોણ કહી શકે તેમ છે ? '

એકઠા થયેલા જુવાનો ફકીરને જાતજાતના પ્રશ્નો પૂછી એને મૂંઝવવા ને મશ્કરી દ્વારા હેરાન–પરેશાન કરી ત્યાંથી ઊખેડી નાખવા જરૂર પ્રયત્ન કરત, પણ મોટી ઉમરના માણસોની હાજરી એમના અંકુશરૂપ હતી. મોટાઓનું હિત આ રીતે સાવ ઉવેખાય તેમ ન હતું. ધીમે ધીમે નાસ્તિક અને અશ્રદ્ધાળુ જુવાનો એક એક કરતા વીખરાઈ ગયા ને મોટેરાઓને સાવ છૂટું મેદાન આપી દીધું. આથી તેમના મગજ ઉપરનો બોજો હળવો થઈ ગયો. કારણ જુવાનિયાઓની ગેરહાજરીમાં હવે તેઓ પોતાનાં દુઃખ–દર્દો, મુશ્કેલીઓ વિષે અને તેના નિકાલની આશાઓ વિષે પહેલાં કરતાં વધારે મુક્ત મને વાત કરી શકતા હતા.

થોડા વખતમાં તો હાજર રહેલા સૌનાં હૃદયમાં ફકીરે માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું. એની ચમત્કારિક શક્તિ વિષે પણ હવે કોઈને શંકા ન રહી. કેટલીયે સ્ત્રીઓએ તેની પાસેથી કોઈની નજરથી બચવા તાવીજ લીધાં. બીજી કેટલીક સ્ત્રીઓએ વળી પતિનો ગુમાવેલો પ્રેમ પાછો મેળવવા વશીકરણ–કવચ લીધાં. બુઢ્ઢાંઓને પોતાના દુશ્મનને હરાવવા અને પોતાના છોકરાઓની દુષ્ટ ટેવો છોડાવવા માટે મંત્રેલાં [illegible] ફકીર

પાસે તો દરેકનાં દુઃખદર્દનો, દરેકની મુસીબતો અને આફતોનો ઇલાજ હતો. દરેકને તેણે તેની વાત સાંભળીને ઇલાજ બતાવ્યો. ફક્ત સંભાળપૂર્વક એટલું કહેતાં ચૂક્યો નહિ કે: " જુઓ ભાઇ, ખુદાની મહેરબાની છે એટલે ઇલાજ તો બતાવું છું, પણ એની સફળતા-નિષ્ફળતાનો આધાર તમારી પોતાની શ્રદ્ધા કેટલી છે તેના ઉપર રહેશે. હું તો માત્ર બન્ને વચ્ચેનું વાહન માત્ર છું. હું જાતે કંઇ ચમત્કાર કરી શકું તેમ નથી. એથી તમે ભુલાવામાં પડતા નહિ અને ધારો કે તમને તમારી ઇચ્છિત વસ્તુ ન મળી તો એમાં મને દોષ દેતા નહિ. એનો અર્થ ફક્ત એટલો સમજજો કે ખરેખર તમને પોતાને એ વસ્તુની એટલી બધી જરુર નહિ હોય એટલે ખુદાએ તે આપી નહિ, બીજું શું !



[૩]

ફકીરનો ખોફ

તે દિવસે આખી બજારમાં વાત ફેલાઈ ગઇ કે કોઈ ચમત્કારિક શક્તિવાળો ફકીર અહીં આવ્યો છે. એની પાસે એવી એવી વનસ્પતિ છે કે વાંઝિયાને છોકરાં આપે છે ને બુઢ્ઢાને જુવાન બનાવે છે. રમજાને ચીજ–વસ્તુની ખરીદી કરી લીધી હતી અને નજુમિયાંને શોધતો હતો. ફરતાં ફરતાં એ વડલા પાસેથી નીકળ્યો ત્યારે ફકીરના તકિયા પાસે એકઠા થયેલા ટોળાએ તેનું ધ્યાન ખેંચ્યું. એટલે તે ધીમે ધીમે એ તરફ ચાલ્યો. એની કાયા રાક્ષસ જેવી પ્રચંડ હતી, પણ એની બુદ્ધિ ભાગ્યે જ એના શરીર સાથે મેળ ખાતી હતી. ફકીરે જે જે વાતો કરી એ બધાં તે આશ્ચર્યથી મોં વકાસીને સાંભળી રહ્યો. એના શબ્દે શબ્દોમાં તેને વિશ્વાસ બેસી ગયો. ફકીરની નજર આ રાક્ષસી કદના માણસ તથા તેના આશ્ચર્યચકિત ચહેરા ઉપર પડી. આ માણસ ફકીરને ગમી જાય એ તો દેખીતી વાત હતી.

'ત્યાં તું શું કામ ઊભો રહ્યો છે, બેટા !' ફકીરે તેને પૂછ્યું. 'અહીં આવ ને મારી પાસે બેસ. મને લાગે છે કે તારાં નસીબ તેજ કરતાં લાગે છે! માન–ન માન, પણ થોડા વખતમાં તારાં નસીબ જોર કરશે.'

પેલો બુઢ્ઢો જે અત્યાર સુધી ફકીર સાથે વાત કરતો હતો તેણે પોતાનું મોં ફેરવ્યું ને રમજાનને જોયો. 'એહે ! રમજાન ! તું પણ

અહીં આવી ગયો, ખરું ! નજુમિયાં ક્યાં છે ? સાંભળ્યું છે કે એણે એક જબરદસ્ત તાકાતવાન મગરને મારી નાખ્યો છે !'

રમજાન ટોળા વચ્ચેથી મારગ કરી અંદર ગયો અને કૂંડાળાની વચ્ચોવચ્ચ ફકીર સામે બેઠો.

'હું તમારી જ રાહ જોતો હતો, રમજાનમિયાં !' ફકીરે કહ્યું. 'મારે તમને તથા તમારા માલિક નજુમિયાંને માઠા સમાચાર કહેવાના હતા.'

રમજાન એનાથી અંજાઈ ગયો. તેણે કહ્યું: 'આપની જો દુવા હોય તો ભવિષ્યમાં મારા ઉપર ભલે ને ગમે તે ગુજરવાની હોય, તોપણ મને તેની બીક નથી.' તેણે કહ્યું.

'અલ્લા તમારી હિફાજત કરે !' ફકીરે કહ્યું. 'તમે સારા દિવસો જોયા છે, પણ અત્યારે તમને કંઇક અંદરની પીડા સતાવી રહી છે. એનાથી ડરતા નહિ. થોડા વખતમાં મુસીબતનો એ કાળ પૂરો થશે અને તમને કાયમી સુખશાંતિ મળી જશે.'

'મારા માલિકને બોલાવી લાવું ? રમજાને આતુરતાથી પૂછ્યું. 'એ આ આખા પંથકમાં સૌથી જોરાવર અને લાગવગવાળા માણસ છે. અલબત્ત, એ જરા ગુસ્સાબાજ છે ખરા, પણ એના જેવું ઉદાર હૃદય બીજા કોઈનું નથી.'

ફકીરને બરાબર આવો જ કોઈ માણસ જોઇતો હતો. પણ પોતાના મનની એ વાત તેણે કળાવા દીધી નહિ.

'જે નસીબમાં માંડ્યું હશે એ બનવાનું જ છે !' તેણે કહ્યું. 'તમારા માલિકને કહેજો. એ અહીં આવશે તો હું ખુશી થઇશ. એના માથે તત્કાળ કોઇ ભારે આફત લટકી રહેલી જોઉં છું, પણ એ જો દૂર કરી શકાશે તો ઉજ્જવળ ભવિષ્ય પણ વાટ જોઇને જ ઊભું છે.'

એકઠા થયેલા લોકોમાં ફરી ધ્રુજારી ફેલાઇ ગઈ, કારણ ફકીરની વાતમાં અજાણ્યાં જોખમો અને અદૃશ્ય શક્તિઓનું સૂચન હતું. રમજાન તેના માલિકને બોલાવવા ઉતાવળો ઉતાવળો ગયો. એ ગયા પછી ફકીરે બહુ જ ચાલાકીથી થોડા મહત્ત્વના સવાલો પૂછીને નજુમિયાંના જીવન સંબંધી જે કંઇ જાણવા જેવું હતું તે જાણી લીધું. આ વસ્તુ તેણે એવી સિફતથી પાર પાડી કે જેથી કરીને ફકીર તેમની પાસેથી હકીકતો કઢાવી રહ્યો છે એ વાતનો કોઇને ખ્યાલ સરખો આવ્યો નહિ.

રમજાન જ્યારે ઉતાવળે પગલે હોડી પાસે આવ્યો ત્યારે નજુમિયાંને ગુસ્સે થઇને ઇદ્રિસને ધમકાવતો જોયો. તેને કાપણી માટે થોડા મજૂરો જોતા હતા. એ હકીમ પાસે હતો ત્યારે મજૂરો ત્યાં આવ્યા હતા. પણ નજુમિયાંને પૂછ્યા વિના એની ગેરહાજરીમાં મજૂરોને રાખી લેવાની ઇદ્રિસની હિંમત ચાલી નહિ. હવે વાત એમ બની કે અસગરમિયાંને પણ મજૂરો જોઇતા હતા, એટલે તેણે કશી ગડબડ કર્યા વિના આ માણસોને રાખી લીધા હતા. ઇદ્રિસે મજૂરોની જરૂર હતી ત્યારે એને રોકી લીધા નહિ એ ખોટું તો થયું જ, પણ વધારે ખોટું એટલા માટે કે એ મજૂરો પાછા અસગરને ત્યાં કામ કરવા રોકાયા. ઇદ્રિસે એને રોકી લીધા હોત તો આમ બનત ? અને અસગર પણ કેવો ? નજુમિયાંના મનમાં થયું—પોતાના નોકર સાથે આ માણસોને રાખવાની વાત થઈ છતાં ઇરાદાપૂર્વક જ તેણે આ માણસોને રોકી લીધા એમાં એની દુષ્ટતા અને લુચ્ચાઇ સિવાય બીજું શું હતું ? પણ એનો બદલો એને જરૂર મળવાનો જ.

નજુમિયાં ઇદ્રિસને મોટેથી ધમકાવતો હતો: ' જો દરેક વસ્તુ મારે જાતે જ કરવાની હોય તો પછી તમને બધાને મેં રાખ્યા છે શું કામ ? મારી ગેરહાજરીમાં થોડા મજૂરોને પણ તમે રાખી શક્યા નહિ ? અને ક્યાં ગયો પેલો લંબૂસ ? અક્કલનો બાં ! એને તો હું મારી સાથે જ લાવ્યો હતો ને ? '

અને તુરત જ રમજાન ત્યાં પહોંચ્યો. એને જોતાંવેંત જ બળતામાં ઘી હોમાયું ને નજુમિયાંનો ગુસ્સો ફરીને ભભૂકી ઊઠ્યો. 'કેમ, નવાબ સાહેબ ! તમે અત્યાર સુધી ક્યાં ગયા હતા ?' તેણે ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યું. 'તને હું અહીંતહીં ભટકવા માટે લઇ આવ્યો છું કે મારા કામમાં મદદ કરવા ? માથે લાણીટાણું ગાજે છે, એને માટે મારે મજૂરો જોઇએ છે, ને તું ક્યાંક ભટકતો ફરે છે ? મજૂરો ક્યાં ?'

રમજાને એનો જવાબ ન આપતાં પોતાના મનમાં ફદફદ કરી રહેલી વાત બહાર કાઢી. તેણે કહ્યું: 'માલિક ! અહીં એક ફકીર આવ્યો છે. એ તમારા ભૂતકાળ તેમ જ ભવિષ્ય વિષે બધું કહી શકે તેમ છે.'

નજુમિયાંનો ગુસ્સો ફરીને ભભૂકી ઊઠ્યો. તેણે કહ્યું: 'હું તને આવા ઠગારા અને ધુતારા પાસે જઇ એની નકામી વાતો સાંભળવા લાવ્યો છું ? એવો તે ફકીર કેવો જેને તારા જેવાં મૂરખ અને બદમાસ માણસ સાથે વાત કરવા સિવાય બીજો ધંધો જ ન મળ્યો ?'

'પંચાયત, એવા પાક માણસને તમે ગાળો ન દો ! તેઓ તો તમારા મનમાં શું છે એ પણ જાણી લે છે, અને ભલેને એ અહીં હાજર ન હોય, તોપણ તમારો શબ્દે શબ્દ સાંભળી શકે છે.'

નજુમિયાંએ કસમ ખાઇને કહ્યું: 'ખુદાએ તને ભેંસા જેવા શરીર સાથે અક્કલ પણ એના જેવી જ આપી છે ! તારા ફકીરમાં જો એવી શક્તિ છે તો અસગરે મારા મજૂરોને ચોરી લીધા છે તે પાછા મેળવી આપશે ? જો એમ કરવાની એનામાં તાકાત હોય તો જરૂર હું એને રૂપિયા આપીશ. જો એવી તાકાત ન હોય તો એ મારે કે કોઇને શા કામનો ?'

રમજાને ઉત્સુકતાપૂર્વક જવાબ આપ્યો: 'જરૂર, જરૂર, પંચાયત! એ તમે કહો છો તે બધું કરી શકે તેમ છે. એની પાસે જાદુઇ શક્તિ છે અને ધારે તે કરી શકે તેમ છે. એમની પાસે જાવ ને

એની સલાહ લો. અસગરના બધા કાવાદાવા કેમ નિષ્ફળ બનાવવા ને એને આ બધું કરતો કેમ અટકાવવો એ ફકીર તમને બતાવશે.'

આમ વાત ચાલતી હતી એવામાં બરાબર ટાંકણે જ વિચિત્ર વાત બની ગઇ. કાગનું બેસવું ને ડાળનું પડવું એક સાથે બની ગયું. કેટલાક મજૂરો, જે અસગરમિયાં પાસે ગયા હતા, તેઓ પાછા આવ્યા. મજૂરીનો દર નક્કી કરવામાં તેમને વાંધો પડયો હતો. અસગરમિયાં તેમને તેમની માગણી પ્રમાણે મજૂરીના પૈસા આપવા તૈયાર ન હતો એટલે તેઓ પાછા આવ્યા હતા અને બીજે ઠેકાણે કામ કરવા ઉત્સુક હતા. નજુમિયાંને પણ ગરજ હતી. આમ બન્ને બાજુ ગરજ હોવાથી સોદો સહેલાઇથી પતી ગયોં અને નજુમિયાંના દિલમાં ફરીને શાંતિ થઇ ગઇ.

રમજાન જેવો કમઅક્કલ હતો તેવો જ હઠીલો હતો. કમઅક્કલ માણસો હઠીલા બહુ હોય છે. તેણે નજુમિયાંને ભારપૂર્વક આગ્રહ કર્યો: ' હવે તમારે ફકીરની જાદુઇ શક્તિ માનવી જ પડશે. તમે તો આ માણસોની આશા સાવ છોડી જ દીધી હતી ને? અને છતાંયે તમે ધાર્યું હશે એના કરતાંયે સારી શરતે એ તમને મળ્યા. ફકીરે પોતે તમને મળવાની ઇંતેજારી બતાવી છે અને ભલાઇની નિશાની તરીકે તેણે તમારું આટલું કામ કરી દીધું છે. તમારે હવે એની પાસે જવું જોઇએ ને એનો અહેશાન માનવો જોઇએ.'

નજુમિયાંના મનમાં પણ હવે થોડી જિજ્ઞાસા જાગી. એને થયું કે ખુદાની ધરતી ઉપર કોણ જાણે કેવા કેવા અજબ માણસો વસે છે! વખત છે ને રમજાનની વાત સાચી પડે! આમ એક બાજુથી તેની જિજ્ઞાસા સતેજ થઇ હતી ને બીજી બાજુથી તે હકીમ પાસેથી પોતાની અમ્મા માટે દવા લાવી શકયો નહોતો એટલે તેને થયું કે કદાચ એની દવા ફકીર પાસેથી મળી જશે. માટે ચાલને એકવાર એની પાસે જઇ આવું! જવામાં શું નુકશાન છે!

આમ વિચારી નજુમિયાં ફકીર પાસે ગયો. ફકીર તો એની રાહ જોઈ ને જ બેઠો હતો. જેવો એ આવ્યો કે તુરત જ એને આવકાર આપ્યો. એ પછી ટોળાને ઉદ્દેશીને કહ્યું: 'મારે તમારા પંચાયત સાથે ખાસ વાત કરવી છે, અને એકલા જ વાત કરવી છે.'

આ સાંભળી લોકોનું ટોળું ત્યાંથી થોડે દૂર ખસી ગયું, પણ વીખરાઇ ગયું નહિ—ફકીરની ગુફા પાસેથી એ થોડે દૂર ઊભું રહ્યું.

આ જાતનું વિશિષ્ટ પ્રકારનું માન ફકીરે તેને આપ્યું તેથી નજુમિયાંના મનમાં જે કંઈ રહી—સહી શંકા હતી એ પણ દૂર થઇ ગઇ. ફકીર ભારે વિચક્ષણ હતો અને લોકોની યોગ્યતા બરાબર મૂલવી જાણતો હતો. હાટ નિમિત્તે ભેગા થયેલા હજારો લોકોમાંથી તેણે નજુમિયાંને ઓળખીને જુદો તારવી કાઢયો હતો. એને જે ખાસ માન આપવામાં આવ્યું એ તેની ખાસ લાયકાતના સૂચનરૂપ હતું. નજુમિયાંને પણ લાગ્યું કે આટલા બધા માણસોમાંથી ફકીરે એને જ જુદો તારવીને માન આપ્યું, એથી જરૂર પોતામાં કંઈ એવી અસાધારણ શક્તિ હોવી જ જોઈએ. નજુમિયાં આવ્યો ત્યારે મનમાં શંકા લઇને આવ્યો હતો, પણ હવે તેણે ફકીર સાથે જે સલામાલેકુમ કહ્યું એ સાવ હૃદયપૂર્વકનું હતું.

ફકીરે કહ્યું: 'આવો પંચાયત, બેસો!' અને નજુમિયાં બેસી ગયો.

'મેં આપની ચમત્કારિક શક્તિ વિષે ઘણું સાંભળ્યું છે, ફકીર સાહેબ!' નજુમિયાંએ કહ્યું. 'અને એટલા માટે નાની માગણી કરવા ઇચ્છું છું'

ફકીરે આછું સ્મિત કર્યું: 'અફવાનો કદી ભરોસો રાખતા નહિ, કારણ અફવા હમેશાં અતિશયોક્તિથી ભરેલી હોય છે. મારી આસપાસ આ બધા મોટી ઉંમરના માણસો એકઠાં થયેલાં છે. એની બુદ્ધિ સાવ કાચી છે. એવાને સમજાવવા માટે નાના છોકરાને પટાવવા જેવી યુક્તિઓ લડાવવી પડે છે. પણ ડાહ્યા માણસો તો જાણે

છે કે આ બધો બહારનો દેખાવ તો સાવ ઢોંગ જ છે. બાકી જિંદગીની ભલાઈ તો ઇચ્છાને જીતી લેવામાં—અરમાન પર કાબૂ મેળવવામાં જ સમાયેલી છે. કારણ એક વખત તમે તમારી જાત ઉપર કાબૂ મેળવી લીધો પછી તમે સુખ–દુઃખથી, હરખ–શોકથી પર થઈ ગયા.'

આ વાત સાંભળી નજુમિયાંની ફકીર ઉપરની શ્રદ્ધા વધી ગઇ. કોઇ પણ માણસ પોતાને વિષે એમ કહે કે તમે દુનિયાના સામાન્ય માણસો કરતાં ઊંચા છો—એ કોને ન ગમે? ફકીરનાં આવાં મીઠાં વાકયો નજુમિયાંને પણ ગમી ગયાં અને ફકીર ખરેખર જ્ઞાનવાળો છે—ડહાપણવાળો છે એમ તેને થવા લાગ્યું.

તેણે કહ્યું: 'ફકીર સાહેબ, તમે તો જિંદગીનો માયલો ભેદ બરાબર કળી ગયા છો! તમે દરેક વસ્તુની સાચી કિંમત જાણો છો. અમે તો દુનિયાદારી માણસ રહ્યા, એટલે અમારું ધ્યાન તો રોજ–બ–રોજ અમને હેરાન કરતી જંજાળોમાં જ ચોંટયું રહે એ સ્વાભાવિક છે. ફકીર સાહેબ! તમે ઇચ્છો તો જરૂર મને મારી ચિંતાએ અને મુસ્કેલીઓમાંથી બચાવી શકો.'

'એમ ન બોલો, નજુમિયાં!' ફકીરે કહ્યું. 'જગતમાં બૂરી વાતો અને આફતોથી કોઈ આપણને બચાવી શકતું હોય તો તે ફક્ત એક ખુદા! આપણે તો માત્ર પ્રાર્થના કરીએ અને એની દુવા માગી શકીએ. સંભવ છે કે કોઇક વખત આપણી પ્રાર્થનાથી એનું હૃદય પીગળી જાય. પણ દરેક વસ્તુનો નિર્ણય કરવાનું કામ તેનું છે, અને કઇ પ્રાર્થનાનો જવાબ આપવો ને કઇ પ્રાર્થનાનો જવાબ ન આપવો એ બધું તે પોતે જાણે છે.'

નજુમિયાંને હવે પૂરેપૂરી ખાતરી થઈ ગઈ કે ફકીર એને ખરેખર મદદગાર થઇ શકે તેમ છે. તેણે કહ્યું: 'ફકીર સાહેબ! મહેરબાની કરીને આવાં કારણો બતાવી મારી વાત ઉડાવી દો નહિ. સૌ કોઈ

જાણે છે કે અલ્લા સર્વશક્તિમાન છે. એ ધારે તે કરી શકે છે. પણ સાથે સાથે એ વાત પણ જાણીતી છે કે અલ્લા પોતાના બંદા ઉપર હમેશા પ્યારની નજરથી જોતો હોય છે. જ્યારે પવિત્ર માણસો બંદગી કરે છે ત્યારે એ બંદગીની અસર કોઈ જુદી જ પડે છે. સાંઈમૌલા ! મારે માટે એક વખત જરૂર ખુદાને બંદગી કરો—જરૂર કરો !'

ફકીરે કહ્યું: 'નજુમિયાં, તમારાં અરમાનો અત્યારે તમારા મગજમાં સાપની જેમ સળવળીને તમને બેચેન બનાવી રહ્યાં છે. તમારા સંતાપનો કોઈ પાર નથી. એક વખતનો જે જાની દોસ્ત હતો એ આજે તમારો કટ્ટર દુશ્મન બની બેઠો છે. એના તરફ તમારા હૃદયમાં તિરસ્કાર છે. પણ અલ્લાતાલાએ તો દુશ્મન ઉપર પણ પ્યાર કરવાનું કહ્યું છે. તમે તમારી અમ્માજાનની માંદગીની ફિકર કરો છો, પણ અલ્લાએ તો કહ્યું છે કે સૌની જિંદગીનો પોતે રખેવાળ છે. પછી આપણે શું કામ ફિકર કરવી જોઈએ ? આપણે ફિકર કરનાર કોણ ? તમે તમારા દીકરના ભવિષ્યનો વિચાર કરી ભયથી કંપો છો પણ ખુદાએ પોતે જ નથી કહ્યું કે ભૂત, વર્તમાન અને ભવિષ્યનો પોતે જ માલિક છે ? એના હુકમ વગર કે જાણ વગર એક નાની સરખી ચકલી પણ જમીન ઉપર પડશે નહિ. જો તમે પોતે જ તમારા અરમાનથી છૂટવા માટે પ્રાર્થના ન કરતા હો તો હું તમારે માટે બીજી શી પ્રાર્થના કરું ?'

નજુમિયાં હવે ફકીરની વાતથી પૂરેપૂરો અંજાઈ ગયો. ફકીરે એનું હૃદય સર કરી લીધું. ફકીરના પગ પકડીને આજીજીભર્યા સ્વરે તે બોલ્યો: 'ઓ પાકદિલ સાંઈ! તમે મારે માટે ખુદાતાલાને જરૂર બંદગી કરો. હું પાપી માણસ છું. મારા હૃદયમાં ગુસ્સો, દ્વેષ અને તિરસ્કાર ભર્યાં છે. એટલે તો કહું છું કે મારે માટે એવી પ્રાર્થના કરો, જેથી હું મારાં આ બધાં પાપોને જીતી શકું. હું તો બહુ સાધારણ આદમી છું. મારી અમ્મા કે મારા દીકરાનાં દુઃખો મારાથી

જોઇ શકાશે નહિ, સાંઇ! એટલે, મહેરબાની કરીને કહો કે એ બંનેનું શું થશે?"

ફકીરે કહ્યું: ' એને માટે બહુ ફિકર કરતા નહિ, કારણ અલ્લા પોતે જ એની ફિકર કરશે અને સંભાળ રાખશે. હવે મહેરબાની કરીને તમે જાવ અને મને એકલો રહેવા દો. મારા મનની સ્થિરતામાં ખલેલ પહોંચે છે. '

'પણ આ શું, સાઈમૌલા? તમે પોતે તો મને બોલાવ્યો હતો ને?' નજુમિયાંએ આશ્ચર્યચકિત થઇને કહ્યું.

' હા, મેં તમને બોલાવ્યા હતા એ વાત સાચી, પણ મારે જે કહેવાનું હતું એ હવે અત્યારે તમને કહી શકું એમ નથી. ઈચ્છા હોય તો મને બે-ત્રણ દિવસ પછી ફરીથી મળજો. પણ મહેરબાની કરીને અત્યારે તો જાવ. '

નજુમિયાંને જરા માઠું લાગ્યું: ' આપની મરજી એવી જ છે કે હું જાઉં, તો જઇશ, પણ જતાં પહેલાં એક માગણી છે-મારી માને માટે થોડી દવા આપશો? એને સંધિવા થયો છે ને સાંધા ઝલાય છે. ત્યારે એટલું તો દરદ થાય છે કે ન પૂછો વાત. '

' હવે આજે તમે જાવ અને ત્રણ-ચાર દિવસ પછી આવજો. ' ફકીરે ફરીને કહ્યું અને આજની મુલાકાત પૂરી થઈ એમ સૂચવવા તેણે આંખો બંધ કરી દીધી-કેમ જાણે તે ધ્યાનમાં ઊંડો ઊતરી ગયો હોય અને તેને મૂર્ચ્છા વળી ગઇ હોય એમ લાગ્યું, આમ નિષ્ફળ જતાં નજુમિયાંને થોડો ગુસ્સો ચડયો. છતાં ફકીરની શક્તિથી તે અંજાઈ ગયો અને એના સંબંધી વધુ જાણવાની જિજ્ઞાસા તેના મનમાં થઈ. પણ એ નિરાશ થઇ ગયો હતો કે કેમ એ વિષે કહેવું મુશ્કેલ હતું. આખો પ્રસંગ કેવી જાતનું રૂપ લેત એ કોઇ કહી શકે તેમ ન હતું. પણ એવામાં એક વાત એવી બની ગઇ જેને માટે કોઈ તૈયાર ન હતું.

નજુમિયાંએ આંખો બંધ કરીને સમાધિમાં બેઠેલા ફકીરને સલામ કર્યા અને ત્યાંથી જવા માટે પગ ઉપાડયો. આ ગુફામાંથી બહાર નીકળી થોડાં પગલાં ભાગ્યે જ આગળ ચાલ્યો હશે એટલામાં તેણે પોતાના કટ્ટર દુશ્મન અસગરમિયાંને હજી સુધી ઊભા રહેલા ટોળામાંથી લાંબા ડગ ભરતો પોતાની તરફ આવતો દીઠો.

એક ક્ષણ બન્ને જણાં એકબીજાની સામે ડોળા ઘુરકાવીને જોઈ રહ્યા. બન્ને ઊંચા અને પડછંદ હતા અને બન્નેનાં માથાં ઉપર રૂપેરી વાળ શોભતા હતા. પાસે ઊભેલું લોકોનું ટોળું હવે શું બનશે તેની અદ્ધર શ્વાસે રાહ જોવા લાગ્યું.

'તને બીજું કાંઇ ન સૂઝયું એટલે મને નુકસાન પહોંચાડવા મેલી વિદ્યાનો આશરો લીધો ખરું ?' અસગરમિયાંએ તિરસ્કારપૂર્વક કહ્યું. 'પણ એટલું યાદ રાખજે કે અલ્લાતાલા દુષ્ટ લોકોને મદદ કરતો નથી.'

'તું ભૂલ કરે છે' નજુમિયાંએ કહ્યું. એના મનમાં ઊઠેલો ગુસ્સો મનમાં જ શમાવી દેવા તેણે જોરદાર પ્રયત્ન કર્યો છતાંયે એના અવાજમાં તેમ જ મુખ ઉપર એ પ્રગટ થયા વિના રહ્યો નહિ.

'તો પછી એટલો બધો વખત ફકીર સાથે તું શું કરતો'તો ? આ તારો રમજાન બધાને કહેતો ફરે છે કે તારો ફકીર એવા જાદુ-મંતર કરશે કે જેથી હું અને મારાં કુટુંબનાં માણસો નાશ પામશું ? શું એ વાત ખોટી છે ?' અસગરમિયાંએ સીધો સવાલ કર્યો.

'ફકીર સાથે હું શું કરતો હતો એ જાણવું હોય તો ખુદ ફકીર પાસે જ જઈને જાણી લે.' નજુમિયાંએ કહ્યું. 'હું તો તને એક શબ્દ પણ કહેવાનો નથી.'

'એની પાસે તો હું જરૂર જઈશ. એમાં તને પૂછ્યાવાટ નહિ રાખું.' અસગરમિયાંએ કહ્યું અને પછી સીધો તે ફકીર પાસે ગયો.

નજુમિયાં ખડખડાટ હસી પડયો. તેને થયું: કેવો મૂરખ માણસ

છે ! ફકીરે મને પોતાનો માણસ સમજીને માનપાન આપ્યું, સારો વર્તાવ કર્યો અને છતાંયે એનો તકિયો છોડી ચાલ્યા જવા કહ્યું ને પોતે ઊંડી સમાધિમાં બેસી ગયો છે. ત્યારે હવે આ અસગર એને એમાંથી જગાડવા જાય છે. કેમ જાણે એ વાટ જોઇને બેઠો હોય ! અરે ફકીરને જો એ સમાધિમાંથી જગાડશે તો એના ગુસ્સાનો પાર નહિ રહે અને એના ઉપર ભયંકર શાપ વરસાવશે !

અસગરમિયાંએ નજુમિયાં સામે એક તિરસ્કારભરી નજર નાખી અને આગળ ચાલ્યો. નજુમિયાંએ એની પીઠ પાછળ ડોળા ઘુરકાવીને જોયું અને હમણાં જ એની મિટ્ટી પલિત થઇ જશે એ વિચારે ફરીને તે મોટેથી ખડખડાટ હસી પડયો. પણ એનું હાસ્ય જેવું એકાએક બહાર આવ્યું એવું જ અટકી ગયું. આશ્ચર્યથી સ્તબ્ધ બનીને તેણે જોયું તો ફકીર એની ગુફામાંથી બહાર નીકળ્યો હતો અને અસગરને પ્રેમ અને આદરમાન સહિત અંદર લઈ જતો હતો. નજુમિયાંનું તાળવું ફાટફાટ થઇ ગયું. એના ગુસ્સાનો કોઇ પાર રહ્યો નહિ.

એના હૃદયમાં ફરીને ચંકાનો કીડો જાગી ઊઠયો ને એને કોતરવા લાગ્યો. પોતે શું કરી રહ્યો છે એનો વિચાર કરવા માટે પણ થોભ્યા વિના જ નજુમિયાં પણ લાંબી લાંબી ફાળ ભરતો બંને જણની પાછળ ગુફાની અંદર ગયો. તેનામાં જો હિંમત હોત તો બંનેને ત્યાં ને ત્યાં જ તમાચા ચોડી કાઢત, પણ એટલી હદ સુધી તે ગયો નહિ છતાં ખીજવાટ અને ધૂંધવાટથી ધુવાંપૂવાં થયેલું તેનું મુખ એના મનની અંદર શું ચાલી રહ્યું હતું તે બધું કહી આપતું હતું.

ફકીરે એના ગુસ્સાને લક્ષમાં ન લેતાં બહુ જ ઠંડે કલેજે કહ્યું: 'કેમ નજુમિયાં, પાછા કેમ આવ્યા. હજી તમારે બીજું કંઇ પૂછવાનું છે ?'

ફકીર કેમ જાણે તેની મશ્કરી કરતો હોય એમ નજુમિયાંને લાગ્યું.

તુરત જ તેનો ગુસ્સો ભભૂકી ઉઠયો અને તેણે જાત ઉપરનો કાબૂ ગુમાવ્યો. અત્યાર સુધી ફકીર પ્રત્યે એના મનમાં જે માન હતું તથા એની શક્તિથી તે અંજાયો હતો એ બધું તે ભૂલી ગયો અને મોટેથી બૂમ મારી ફકીરને કહેવા લાગ્યો:

'આટલા માટે મને બહાર મોકલી દીધો કેમ? તમે એમ માનતા હશો કે હું નાનું બચ્ચું છું તે મીઠા શબ્દોથી ભોળવાઈ જઈશ ખરું? તમારે જે જોઈતું'તું એ મને છેતરીને મારી પાસેથી જાણી લીધું અને હવે આ બદમાશના હાથમાં મને સોંપી દેવા માગો છો નહિ? પણ એટલું ભૂલતા નહિ કે તમારા જેવા જાદુમંતરવાળા ને મેલી વિદ્યા જાણનારા તો કંઈક મારે ઝપટે ચડી ગયા છે, એમની સાથે કેમ કામ પાડવું તે મને આવડે છે.'

અસગરમિયાં ઉશ્કેરાઇને લડવા માટે ઊભો થઇ ગયો. પણ ફકીરે એનું બાવડું ઝાલી તેને અટકાવ્યો.

પછી નજુમિયાંને ઉદ્દેશીને તેણે કહ્યું: 'અરે ભાઈ, એમાં તું એટલી બધી બૂમો શાનો મારે છે? મેં તને શું નુકસાન કર્યું એ તો કહે?'

ફકીરના શાંત અવાજે નજુમિયાંને ઊલટો વધુ ઉશ્કેર્યો અને તે વધારે મોટેથી બૂમો પાડીને ગાળો ભાંડવા લાગ્યો.

અત્યાર સુધી લોકોનું ટોળું દૂર ઊભું ઊભું આ તમાશો જોઇ રહ્યું હતું એ એકદમ ધકામુક્કી કરતું ગુફાની અંદર ધસી આવ્યું. માણસોમાંથી કેટલાકે નજુમિયાંનો પક્ષ લીધો, કેટલાકે અસગરનો અને સામસામે ગાળો દેવા ને બૂમો પાડવા લાગ્યા. હમણાં જાણે મોટું હુલ્લડ ફાટી નીકળશે એમ વાતાવરણ ગરમ થઈ ગયું.

પણ એવામાં ફકીરે અચાનક એક હાકોટો માર્યો અને પછી લોકો ન સમજી શકે એવી ભાષામાં એતો બોલવા લાગ્યો. માણસોને થયું કે ફકીર જંતરમંતર બોલે છે. રખેને પોતે એના સપાટામાં

આવી જાય એ બીકથી ટોળું ક્ષણભર શાંત પડી ગયું ને થોડું પાછું હઠી ગયું. બીજી બાજુ ફકીર હવે ખૂબ જ ઉત્તેજિત થઈ ગયો હતો અને ગુસ્સાથી લાલ થઈ એ મોટેથી બોલતો હતો: 'પાછા જાવ પાછા જાવ, મૂરખના બચ્ચાઓ ! તમારા ઉપર મહાન આફત લટકી રહી છે ને છતાંયે હજી તમે અંદરોઅંદર લડાઈ-ઝઘડા કરો છો ! કાળની નદીનાં પૂર ચડશે અને જમીન-પાણી એક થઇ જશે. હું મારી આંખ સામે તોફાની રાતનો પડદો ઊતરતો જોઉં છું. એ વખતે વાદળના ઘટાટોપ જામશે અને દરિયાનું પાણી ઊકળી ઊઠશે. તમારો જાની દોસ્ત તમારો કટ્ટર દુશ્મન બનશે અને કટ્ટર દુશ્મન દોસ્ત બનશે. પેલા ઉત્તર-પૂર્વના વાયરા વાય અને આકાશમાં વાદળાંનું ગરુડ ઊંચે ઊડતું દેખાય ત્યારે ખાસ હોંશિયાર રહેજો ! ખબરદાર રહેજો !

'અસગર અને નજુ, નજુ અને અસગર, ખુદાતાલાએ તમારી વચ્ચે પ્રેમ, ધિક્કાર અને કષ્ટસહનના કેવા તાણાવાણા વણ્યા છે.'

ફકીરે લથડિયું ખાધું અને પછી તુરત જ મૂર્ચ્છિત થઇને ઢળી પડયો. તુરત જ એના બે શિષ્યો એકદમ ત્યાં દોડી આવ્યા. તેમણે લોકોને તત્કાળ ગુફા બહાર ચાલ્યા જવા કહ્યું. લોકો તો આશ્ચર્યથી સ્તબ્ધ બની એકબીજા સામું જોવા લાગ્યા, અને પથ્થરનાં પૂતળાંની પેઠે ડઘાઇને હતાં ત્યાં ને ત્યાં જ ઘડીભર તો ઊભા રહ્યા. ફરીને શિષ્યોએ તેમને બહાર જવા હાકોટો માર્યો. આ વખતે તેઓ એક પછી એક બહાર નીકળ્યા ને પોતપોતાના ઘર તરફ ચાલ્યા ગયા.



[૪]

પરસ્પર સમજૂતિ

નજુમિયાં પોતાની મા સાથે દલીલ કરતો હતો. આયશા એને ઘેર રહેવા આગ્રહ કરતી હતી. ફકીર સાથેનો બનાવ બન્યા પછી તેને હમેશાં બીક લાગતી કે રખેને મારા દીકરા ઉપર કોઈ આફત ઊતરી આવે! નજુમિયાંએ જો કે પોતાના માણસોને ઉપરના બનાવ સંબંધી કંઈ પણ વાત ન કરવાની સૂચના કરી હતી. એ મુજબ કોઇ પણ માણસ એ સંબંધમાં એક અક્ષર પણ બોલ્યો નહોતો, પણ જે દિવસે તેઓ સૌ હાટેથી પાછા ફર્યા તે દિવસે જ આયશાને કંઈક વિપરીત બન્યું છે એની ગંધ આવી ગઈ હતી. રમજાન અને ઇદ્રીસ બંને જણે નજુમિયાંની સૂચનાનો ઠીક ઠીક અમલ કર્યો. ઇદ્રીસ હમેશ કરતાં કંઈક વધારે ઉદાસીન દેખાયો. જ્યારે રમજાને તેની બિન-આવડતને લીધે પોતાની આસપાસ એવું ભેદી વાતાવરણ સર્જ્યું કે ઊલટી બીજાને શંકા જાગે ને આમ કેમ ફરતો હશે એમ કોઇને સવાલ થાય. આયશાએ જ્યારે આ બંનેને સવાલો પૂછ્યા ત્યારે ઇદ્રીસે તો એક યા બીજું બહાનું બતાવી જવાબ અદ્ધરથી જ ઉડાવી દીધા, પણ રમજાન શરૂઆતથી એટલો બધો મૂંગો રહ્યો કે એના અર્થસૂચક મૌને જ આયશાના મનમાં ઊલટી વધુ શંકા જગાડી.

આથી તેણે નજુમિયાંને પૂછ્યું, પણ નજુમિયાંએ સીધો જવાબ આપ્યો નહિ. ઈદ્રીસને એ જ્યારે જ્યારે આ સંબંધી કંઇ પૂછે ત્યારે

જવાબ આપવાને બદલે હજી આ કામ કરવાનું છે અને તે કામ બાકી છે વગેરે બહાનાં બતાવી છટકી જાય.

પણ આયશા એમ ગાંજી જાય તેવી ન હતી. રમજાન આ બધામાં નબળી કડી હતો એ તે સમજતી હતી. એટલે બીજે દિવસે સવારમાં તેણે રમજાનને જ બોલાવ્યો.

'મને કેમ બોલાવ્યો, અમ્માજાન ?' તેણે પૂછયું.

'તું મારાથી છુપાવવા માગે છે રમજાન ! હવે એ વાત નાકબૂલ કરતો નહિ. તું ભલેને ના પાડે, તારું મોઢું જ કહી દે છે ને !'

મારે તમારાથી શા માટે કશું છુપાવવું જોઇએ ? તમે તો ઘરનાં માલિક છો. અને અમારે તમારા દરેક હુકમ માથે ચડાવવાના હોય છે.'

'એમ ! વાત તો મોટી ડહાપણની કરે છે, છતાં ગઈકાલથી કેમ જાણે તારા ખેતરમાં કોઇએ આગ ચાંપી હોય એવું મોઢું લઇને ફરે છે. મારા સવાલને ઉડાવ નહિ ને હું પૂછું એનો સીધો જવાબ આપ. ઘુલ્ડીમાં એવું તે શું બન્યું કે જેથી કરીને તમે બધા આટલા બધા ભારેખમ અને ઉદાસીન મોઢાં લઇને ફરો છો ?'

'ઘુલ્ડીમાં ? ત્યાં તો કંઇ જ બન્યું નથી. અમે ત્યાં ગયા. હટાણું કર્યું. માણસોને કામે રાખવાના હતા તે રાખી લીધા ને પાછા આવ્યા.'

'તો પછી મારી દવાનું શું થયું ? દવા કયાં છે ?' તેણે જરા ગુસ્સે થઇને પૂછયું.

'પંચાયત હકીમ પાસે લેવા ગયા હતા, પણ કેમ ન લાવ્યા એની મને ખબર નથી.'

'ખરેખર એ હકીમ પાસે ગયો હતો ? તો પછી એ દવા કેમ ન લાવ્યો ? એને હકીમ સાથે કંઈ ઝઘડો–બઘડો થયો હતો ?'

'હકીમ સાથે તો કંઈ ઝઘડો થયો નહોતો પણ...' રમજાનથી બોલાઈ ગયું. પણ પાછળથી પોતાની મૂર્ખાઇ પર તેને પસ્તાવો થવા માંડયો.

આયશા એના છેલ્લા વાક્યને પકડીને એના પર તૂટી પડી.

'હકીમ સાથે નહિ પણ કોઈ બીજા સાથે ઝઘડો થયો હતો એમ ને? બોલ જોઈએ, બીજો કોણ હતો?'

રમજાન મૂંગો રહ્યો એની જીભ સિવાઈ ગઇ. આયશાએ થોડી પળ રાહ જોઇ, ને પછી તાડૂકી ઊઠી: 'તું મારું કહેલું માનતો નથી? આટલી બધી તારી હિંમત! સાલા લંબૂસ! મૂરખ! જવાબ જલદી આપ, નહિ તો પછી ખાવા ટાણે આવીશ ત્યારે મળશે ભાતને બદલે ચૂલાં માયલી રાખ!'

રમજાન ઢીલો પડી ગયો ને આજીજી કરવા લાગ્યો: 'મહેરબાની કરીને માફ કરો અમ્માજાન! પંચાયતે મને આ સંબંધી કંઇ વાત કહેવાની મનાઇ કરી છે. એને જો ખબર પડી કે એના હુકમની ઉપરવટ થઇને મેં તમને વાત કરી તો એ હંટરથી મારું ચામડું ઉતરડી લેશે.'

'અને તું મારા હુકમની ઉપરવટ જા તો તારા માટે હું શાદીની મિજબાની બનાવીશ એમ તું ધારે છે? ત્યાં શું થયું હતું એ મને અત્યારે ને અત્યારે કહે નહિ તો હું તને ગામમાંથી બહાર કઢાવી મેલીશ.'

રમજાન નીચી મૂંડી કરીને મૂંગો મૂંગો ઊભો રહ્યો. એટલે આયશાએ વળી મારો ચલાવ્યો: 'એમ! હજી મારા હુકમની અવગણના કરવાની હિંમત કરે છે? તારો પંચાયત પણ હુકમ ન માનવાને કારણે તે દિવસે મેં એને ચાબુકે ચાબુકે ઝૂડી નાખેલો તે હજી ભૂલ્યો નથી ને તું એનો નોકર એનો અનાદર કરવાની હિંમત કરે છે? તારા પંચાયતને આવવા દે. પછી જોજે જોઇએ એને જ હાથે ચાબુકે ચાબુકે માર મરાવીને તને આ ગામમાંથી કાઢી મેલાવું છું કે નહિ?'

રમજાને મોં બગાડીને કહ્યું: 'હું શું કરું? અમ્માજાન! જો

તમારી વાત ન માનું તો તમે કાઢી મેલાવશો ! ને જો પંચાયતની વાત ન માનું તો એ ચાબુકે ચાબુકે મારો વાંસો ફાડી નાખશે ! મારે તો બેય વાતે દુઃખ થયું.'

આયશાએ એને ખાતરી આપી કહ્યું: 'તું ખરી વાત કહી દે તો તને કાંઈ નહિ થાય બસ, હું વચન આપું છું.'

આમ તેણે રમજાનને પૂરેપૂરો દબડાવીને એની પાસેથી એક પછી એક બધી વાત કઢાવી લીધી. આયશાએ આખી વાત સાંભળીને કહ્યું: 'હં ત્યારે એમ વાત છે! અસગર અને નજુ વળી મમતે ચડીને એકબીજાનાં ગળાં કાપવા તૈયાર થયા છે નહિ? થોડો વખત તે વાત ઉપરના વિચારમાં મશગૂલ બની ગઈ ને પછી એ બોલી 'તું માને છે કે ફકીરમાં સાચે જ અલૌકિક શક્તિઓ છે?'

રમજાનના મન ઉપરથી જાણે મોટો બોજો ઊતરી ગયો. મૌન જાળવી રાખવું એ એને મન એક મોટી બલા હતી. હવે વાત કરવાની છૂટ મળતાં જ એ પોતાના અસલ રૂપમાં આવી ગયો અને લહેરથી ફકીરની અદ્દભુત શક્તિનાં ગુણગાન કરવા લાગ્યો. તેણે જે જે બીના નજરે જોઇ અને સાંભળી હતી તે બધી તેણે વર્ણવી બતાવી અને આખી વાતને અસરકારક બનાવવા માટે પોતાની કલ્પનાના રંગો પણ પૂર્યા. આયશાએ મૂંગાં મૂંગાં એની બધી વાત સાંભળી લીધી ને પછી નજુમિયાંને બોલાવ્યો ને પૂછ્યું:

'મેં વાત સાંભળી છે કે અસગર સાથે ફરીને તું ઝઘડી પડયો ને એટલાથી સંતોષ ન થયો તે કોઈ ફકીરનું પણ અપમાન કર્યું. આ બધું છે શું? અને ફકીરે તને કદુવા આપી એ વાત સાચી?'

'મા, આવી બધી કપોળકલ્પિત વાત તે વળી તને કોણે કરી? પેલો તાડનો ત્રીજો ભાગ અક્કલનો બારદાન રમજાન હશે? મેં એને પહેલેથી ચેતવ્યો 'તો કે જોજે બધું બબડી ન નાખતો, પણ એની

જીભ કાબૂમાં રહે જ નહિને! ઠીક છે આ વખતે એને એવો મેથી-પાક આપું કે ભવિષ્યમાં બડબડ કરતો ભૂલી જાય!'

'મેં રમજાન પાસેથી વાત સાંભળી છે એવું તે વળી તને કોણે કહ્યું? શું મારે આંખ-કાન નથી કે બધી વાત હું જોઇ-સાંભળી ન શકું? આખું ગામ તારા પરાક્રમની વાત કરે છે!'

'તમે એમ કેમ બોલો છો મા? આખા ગામમાં આ બનાવની કોઈ કરતાં કોઇનેય ખબર નથી. નક્કી પેલા કમઅક્કલ રમજાને તમને મીઠું-મરચું ભભરાવીને બધી વાત કરી હશે.'

'ધાર કે એણે બધી વાત કરી, એતું તારે શું છે? તું શું કરે છે એ જાણવાનો મારો હક્ક નહિ?'

'જરૂર જાણો મા. ભલે તમે એ બધી ગરબડ વિષે એની પાસેથી વાત સાંભળી. એની ક્યાં ના છે? પણ એ મૂરખને કંઈ ભાન નથી એ તો ફાવે તેવી ઉટપટાંગ વાત ભરડયે રાખશે.'

'એની વાત ભલેને ગમે તેવી હોય, હું ક્યાં ઝટ માની લઉં છું, પણ તું પોતે મારાથી વાત શું કામ છુપાવે છે એ કહે જોઉં? અને જો રમજાનને જરાયે ધખતો નહિ. તારી સગી મા પાસે વાત છુપાવતાં તને જરાય શરમ નથી આવતી?'

વાતમાં કંઈ માલ નથી ને આટલાં બધાં ગંભીર શું કામ થઇ જાવ છો મા! તમે વગર મફતની ફિકર કરો એમ જાણીને વાત નહોતી કરી, છતાંય સાંભળવી હોય તો મારી ક્યાં ના છે? એક ધુતારો આવ્યો છે તે ભવિષ્યવાણી ભાખીને બધાને ધૂતી ખાવાનો ધંધો લઇ બેઠો છે, એ કાંઇ સાચો ફકીર લાગતો નથી, ફકીર હોય એ કાંઇ બદદુવા થોડા વરસાવે? ખાલી મફતનો થૂંક ઉડાડે છે, તો ઉડાડવા દો!'

'તારા ગુસ્સાબાજ સ્વભાવને કારણે તો આપણા બધા ઉપર આફત ઉતારી છે. હજુયે તું સુધર્યો નહિ. મગજ ઉપર કંઇક કાબૂ રાખવો

જોઇએ ને ? ઈ ભલેને જૂઠ કરતો હોય કે છેતરપિંડી ચલાવતો હોય આપણે શું કામ એ ફકીર સાથે કજિયો કરવા જવું ? તેણે મારું તો કંઇ બગાડયું નહોતું ! તો પછી કાલા મફત ઉલળ પાણા પગ ઉપર શું કામ કરવા ગયો ?'

'અમ્માજાન ! એ વાત હું કબૂલ કરું છું. એમાં મારી ભૂલ હતી. વાત એમ બની કે મેં એને અસગરને દુવા દેતો જોયો તો મારા દિલમાં કાળ ચડી ગયો, પછી મેં શું કીધું એતુંય મને ભાન ન રહ્યું.'

'તારી કમજોરી તું પોતે જાણતો હો તો પછી શા માટે એનો અગાઉથી ખ્યાલ રાખતો નથી ? આટલા બધા ગુસ્સાએ તો તારી આખી જિંદગી ધૂળધાણી કરી દીધી: એટલું તો યાદ રાખ.'

નજુમિયાંનું મોઢું સાવ પડી ગયું. 'તાજા ઘા ઉપર હવે મીઠું ન ભભરાવો અમ્માજાન' તેણે મને ઉદ્દેશીને કહ્યું ને પછી એક પણ શબ્દ બોલ્યા સિવાય એ ત્યાંથી ઊઠીને ચાલ્યો ગયો.

થોડા દિવસો વીતી ગયા. નજુમિયાંએ આજે પદ્માને સામે કાંઠે જઈ થોડી ઊંચાણવાળી જમીનની તપાસ કરવાનું નક્કી કર્યું. આવી પડતર જમીન સામે કાંઠે હજીયે બચી ગઈ હતી અને જે કોઇ જઇને ત્યાં પ્રથમ થાણું નાખે એના કબજામાં એ જમીન આવે તેમ હતી. આ જમીન આખી ન મળે તો પણ એમાંથી એકાદ કટકો તો લેવો જ એવી નજુમિયાંની ગણતરી હતી. આ કામ માટે પોતાને જવું પડે એવું હતું. પણ આયશાનો આગ્રહ એવો હતો કે નજુમિયાં ઘેર રહે અને એ કામ માટે રમજાન અને ઇદ્રાસને ત્યાં મોકલે.

'જો બેટા ! પહેલાં મારી વાત સાંભળ.' તેણે કહ્યું. 'તકદીરમાં જે લખાઇ ચૂક્યું છે તેને બદલવાનો કોઇ અર્થ નથી. ફકીરે તને શ્રાપ આપ્યો છે અને પાણીમાં તારો ઘાત થવાનો છે એ વાત ચોખ્ખે ચોખ્ખી કહી દીધી છે એટલું તો ખરું ને ! તો પછી શા

માટે દેખીપેખીને ત્યાં જવું. તું મોટો બહાદુર છે એ અમે બધા જાણીએ છીએ, હવે એ બતાવવાની કાંઇ જરૂર નથી.'

'નસીબની સામે કોણ બાથ ભીડી શકે, અમ્મા!' નજુમિયાંએ કહ્યું. 'નસીબમાં જો મારે માટે ડૂબીને મરવાનું લખ્યું હશે તો એમાં કંઇ મીનમેખ થવાનો નથી. હું ડૂબીને મરી જવાનો. પછી ભલેને હું ઘૂંટણભર પાણીથી આગળ વધારે ઊંડા પાણીમાં કદી ન જાઉં, પણ ડૂબીને મરવાનું જો લખ્યું હશે તો હું ડૂબીને મરવાનો એ ચોક્કસ, પણ જો અલ્લાતાલા મારા રખેવાળ હશે તો પછી મને પદ્માનો પણ શું ડર છે! મહેરબાની કરીને મને રોકો નહિ મને જવા દો અમ્મા. આસપાસનાં ગામોમાં આ ખબર ક્યારની ફેલાઈ ગઈ છે ને કોને ખબર છે કેટલાક માણસો તો જમીન લેવા માટે પદ્માને સામે પાર લગભગ પહોંચી ગયા હશે.'

'જો તેઓ લગભગ ત્યાં પહોંચી જ ગયા હોય તો પછી હવે ત્યાં ધક્કો ખાવાની નકામી તકલીફ શા માટે લેવી?'

'ત્યાં કેટલી જમીન છે એની જ કોઇને ખબર નથી. સંભવ છે કે હજીયે હું જાઉં તો કદાચ મને પણ એકાદ કટકો મળી જાય.' નજુમિયાંએ કહ્યું,

'જમીન સાવ જતી કરવાનું હું તને કહેતી જ નથી બેટા! હું તો ફક્ત એટલું જ કહું છું કે એ કામ માટે રમજાન અને ઇદ્રાસને મોકલ. એ બંને જણ પણ બરાબર કામ પાર પાડી દેશે એવો ભરોસો રાખ.'

'મને એમની પ્રમાણિકતા અને સચ્ચાઇમાં વિશ્વાસ છે, પણ એમની શક્તિમાં વિશ્વાસ નથી. એ લોકોમાં નથી બુદ્ધિ કે નથી સૂઝ. ત્યાં તો ઘણાય માણસો આવીને જમીન ઉપર પોતપોતાના હક્ક લગાવવા કોશિશ કરશે. એ વખતે બળ કરતાં કળથી કામ વધારે બને. રમજાનનું દુઃખ એ છે કે એ તો બાંયો ચડાવીને લડાઈ—

ઝઘડામાં જ ઊતરી પડશે. એ બિચારો અબુધ આદમી એટલુંય સમજતો નથી કે ભાઇ આવી બાબતમાં એકલું બળ બહુ કામમાં આવતું નથી, કળની પણ જરૂર પડે છે. વળી હું જો ત્યાં ન હોઉં તો એને રોકશે કોણ ?'

ઈ બધીય વાત સાચી, પણ બેટા ! સો વાતની એક વાત, જ્યાં સુધી ફકીરનો શ્રાપ માથા ઉપર તાજેતાજો જ લટકે છે ત્યાં સુધી હું તને કોઇ વાતે હોડીમાં બેસીને એ કાળઝાળ પદ્માને સામે પાર નહિ જવા દઉં. તારે જવું જ હોય તો પહેલાં ધુલડી જા ને ફકીરને મળી એની બદદુવામાંથી છૂટો થા, એ એની બદદુવા પાછી ખેંચી લઇ તને દુવા આપે, તો પછી તું તારે ખુશીથી જજે. પછી હું કોઇ જાતનો વાંધો નહિ લઉં અને તને ટોકીશ પણ નહિ.'

નજુમિયાં, હતાશ થયો હોય એમ એનું મોઢું પડી ગયું. એને થોડો ગુસ્સો પણ ચઢયો. તે બોલ્યો: 'તુમે એમ ધારો છો અમ્મા, કે હું એ ધૂર્ત ફકીરની રજા મેળવી આવું ત્યાં સુધી જમીન મારી વાટ જોતી રહેશે?'

'હવે રાખ રાખ, ન બોલવાનાં વેણ ન બોલ, જેની અદબ રાખવાની હોય એની અદબ પણ નહિ રાખ ! તને ફકીર પ્રત્યે જરાયે માન માન ભલે ન હોય, મને તો છે ! કાંઈ નહિ તોયે તારી માનું માન તો જાળવવું જોઇએ.'

'માફ કરો અમ્માજાન, તમને ખોટું લાગ્યું હોય તો તમારી માફી માગું છું' નજુમિયાંએ જવાબ આપ્યો. 'પણ ખરી વાત એ છે હું ફકીરને મનાવવા અને એની આશિષ મેળવવા જાઉં એટલા વખતમાં તો જમીન બધી સાફ થઇ જશે. પછી ડગલું મૂકવા જેટલી જમીનેય બાકી નહિ રહે.'

'પણ તું આટલો બધો જમીન પાછળ શું ગાંડો થયો છે ? તું જ કહે, એમાંથી કઇ વસ્તુ વધારે મહત્ત્વની છે–જમીન કે તારી જિંદગી ?'

'પણ મારી જિંદગી તત્કાળ જોખમમાં છે એવું તમે શું કામ માની લો છો.' એના અવાજમાં જરા ગુસ્સાનો ઉશ્કેરાટ વ્યાપી ગયો. દુનિયામાં કોની સત્તા વધારે છે–સર્વવ્યાપી અલ્લાની કે ફકીરની? હજાર ફકીર ભેગા થાય તોયે ખુદાતાલાએ જે કંઈ નક્કી કર્યું છે એમાં એક તણખલાનો થોડો પણ ફેરફાર કરી શકવાના છે?'

પછી જરા ઠંડો પડીને ધીમા અવાજે તે બોલ્યો :

'તમે જરા પણ ગભરાવ નહિ અમ્મા! શરદ ઋતુ પૂરી થઇ થઇ ગઈ છે ને માથે શિયાળો ચાલ્યો આવે છે. જોતાં નથી કે પદ્માની ઉછાંદ હવે સાવ ઓસરી ગઈ છે. નવા કાંઠા દેખાવા માંડયા છે. તોફાનની ઋતુ પૂરી થઇ ગઈ છે ને જંગલી બતકો પણ હવે તો આવવા લાગી છે.'

'પદ્માનો ભરોસો નહિ બેટા! પદ્માનો કદી ભરોસો નહિ.' ડોશીએ કહ્યું. 'એ તો રાંડ રાક્ષસી છે, આજ સુધીમાં એ સેંકડો માણસો ને ગામડાં ભરખી ગઇ છે. બહારથી એનાં પાણી શાંત દેખાય છે એ ખરું. પણ એ તો નૌકાઓને લલચાવી ગળી જવા માટે એવો ખોટો દેખાવ ધારણ કરે છે.'

'તમે તો મા, જ્યાં ડરનું નામનિશાન પણ ન હોય ત્યાં એનો હાઉ ઊભો કરી દો છો.' નજુમિયાંએ કહ્યું: 'મહેરબાની કરીને મારી વાત સાંભળીને મને જવા દો, હવામાં ગુલાબી ઠંડીનો ચમકારો આવી ગયો છે. સવારમાં આ ધુમ્મસનો આડો પડદો દેખાય છે એ જ બતાવે છે કે શિયાળો બેસી ગયો. અમે ખૂબ સંભાળીને જશું અને અલ્લાતાલાની મરજી હશે તો ત્રણ દિવસમાં પાછા આવી જશું. જરા વિચાર તો કરો મા. કે તમારો મલેક ઘણી જમીનનો માલિક થશે. અને પૈસા પણ સારી પેઠે મળશે, પછી બધા કેવા માન આપવા દોડયા આવે છે એ જોજો.'

રમજાન એકદમ ઉતાવળો ઉતાવળો આવ્યો ને ખિજાઇને મોટેથી તાડૂક્યો. 'પંચાયત હજી સુધી તમે અહીં ઊભા ઊભા વાત કરો

છો ને બોલ્યો અસગર તો નવી જમીનનો કબ્જો મેળવવા હોડીમાં બેસીને ક્યારનો રવાના થઈ ગયો છે.'

નજુમિયાંનું શરીર અક્કડ થઈ ગયું ને તેનો ચહેરો કાળો પડી ગયો. તે એની મા તરફ ફરીને બોલ્યો: 'હજી તમે તમારો નન્નો પકડી રાખશો મા ? તમારા દીકરાનું લોકોમાં નીચું દેખાય એવું તમે વાંછશો ? તમારો મલેક, અસગર અને એના દીકરા આગળ છાતી કાઢીને ઊભો રહી શકે નહિ ને શરમમાં ને શરમમાં એને નીચું જોવું પડે એવું ઇચ્છો છો ?

એક ક્ષણ આયશા મૂંઝાઇ ગઇ, પણ બીજી જ પળે સ્વસ્થતા ધારણ કરીને બોલી: 'હવે જાણ્યો તને ! તું કેવોક તારા છોકરાની સંભાળ રાખે છે એ ખબર છે. છોકરા માટે કન્યા શોધવાનું કહી કહીને તો હવે હું થાકી ગઇ, પણ તેં કોઇ દિવસ એ વાત મન ઉપર લીધી છે ? જ્યારે જ્યારે વાત કરું ત્યારે કેમ જાણે બહેરો હોય એમ સાંભળતો જ નથી.'

'પણ મા, મલેક ક્યાં મોટો ગઈ ગયો છે ? હજી તો એને પૂરાં દસ વરસ પણ થયાં નથી. પરણવા માટે એ ઘણો નાનો કહેવાય.' નજુમિયાંએ જવાબ આપ્યો.

'પરણવા માટે ઘણો નાનો કહેવાય ? જાજા હવે.' આયશાએ કહ્યું. 'તારા બાપ મને પરણ્યા ત્યારે કેવડા હતા ? તારા મનમાં તેં શું એમ નક્કી કર્યું છે કે મલેક એંશી વરસનો ડોસો થાય ત્યારે તેને પરણાવવો !'

'તમારે એટલો બધો લાંબો વખત રાહ જોવાની જરૂર નથી અમ્મા.' નજુમિયાંએ હસતાં હસતાં જવાબ આપ્યો. 'પણ તમે જાણો છો કે લગન કાંઇ એમ ને એમ થઇ જતાં નથી. એમાં પૈસા જોઇએ અને આપણે કંઇ મલેકના લગન કંઈ ભિખારીની જેમ કરવા નથી. ઠાઠમાઠથી કરવા છે. હવે જો અસગર ત્યાંની બધી જમીન લઈ લેશે

તો પછી હું પૈસા ક્યાંથી મેળવી શકીશ? એટલે કહું છું મા કે મારી વાત માનો. જુઓ. આપણે વચલો રસ્તો કાઢીએ. હું પહેલાં જઈને જમીનનો કબજો લઇ લઉં ને પછી કામ કરી પૈસા એકઠા થાય એટલે આવતા ફાગણ મહિને મલેકનાં લગ્ન કરી નાખીએ બસ! લગ્નમાં પૈસાનું ખૂબ ખરચ થશે. એટલે એક વખત આ જમીન મળી જાય તો પછી એની ફિકર કરવાની ન રહે.'

ઠેઠ આવતા વરસે ફાગણ મહિનામાં?' એ તો ઘણું મોડું કહેવાય. હજી તો શરદ ઋતુ ચાલે છે. આવતાં વરસનો ફાગણ એટલે વરસ કરતાંય વધારે વખત થયો. હું તો કહું છું કે આ ફાગણમાં જ લગન પતાવી દઇએ, પણ એ તને બહુ વહેલું લાગતું હોય તો પછી આવતે વરસે શરદઋતુમાં જ આ વખતે પતાવી દઇએ.'

'જેવી તમારી મરજી, અમ્માજાન.' નજુમિયાંએ કહ્યું. 'એટલા માટે તો કહું છું કે તમે સારા કામમાં વિઘ્ન ન નાખો. હું જઈશ તો જમીન મળશે ને પરિણામે પૈસા પણ જલદી મળશે, આ કંઠળ જમીન જો હાથમાં આવી તો મલેકનું ભાગ્ય ફરી જવાનું. ને ભાવિ કેવું ઊજળું થવાનું? થોડાં વરસમાં તો આ જમીનમાંથી કાચું સોનું ઉતારી લો મા, એવી ઉપજાવ એ જમીન છે.'

આયશા છેવટે અચકાતાં અચકાતાં સહમત થઈ. 'ગયા સિવાય ચાલે એમન હોય તો ભલે જા, પણ પહેલાં મને વચન આપ કે ત્યાંથી પાછા ફર્યા પછી તુરત તું ધુલડી જઇને પેલા ફકીરને મનાવી લઈશ. એને આપણે ઘેર જ બોલાવીએ ને એને મુખેથી કુરાને શરીફ પઢાવીએ તો વળી વધારે સારું.'

'તમે બહુ સરસ વાત કરી અમ્માજાન' નજુમિયાંએ કહ્યું. છેવટ એની માને સમજાવી શકયો એ બદલ એના આનંદનો પાર નહોતો. હવે ફરીને એની મા પોતાનો વિચાર બદલે એ પહેલાં તે તુરત ઊપડી જવા માગતો હતો.

તે દિવસે આયશાએ એને માટે સરસ ભોજન બનાવ્યું. મરઘાનો શેરવો, હીલસાની કઢી, રાંધેલાં ઇંડાં અને જાતજાતની સ્વાદિષ્ટ વાનીઓ બનાવી. આ ઉપરાંત દહીં–દૂધના વાટકાઓ પણ તૈયાર હતા. નજુમિયાંએ પેટ ભરીને ભોજન કર્યું. પોતાની માની રસોઈના ખૂબ વખાણ કર્યાં. નજુમિયાં આજુબાજુમાં ઘણે ઠેકાણે જમ્યો હતો, પણ તે કહેતો કે કોઈ પણ સ્ત્રીની રસોઇ પોતાની માની રસોઇ જેવી થતી નહોતી.

બીજે દિવસે વહેલી સવારે આકાશમાં ફિક્કો દેખાતો ચંદ્ર પ્રકાશતો હતો એ વખતે નજુમિયાં નાનકડી હોડી લઇને પદ્માનાં પાણી કાપતો સામે કિનારે જવા ઊપડયો.



[૫]

ફકીરનું આગમન

નજુમિયાં પદ્માને સામે કાંઠે જઇ આવ્યો એ વાતને પખવાડિયું થઇ ગયું. ખેતીવાડીનું રોજિંદુ જીવન હમેશ મુજબ ચાલતું હતું અને પાક ખળામાં આવી ગયો હતો. કાપણીનું કામકાજ કરવા રોકેલા મજૂરો પણ વિદાય થયા હતા. શિયાળો બેસી ગયો હતો. વહેલી સવારમાં નદીની ઉપર આછા ધુમ્મસનો પડદો પથરાઈ રહેતો અને સૂર્યના પ્રકાશમાં ચમકતો હતો. જંગલી પક્ષીઓ નદીને સામે પાર એકબીજાને બોલાવી રહ્યાં હતાં.

આયશાએ નજુમિયાંને ફકીરને આમંત્રણ આપવા સંબંધી તેણે જે વચન આપેલું તે યાદ કરી આપ્યું ને કહ્યું કે હવે ફકીરને ઘેર બોલાવ. રમજાન અને ઇદ્રીસે પણ એમાં સૂર પુરાવ્યો. એટલે હવે તેને એ વાત કબૂલ કર્યા સિવાય છૂટકો ન હતો. આથી એક દિવસ બપોર પછી એ ધુલડી જઇ ફકીરના નિવાસસ્થાને ગયો. ત્યાં બધું એટલું બધું ફરી ગયું હતું કે એ જગા પહેલાં તો તે ભાગ્યે જ ઓળખી શક્યો. છેલ્લે છેલ્લે એ અહીં આવેલો ત્યારે વડના ઝાડની બખોલમાં બેઠક બનાવીને એ રહેતો હતો. પણ આજે આવીને જોયું તો ઝાડને ફરતી એક નાની ઝૂંપડી ઊભી કરવામાં આવી હતી. તાજાં કાપેલા વાંસની ખપાટો સ્વચ્છ, લીલીછમ અને ચમકતી દેખાતી હતી. ઝૂંપડીની આસપાસ ઊભી કરવામાં આવેલી વાડ ઉપર લીલી ધજાઓ ફરકતી હતી.

ઝૂંપડીના બારણામાં પગ મૂકતાં જ નજુમિયાંએ દસબાર જુવાન માણસોને સાદડી ઉપર બેઠેલા જોયા. દરેકની આગળ લાકડાની ઘોડી ઉપર કુરાનેશરીફની એક એક નકલ પડેલી હતી. તેઓ આખું શરીર હલાવતાં હલાવતાં કુરાને શરીફમાંથી આયાતો પઢી રહ્યા હતા. એક ખૂણામાં પિત્તળની ધૂપદાનીમાં લોબાનનો ધુમાડો સળગાવ્યો હતો. એમાંથી ઊઠતો ધુમાડો આખી ઝૂંપડીમાં પથરાઇ ગયો હતો. આ ધુમાડો, ધૂપની જલદ વાસ અને કુરાને શરીફની આયાતોનો કંટાળા-ભરેલો એકધારો અવાજ—આ બધાએ મળીને વાતાવરણને ભેદી, ભારે અને ગૂંગળાવનારું બનાવી દીધું હતું.

'ફકીર સાહેબ અંદર છે કે ?' નજુમિયાંએ પૂછ્યું.

કોઇએ જવાબ આપ્યો નહિ એટલે તેને ફરીને એ સવાલ મોટે અવાજે પૂછ્યો. ફરી બૂમ પાડતાં જ ખૂણા પાસેની ઓરડીનું બારણું ઊઘડ્યું ને અંદરના ઓરડામાંથી એક જુવાન બહાર આવ્યો.

'કેમ ? તમારે કોનું કામ છે.' તેણે પૂછ્યું.

'મારે ફકીર સાહેબને મળવું છે. તમે મહેરબાની કરીને એમને જણાવશો કે રહીમપુરથી નજુમિયાં આવેલ છે તે તમને મળવા માગે છે.'

'ઊભા રહો. તમારે રાહ જોવી પડશે. ફકીર સાહેબ અત્યારે એના ધ્યાનમાં છે. અને એમાંથી જ્યાં સુધી એ ન જાગે ત્યાં સુધી કોઇ એની સાથે બોલવાની હિંમત કરે નહિ, સમજ્યા ને ?' જુવાન માણસે જવાબ આપ્યો.

નજુમિયાંને રાહ જોવામાં વાંધો ન હતો. તે એક ખૂણામાં જઇને બેઠો ને એકઠા થયેલા જુવાન માણસો કુરાનેશરીફની આયાત પઢી રહ્યા હતા એ જોવા લાગ્યો. થોડા વખતમાં એમાંથી એક જાતનું તાનવાળું સૂરીલું સંગીત ઊઠી રહ્યું છે એમ તેને લાગ્યું. ધીમે ધીમે

એના શબ્દો સ્પષ્ટ થતા ગયા ત્યારે જોયું કે એ લોકો એક જ આયાતનું ફરીફરીને રટણ કરતા હતા.

'તમે આ શું વાંચી રહ્યા છો?' તેણે પૂછ્યું. જેને ઉદ્દેશીને આ સવાલ પૂછવામાં આવ્યો હતો એ જુવાન આશ્ચર્યચકિત થઇને બોલ્યો: 'તમે કુરાનેશરીફ જાણતા નથી?'

'ભાઇ, હું અભણ માણસ છું.' નજુમિયાંએ જવાબ આપ્યો. 'આ પાક કિતાબ સાંભળવાનું મારા નસીબમાં કયાંથી હોય! તમારા જેવા કહે તો કંઈક ખબર પડે કે એમાંથી અત્યારે તમે આ શું વાંચો છો!'

'કેમ વળી! અમે જે વાંચીએ છીએ એ તો તમે સાંભળો છો, પછી એમાં કહેવાનું કયાં રહ્યું? પેલા જુવાને જવાબ આપ્યો.

'હા, તમે જે વાંચો છો તે હું સાંભળી શકું છું, પણ એમાંથી એક શબ્દ પણ સમજતો નથી. મહેરબાની કરીને તમે જે બોલો પઢી રહ્યા છો એનો અર્થ મને સમજાવશો?' નજુમિયાંએ કહ્યું.

જુવાને ફરીથી આશ્ચર્ય બતાવ્યું: 'આયાતોનો અર્થ? અર્થ તો અમે પણ જાણતા નથી અને જાણવાની જરૂર પણ નથી. એ અલ્લા-તાલાનાં વચનો છે એટલું અમારા માટે બસ છે અને એટલે જ અમે આયાતો મોઢે કરી રહ્યા છીએ.'

નજુમિયાં જવાબ આપવા જતો હતો એવામાં અંદરનું બારણું ફરી ઊઘડયું.

જે જુવાને નજુમિયાંને રાહ જોવા કહ્યું હતું એ બહાર આવ્યો.

'તમે નસીબદાર છો.' તેણે કહ્યું. 'ફકીરસાહેબ હમણાં જ એની સમાધિમાંથી જાગ્યા છે અને તમને મળવા માટે કબૂલ થયા છે. તમે ઘણા નસીબદાર છો કે ઝટ પતી ગયું, નહિ તો ઘણીવાર તો સમાધિ કલાકો સુધી ચાલે છે.'

નજુમિયાં ચુપચાપ તે માણસની પાછળ પાછળ ગયો. ઝાડનાં પોલાણના અંદરના ભાગમાં એક બેઠક બનાવવામાં આવી હતી. અહીં ફકીરે તેને મુલાકાત આપી. ફકીર એક તકિયાને અઢેલીને બેઠો હતો અને બીજા નાના-મોટા તકિયાઓ આસપાસ ગોઠવવામાં આવ્યા હતા. નજુમિયાંને તેણે એક તકિયો આપ્યો ને પછી ઘુસ્ડી આવવાનું કેમ થયું એની પૂછપરછ કરી.

'હું આપને મળવા માટે જ આવ્યો છું. ફકીર સાહેબ!' નજુમિયાંએ જવાબ આપ્યો.

'મને મળવા માટે?' ફકીરે આશ્ચર્ય દર્શાવ્યું. 'મેં તો માનેલું કે તમારે ધુતારા-ઠગારા લોકોની જરૂર નહિ હોય!'

'મહેરબાની કરીને મને માફ કરો, ફકીર સાહેબ!' નજુમિયાંએ આજીજીપૂર્વક કહ્યું. 'હું એક અબુધ ગામડિયો છું ને ઘણીવાર જાત ઉપરનો કાબૂ ગુમાવી ન કરવાનું કરી બેસું છું. તે દિવસે ભાન ગુમાવીને મેં તમને ન કહેવાનાં વેણ કહ્યાં, પણ આપ રહમદિલ છો. આપ એથી માઠું લગાડશો નહિ, એવાં ઉતાવળાં વેણ કાઢવા બદલ મને ખૂબ જ અફસોસ થયો છે.

'મારે વળી તારાં વેણથી ખોટું શું કામ લગાડવું જોઈએ— ભાઈ! સાચાખોટાની સમજ એકલા અલ્લાતાલાને છે. ઘણીવાર એવું બને છે કે આપણે પોતે જ પોતાની જાતને સાચી રીતે ઓળખતા નથી.'

'તે દિવસે મેં જે કંઈ કર્યું એ બદલ મારે તો શરમથી નીચાજોણું થયું છે, ફકીર સાહેબ!' નજુમિયાંએ કહ્યું. 'તમારા જેવા પાક અને નેકદિલ અને ઉમદા પુરુષની સચ્ચાઈમાં મેં શંકા બતાવી એ બદલ મેં પોતે જ મારા પર હજાર હજાર લ્યાનત વરસાવી છે, પણ તમે તો ખુદાના બંદા છો. અને ખુદા હમેશાં આપણને દયા બતાવવાનું કહે છે.'

'તમે હજુયે મારી વાત સમજ્યા લાગતા નથી, ભાઇ! માફી આપવી કે સજા કરવી એ બંને બાબતો ખુદાના હાથમાં છે. એમાં ઇન્સાન કશું કરી શકતો નથી. ખુદા એકલો જ માફી આપી શકે અથવા સજા કરી શકે. હવે મારા દિલમાં તમારા પ્રત્યે કોઇ જાતનો વેરભાવ નથી.'

'તો પછી આપ મહેરબાની કરીને આ ગરીબને ત્યાં પધારશો? અમારું ગામ બિચારું તદ્દન અજ્ઞાન છે. કોઈ બાબતની ગતાગમ નથી. આપ એ ગામમાં આવીને અમારે ત્યાં બે-એક દિવસ રહેશો? જો તમે મને પાક કુરાને-શરીફના રહસ્યભર્યા અર્થ સમજાવશો તો આપનો હમેશાં ઉપકાર ભૂલીશ નહિ.'

'મને ત્યાં આવવાનું જરૂર ગમે, નજુમિયાં!' ફકીરે કહ્યું. 'પણ હું શી રીતે ત્યાં આવી શકું? અહીંના લોકો પિંડ છોડે ત્યારે છુટ્ટી આવી શકું ને? વળી જો હું અહીંથી આઘો જાઉં તો મારા શિષ્યોને તાલીમમાં દોરવણી કોણ આપે?'

'પણ હજરત, આપને તો ફક્ત એકાદ-બે દિવસ જ દૂર રહેવાનું છે ને?' નજુમિયાંએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. 'એટલા વખત માટે આપ અમને નિરાશ નહિ જ કરો! આ બાજુના પંથકમાં સાંઈમૌલા કે ફકીર ભાગ્યે જ આવે છે અને અમે સૌ શહેરથી એટલા બધા દૂર જંગલમાં પડ્યા છીએ કે અહીં આવે પણ કોણ? આપ જેવાએ જ્યારે એ બાજુ આવવાની ગણતરી કરી જ છે તો એક વખત ભેગા ભેગા રહીમપુર પણ પગલાં કરતા જાવ.'

'તમારો જ્યારે આટલો બધો આગ્રહ જ છે ત્યારે હું ના નથી પાડતો, પણ આવવાનું આવતા મહિનામાં ક્યારેક રાખીશ.'

'જેવી તમારી મરજી!' નજુમિયાંએ કહ્યું. 'ફક્ત આ મહિને આવશો તો અમને વધારે ગમશે.'

છેવટે એવું નક્કી કરવામાં આવ્યું કે ફકીરે આવતી પૂર્ણિમાને

દિવસે રહીમપુર જવાનું રાખવું. એ પછી નજુમિયાં ઘેર પાછો આવ્યો. તેણે બધી વાત પોતાની માને કહી ને ફકીરના સ્વાગત માટે જરૂરી પૂર્વતૈયારી કરવા લાગ્યો.

શિયાળાની ઋતુમાં રાત્રીઓ લાંબી અને દિવસો વધારે ને વધારે ટૂંકા થતા જતા હતા. હજી તો જરા જેટલો વખત પસાર થાય ને ખબર પડે–ન પડે ત્યાં સાંજ પડી જાય ને કેટલુંયે કામ કરવાનું બાકી રહી જાય. શરદઋતુનો પાક ઘરમાં પડી ગયો હતો એ ખરું, પણ જમીનને ખેડવાની બાકી હતી. વસંત ઋતુમાં વાવણી માટે જમીન ખેડી કાઢવાની હતી. એને માટેનાં ઓજારો અને સાધનો સમારવાનાં હતાં અને પશુઓને સંભાળવાનું કામ બાકી રહ્યું હતું.

દિવસ છને લોકો ખેતરમાંથી કામ કરીને ઘેર પાછા ફરતા. સાંજે વાળુ કરી રહ્યા પછી તેઓ સગડી પાસે બેઠા બેઠા હુક્કો ગડગડાવતા. આ વખતે બેઠા બેઠા અલકમલકની કંઇક વાતો કરતા અને એક-બીજાના કામમાં એકબીજાની સૂચના લેતા–દેતા. રાતનો વખત કંઇ નકામો નહોતો જતો. રાત્રે શેરડીના વાઢ ચાલતા ને સંચામાં શેરડી પિલાતી. બળદો ઘાણીની જેમ ગોળ ગોળ ફરતા અને શેરડીનો રસ પિલાઇને માટીના વાસણમાં એકઠો થતો. એ પછી એ મોટા મોટા ભોંયચૂલામાં આગ પેટાવવામાં આવતી ને મોટી મોટી કડાઇઓમાં રસ ઉકળવા માટે મૂકાતો. લાલચોળ અગ્નિની ઝાંયમાં પુરુષો કાળા પડછાયાની જેમ હાલતા દેખાતા. કેટલીક જગાએ જલસા થતા અને વાર્તાઓની રમઝટ બોલતી. છોકરાઓને વાર્તાઓ ખૂબ ગમતી અને એકધ્યાન થઈને તે બહુ રસપૂર્વક સાંભળતા.

ફકીર આવે ત્યારે કોને કોને પોતાને ઘેર નોતરું દેવું એ બાબત નજુમિયાં એની મા સાથે સલાહ–મસલત કરવા લાગ્યો. આયશાએ જવાબ આપ્યો કે આ પ્રસંગે તો તારે આખા ગામને નોતરું દેવું

જોઈએ. અને દુશ્મનાવટ હોય તો એ પણ આવે વખતે ભૂલી જવી જોઈએ.'

'પણ અસગરમિયાંને હું કેવી રીતે નોતરું આપું?' નજુમિયાંએ ફરિયાદ કરી.

'આવવું-ન આવવું એ એની મરજીની વાત છે. પણ તારે તો તેને નોતરું આપવું જ જોઈએ.' આયશાએ આગ્રહ કર્યો. નજુમિયાંને પણ છેવટે એની વાત સાચી છે એમ લાગ્યું અને તેમ કરવા એ કબૂલ થયો.

નજુમિયાંએ પોતાના માણસોને આમંત્રણ દેવા મોકલ્યા. જ્યાં પોતાને જ જરૂર લાગી એવી જગાઓએ પોતે ગયો. પૂર્ણિમા પહેલાં થોડા દિવસો સુધી ઘરમાં ખૂબ ધમાલ ચાલી. નોકર-ચાકર, સાથીદારો ને ઘરના માણસો સૌ ફકીરના આગમન અંગેની પૂર્વ-તૈયારીના કામમાં પડયાં હતાં. આ પ્રસંગ કંઇ જેવો તેવો ન હતો. આ પ્રસંગે લગભગ આખા ગામના માણસો એને ઘેર આવવાના હતા. એટલા માટે ડાંગર ખાંડી-કરીને ચોખા તૈયાર રાખવાના હતા, આથી ઘરની સ્ત્રીઓ વહેલી સવારે ઊઠીને આ કામ શરૂ કરી દેતી. તે દિવસે દહીં-દૂધ પણ મોટા જથ્થામાં જોઇએ તેમ હોવાથી અત્યારથી એની વ્યવસ્થા વિચારી લેવાની હતી. એકઠા થનારા બધા માણસોને જમાડવા માટે રસોઇની પણ પહેલેથી જ વ્યવસ્થા કરવાની હતી. ખેતર ઉપર કામ કરનારા મજૂરોમાંથી કેટલાક તો માછલાં પકડવાના કામમાં જ લાગી ગયા હતા. આ ઉપરાંત મચ્છીમારોને પણ વધારાનાં માછલાં પૂરાં પાડવા બદલ અમુક રકમ ઠરાવવામાં આવી હતી. ઉત્સવને દિવસે ફકીરના માનમાં એક પાડો હલાલ કરવા માટે અત્યારથી જ જુદો રાખી મૂકયો હતો અને એ ઉપરાંત નાનાંમોટાં મરઘાં-બતકાં પણ એકઠાં કરી રાખ્યાં હતાં. જુદી જુદી જાતની અને જુદા જુદા આકારની પુરીઓ અને પકોડાંઓ બનાવીને તૈયાર રાખ્યાં હતાં. આમાંથી

કેટલીક પુરીઓ નાળિયેરના દૂધમાં ભેળવીને અને બીજી ગોળ નાખીને બનાવવામાં આવી હતી.

આમ કરતાં કરતાં છેવટે નક્કી કરેલો દિવસ આવી પહોંચ્યો. આયશા આજે સવારમાં હમેશ કરતાંયે જરા વહેલી ઊઠી હતી અને આજે આવનાર ખાસ મહેમાનો માટે રસોઇ બનાવતી હતી. અને દેખરેખ પણ રાખતી હતી. આ ખાસ મહેમાનો માટેની રસોઇ સ્ત્રીઓ જાતે બનાવતી હતી, જ્યારે ગામના બીજા બધાને માટેનું ભોજન પુરુષો તૈયાર કરી રહ્યા હતા. એક ખૂણામાં થોડા પુરુષો મરઘાં–બતકાં સાફ કરી રહ્યા હતા અને બીજા થોડા તાજા જ હલાલ કરેલા પાડાનું ચામડું ઉતારી અંદરનું માંસ જુદું પાડતા હતા. થોડા વખતમાં જ જુદા જુદા રસોઇયાને જુદી જુદી વાનીઓ બનાવવા માટે માંસ વહેંચી આપવામાં આવ્યું. આ ઉપરાંત જાતજાતની માછલીઓ પણ લાવવામાં આવી હતી. ફકીર અને તેની સાથે જમવા બેસનારા ખાસ મહેમાનો માટે રોહુ નામની ઊંચી જાતની માછલી અને સામાન્ય લોકો માટે બોઅલ નામની માછલીઓ મંગાવવામાં આવી હતી.

એક માણસ બેઠો બેઠો કેળનાં પાનનો ઢગલો કરી રહ્યો હતો. કારણ આખા ગામને જમાડી શકાય એટલી થાળીઓ ત્યાં હતી નહિ એટલે થાળીને બદલે કેળનાં પાંદડાંનો ઉપયોગ કરવાનો હતો.

આવડા મોટા પાયા ઉપરની જંગી તૈયારીઓ અને ધમાલ જોઇને મલેક તો આભો જ બની ગયો હતો. એણે પૂછ્યું: 'મા, આ બધું શું છે?'

'એ તો તારાં લગ્નની મિજબાની છે.' આયશાએ ગંભીર મોં રાખીને મશ્કરી કરતાં કહ્યું. આ વાત સાંભળતાં જ આસપાસ કામ કરનારી સ્ત્રીઓ એકી સાથે ખડખડાટ હસી પડી એટલે મલેક શરમાઇને નીચું ઘાલી એકદમ નાસી ગયો.

લગભગ બપોર થયા ત્યારે ફકીર આવ્યો. એ એક મોટી છાયા-

વાળી ને શણગારેલી નૌકામાં આવ્યા. કાઠી ઉપર લીલી ધજા ફરકતી હતી. એ એમ બતાવતી હતી કે કોઈ ફકીર મૌલાના આ બોટમાં મુસાફરી કરી રહ્યો છે. આજે તેણે પોતાનો કેસરી ઝભ્ભો પહેર્યો ન હતો. પણ એકદમ ઊજળો દૂધ જેવો પાયજામો અને ઉપર પાની સુધી ઢળકતો એવો જ સફેદ ઝભ્ભો પહેર્યો હતો. ઝભ્ભા ઉપર કાળા રંગનું ચળકતું જાકીટ પહેર્યું હતું અને એના ઉપર લાલ રેશમનું ભરતકામ ઓર ખીલી ઊઠયું હતું. માથા ઉપર લીલા રંગનો સાફો બાંધ્યો હતો અને સાફા નીચેથી એના તેલ નાખીને તાજા ઓળેલા સુંવાળા ચકચકિત વાળનાં વાંકડિયાં જુલ્ફાં દેખાતાં હતાં. આમ એના વિવિધરંગી પોષાક અને સજાવટને કારણે એનો દેખાવ ભભકભર્યો લાગતો હતો.

નદીના કિનારા ઉપર નજુમિયાં અને ગામના બીજા માણસો ફકીરના આગમનની રાહ જોતા ઊભા હતા. જેવી નૌકા નજીકમાં આવી કે તુરતજ લોકોનાં ટોળાએ જયનાદ અને સ્વાગતના શબ્દોથી આખો કાંઠો ગજાવી મૂકયો. ચારે બાજુ ચહલપહલ મચી ગઇ.

ફકીર સૌથી પહેલો નૌકામાંથી બહાર નીકળ્યો અને તેણે કાંઠા ઉપર પગ મૂકયો ત્યારે નજુમિયાંએ તેને સલામ કર્યા અને રહીમપુરના લોકો વતી તેનું કવાગત કર્યું.

આગળ ફકીર, બાજુમાં સહેજ પાછળ નજુમિયાં અને આસપાસ ગામ લોકોનું ટોળું. સૌ ઘર તરફ જતા હતા ત્યારે અસગર એકાએક ગામના એક રસ્તામાંથી મોટાં મોટાં ડગલાં ભરતો આગળ આવ્યો અને કોઇ પણ જાતના ઉમળકા વગર નજુમિયાં સાથે સલામાલેકમ કરી ફકીર તરફ વળ્યો, તે બોલ્યો:

'માફ કરો સાંઇ મૌલા!' તેણે કહ્યું: 'હું આપના વ્યાખ્યાનનો લાભ લેવા રોકાઇ શકું એમ નથી. મારે માથે અચાનક એવું કામ આવી પડયું છે કે ગયા સિવાય છૂટકો નથી, એટલે રોકાઇ તો નહિ શકું, પણ જતાં પહેલાં આપને મારા સલામ તો કરી લઉં.'

આમ કહી તેણે ફકીરને સલામ કર્યા ને પછી નજુમિયાં તરફ ફરી તેને પણ પહેલાંની પેઠે જ ઉમળકા વગર ઠંડે દિલે સલામ કર્યા ને અક્કડ પગલે ચાલતો થયો.

નજુમિયાં એની સામે ડોળા ફાડીને જોઈ રહ્યો. એ એક શબ્દ પણ બોલ્યો નહિ. ફકીર કંઈક બોલવા જતો હતો પણ નજુમિયાં સામું જોઇ તે મૂંગો રહ્યો.

એના સ્વગત માટે જોડેનું મકાન ખાસ અલાયદું રાખ્યું હતું અને તેમાં બધી જ જાતની સગવડ રાખવામાં આવી હતી. આખા ઓરડામાં સાદડીઓ પાથરી દીધી હતી અને એક બાજુ દીવાલને અઢેલીને ગાદી તકીયો ગોઠવ્યાં હતાં. ગાદી ઉપર ઊજળો દૂધ જેવો ઓછાડ પાથર્યો હતો. ફકીરની બેઠકની બંને બાજુ બે મોટી ફૂલદાનીઓ, એક ગુલાબજળ છાંટવાની રૂપેરી ગુલાબદાની અને અત્તરદાની રાખવામાં આવી હતી. આ ઉપરાંત ધૂપદાનીઓમાંથી લોબાનના ધૂપની સુગંધ ઓરડામાં ફેલાઈ હતી.

ફકીરને આ ઓરડામાં લઈ જઈ ગાદી–તકિયાવાળી બેઠક ઉપર બેસારવામાં આવ્યો. એની આસપાસ એના શિષ્યો અને ગામના આગળ પડતા માણસો બેઠા અને સાદડી ઉપર ગામના ઇતરજનો બેઠા. મકાનની આગળ ઓસરીમાં એક જાજમ પાથરવામાં આવી હતી. એના ઉપર ઊભડ મજૂરો અને કેટલાક માણસો બેઠા. અરસપરસ સલામઆલેકુમ કરી લીધા પછી ફકીરે કુરાનેશરીફની આયાતો પઢવાનું શરૂ કર્યું.

ઊંચા અને ઘાટા સ્વરે તે મોટેથી આયાતો પઢવા લાગ્યો અને જેવી એક બેત પૂરી થતી કે તુરત જ એકઠા થયેલા બધા માણસો ઝીણા ને ઊંચા સ્વરે એ બેત ઉપાડી લેતા. એકઠા થયેલામાંથી કોઈ એક શબ્દ પણ સમજતું નહિ. પણ એથી શું? કુરાનેશરીફના આ

પાક અને પવિત્ર શબ્દોમાં જાદુ નહોતું ભર્યું શું ? આ શબ્દોમાં રહેલી દિવ્ય શક્તિ વિષે સૌને વિશ્વાસ નહોતો શું ?

આયાતો પઢી રહ્યા પછી ફકીરે એનો ઉપદેશ શરૂ કર્યો. હવે એ ગામડાના લોકોની ભાષામાં બોલતો હતો, પણ એમાંયે મોટા મોટા ફારસી અને અરબી શબ્દોનો પાર નહોતો. વચ્ચે વચ્ચે અવારનવાર એ એકાદ શેર બોલી ઊઠતો, પણ એનો એક અક્ષર પણ એકઠા થયેલા લોકોમાંથી કોઈ સમજતું નહોતું.

તેણે અલ્લા વિષે અને એની શક્તિઓ વિષે વાતો કરી. દુનિયા કેમ પેદા થઈ, એની શરૂઆતના દિવસો કેવા મહિમાવંતા હતા, એ બધી વાત પણ તેણે ચમત્કારિક શૈલીમાં કરી. એ પછી શેતાનના પતનની વાત આવી. આ ધરતીની માટીમાંથી અલ્લાએ ઈન્સાન બનાવ્યો અને એની અંદર પોતાનું નૂર રેડયું. પછી તેણે શેતાનને ઈન્સાનના આત્માને સલામ કરવા ફરમાવ્યું. પણ શેતાને તેમ કરવા ના પાડી ને કહ્યું કે હું તો અગ્નિપુત્ર છું, આગ્નમાંથી જન્મ્યો છું; અને આદમ તો માટીમાંથી જન્મેલો છે. હું શી રીતે તેને સલામ કરું ! પણ અલ્લાના હુકમનો અનાદર કરવા માટે શેતાનને સ્વર્ગમાંથી બહાર હાંકી કાઢયો અને બીજા ફિરસ્તાઓને સખત તાકીદ આપી ચેતવવામાં આવ્યા.

ફકીરનું વ્યાખ્યાન ધીમે ધીમે આગળ ચાલ્યું. તેણે મનુષ્યજાતિનાં માતપિતા એવાં આદમ અને હવાની વાત કરી. શેતાનની લાલચમાં લપટાઇ જવાથી તેઓ અલ્લાની કૃપામાંથી બાતલ થઇ ગયાં અને ખોફનો ભોગ થઇ પડયાં. પછી અભરામ અને ઇસ્માઇલની વાત આવી. ખુદાતાલાએ તેમને એના હુકમ મુજબ કુરબાની કરવા કેમ તૈયાર કર્યાં એ વાત વિસ્તારથી કહી. આ વાત સેંકડો વર્ષોથી આગળ વધતી રહી અને નુહ અને મુસાના જીવનમાં તેમજ ઇસાના જીવનમાં એ વાતનું પુનરાવર્તન થતું ગયું. ઈસા જોકે ક્રોસ ઉપર ચડીને મર્યો

નહિ પણ એને ખુદાતાલાએ ઊંચે ઉઠાવી લીધો અને કયામતના દિવસની રાહ જોઇ દિવસો વિતાવી રહ્યો છે.

દરેક જમાનામાં અલ્લાતાલા પરવરદિગારનો ઉપદેશ નવું નવું રૂપ લઇને ચાલ્યો આવ્યો છે. એના સાશ્વત સંદેશને માણસોએ અને પરિસ્થિતિએ વિકૃત રૂપ આપ્યું છે પણ એ શાશ્વત સંદેશનો, ખુદાના એ પયગામનો નાશ કોઈ કરી શક્યું નથી.

આખરે અરબસ્તાનમાં હઝરત મહંમદ પેગંબર પેદા થયા. એના ઉપદેશમાં સત્ય સોળે કળામાં પ્રકાશી ઊઠયું. આ વખતે એ એવા સ્વરૂપે પ્રકટ થયું કે હવે એને કોઇ વિકૃત સ્વરૂપ આપી શકે એવું ન રહ્યું. હઝરત મહમદ પેગંબરને ૧૩૦૦ વરસ થઇ ગયાં છતાં એના ઉપદેશોની પાક કિતાબ કુરાને–શરીફના એક હરફમાં પણ ફેર પડયો નથી એ હકીકત નથી શું ?'

છેવટે ફકીર હઝરત મહંમદ પેગંબરના મહિમાગાન ગાતો ગાતો ઊભો થયો. એકઠો થયેલો માનવ–સમુદાય પણ એની સાથે ઊભો થયો અને સમુહગાનમાં જોડાયો. આમ બુઢ્ઢા, જુવાન, છોકરા, બાળકો સૌ ગીત ગાવા લાગ્યાં, ને વાતાવરણમાં ઝીણા, ઘાટા, ફરડાયેલા એવા, બધા સ્વરોનો મિશ્રિત રાગ ઊઠયો. અલ્લાતાલાએ આખરી સત્ય એમની આગળ પણ પ્રકટ કર્યું એવા વિશ્વાસથી દરેકના મોં ઉપર આનંદ છવાઇ ગયો.

મહિમાગાન પૂરું થયું એટલે સૌ પાછા બેસી ગયા અને ફકીરે કયામતના દિવસે ખુદાએ જે છેલ્લો ચુકાદો આપ્યો એ·સંબંધી બેતો ગાવી શરૂ કરી. 'એ દિવસે સાત સાત સૂરજ રોશની પાથરી દેશે અને આખું આસમાન લાલચોળ ત્રાંબાની થાળી જેવું બની જશે. આખી દુનિયા બળીને ખાખ થઈ જશે ને વનસ્પતિનું નામનિશાન પણ નહિ રહે. એ વખતે અલ્લાતાલા એના ન્યાયાસન પર બેસશે ને દુનિયા પેદા થઈ ત્યાંથી માંડીને અત્યાર સુધીના અગણિત પેઢી-

એના જીવો એમની આગળ ઝૂકીને ઊભા રહેશે ને રહેમ બતાવવા આજીજી કરશે.' પછી પાપીને અલ્લા કેવી સજા કરશે એ વિષેની એતો આવી.

ને તેણે આગળ ચલાવ્યું.:

જે લોકો પવિત્ર હશે અને સચ્ચાઇના રાહ પર ચાલનારા હશે, જેઓ ખુદાના નામ પર ખેરિયત કરતા હશે એ જ એના ખોફમાંથી બચશે. એક ધનવાન માણસે આખી જિંદગીમાં ફક્ત એક તાંબિયો જ એક ફકીરને ખેરિયતમાં આપેલો, છેવટે કયામતને દિવસે એને ખબર પડી કે એણે પોતાની પાસે રાખેલું ધન વીંછીમાં ફેરવાઈ ગયું. એક એક સિક્કો એક એક વીંછી બની એને ડંખ દેવા લાગ્યો. પણ જે સિક્કાનું એણે દાન કર્યું હતું એ બધા ઉપરથી ઊંચે ઊડી છત્તરની પેઠે રહી સૂરજનાં બાળી નાખનારા તાપથી એનું રક્ષણ કરી રહ્યો. એ દિવસે ફિરસ્તાઓ અને પેગમ્બરો પોતાના અનુયાયીઓના હક્કમાં રહમ માટે દલીલો કરશે. અરબસ્તાનના પેગમ્બર સાહેબ હઝરત મહંમદનો જય હો. કારણ એ પોતાના મુરીદો માટે રક્ષણ મેળવશે.' ફરીને એ ઊભો થયો અને ફરી અલ્લાના પ્યારા એવા હઝરત મહંમદ પેગમ્બર સાહેબની તારીફના ગુણગાન કરવા લાગ્યા.

એ પછી આખા ઓરડામાં, ઘરમાં, ફળીમાં શાંતિ ફેલાઇ ગઈ ને ફકીરે જે લોકો ત્યાં હાજર હતા એ સૌ ઉપર અલ્લાની દુવા વરસાવી. તેણે કહ્યું: અલ્લાતાલાની મહેરબાની તમારા ઉપર ઊતરો! તમારી જિંદગાની સુખમાં, સંતોષમાં અને શાંતિમાં પસાર થાય અને હવે પછીની જિંદગાનીમાં પણ સુખજ મળે એવી દુવા આપું છું.

આમ કુરાનેશરીફની આયાત પઢવાનું પૂરું થઈ ગયું, પણ થોડા વખતમાં ફકીરે જે વાતાવરણ ઊભું કરી દીધું એ વાતાવરણમાં સૌ સ્તબ્ધ બનીને થોડી વાર મૂંગા મૂંગા બેસી રહ્યા. બધે શાંતિ પથરાઈ ગઇ.

એ પછી થોડી વારે એક વૃદ્ધ આદમી ઊભો થયો ને ફકીર પાસે જઇને બોલ્યો: 'આ પાપી ઉપર આપની દુવા વરસાવો ને અલ્લા મારાં પાપ માફ કરે એ માટે એની પ્રાર્થના કરો.'

ફકીરે પોતાનો હાથ એ વૃદ્ધ માણસના માથા ઉપર મૂક્યો ને બોલ્યો: 'અલ્લા દયાળુ છે. રહેમાને-રહીમ છે. ભાઇ, તને કઇ વાત સતાવી રહી છે?'

પેલા બુઢ્ઢા માણસે જવાબ આપ્યો કે: 'મારી આંખે હવે ઝાંખપ આવી છે ને ઓછું દેખાય છે.'

ફકીર હસ્યો ને બોલ્યો: 'અલ્લાતાલાએ તને આવડી મોટી જિન્દગી આપી અને બુઢાપા સુધી જીવતો રાખ્યો તો હવે આંખોનું નૂર જુવાનીમાં હતું એવું રહ્યું નથી એ બદલ અફસોસ શા માટે કરે છે? બુઢાપામાં જુવાનીનું નૂર ઓછું રહે છે. ખુદાતાલાએ જે આપ્યું છે એ જ ગનીમત છે!'

એક બીજા માણસે ફરિયાદ કરી કે 'મારી દીકરીને ભૂત-પલીતનો વળગાડ છે. ભૂત જ્યારે આવીને એના બદનમાં પ્રવેશ કરે છે કે સામું જોવાય નહિ. મોટી મોટી બૂમો પાડે છે, રડે છે ને જમીન ઉપર પછડાટી ખાય છે, લાતો લગાવે છે, ગમે એટલા જણ એને દાબી રાખે તો દાબી દબાતી નથી. છેવટ એનું રોવાનું બંધ થાય છે ને મોંમાંથી ફીણના પરપોટા નીકળવા માંડે છે. આખું શરીર સુકાયેલા લાકડાની જેમ અક્કડ થઇ જાય છે અને દાંત બંધાઇ જાય છે અને એ મોતની બેહોશીમાં પકડાઇ જાય છે. ઘણી વખત આ બેહોશી દિવસો સુધી ચાલે છે.'

'આ સિવાય બીજાં કોઇ ચિહ્નો છે?' ફકીરે પૂછ્યું.

'ના સાંઇબાવા, બીજી રીતે તો એના નખમાંય રોગ નથી, આખો વખત આનંદમાં જ રહે છે, ફક્ત આ વળગાડ શરૂ થાય કે

બસ ખલાસ! આ કારણે તો એ દિવસે દિવસે દૂબળી ને ફિક્કી પડતી જાય છે.'

'પહેલાં મારે એને નજરે જોવી પડશે. એ સિવાય કંઇ ખબર ન પડે.' ફકીરે કહ્યું. 'આમ તો જીન વળગ્યું હોય એવું દેખાય છે, પણ પૂરું જોયા–જાણ્યા વિના ચોક્કસ ન કહેવાય.'

'ઘેર જઇને તારી છોકરીને અહીં જ તેડી લાવ, ઇબ્રાહિમ!' નજુમિયાંએ કહ્યું. 'એટલા વખત દરમ્યાન મારી મા અને બીજી ઓરતો ફકીર સાહેબને સલામ કરી લે.'

ફકીરને અંદરના ઓરડામાં–જનાનખાનામાં લઈ ગયા. ત્યાં આયશા બુરખો ઓઢીને આવી ને ફકીરને સલામ કર્યા.

'તમે મારાથી શું કામ શરમાવ છો ને પડદો રાખો છો, અમ્મા!' ફકીરે કહ્યું. 'મને તમારા દીકરા જેવો જ માનો!'

આયશા મલેકનો હાથ ખેંચીને ફકીર આગળ લાવી અને તેને નમસ્કાર કરાવ્યા. 'આને દુવા દો, સાંઇબુવા!' તેણે કહ્યું. 'આ મારો પોતરો છે ને બુઢાપાની એક માત્ર આશા છે.'

'એને મા નથી? ફકીરે પૂછ્યું.

આયશાના ચહેરા ઉપર દર્દની કાળી છાયા ફરી વળી. પણ તુરત જ તેણે જાતને સંભાળી લીધી ને સ્વસ્થ થઇને બોલી: 'ના.'

'ફકીરે મલેકનો હાથ ઝાલી પાસે ખેંચ્યો ને પોતાના ખોળામાં બેસાડ્યો. 'હઝરત પેગંબર સાહેબ પણ યતીમ હતા પણ અલ્લા એના રક્ષક ને પાલક હતા. અલ્લાતાલા તમારા આ માસુમ બચ્ચા ઉપર પણ દુવા વરસાવશે!'

આયશા ગદ્‌ગદિત થઇ ગઈ. તે બોલી: 'મરતાં પહેલાં એની શાદી થઇ જાય અને એ હું નજરે જોતી જાઉં એટલી એક ઇચ્છા મનમાં છે! 'પણ મારો દીકરો હમેશાં આ વાત કાન ઉપર જ ધરતો નથી.

જ્યારે જ્યારે એ વાત કાઢું કે કંઇ ને કંઇ બહાનું બતાવી એને આઘી ઠેલી દે છે.'

ફકીર હસ્યો ને બોલ્યો: 'વખત આવ્યે બધું બરાબર થઇ જશે, મા ! હજી તો એની ઉંમરેય ક્યાં થઈ ગઈ છે ? શાદી માટે એ ઘણો નાનો કહેવાય, ખરું કે નહિ !'

'અરે, એ તો હમણાં જ દસ વરસનો થઇ જશે.' ડોસીએ કહ્યું: 'અને દસ વરસે પરણતા મેં ઘણાને જોયા છે.

'જમાનો હવે બદલતો જાય છે, મા !' ફકીરે જવાબ આપ્યો. 'અને આદમી પુખ્ત ઉંમરનો થાય ત્યારે જ શાદી કરે એ વધારે સારું છે. ઇસ્લામના શરૂઆતના જમાનામાં નાની ઉંમરમાં લગ્ન કદી થતાં જ નહોતાં. એ વાત જ કોઇ જાણતું નહોતું.'

'પણ અમે તો આખી જિંદગી નવ–દસ વરસનાં છોકરાંઓને પરણતાં જોતાં આવ્યાં છીએ. બીજું કાંઈ નહિ પણ છેવટ માબાપો, બુઢ્ઢાં દાદા–દાદીઓને પણ થોડી ગમ્મત તો જોઈએ. આવા પ્રસંગ બને તો એમનાં જરા દિલ બહેલાય ! નાની મઝાની વહુને ખોળામાં બેસાડી રમાડીએ એના કરતાં રૂડું શું ? જીવતાં–જીવત એટલો લહાવો તો લઇ લઇએ !'

આમ વાતો ચાલતી હતી એટલામાં ઇબ્રાહિમ એની દીકરીને લઇને આવી પહોંચ્યો. એ પંદરેક વરસની પાતળી છોકરી હતી. એના શરીરનો રંગ ફિક્કો પડી ગયો હતો. એની પહોળી મોટી આંખો બહાર નીકળી પડી હતી. એની છાતી ભરાવદાર હતી અને એનાં વિકસેલાં સ્તનો એના દૂબળા શરીરને કારણે વધારે મોટાં લાગતાં હતાં ને જોનારનું ધ્યાન ખેંચતાં હતાં. એની આંખ સિવાય આખો ચહેરો સાવ મરી ગયેલો લાગતો હતો. કેમ જાણે કોઈ એની પાછળ પડેલું હોય એવો ભય એના આંખોમાં વ્યાપેલો હતો. એ તેના પિત ન

પાછળ પાછળ ધીમે પગલે આવી. ફકીરને યંત્રવત્ સલામ કરીને પછી એની આગળ જમીન ઉપર બેઠી.

'આ મારી દીકરી!' ઈબ્રાહીમે કહ્યું.

ફકીરે પોતાનો હાથ એના માથા ઉપર મૂકયો અને સહાનુભૂતિ બતાવતો હોય એમ ધીમેથી પ્રેમાળ સ્વરે બોલ્યો: 'ડર મા, બેટી! તને શું થાય છે? તને કોણ હેરાન કરી રહ્યું છે?'

ફકીરે છોકરીના મસ્તકે હાથ મૂકતાં જ એની જીભ ખુલ્લી ને કંટાળાભરેલી રીતે તેણે પોતાની વાત કહેવી શરૂ કરી:

'મારા શરીરમાં ભૂત-પ્રેત ભરાયું હોય એમ લાગે છે. એક દિવસ હું નદીએ પાણી ભરવા ગઈ'તી ત્યાંથી મને એનો વળગાડ વળગ્યો. સાંજનો વખત હતો ને હું નદીએથી પાણી ભરીને ઘર ભણી ચાલી આવતી હતી. રસ્તામાં વાંસનું ગાઢું જંગલ આવતું હતું. એમાં થઈને હું જ્યારે જતી હતી ત્યારે એ મારી સામો આવીને ઊભો રહ્યો. કાળું કાળું ડેબાણ જેવું શરીર ને અંગ પર એકેય કપડું નહિ. આંખો જોઈ હોય તો બળતા અંગારા જેવી લાલ-ચૂમ. મારી તો ફેં ફાટી ગઈ. પછી મારું શું થયું ને ઘેર કયારે આવી એની ખબર નથી. પણ મારી માએ મને કહ્યું કે એ પછી મેં રાડ પાડેલી ને હું બેભાન થઈને ઢળી પડેલી. બસ, ત્યારથી હું જ્યારે અંધારામાં એકલી હોઉં ને ત્યારે ઈ દેખાય છે-એવો જ નવસ્ત્રો, કાળો ને મોટો હુસ જેવો. મારાં તો બીકથી અંગે અંગ કાંપે છે.'

તેણે વાતની શરૂઆત ધીમા અને કંટાળાભર્યા અવાજે કરેલી. પણ જેમ જેમ એ વાત કરતી ગઇ તેમ તેમ એનો સાદ વધુ ને વધુ ઊંચો ને તીણો થવા લાગ્યો. આખા શરીરમાં ઉશ્કેરાટ વ્યાપી ગયો અને તે ધૂણવા લાગી. એનો અવાજ ફાટી ગયો. આંખો પહોળી થઇ ગઇ અને મોઢામાંથી ફીણના ગોટા નીકળવા લાગ્યા.

'જુઓ જુઓ, એ આવ્યો મને દુઃખ દેવા! બચાવો, કોઈ બચાવો! કોઈ બચાવો! મને એના સકંજામાંથી બચાવો રે!' તે રડતી રડતી તીણી ચીસ નાખતી બોલી ઊઠી ને ઘવાયેલા પક્ષીની જેમ તરફડવા લાગી. એ પછી થોડા વખતમાં જ એનું આખું શરીર લાકડા જેવું થઈ ગયું ને બેહોશ થઈ ને ધરતી ઉપર એ ઢળી પડી.

ફકીરે એની આંખોમાં જોયું. આંખના ડોળા અક્કડ અને ખોટા પડી ગયા હોય એવા દેખાતા હતા. અને એની કાળી કીકીઓ પણ ઠાકરની ખોટી આંખોની પેઠે સ્થિર અને જડ થઈ ગઈ હતી. ધબકારા અનિયમિત રીતે ચાલતા હતા ને નાડી સાવ ધીમી પડી ગઈ હતી.

ફકીરે કહ્યું: 'એક પ્યાલામાં થોડું પાણી અને સૂકાં મરચાં લાવો.'

મંગાવેલી વસ્તુઓ આવી ગઈ એટલે ફકીરે અગ્નિ સળગાવ્યો અને તેના ઉપર હળદરનો ભૂકો છાંટ્યો. આથી કરીને હવામાં એક જાતની તીવ્ર વાસ પ્રસરવા લાગી. ફકીરે બળેલી હળદર છોકરીના નાક નીચે ધરી રાખી. એની વાસ એટલી અસહ્ય નીવડી કે એમાંથી બચવા એની બેહોશીમાં પણ તેણે ત્યાંથી નાક ખસેડી લેવા માટે પ્રયત્ન કર્યો. પણ ફકીરે તેને મજબૂત રીતે ઝાલી રાખી અને જરાયે પણ આગળ પાછળ ખસવા દીધી નહિ. એક હાથે તેણે છોકરીનું બાવડું પકડ્યું ને બીજા હાથમાં ચાબુક લઈ તે છોકરીને નિર્દયપણે ફટકારવા લાગ્યો. છોકરી તુરત જ ભાનમાં આવી ગઈ અને મોટેથી બોલી ઊઠી: 'મને છોડો! મને છોડો!'

ફકીરે એકઠા થયેલા માણસોને ઉદ્દેશીને કહ્યું: 'જોયું ને! આ બધું બોલે છે એ કંઈ છોકરી બોલતી નથી પણ એને વળગેલો પેલો જીન બોલે છે. પણ હું તેને એમ છોડું એમ નથી. જ્યાં સુધી છોકરીને એ કાયમને માટે છોડીને ચાલ્યો જાય નહિ ત્યાં સુધી હું પણ એને છોડવાનો નથી.'

બળેલાં હળદર-મરચાંની ધુમાડી છોકરીને હેરાન-પરેશાન કરી રહી હતી ને બીજી બાજુ એ ચાબુક ઉપર ચાબુક ફટકાર્યે જતો હતો.

'મહેરબાની કરીને હવે મને છોડો. મને પીડો નહિ. મને હેરાન કરો નહિ.' છોકરીએ કહ્યું.

'બસ, હવે પેલો જીન મારા કાબૂમાં આવી ગયો.' એટલું કહી તેણે હળદર-મરચાંનું શકોરું બીજી સ્ત્રીના હાથમાં આપ્યું ને તેને છોકરીના નાક આગળ ધરી રાખવા સૂચના આપી. એક બીજો માણસ ફકીરની સૂચના મુજબ ફડાક ફડાક કરતાં ચાબુકોનો મારો એ છોકરીના દેહ ઉપર ચલાવવા લાગ્યો. પછી તેણે પાણીનું એક પાત્ર હાથમાં લીધું ને કંઇ જંતર-મંતર ભણતો હોય એ રીતે એના હોઠ ફફડાવવા લાગ્યો. એ પછી તેણે પ્યાલામાંનું મંત્રેલું પાણી છોકરી ઉપર છાંટયું ને બે-ચાર ટીપાં પરાણે એના મોઢામાં નાખ્યાં.

'કેમ, હવે તારે કાયમને માટે જાવું છે કે નહિ ?' તેણે પૂછયું.

'હા ભાઇસા'બ, મને છોડો તો હવે હું હંમેશને માટે ચાલ્યો જઇશ ને તમે જેમ કહેશો તેમ કરીશ.' છોકરીએ જુદા જ અવાજે જવાબ આપ્યો.

આમ છતાંયે ફકીરે તો ચાબુક ફટકારવાનું ચાલું રાખ્યું અને મોટેથી બોલવા લાગ્યો: 'હું તને એટલી સહેલાઇથી છોડીશ નહિ. તું સાચો હો અને આ છોકરીને છોડી દેવાનો હો તો આ પ્યાલો દાંત વતી ઉપાડ ને સાત ડગલાં એમ ને એમ ચાલી બતાવ.'

છોકરીને જેમ કહેવામાં આવ્યું એ મુજબ તેણે કરી બતાવ્યું. પણ એના હલનચલનમાં કેમ જાણે કોઈ પ્રકારનું ચેતન ન હોય તેવું દેખાયું. ફકીરના કહેવા મુજબ તેણે દાંત વતી પ્યાલો ઉપાડયો અને લથડિયાં ખાતી ખાતી માંડ માંડ સાત ડગલાં પૂરાં કર્યાં-ન કર્યાં ત્યાં તો તે એકદમ બેહોશ થઇને પડી ગઈ. પ્યાલાના ટુકડા થઈ ગયા.

અને તે પાણીના ખાબોચિયામાં બેભાન દશામાં પડી રહી. આખો દેખાવ કરુણાર્દ્ર થઈ ગયો.

'શુક્ર ખુદાકા !' ફકીરે કહ્યું અને ઈબ્રાહીમને ઉદ્દેશીને બોલતો હોય તેમ ઉમેર્યું: 'હવે જીન તારી છોકરીને કદી હેરાન નહિ કરે, એટલું જ નહિ પણ એની પાસે પણ ફરકશે નહિ.' હાજર રહેલા બધા આશ્ચર્ય અને તારીફથી ફકીર સામું જોઈ રહ્યા. ફકીર તરફનું એમનું માન અને પૂજ્યભાવ અનેકગણો વધી ગયો.

ફકીરે ઇબ્રાહીમને એક બાજુ બોલાવી એ એકલો જ સાંભળે એ રીતે કહ્યું કે: 'તારી છોકરીને જેમ બને તેમ જલ્દી પરણાવી દેજે, કારણ એને એના ખાવિંદના રક્ષણની જરૂર છે.' એ પછી એ આયશા તરફ મુખ ફેરવીને બોલ્યો ને તેને પણ આશ્વાસન આપીને કહ્યું કે: 'તારા છોકરાને કંઈ નહિ થાય. અલ્લાતાલા રહેમાને-રહીમ છે એની દયા અપાર છે. એ તને અને તારા છોકરાને દુવા આપશે. તારું ઘર અનાજ ઘી દૂધ વગેરે ચીજ-વસ્તુથી ભર્યુંભાદર્યું રહેશે. તારે ત્યાં સોનામહોરોના ઢગલા થશે અને આખું ઘર બાળકોનાં ખિલખિલાટથી સદાયે ગાજતું રહેશે.'

ગામના લોકોએ મોડી રાત સુધી મિજબાની ઉડાવી ને આખું ગામ નજુમિયાંની ઉદારતા અને દિલાવરીના વખાણ કરવા લાગ્યું. આવી મિજબાની તો તેઓ જિંદગીમાં પહેલી જ વાર માણી રહ્યા હતા.



[૬]

મોત ખેંચી ગયું

વૈશાખ મહિનો પૂરો થવા આવ્યો હતો. ઉનાળાનો તપેલો સૂર્ય આકાશને ત્રાંબાવરણું બનાવી રહ્યો હતો. સળગતા સૂર્યના આકરા તાપ અને આંજી નાખતા પ્રકાશને આવરી લેવા એક પણ વાદળું આકાશમાં નહોતું. ધરતી તપી તપીને સુકી થઈ ગઈ હતી. અને પાણી! પાણી! ઝંખતી હતી. ઘાસ સુકાઈને બળી ગયું હતું અને ઝાડ ઉપરનાં પાંદડાં ખડ ખડ અવાજ કરી રહ્યાં હતાં. પવનની એક આછી લહર પણ ચાલતી નહોતી. આખું વાતાવરણ ગરમીથી ધખધખી રહ્યું હતું.

પદ્માનાં જળ સળગતા તાપમાં શાંત પડયાં હતાં. શરદઋતુમાં તેણે ધારણ કરેલી શોભા ક્યાંય અદૃશ્ય થઇ ગઇ હતી. અને અત્યારે એનો પટ સુકાઇને સાંકડો બની ગયો હતો. રેતીના કાંઠા અહીં તહીં ઉપર આવેલા દેખાતા હતા. દૂર દૂર કિનારાઓ સૂર્યના–સળગતા પ્રકાશમાં ચમકારા મારી રહ્યા હતા. નદી ઉપરનો ધોધમાર પ્રકાશ આંખને આંજી દે એવો આકરો હતો. ઉપર લોખંડના ચમકતા પતરા જેવું આકાશ દેખાતું હતું અને નીચે નદીના શાંત અને તપેલા જળમાં એનું પ્રતિબિંબ પડતું હતું.

ઉનાળાની આ અસહ્ય ગરમી અને તાપ સમસ્ત વાતાવરણમાં ફેલાઇ ગયાં હતાં અને એના સંસર્ગમાં આવનાર તમામને અકળાવી નાખતા હતા.

હજી તો સવારના ફક્ત નવ જ વાગ્યા હતા છતાં આકાશમાંથી સૂર્યનાં સળગતાં ભાલાં વરસી રહ્યાં હતાં. એક પશુ કે પંખી પણ ફરકતું નહોતું. ઝાડનાં પાંદડાં પણ કેમ જાણે હલતાં ડરતાં હોય તેમ મુરઝાઇને પડયાં હતાં. સગળતા તાપ અને ગરમીના પડદાએ આકાશ અને પૃથ્વીને પોતાની લપેટમાં છાવરી દીધાં હતાં. આખું વાતાવરણ શાંત મૂક અને અકળાવનારું બની ગયું હતું.

નજુમિયાં પોતાના ઓરડામાંથી બહાર આવ્યો અને તાપમાં લડથડિયાં ખાતો બેચાર ડગલાં આગળ વધ્યો. આંખ ઉપર છાજલી કરી આકાશ સામે જોઇ એને ગાળો દેવા લાગ્યો. 'કમબખ્ત ગરમી પણ કેટલી બધી પડી રહી છે! બહાર નીકળ્યો ત્યાં સુધી ખબર નહોતી કે આટલી બધી ગરમી પડી રહી છે. સળગતી ભઠ્ઠી જ જાણે જોઈ લો.'

'મેં તો તમને પહેલેથી એમ કહ્યું હતું, પંચાયત.' રમઝાને કહ્યું, 'પણ તમે મારી વાત કદી માનો જ નહિ ને. મને પૂરાં બે વીસું વરસ થયાં, પણ જનમારામાં કોઈ દિવસ આવો તાપ જોયો નથી.'

'એ તો તને લાગે છે એટલું જ.' નજુમિયાંએ જવાબ આપ્યો. 'દર વરસે આપણે એમ જ માનીએ છીએ કે આજના જેવો ઉનાળો તો કદી આવ્યો નથી.'

'ના ના પંચાયત એવું કંઇ નથી.' હમણાં જ આવેલા બદ્રિસે વાતમાં ટાંકો પૂર્યો 'આ વખતનો ઉનાળો બધાય વરસના ઉનાળાને ટપી જાય એવો છે. ગરમી અને તાપ પુષ્કળ છે એટલું જ નહિ, આ વખતે તો પવન પણ બંધ થઈ ગયો છે. મને તો આવો ઘામ જરાય ગમતો નથી.'

'કેમ? એમાં વળી ન ગમે એવું શું છે?' નજુમિયાંએ કહ્યું. 'આટલો તાપ પડે છે ને પવન નથી એ તો વળી સારું છે. એથી તો આપણને તોફાન ને વાવંટોળ નડતાં નથી. ગયે વરસે આખો

વૈશાખ મહિનો વાવંટોળ ખૂબ થયેલા ને આપણું કામ બધું બંધ થઈ જતું. અલ્લાનો શુક્ર ગુજારો કે આ વખતે એવી કાંઇ હૈરાનગતિ નથી.'

'ના પંચાયત.' ઇદ્રિસે ભારેખમ મોઢું કરીને જવાબ આપ્યો, 'આ કરતાં તો વાવંટોળ ને તોફાન હોત તો વધારે સારું હતું. કારણ એથી આપણને એટલી તો નિરાંત થાત કે વાવંટોળ અને તોફાનની ઋતુ પૂરી થઇ ગઇ. આ વખતે તોફાનો નથી થયાં અને એટલે વરસાદનાં વાવડ પણ દેખાતાં નથી.'

'તું તો હમેશાં નિરાશાભરેલી વાત જ કરવાનો.' નજુમિયાંએ હસીને કહ્યું, 'વૈશાખ હવે લગભગ પૂરો થવા આવ્યો છે એટલે વરસાદ તુરતમાં જ આવશે. પદ્માના પાણી ચઢતાં જાય છે એ તેં જોયું નહિ શું?'

'એમ હોય તો વધારે સારુ બીજું શું?' ઇદ્રિસે કહ્યું, 'માણસ માતર સારાની આશા રાખે છે તેમ આપણે પણ રાખીએ કે સૌ સારા વાનાં થાય, પણ મારા અબ્બા પાસેથી મેં સાંભળ્યું છે કે વીસેક વરસ પહેલાં એક વખત એવું બન્યું કે વૈશાખ માસમાં તોફાન જ નહિ થયેલું ને આકાશમાં એકેય વાદળું પણ નહિ દેખાયું, પણ પછી એવું પ્રચંડ તોફાન આવ્યું કે નદીના પૂર કાંઠા ઉપર ફરી વળ્યાં ને આજુબાજુનાં કેટલાંયે ગામડાંઓ ધોવાઇ ગયેલાં.'

'નસીબમાં જે માંડયું હશે તે થશે. પછી એની ફિકર શું કરવી?' નજુમિયાંએ જવાબ આપ્યો. પછી રમઝાન તરફ ફરીને બોલ્યો: 'હોડી તૈયાર છે?'

'તમારે બહાર જવું છે?' ઇદ્રિસે પૂછ્યું.

'હમણાં હમણાં તું દિવસે દિવસે ભૂલકણો બહુ થતો જાય છે.' નજુમિયાંએ કહ્યું, 'એટલી ખબર નથી કે આજે વૈશાખ સુદ દશમ થઈ? આપણે ગામડાંઓમાં જઇને સાંથ વખતસર ઉઘરાવી લાવવી

પડશે, નહિ તો પછી મહેસૂલ ક્યાંથી ભરીશું ? કામદાર સાહેબ આ પૂનમે ધુલડી આવે છે. આપણે જો મહેસૂલ ભરીને હિસાબ ચૂકતે નહિ કરી નાખીએ તો નકામી જમીન હાથથી જશે.'

'એટલે તમે આજે સામે કાંઠે જવા ધાર્યું છે ? એના કરતાં કામદારને મહેસૂલ આપવાની જોગવાઇ બીજે ક્યાંકથી કરી દઈ વરસાદ આવી ગયા પછી જ સામે કાંઠે જઇએ એ વધારે સારું નહિ ?

'ત્યાં સુધી રાહ શા માટે જોવી ? નજુમિયાંએ કહ્યું.

'શા માટે શું ? લોકો કહે છે એટલે. વૈશાખમાં પદ્મા ભૂખી ને કાળઝાળ હોય છે ને વરસો વરસ માણસ ભરખે છે. એ લોકવાયકા તમે જાણો છો તો પછી દેખી પેખીને ત્યાં શા માટે જવું, પંચાયત ?'

'તું તો ઘરડી ડોસીઓના જેવી વાત કરે છે ઇદ્રિસ ! વૈશાખમાં પદ્મા ભૂખી છે. ચોમાસામાં એનાં ભેંકાર વમળમાં સપડાવાનો ભય છે ને શરદ ઋતુમાં એ દગલબાજ છે. આવી આવી વાતો કરીને માણસને કામ કરવા ન દેવું એનો અર્થ શું છે ? પદ્મામાં તો બારે મહિના કંઇ ને કંઇ કહેવાતું રહેશે, એટલા ખાતર માણસે શું બારે માસ ઘરમાં પૂરાઇને બંધ બેસી રહેવું ? આવી નાના છોકરાને બીવરાવનારી વાતો સાંભળીને કેટલા માણસોએ નૌકા ચલાવવાનું કામકાજ છોડી દીધું કહે જોઇએ ? દિવસ સાવ સાફ છે, અને હજી ઘણું વહેલું છે. પવનનું જોર વધે તોય વૈશાખી તોફાનો સાંજ પહેલાં શરૂ થતાં નથી. એ પહેલાં તો આપણે સામે પાર સહીસલામત પહોંચી જઈશું. જો આપણે ચાલુ પ્રવાહે ઊપડીએ તો નદીને સામે પાર જતાં બે કલાકથી વધુ નહિ લાગે.

એવામાં આયશા બહાર આવીને બોલી: 'તમે શેની ચડભડ કરો છો ?'

નજુમિયાંએ ઇદ્રિસ તરફ ગુસ્સાભરી નજર કરીને જવાબ આપ્યો: 'કંઇ નહિ. એ તો હું ઇદ્રિસ અને રમજાનને હોડી તૈયાર કરવાનું

કહેતો હતો. આજે મારે સામે પાર જઈ નવા વસવાટની જમીનની સાંથ ઉઘરાવી લાવવાની છે. આજ ને આજ ગયા સિવાય છૂટકો નથી.'

'લે, આ તું શું વાત કર છ? આવી તોફાની હવામાં સામે પાર જવું છે?'

'તોફાની હવા, અમ્મજાન? આકાશમાં તો વાદળનું નામનિશાન પણ નથી અને હવાની વાત કરો તો હવા તો એકદમ બંધ છે શ્વાસ કાઢીએ એટલો ય પવન ક્યાંય દેખાતો નથી.' નજુમિયાંએ વિરોધ કર્યો.

'હવે ડાહ્યો થા મા?' આયશાએ એની વાતને તોડી પાડી. 'વૈશાખ મહિનાની સવારની શાંતિ પછી બપોરનાં તોફાન આવે છે એ વાત તું શું નથી જાણતો? વૈશાખ માસમાં ઘણીયે વાર એવું બને છે કે સવારના પહોરમાં વાતાવરણ શાંત હોય અને બપોર થાય ત્યાં તો વા-ઝડી ને તોફાન.'

'તે તોફાન થતાં હશે, પણ રોજ રોજ ન થાય અમ્માજાન.' નજુમિયાંએ કહ્યું: અને ધારો કે તમે કહ્યું એમ થાય તો પણ અમે સાંજ પહેલાં તો સામે કિનારે સહીસલામત પહોંચી જશું, કારણ અમે હમણાં જ સાબદા થઈને રવાના થઈએ છીએ.'

આયશાએ ખૂબ દલીલો કરી, નજુમિયાંને સમજાવવામાં કાંઈ બાકી ન રાખી, પણ એ એકનો બે ન થયો. તેણે પણ માને સમજાવવા પૂરેપૂરી કોશિશ કરી અને છેવટ કહ્યું: 'અને અમ્માજાન, આ રીતે હમેશાં કાયમી ફફડાટમાં જ રહેવાનું હોય તો જીવવું જ મુશ્કેલ બની જાય. જીવવા માટે ઇન્સાને કુદરતનાં બળો સાથે ઝઘડવાનું જ છે. વળી આ ક્યાં આપણે માટે નવાઈની વાત છે? પદ્મા સાથે જિંદગી આખી તો બાખડતા આવ્યા છીએ. વળી અમે હવે કંઈ નાના ચોડા છીએ? એ ક્યારે શાંત રહેશે ને ક્યારે રૂખ બદલશે

એ બધું અમે જાણીએ છીએ. એટલે કહું છું અમને જવા દો અમ્માજાન ! એમાં ડરવા જેવું કશું નથી.'

'પદ્માના રૂપની મનેય ખબર છે.' આયશા મોઢું ભારેખમ રાખીને બોલી: 'અને એટલે જ મને એવી બીક લાગે છે. આજે તને એ શાંત લાગતી હશે પણ એ તો શિકાર ઉપર તરાપ માર્યા પહેલાં વાઘ લપાઇને બેઠો હોય છે એમ એ લપાઇને શાંત બેઠી છે. ક્યારે એની તરાપ પડશે એ કોણ જાણે ?'

આમ વાત ચાલતી હતી એટલામાં મલેક દોડતોક આવ્યો ને બોલ્યો: 'બાપા, મારેય તમારી સાથે આવવું છે.'

પણ આયશાએ તેનો હાથ પકડી પોતા તરફ ખેંચીને બોલી: 'હવે નાને પંડયે નાનો ને જાવાના વેન કર મા. તારો બાપ મારૂં કહ્યું ભલે ન માને, પણ તું હજી એવો મોટો નથી થઇ ગયો કે મારૂં કહ્યું માન્યા વગર એમ ને એમ જા. રહે અહીં મારી પાસે. તને હું નહિ જવા દઉં.'

નજુમિયાં હસ્યો ને બોલ્યો 'હું કહ્યાગરો પુત્ર નથી એમ તમે શી રીતે કહી શકો અમ્માજાન. ભલે તમારી ઇચ્છા હોય તો મલેક અહીં રહેશે; ને તમારા દિલને આશાયેશ પહોંચાડશે. અલ્લાતાલા કરશે તો તો હું આવતીકાલે બપોર સુધીમાં તો ખાણા વખતે અહીં પાછો આવી જઇશ.'

હોડી વહેતી થઈ. સૂર્યનો ચળકાટ આકરો અને ભયંકર હતો. રેતીવાળા કિનારા ઉપર એના બાળી નાખતો તાપ અંગાર વરસાવતો હતો અને નદી કિનારાની તપેલી રેતી એ ઉગ્ર પ્રકાશ લોકોના મોં ઉપર પાછો ફેંકતી હતી. પદ્મા નદીના પટ ઉપર ધુમ્મસનો આછો પડદો છવાઈ ગયો હતો અને સૂર્યના ઉગ્ર ને આંજી નાખનારા પ્રકાશમાં બધું ઢંકાઈ ગયું હતું.

'સઢ ચડાવી દઇશું ?' રમજાને એના સાથીઓને કહ્યું.

'ચડાવવાનો હોય તો ચડાવીએ, પણ પવનનો સિસકારોય ક્યાં છે?' બૂઢા સુકાની બશીરે કહ્યું: 'તું તારે જોરથી હલેસાં માર્યે રાખ, આજે તો સામે કાંઠે પહોંચીએ તો અલ્લાનો પાડ.'

'કેમ! તું પણ આમ ડામાડોળ અને ગભરાયેલો દેખાય છે બશાર?'

'હું તો કાંઇ ડામાડોળ અને ગભરાયેલો નથી મલિક, પણ સાચું કહું, આજ મને નદીનું રૂપ કંઇક જુદું જ લાગે છે! હમેશ કરતાં આજે તે આટલી બધી શાંત અને તંગ દેખાય છે કે ક્યારે એમાંથી તોફાન ફાટી નીકળે એ કહેવાય નહિ. મને તો ફક્ત એટલું જ થાય છે કે આપણે મધ્ય વહેન પાર કરી જઇએ ત્યાં સુધી આમ ને આમ શાંત રહે એટલે બસ.'

એટલા વખતમાં રમજાન અને ઇદ્રિસે કાઠી ઊભી કરી એના ઉપર સઢ ચડાવી દીધાં હતા. પણ પવન બંધ હોવાને કારણે નિર્જીવ ખોળિયાની પેઠે તે લબડતા હતા.

'પવનની એક લહેર પણ ક્યાં દેખાય છે?' રમજાને એક હાથે કપાળ ઉપરનો પરસેવો લૂછતાં કહ્યું.

'મેં તો તને કહ્યું જ હતું.' બશારે ભારેખમ મોં કરીને કહ્યું: 'હજી અત્યારથી પરસેવો લૂછવા લાગી ગયો? આડું અવળું જોયા વગર હમણાં તો કમ્મર કસીને કામે લાગ. તારા જેવો અડીખમ આદમી કામમાંથી છૂટવા કોશિશ કરે એ કાંઇ ચાલે? હાં, જરા જોરથી હલેસાં મારો મારા ભાઇઓ! થોડા વધારે જોરથી.'

ઇદ્રીસે કહ્યું: 'જરા હુક્કાની બેચાર ઘૂંટ ખેંચી લેવા દો, પછી જુઓ કે હોડીને ઊડતી લઇ જઇએ છીએ કે નહિ? કેમ પંચાયત! તમને તો એમાં હરકત નથી ને?'

આટલું કહીને ઇદ્રિસ હુક્કો તૈયાર કરવા લાગ્યો.

નજુમિયાં જરા હસ્યો ને ઇદ્રિસને તત્પરતાથી હુક્કો તૈયાર કરતો જોઈ રહ્યો. હુક્કાને ઊંધો કરી એની કાચલીમાંથી એણે પાણી બહાર કાઢી નાખ્યું અને નદીમાંથી નવું પાણી અંદર નાખ્યું.

'ઉફ્' તેણે કહ્યું: 'નદીનું પાણી પણ ગરમ અને બેસ્વાદ થઈ ગયું છે. આજના જેવા દિવસે કામ કરવામાંય કંઇ મજા ન પડે.'

રમજાન બરાબર હલેસાં મારી રહ્યો હતો. માથા ઉપર તેણે રૂમાલ પાઘડીની માફક બાંધ્યો હતો. પણ એનું અડધું બદન સાવ ઉઘાડું હતું. એના વાંસા ઉપર–છાતી ઉપર પરસેવાના મોતીઓ બાઝી ગયા હતા, એની સુંવાળી અને ચકમકતી ચામડી પર નીચેના સ્નાયુઓનું હલનચલન થતું હતું ત્યારે શરીર ઉપરનાં આ પરસેવાનાં બિન્દુઓ સૂર્યના પ્રકાશમાં મોતી જેમ ચમકતાં હતાં.

હોડી હવે લગભગ મધવહેન પાસે આવી પહોંચી હતી. અત્યાર સુધી કિનારા તરફના વળાંકને લઈ ને હોડીને પ્રવાહનું જોર એટલું બધું લાગતું નહોતું અને એથી હોડી કોઇ જાતના જોખમ વગર સલામતીથી આગળ વધતી હતી, પણ મધવહેનમાં આવતાં જ પાણીના પ્રવાહની ત્વરિત ગતિ દેખાવા લાગી. પાણીના તાણમાં હોડી ડામાડોળ થઇ ગઈ ત્યારે બશીરે ઇદ્રિસને કહ્યું 'હવે તારો હોકો એક બાજુ મૂક અને હલેસું લઈને આવી જા. નીચે નવું પાણી આવવા લાગ્યું છે ને એનું જોરદાર વહેણ તલવારની ધાર જેવું લાગે છે.'

ઇદ્રિસે પરાણે હોકો એક બાજુ મૂક્યો અને હલેસું હાથમાં લીધું. નદીનો પ્રવાહ હોડીને થપાટો મારતો હતો ત્યારે સૌ એકઠા મળીને 'બદર બદર' 'બદર બદર' કરતા હલેસાં મારતા હતા. એક ક્ષણ હોડી થંભી ગઈ અને બીજી જ પળે પાણીના જોરદાર વહેણે એને નિર્ધારિત માર્ગ ઉપરથી હટાવી દીધી ત્યારે તે પાણીમાં ઘૂમરી ખાઇ ગઈ. નદીનાં ભૂખ્યાં જળ હોડીની બન્ને બાજુ જીભ લપલપાવતાં.કેમ જાણે હોડીને ગળી જવા તત્પર થયાં હોય એમ ચારે તરફ ફરી વળ્યાં.

અને અત્યાર સુધી એના પ્રવાહને કારણે ખળખળ અવાજ ઊઠતો હતો તેને બદલે તીવ્ર અને તોફાની નાદ ગાજવા માંડયો.

રમજાન પ્રવાહની સામે થઇને હલેસાં માર્યે જતો હતો તેને બશીરે બુમ મારીને સાવધ કરતાં કહ્યું: 'ખબરદાર ! થોડો ધીમો પડ અને હોડીના આગળના ભાગને પ્રવાહ તરફ વાળ, ભલે આપણે થોડા તણાઇને દૂર નીકળી જઇએ તેનો વાંધો નહિ, પણ જરા હોશિયારીથી કામ લેજે.' પછી તે ઇદ્રિસ તરફ ફરીને બોલ્યો: 'સઢ સંકેલી લો અને કાઠી ઉતારી લો. હોડીને જરા હળવી કરીને કુદરતી રીતે વહેવા દો અને અલ્લામાં યકીન રાખો.'

હોડીના માણસોએ બરાબર એની સૂચના પ્રમાણે બધું કામ કરી નાખ્યું. થોડા વખત સુધી તો હલેસાંની થપાટો અને પ્રવાહના સુસવાટા સિવાય બીજો અવાજ કાને પડતો ન હતો. હોડીમાં બેઠેલા નજુમિયાંના માણસો કાળજાતૂટ પરિશ્રમ કરીને હલેસાં મારતા હતા. તેઓ પરસેવાથી એટલા બધા રેબઝેબ થઇ ગયા હતા કે આ લોકો હમણાં જ જાણે વરસાદમાં ભીંજાયા હોય એમ લાગતું હતું. બશીર હોડીનું સુકાન બરાબર સંભાળીને બેઠો હતો અને સાથે સાથે હોડીને પણ આસ્તે આસ્તે આગળ ધપાવી રહ્યો હતો.

'હવે આવી રીતે જ એક બીજો કલાક વીતી જાય કે બસ, પછી આપણે ખતરાની બહાર નીકળી જશું.' બશીરે એક હાથે પરસેવે નીતરતો ચહેરો લૂછતાં લૂછતાં કહ્યું:

'ત્યારે હવે હું પણ હુક્કાની બે ઘૂંટ પી લઉં ?' રમજાને તેને પૂછયું.

'બશીરે તેને ધમકાવીને કહ્યું: 'અત્યારે વિચાર કરવાનીય ફુરસદ નથી ને આ નવાબ સાહેબને હુક્કો પીવાનું સૂઝે છે.'

આ સાંભળી ઇદ્રિસ પણ હસી પડયો ને બોલ્યો: 'તેં હજી આપણા નાવિકને પૂરેપૂરો ઓળખ્યો નથી લાગતો. નહિ તો તું આવી માગણી ન કરત.'

એવામાં એક ઓચિંતી થપાટ હોડીને લાગી ગઇ.

'અલ્લાની તારીફ કરો કે છેવટે પવન થોડો છૂટો થયો ને વાતાવરણમાં હવાની લહેર વહેતી થઇ છે.' રમજાને કહ્યું.

ઈદ્રિસે કપાળ ઉપરનો પરસેવો લૂછતાં કહ્યું: 'એ તો ભઠ્ઠીની તપેલી હવા છે. આવી ગરમ હવાને શું કરીએ, એથી કંઇ થોડો જરા જેટલો પણ આરામ મળે તેમ છે.'

બશીરે મુખ ઉપર ગંભીર દેખાવ ધારણ કરીને કહ્યું: 'આપણે એટલી આશા રાખીએ કે આ હવામાં એવું કંઈ અનિષ્ટ ન હોય. એમાંથી કોઈ બૂરો અંજામ આવવાનો ન હોય. છતાંય એ વિષે કદી નિશ્ચિંતપણે કહી શકાય તેવું રહ્યું નથી. વૈશાખના આ મહિનામાં તો એક નાનો સરખો પવન વધતો વધતો ભયંકર તોફાનનું રૂપ ધારણ કરતો હોય છે. પછી તો ખુદા આપણને બચાવી શકે તો ભલે, ઈન્સાનનું ગજું નહિ. ચાલો, ઠીક થયું ! એમ કરતાં કરતાં આપણે મધ્યવહેનમાં આવી ચડયા.'

નજુમિયાં બહાર નીકળી તૂતક ઉપર આવ્યો : 'આ વળી પવન વિષેની શી બધી વાતચીતો ચાલી રહી છે?'

'કાંઈ નહિ માલિક.' ઇદ્રિસે જવાબ આપ્યો. 'અમે તો એ વાત કરતા હતા કે પવનની એટલી નાની લહેર આવે છે કે તે અમારા તપતા માથાને પણ ઠંડક આપી શકતી નથી.'

પણ એ પછી તરતજ દેખાઈ આવ્યું કે ઇદ્રિસની વાત ખોટી છે. બીજી પળે પવન ફુંકાવો શરૂ થયો અને પછી તો ઉત્તર-પૂર્વ દિશામાંથી પવનનું એક તોફાની ઝાપટું સડસડાટ કરતું વેગે ચઢી આવ્યું ને પદ્મા નદીનાં પાણીની સપાટી ઉપર થઇ સામે પાર નીકળી ગયું. નદીના પાણીની સપાટીમાં ફૂંડાળાં રચાવા લાગ્યાં અને એના ઉપર પડતો પ્રકાશ ઉંચી હાલના પીંછાની જેમ પાછો ફેંકાવા લાગ્યો.

ધીમે ધીમે નદીનું પાણી હલબલવા લાગ્યું અને એના ઉપરની હોડી પણ હાલકડોલક થવા લાગી.

બશીરે ચિંતાતુર નયને આકાશ તરફ મીટ માંડી તો પૂર્વમાં માણસની મૂઠી જેવડું વાદળાનું કાળું ધાબું દેખાયું.

કોણ જાણે ક્યાંથી પક્ષી ચઢી આવ્યાં અને આકાશમાં ચક્કર મારવા લાગ્યાં. તેમની તીણી ચીસો તોફાનની ભીષણ ગર્જનાઓમાં ડૂબી ગઇ. પવન વધુ ને વધુ તોફાની થતો ગયો અને આકાશ સુધી એના સુસવાટા પહોંચવા લાગ્યા. પદ્માનાં પાણી વધુ ને વધુ ઊછળવા ને ચઢવા લાગ્યાં. ગાંડીતૂર બનીને એ તો તેના મોજાં ઉછાળવા લાગી અને મોજાંઓ ગર્જના કરી હોડીને થપાટો મારવા લાગ્યાં. આકાશમાં પ્રથમ નજરે દેખાયેલું કાળું ધાબું વધવા લાગ્યું અને જોતજોતાંમાં તેણે સમસ્ત આકાશને આવરી દીધું. કેમ જાણે એક રાક્ષસી ગરુડ પંખી પોતાની પાંખો પસારી દુનિયા આખીને ઢાંકી દેતું હોય એવો એનો દેખાવ થઇ રહ્યો. સૂર્ય વાદળાંઓ પાછળ છુપાવા લાગ્યો અને થોડીવારમાં સાવ અદૃશ્ય થઈ ગયો. સૂર્યનો પ્રકાશ ગયો એટલે પદ્મા વધુ ને વધુ કાળી અને બિહામણી બની ગઇ. પવન–વાસના જેની શમી નથી એવા ભૂતાવળની પેઠે હૂહૂ કરતો સુસવાટા મારવા લાગ્યો અને નદી પણ એના સામા પડઘા પાડતી હોય તેમ ગર્જના કરવા લાગી.

'બદર બદર' હોડીની અંદરના માણસો ઘોષણા કરવા લાગ્યા, પણ પવનના સુસવાટા અને નદીના ઊછળતા પાણીના ઘુઘવાટાની વચ્ચે એમના અવાજ ક્યાંય ડૂબી ગયા.

'આપણે પાછા જશું ?' ઇદ્રિસે પૂછ્યું. એને પોતાની વાત સંભળાવવા માટે મોટેથી બૂમ પાડવી પડી. 'પાછા ફરવું હવે નકામું છે' નજુમિયાંએ મોટેથી ઘાંટો પાડીને એને જવાબ આપ્યો. 'આપણે અર્ધા કરતાં વધુ પંથ કાપી નાખ્યો છે એટલે હવે તો આગળ ચાલવું જ વધારે સારું છે.'

બશીરે માથું નમાવીને પોતાની સંમતિ દર્શાવી, પણ પાછી મન સાથે વાત કરતો હોય તેમ ગણગણ્યો: ' એમ થાય તો તો કેવું સારું ! અલ્લાતાલાને હું એટલી જ અરજ ગુજારું છું કે આપણે સહીસલામત આગળ નીકળી જઈએ.

હોડી ચલાવનારા માણસો તોફાન સામે પોતાની તમામ શક્તિથી ઝૂઝવા લાગ્યા. નદી ઉપર ગાઢ અંધકારનો કાળો પડદો ઊતરી આવ્યો. આંખોને આંજી નાખનારા વીજળીના ઝબકારા પણ એ અંધકાર અને ઉદાસીન વાતાવરણને ભાગ્યે જ ભેદી શકે એમ હતા. તોફાન વધ્યું. ગર્જનાઓ વધી અને તેના તડાકા–ભડાકાએ આકાશનો ઘુમ્મટ ગજવી દીધો.

પદ્માનાં ઉછળતાં પાણી પણ સામા ઘુઘવાટા મારવા લાગ્યાં. નદીનાં મોજાંઓ ઊછળી ઊછળીને હોડીને થપાટો મારવા લાગ્યાં. અને કેમ જાણે એને ગળી જવા તત્પર થયાં હોય તેમ ચારે બાજુ ઘેરો ઘાલવા લાગ્યાં. નદીનાં મોજાંની લાંબી લાંબી હાર ઉપરનાં ફીણ રાની પશુના દાંત જેવાં ચમકતા હતાં. પવનના સુસવાટા અને મોજાંના ઘુઘવાટાની તીણી ચીસોની નીચે ભૂખ્યાં પાણીનો ખળભળાટ ધીમે ધીમે જોર પકડતો જતો હતો.

' હવાની રૂખ બદલી છે.' નજુમિયાંએ મોટેથી કહ્યું, 'હવે જુઓ તે અગ્નિ ખૂણામાંથી આવે છે.'

' ત્યારે આપણે હવે સામે કિનારે જઈ રહ્યા.' બશીરે સામી બૂમ મારી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

રમજાન પણ વાવાઝોડાના સુસવાટને ભેદીને બીજા સાંભળી શકે એવી રીતે ઘાંટો તાણીને બોલ્યો. ' તો પછી હવે સઢ સંકેલી લઈએ અને પવન જે દિશામાં હોડીને લઈ જાય એ દિશામાં એને લઈ જવા દઈએ. આ સિવાય મને તો બીજો ઉપાય સૂઝતો નથી.

' એટલે કે આપણે સીધા મોતના મોંમાં જઈને પડીએ. એમને ?' બશીરે કહ્યું.

'હોડીને સ્થિર રાખો અને વાવાઝોડાનો મુકાબલો કરો.' નજુમિયાંએ બૂમ મારીને કહ્યું.

હોડી અગ્નિખૂણા તરફ જ જઇ રહી હતી અને પવનના સપાટા પણ એ દિશામાંથી–સામેથી ચાલ્યા આવતા હતા એટલે સુકાન પણ હોડીને કાબૂમાં રાખી શકતું નહોતું એવામાં એકાએક તોફાની પવનના એક જબરદસ્ત સપાટાએ હોડીને ચક્રાવે ચડાવી અને એના સુકાનનાં પાટિયાં નોખાં કરી નાખ્યાં. સુકાન છૂટું પડી ગયું ને બશીર જે અત્યારસુધી સુકાન પકડીને બેઠો હતો એના હાથમાં એના લાકડાનો ડંડો રહી ગયો.

'ખલાસ. હવે આપણે મરી ગયા.' રમજાને બૂમ પાડી.

'બડબડાટ બંધ કર.' નજુમિયાંએ ધમકાવી કહ્યું:

'આપણા તકદીરમાં જો મરવાનું જ લખ્યું હોય તો ભલે આપણે મરદની પેઠે બહાદુરીથી મરીએ. એમ ચૂવાની પેઠે ચીવી ચીવી કરતા શા માટે મરીએ?'

આવી કટોકટી, બીક અને જોખમની વચ્ચે તેઓ હવે પછી શું થાય છે તેની હોડીમાં બેઠા બેઠા રાહ જોવા લાગ્યા, કારણ સુકાન તૂટી ગયા પછી તેઓ ભાગ્યે જ કંઇ કરી શકે એમ હતા. નજુમિયાંએ પોતે પણ હલેસું હાથમાં લીધું અને બીજા ત્રણે જણાએ પણ પોતાની શક્તિથી હોડીને ખેંચવાની કોશિશ કરી. તોફાનના આ ઝંઝાવાતમાં હોડીને સ્થિર રાખવા માટે તેઓ કાળજાતૂટ પ્રયત્ન કરવા લાગ્યા, પણ નદીનાં પાણી હવે ઊફાંદે ચડયાં હતાં. એનાં ભયંકર મોજાંઓ હોડીને ચારેબાજુ થપાટો લગાવતા હતાં અને હોડીને બૂચના કટકાની પેઠે અહીં તહીં ફંગોળતાં હતાં.

'ખબરદાર, તમારાં હલેસાં હાથથી જવા દેશો નહિ.' નજુમિયાંએ બૂમ મારી, 'ધારો કે હોડી પણ ડૂબી જાય તોપણ હલેસાંની મદદથી નદી પાર કરીને કિનારે પહોંચવાની તક રહેશે, પણ હલેસાં ગયાં તો પછી ખલાસ.'

કેમ જાણે તોફાની પવન એના શબ્દોના ચાળા પાડતો હોય તેમ હૂ હૂ કરતો ગર્જના કરવા લાગ્યો અને વીજળીનો ઝબકારો સાપની જીભના લબકારાની પેઠે ઝપ દઇને બહાર નીકળી પડ્યો.

હોડી ડગમગી. નીચેના ઊછળતાં પાણીએ એને એક વખત ઊંચે ઉછાળી ને બીજી જ પળે જબરદસ્ત મોજાંનાં વમળમાં સપડાઇને ડૂબી ગઈ. વમળ એકાએક તૂટી ગયું અને બીજી જ પળે નદીની ચારે બાજુ ક્રૂર મોજાંઓ ગર્જના કરતાં ફરી વળ્યાં અને આસપાસ ઊંચી દીવાલ ખડી કરી દીધી.

તોફાન જેવું અચાનક ચડી આવ્યું હતું એવું જ એકાએક બંધ પણ થઈ ગયું. કદાચ માંડ એ એકાદ કલાક અથવા તો એથીયે ઓછો વખત ટક્યું હશે. છતાંયે તોફાન શમી ગયા પછી પણ પદ્માના કાળાં ડીબાણ જેવાં જળનો ઉછાંદ ચાલુ રહ્યો અને મોજાંઓ ઝૂલી રહ્યાં, પૂર્વદિશામાં હજીયે થોડાં વાદળાં આકાશમાં તોળાઈ રહ્યાં હતાં અને પશ્ચિમ દિશામાં સૂરજ એનાં આથમતાં તેજ અને લાલીની છટા પાથરીને ડૂબી ગયા હતાં.



[૭]

અમ્મા મરી ગઇ!

નજુમિયાંના મૃત્યુના સમાચાર આકાશની વીજળીની જેમ અચાનક આવ્યા. કુદરતની કોઇ વિચિત્ર ગતિને કારણે ધુલડી ગામના સારા નસીબે તોફાન ગામને સ્પર્શ કર્યા વિના જ બારોબાર ઊપડી ગયું. ધુલડીમાં આખો દિવસ સૂર્ય પ્રખર રીતે તપ્યો. પવન પણ એટલો પડી ગયેલો કે હવામાં એક પાંદડું પણ ફરકતું નહોતું. આમ હોવાથી ધુલડીથી થોડેક જ દૂર આવું મોટું તોફાન આવી ચડયું હશે એનો ગામના લોકોને ખ્યાલ જ ક્યાંથી આવે? મોડી રાતે તોફાનના સપાટામાં જરાક આવી ગયેલા માછીમારો થાકીને લોથપોથ થઇને પાછા ફર્યા ત્યારે જ ગામમાં પહેલવહેલી ખબર પડી. માછીમારોનાં શરીર અકડાઇ ગયાં હતાં અને મન ભારે થઈ ગયાં હતાં. કિનારા ઉપરની એક હોડીમાં બશીરનું શરીર બેભાન–અવસ્થામાં લોથ થઇને પડયું હતું. હજી એને પૂરું ભાન આવ્યું નહોતું. નજુમિયાંની હોડીના માણસોમાંથી ફક્ત એ એકલો જ તોફાનમાંથી બચવા પામ્યો હતો.

આયશા તો આ વાત સાંભળીને સ્તબ્ધ જ બની ગઈ. પહેલાં તો તેણે આ સમાચાર માન્યા જ નહિ, પણ પછી તરત જ એમાં તથ્યાંશ જણાતાં ગાંડાની પેઠે ઝટિયાં ફરફરાવતી એ નદી–કિનારે દોડી ગઈ: 'ઓ રાક્ષસી! ઓ ચુડેલ! તને આ શું સૂઝયું તે મારા દીકરાને ભરખી ગઈ? પાછો આપ, ઓ પાપિણી! મારા દીકરાને પાછો આપ! બોલતી બોલતી તે મોટેથી કલ્પાંત કરવા લાગી.

એનું આ હૈયાફાટ રુદન સાંભળી કેમ જાણે સહાનુભૂતિ બતાવતાં હોય એમ તોફાન પછી શાંત પડી ગયેલાં પદ્માનાં નીર ખળખળ શબ્દ કરવા લાગ્યાં. એથી તો દુઃખથી લગભગ પાગલ થઇ ગયેલી માતા એકદમ ગુસ્સે થઇને બોલી ઊઠી :

'બંધ કર, ઓ રાક્ષસી, તારી આ ક્રૂર મશ્કરી હવે બંધ કર!' એટલું કહીને નદીના પાણીમાં ડૂબી જઈ પોતાના જીવનનો અંત લાવવા માટે તેણે પાણી તરફ દોટ દીધી. પણ એ બહુ આગળ જાય એ પહેલાં જ એના ઘરમાં કામ કરનારી નોકર–બાઇઓએ ઝાલી લીધી અને 'ધીરાં પડો, અમ્મા, આમ પાગલપન ન કરો, આ મલેક સામું જુઓ!' કહીને તેમણે મલેકને તેમના ખોળામાં મૂકયો.

આયશા છોકરા ઉપર વહાલ વરસાવવા માંડી અને સાથે ધ્રુસકે ધ્રુસકે જોરથી રડવા લાગી: 'બેટા, મારા લાલ! તારો બાપ તારે માટે વહુ લાવવા સુધી જીવ્યો નહિ હવે તારી સાર–સંભાળ કોણ રાખશે? તારી ઉપર તોળાતી આફતોથી તારી રક્ષા કોણ કરશે? બેટા, હજી તો તું નાનું એવું ફૂલ છે! તને સારી રીતે સંભાળપૂર્વક કોણ સાચવશે?' ઘડીક શાંત પડી ત્યાં ફરી સ્મૃતિ તાજી થતાં જ વળી રડતાં રડતાં બોલવા લાગી:

'હજી તો તું પહેર્યા–ઓઢયા જેવડો છે, મારા વા'લા! તારા બાપ હતા ત્યારે ઘણીય વાર રેશમી કુર્તું ને લાલ જાકીટ લઈ આવતા. હવે આ બધું તારે માટે કોણ લાવશે, બેટા! નદીના પાણીમાં તો ભરતી ને ઓટ આવ્યા જ કરશે, પણ તારો બાપ એક વખત ગયો એ હવે કદી પાછો આવવાનો છે?'

કહેતી કહેતી ફરીને એ છાતીફાટ રૂદન કરવા લાગી. એનું હૈયું ભાંગી ગયું હતું. રડી રડીને એની લાલ સૂજેલી આંખોમાં આંસુ ઉભરાતાં હતાં. જુવાનીમાં એણે પતિ ગુમાવ્યો ત્યારથી એણે પોતાની બધી આશાઓનો મદાર આ એના એક પુત્ર ઉપર રાખ્યો હતો,

અને તેના દીકરાએ કદી એને ઓછું આવવા દીધું ન હતું. તેણે એની બધી આશાઓ પૂરી કરી હતી. નજુમિયાં બહાર ગમે તેટલો વસમો અને ભરાડી હોય પણ ઘરમાં પોતાની મા આગળ તો ગરીબ ગાય જેવો થઈને રહેતો. એનું એક પણ વેણ કદી તે ઉથાપતો નહિ. આવો દીકરો જીવતો હતો ત્યાં સુધી એને હૈયાધારણ હતી. પણ એ જતાં એની આશાનો આખો મિનારો જ જાણે તૂટી પડયો. અને હવે એની સાથેના સખ્તાઇભર્યાં વર્તાવના પ્રસંગોને યાદ કરી કરીને એ રડવા લાગી.

અચાનક તેને ઘુલડીના ફકીરે શ્રાપ આપેલો તે વાત યાદ આવી અને તેના હૃદયમાં કડવાશનું ઝેર ઊભરાઇ આવ્યું. એક ક્ષણ તો એ પોતાનું બધું દુઃખ–શોક ભૂલી ગઇ અને મોટેથી બોલી ઊઠી:

'નખ્ખોદજજો એ ફકીરનું! એ કમનસીબ દિવસે એ અભાગિયાનાં પગલાં થયાં ત્યારથી જ અમારે માથે હિન્દવી હલા થઇ. પીટયો મોઢેથી તો કેવું મીઠું મીઠું બોલતો'તો, તે અમે ભોળવાઇ ગયાં. પણ મનમાં ઝેર સંઘરી રાખ્યું'તું તે એના શ્રાપ સાચા પડયા ને મારો એકનો એક દીકરો ઊઠી પડયો!'

કહીને ફરી એ ડૂસકે ડૂસકે રડવા લાગી. લોકો આવી આવીને એને દિલાસો આપવા લાગ્યા. શબ્દોની અસર ડોશીના મન ઉપર જરાયે થઈ નહિ. એનું હૃદય વીજળિક આઘાત પામીને જાણે બૂઠું થઈ ગયું હતું. એવા બૂઠા હૃદય ઉપર આશ્વાસનના શબ્દો શી અસર કરે? દિવસનો મોટો ભાગ એ સાવ જડ બનીને બેસી રહેતી અને વચ્ચે કયારેક કયારેક એકલી એકલી મનમાં ને મનમાં ગણગણાટ કર્યાં કરતી. ઘણીવાર તો એની આસપાસ શું બની રહ્યું છે એની કેમ જાણે એને ખબર જ પડતી ન હોય એમ સૂનમૂન થઇને એ બેસી રહેતી.

એક દિવસ બપોરે અસગરમિયાં તેની પાસે આવ્યો ને ચૂપચાપ

ઊભો રહ્યો. એના દુઃખનો ભાર હળવો કરવા તે ખૂબ જ આતુર હતો, પણ આવા પ્રસંગે શું બોલવું એ તેને સૂઝયું નહિ. તેણે એની સામે ડોળા ફાડીને જોયું. પણ એની દૃષ્ટિ તો જાણે બીજે જ ભમતી હતી, અને સામે ઊભેલા અસગરને જોતી જ ન હતી. પછી એકાએક તે ઊભી થઇ ને ત્યાંથી ચાલી ગઈ. અસગરમિયાંએ થોડીવાર સુધી એની પાછા ફરવાની રાહ જોઇ, પણ એ આવી નહિ એટલે તે પણ નીચું માથું રાખીને ત્યાંથી ચાલ્યો ગયો.

સાંજ પડયા પછી જ એની ઉદાસીનતા અને બેધ્યાનપણામાંથી એ જાગી. મલેકને છાતી સરસો દાબી એને સાથે લઇ તે નદી તરફ ગઈ.

'સવાર થઇ ગઇ ને રાત પડી ને બધાય માણસો ઘર તરફ પાછા જાય છે, પણ તારો બાપ હવે ફરી કદી પાછો આવવાનો છે? એ તો હમેશને માટે ગયો!' એ વાત તે ફરી ફરીને બોલવા લાગી. સાંભળીને છેવટ મલેક પણ રડવા લાગ્યો. તેણે ખૂબ જ આવેગથી તેને છાતી સરસો ચાંપી રાખ્યો ને ડોળા ફાડીને એ નદીનાં કાળાં જળ તરફ જોવા લાગી.

મલેકને એની માનું દુઃખ જોઇને વધારે લાગી આવ્યું. એને પોતાને દુઃખ થતું હતું એ વાત સાચી, પણ એ કરતાંયે વધારે દુઃખ તો એની બુઢ્ઢી માનો શોક અને કલ્પાંત જોઇને તેને થયું.

એને એના બાપની ખોટ જણાતી હતી. એનો દૃઢતાભર્યો અવાજ અને વહાલભરી સંભાળ એને યાદ આવવા લાગ્યાં. છતાંયે દસ વરસનો છોકરો મૃત્યુમાં શું જાણે? એની જિંદગી તો આગળ ને આગળ જ જવાની. એનામાં જીવનશક્તિ જ એટલી પડી હોય છે કે કોઇ દુઃખથી એ પરાજિત થાય નહિ. ભવિષ્ય જ્યાં એને હમેશાં સાદ દેતું હોય ત્યાં એ ભૂતકાળનાં દુઃખો ઉપર ક્યાં સુધી ગંભીર બનીને શોચ-વિચાર કર્યા કરે?

મલેક પણ પોતાની બુઢ્ઢી માની અંદર થયેલું પરિવર્તન જોઇ

મૂંઝાવા લાગ્યો. એ તો ત્યાં એની પાસે જ જીવતી-જાગતી બેઠી હતી. અને છતાં મરેલા જેવી લાગતી હતી. એનામાં જીવ હતો અને છતાં એ એટલી બધી સૂનમૂન અને ઠંડી પડી ગયેલી લાગતી હતી કે સાક્ષાત મૃત્યુ કરતાંયે એ વધારે બદતર સ્થિતિ હોય એવું લાગતું હતું. મલેક એની પાસે જ ફરતો અને એના દુઃખે દુઃખી થતો. દુઃખના વજ્રઘાતથી જડ બનેલી ડોશામાં પણ મલેક જ્યારે એના પાસે રહેતો ત્યારે જ ચેતનનો સંચાર થતો અને તે કંઈક જીવતી હોય એમ લાગતું. ફક્ત મલેકની હાજરી જ એને ભાનમાં રાખવા કારગત નીવડતી. બાકી બીજા બધા લોકો જ્યારે એની પાસે આવતા ત્યારે કેમ જાણે એ મરેલી હોય એમ એ મૂંગી જડ અને સૂનમૂન બની જતી.

ખેતર ઉપરનું જીવન તો યંત્રવત્ ચાલ્યા કરતું હતું. એક મોટા મશીનનું એન્જિન અટકી ગયું હોય છતાંયે એનાં બીજાં ચક્રો ફક્ત કુદરતી ધક્કાને જોરે ચાલુ રહ્યાં હોય એવું એ લાગતું હતું. નજુમિયાંના નોકરો અને સાથીઓ આયશા પાસે કામની સૂચના લેવા આવતા, પણ એ તેની સામે એવા સ્થિર ડોળા ફાડીને તાકી રહેતી કે તેઓ મૂંઝવણમાં પડી જતા.

આ રીતે સૂનમૂન દશામાં સાત દિવસ વીતી ગયા—ફક્ત સાત દિવસ, અને છતાંયે કેમ જાણે એક મોટો જુગ વીત્યો હોય એવું લાગતું હતું. ડોશીના ભૂખરા વાળ એક રાતમાં ધોળા થઈ ગયા, અને આંખ ફરતાં વેદનાનાં કાળાં કૂંડાળાં થઈ ગયાં. એની દશા જોઈને કુલસુમ મનમાં ને મનમાં બોલી ઊઠી: 'અલ્લા એને આ દુઃખમાંથી બચાવે !'

બુઢ્ઢી આયશા એક ખૂણામાં બેઠી બેઠી મનમાં ને મનમાં ગણગણાટ કરતી હતી. મલેક એની પાસે આવ્યો અને આજીજી કરીને કહેવા લાગ્યો 'અમ્મા, ભૂખ લાગી છે, હમેશાં તમે ખાવા દો છો.

તો આજે પણ તમે જ આપો.' આયશા ઉભી થઇને રસોડામાંથી ખાવાનું લઇ આવી ને થાળી પીરસી તેની આગળ મૂકી. મલેક જમવા લાગ્યો ત્યારે ડોશી પણ એની પાસે બેસીને એને એના બાપના નાનપણની વાતો કહેવા લાગી, તેણે કહ્યું કે: 'તારો બાપ તારા જેવો જ તોફાની હતો.' તેણે હસવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ એ નિર્જીવ હાસ્યમાં કોઈ પણ પ્રકારનો ઉત્સાહ જણાયો નહિ ઉલટું કેમ જાણે એ દાંતિયા કરતી હોય એવો એનો ચહેરો વિકૃત જણાયો.

મલેક હમેશાં એની સાથે પથારીમાં સૂતો. એક દિવસ એકાએક તે જાગી ઊઠ્યો અને ચારેતરફ જોયું તો પથારી ખાલી હતી.

'અમ્મા ! અમ્મા !' તેણે ધીમે અવાજે સાદ દીધો, પણ એનો જવાબ મળ્યો નહિ. ઓરડામાં ચોતરફ ખૂબ જ ગાઢ અંધારું હતું અને કેમ જાણે જીવતું-જાગતું હોય તેમ એની લપેટમાં બધું લઈ લીધું હતું. દૂર ખૂણામાં ધીમી પડેલી વાટવાળો ઝાંખો-તદ્દન ઝાંખો દીવો બળતો હતો, પણ એના ઝાંખા પ્રકાશથી અંધારાનો પાસ ઊલટો વધારે ઘેરો લાગતો હતો. આ જાતના ધૂંધળા પ્રકાશને લીધે ચિત્રવિચિત્ર આકારો ઊભા થતા હતા અને કેમ જાણે ઘરની દીવાલમાં ઘૂસી જતા હોય એમ અદૃશ્ય થતા હતા.

'અમ્મા ! અમ્મા !' મલેક ભયભીત બનીને બોલી ઊઠ્યો. એ વખતે જ ભોંય ઉપર સૂતેલું કોઇ સળવળ્યું ને પાસું ફેરવ્યું. એના અવાજથી મલેકની બીક હજારગણી વધી ગઇ. એને ઓઢવાનું ફગાવી દઇ પથારીમાંથી કૂદકો મારી નાસી જવાની ઇચ્છા થઇ ગઈ, પણ ભયનો માર્યો એ બેઠો જ થઈ શક્યો નહિ. એની આંખો બીકથી ફાટી ગઇ. 'અમ્મા ! અમ્મા ! ક્યાં છો તમે ?' કહેતો એ મોટેથી બોલી ઊઠ્યો. એનો સાદ ફાટી ગયો. એ રડી પડ્યો.

તુરત જ ભોંય ઉપર સૂતેલી વ્યક્તિ એકદમ બેઠી થઇ અને આંખો ચોળીને જોવા લાગી. પછી તુરત જ એ કાળો આકાર ઊભો થયો

અને મલેકની નજીક ગયો. પાસે આવતાં જ મલેકને એ વ્યક્તિનું રૂપ સ્પષ્ટ દેખાયું. એ કુલસુમ હતી. હવે એનો શ્વાસ હેઠો બેઠો. એણે છુટકારાનો દમ ખેંચ્યો.

'મલેકભાઇ, તમે શા સારૂ રડો છો ?' કુલસુમે પૂછ્યું.

પણ મલેક ભયથી એટલો જડસડ બની ગયો હતો કે એ શા માટે રડતો હતો એ વાત જ ભૂલી ગયેલો. હવે ફરીને એના હૃદયમાં દુઃખ ઊભરાઇ આવ્યું: 'અમ્મા કયાં છે ?' તેણે પૂછ્યું.

કુલસુમે એને આશ્વાસન આપતાં કહ્યું: 'છાના રહો, ભાઈ, એ તો આટલામાં કયાંક બહાર ગયાં હશે તે હમણાં પાછાં આવશે.'

પણ મલેકને કળ વળી નહિ. ફરીને એ રડતો રડતો બોલ્યો:

'કુલસુમ, મને બીક લાગે છે.'

કુલસુમે દીવાની વાટ ઉપર ચડાવીને દીવો સતેજ કર્યો. છતાંયે એનું અજવાળું ઝાંખું હતું અને ઓરડાને ભાગ્યે જ પ્રકાશિત બનાવતું હતું. ઓરડાનો અંધકાર થોડો ઓછો થયો, પણ પડછાયાના આકારો વધારે માયાવી બિહામણું રૂપ બતાવતા હતા.

'મલેકભાઇ, તમે તો મરદ કહેવાવ. ઓરત હોય એ ડરે, મરદ કોઇ દિવસ ડરે ?' કુલસુમે કહ્યું. છતાંય મલેકની બીક ઓછી થઇ નહિ. એ તો ચૂપચાપ કુલસુમની સાડીમાં માથું ભરાવી એને વળગી પડયો.

બીજી કેટલીક મિનિટો વીતી ગઇ છતાંયે આયશાનો કંઇ પત્તો લાગ્યો નહિ.

'અમ્માજાનને શું થયું હશે ?' કુલસુમ મનમાં ને મનમાં વિચાર કરવા લાગી. એના અવાજમાં ચિંતા અને દુઃખનો થડકાર આવી ગયો હતો.

મલેક પણ અત્યાર સુધી માંડ માંડ મનને રોકીને બેઠો હતો.

જેવી કુલસુમ પણ હિંમત હારી ગયેલી લાગી અને ચિંતા બતાવવા લાગી કે તુરત જ તેના પણ અત્યારસુધી રોકી રાખેલા લાગણીના બંધ તૂટી ગયા અને ધ્રુસકે ધ્રુસકે રડતાં તે બોલ્યો: ' મા, તમે ક્યાં છો ?'

કુસુમને પણ હવે જરા બીક લાગવા માંડી. છતાં મોં ઊપર મક્કમતા લાવી એ મલેકને હિંમત આપવા લાગી: ' મલેકભાઇ, તમે હવે મોટા છો, આવડો મોટો છોકરો તે વળી બચ્ચાની પેઠે રડતો હશે ! '

તેણે તેને પથારીમાં સુવાડી દેવા કોશિશ કરી, પણ એ તો એને વળગી રહ્યો. તેણે કુલસુમને ક્યાંય જવા દીધી નહિ.

' આ છોકરાથી તો ભાઇ તોબા ! ' મૂંઝાઈને તે ગણગણાટ કરવા લાગી પછી તરત જ બોલી: 'સારું, તારે મને આમ વળગવું જ હોય તો ચાલ તારી સાથે આવું.'

એટલું કહી તે દીવો હાથમાં લઈ બારણાં પાસે આવી. બારણાને અડતાં જ એ ઊઘડી ગયું. કોઇએ એનો આગળિયો પહેલેથી જ ઉઘાડી નાખ્યો હતો. તરત જ પ્રકાશ અંદર ધસી જવાને લીધે બધું ઝળાંઝળાં થઈ ગયું. કુલસુમના હાથમાં રહેલા માટીના કોડિયાના દીવાનો પ્રકાશ ઝાંખો દેખાવા લાગ્યો. ઊંચે માથા ઉપર ચંદ્રમા આકાશમાં વિહરતો હતો અને પોતાની શીળી ચાંદનીથી આકાશ અને પૃથ્વી બન્નેને ભરી દેતો હતો. ચંદ્રમા લગભગ પૂર્ણકળાએ પહોંચ્યો હતો. એની શીતળ ચાંદનીમાં ઝાડ અને ઘરો ચિત્રવત્ ભાસતાં હતાં.

કુલસુમે બીજી નોકરાણીને ઉઠાડી. બન્ને જણીઓ સાથે મળીને સામેના ઘેર ગઈ. ત્યાં બશીર ઓસરીમાં સાદડી પાથરીને સૂતો હતો.

' બશીર ચાચા, ઊઠો, ઊઠો ! ' કુલસુમે તેને જગાડતાં કહ્યું. [illegible] ઊંઘણશી હતો. તેને જગાડતાં ઠીકઠીક મહેનત કરવી

પડી. જ્યારે એને ખૂબ હડબડાવ્યો ત્યારે આંખો ચોળતો તે માંડ માંડ ઊઠ્યો ને એની ઊંઘમાં ખલેલ પડતાં ગુસ્સાથી ઘૂરકીને બોલ્યો:

'હવે અટાણે શું છે? રાતે ઊંઘતા હોઈએ તંઈયેય સખ પડવા દેતી નથી ?'

પણ કુલસુમે એને થોડા શબ્દોમાં આખી વાત સમજાવી દીધી. તેણે કહ્યું 'આચા, અમ્મા ઘરમાં નથી. ક્યાંક બહાર વહ્યાં ગયાં લાગે છે.'

આ સાંભળીને બશીર સફાળો કૂદીને એકદમ બેઠો થઈ ગયો. એનું ઊંઘણશીપણું એકદમ અદૃશ્ય થઈ ગયું ને સૌ આયશાની શોધ કરવા લાગ્યાં. તેઓ બધાં અંદરનાં અને બહારનાં મકાનના ઓરડે ઓરડે ફરી વળ્યાં ને ખૂણા-ખાંચરા જોઈ વળ્યાં. પણ ક્યાંય આયશાનો પત્તો લાગ્યો નહિ. મલેક ફરીને ડૂસકાં ખાવા લાગ્યો. ધીમે અને ભારે પગલે સૌ નદી-કિનારા તરફ ગયાં. ત્યાં જઈને જોયું તો નજુમિયાં જ્યાં નદીને કિનારે પાણીમાં પોતાની હોડી રાખતો હતો ત્યાં નદીની ભીની માટીને ગાલ અડાડીને આયશા પડી હતી.

હળવેક રહીને બશીરે તેને સ્પર્શ કર્યો અને પછી ઉદાસીન મુખ કરી ધીમે અને ભારે સ્વરે બોલ્યો:

'ખલાસ, અમ્મા મરી ગઈ!'

[૮]

નુરુ

મલેક ઘરના ફળિયામાં રમતો હતો. એની બધી જાહોજલાલી અદૃશ્ય થઈ ગઇ હતી, કારણ માલિક વિનાનું મકાન એ ધણી વિનાની વિધવા જેવું ચીંથરેહાલ બની જાય છે. નજુમિયાં અને આયશાનાં મૃત્યુને હજી તો માંડ છ મહિના વીત્યા હશે, એટલા વખતમાં તો મકાનનાં છાપરાં જર્જરિત થઈ ગયાં હતાં અને ફળિયું આખું ધૂળ ધૂળ થઇ ગયું હતું.

કુલસુમ જે ઓરડામાં કામ કરતી હતી ત્યાંથી ઊઠીને બહાર આવી, ને મલેકે કેમ જાણે તેને કવરાવી દીધી હોય એમ અવાજમાં કંટાળો લાવીને બોલી: ‘ તું હજી તડકામાં રખડે છે ને, મલેક ? ’

‘ હવે કયાં એવો તડકો છે ? ’ મલેકે માથું ધુણાવીને બેપરાઇથી જવાબ આપ્યો. એનાં વાંકડિયાં જુલ્ફાં ઝૂલી ઊઠયાં. કુલસુમને કેમ જાણે ચીડવવા માગતો હોય એમ આંખો નચાવતો એ મરક મરક હસી રહ્યો.

‘ હવે કયાં એવો તડકો છે ! ’ કુલસુમે એના ચાળા પાડયા ને ગંભીર થઇને બોલી ‘માંદો પડે ત્યારે હવે મને હેરાન કરતો નહિ. ’

‘ શું હું તને હેરાન કરું છું ? ’ મલેક સહજ ભાવે બોલી ઊઠયો. એ વખતે તે નિર્દોષતાની કેમ જાણે સાક્ષાત મૂર્તિ હોય એવો દેખાતો હતો.

કુલસુમ તો એની સામે જોઈને ખડખડાટ હસી પડી. 'લે સાંભળ આ છોકરાની વાત !' તેણે ઉતાવળથી દોડતી આવતી ગુલાબી તરફ ફરીને કહ્યું. કુલસુમ કરતાં એ ઘણાં વરસે મોટી હતી અને અત્યારે વયને અનુરૂપ, પાકટ અને થોડી ચીઢિયણ દેખાતી હતી.

'ઉભી ઉભી ખડખડ દાંત શું કાઢછ?' મશ્કરી પાછળનો મર્મ તે સમજી શકી નહિ અને કુલસુમે પણ કાંઇ સ્ફોટ પાડયો નહિ એટલે ગુલાબી ચિઢાઇને બોલી.

'હવે આ તારું મૂર્ખાઇભરેલું હસવું બંધ રાખ, બાઈ' ગુલાબી કેમ જાણે તમાચો ચોડતી હોય એમ બોલી. 'શું કયાંક વર બર ભાળી ગઇ છે, તે આટલી બધી ઊછળવા માંડી છો ?'

કુલસુમના ગાલ ઉપર શરમના શેરડા ફરી વળ્યા. એનું મુખ લાલ લાલ થઇ ગયું. એની ઉમર હજી પરણવા જેવડી જ હતી.

'તું તો આખો દિવસ વરનો જ વિચાર કરતી લાગે છે !' કુલસમ હસતાં હસતાં કેમ જાણે ઠપકો દેતી હોય એમ બોલી. 'એટલે વરની વાત કર્યા વિના મોઢું જ ઉઘડતું નથી. જંઈ હોય તંઇ બસ વર...વર ને વર. !'

'અને તું મોટી સાધુડી જાણે, એનો વિચાર જ નહિ કરતી હો, કેમ ?' ગુલાબીએ સામે ચોડયું.

કુલસુમ હસવા લાગી એટલે મલેક એની પાસે આવ્યો ને 'કુલસુમ તું શું કામ હસે છે ?' એમ બોલીને એની સોડમાં ભરાણો.

'જોને, મલેક પણ તને જ પસંદ કરે છે.' ગુલાબીએ ટાણો માર્યો.

'શું કામ પસંદ ન કરે ?' કુલસુમે સામું ચોડયું ને મલેકનો હાથ ખેંચી તેને બાજુના ઓરડામાં લઇ ગઇ.

મલેક ઉપર કોઇ થોડું વહાલ બતાવે ત્યાં સુધી ઠીક, પણ એને કોઇ ખૂબ ખૂબ ચુમીઓ ભરી મૂંઝવી દે એ તેને પસંદ નહોતું.

કુલસુમની બાથમાંથી તે માંડમાંડ છૂટ્યો ને ફળિયામાં જઈને પાછો રમવા લાગ્યો.

ફળિયાના એક ખૂણામાં ધૂળમાં પાણી નાખી તેણે ગારો બનાવ્યો હતો અને એ સુંવાળી ચીકણી માટીને ગુંદી ગુંદીને સરખી બનાવતો હતો. એની આસપાસ નાની નાની ઈંટો બનાવેલી પડી હતી. એને કોઈ પૂછે કે 'આ તું શું કરે છે?' તો તુરત જ એ ગંભીર થઈને જવાબ આપતો કે 'હું ઘર બનાવું છું.'

એટલામાં બશીર આવ્યો. અત્યારે તે મલેકનો પાલક અને વાલી હતો. કુલસુમ અને ગુલાબી ઘરનું કામકાજ કરતાં અને બશીર ખેતરમાં કામ કરતો. પણ ન તો બન્ને બાઈઓને સરખું ઘરનું કામકાજ ચલાવતાં આવડતું'તું કે ન બશીરને ખેતરનું કામકાજ સંભાળતા આવડતું'તું. એ બધાંને કામનો અને એ કરતાંયે કામની જવાબદારીનો બોજો લાગતો હતો. આખા ઘરમાં કોઈ બે-પરવાઈ અને બેફિકરાઈથી જીવતું હોય તો આ આઠ-દસ વરસની ઉંમરનો નાનો છોકરો મલેક.

આયશાના મૃત્યુ પછી લગભગ એક આખો મહિનો તેણે પોતાની બુઢ્ઢી અમ્મા પાછળ શોક કર્યા કર્યો. દિવસનો આખો વખત તો એ નવી નવી રમત-ગમતમાં ગૂંથાયેલો રહેતો છતાં ઘણીવાર રમતાં રમતાં વચ્ચેથી જ રમત પડતી મૂકીને ઘેર ચાલ્યો આવતો અને અમ્માની ભાળ કાઢવા લાગી જતો. ખૂણે ખૂણે ફરી વળ્યા પછી અમ્માને એ ક્યાંય ન જોતો ત્યારે તે એકાએક ગંભીર અને ઉદાસીન બની જતો પણ આ ઉદાસીનતા બહુ લાંબો સમય ટકતી નહિ અને વળી પાછો એ કોઈ ને કોઈ રમતમાં ચડી જતો.

પણ રાતની વાત જુદી હતી. સાંજ પડે ને આયશા રોજ તેને બેસીને વાળુ કરાવતી ને પછી પથારીમાં એ ઝોલાં ખાવા માંડે અને સૂઈ જાય ત્યાં સુધી એ વાર્તા કહી સંભળાવતી. રાત્રે જો કોઈ વાર

એ જાગી ઊઠતો તો અમ્મા બાજુમાં જ સૂતેલી હોય એટલે તરત જ બેઠી થઇને એની સંભાળ લેતી. પણ અત્યારે આ બધા લાડ-પ્યાર કરે એવી અમ્મા નહોતી. આથી તેની ખોટ એને ખૂબ જ સાલતી. ઘણીવાર એકલો બેઠો બેઠો બુઢ્ઢી માની પોતાને પડેલી ખોટના વિચારે જ એ ચડી જતો ને પાસે પડેલી ભોજનની થાળી એમ ને એમ પડી રહેતી. કુલસુમ એને ખવરાવવા માટે કોશિશ કરતીઃ સમજાવતી-પટાવતી; પણ એ ખાય જ નહિ ને થાળી આગળ બેઠો બેઠો રડયા જ કરે. સમજાવવા જતાં તો ઊલટાં હીબકાં વધતાં જ જાય અને કેમ જાણે એની છાતી ફાટી પડતી હોય એમ એ ક્યાંય સુધી રડયા જ કરતો ને રડતાં રડતાં આખરે થાકીને ખાધા-પીધા વિના જ સૂઇ જતો.

ધીમે ધીમે મલેકને રાતદિવસ કોરી રહેલી દુઃખ અને શોકની કાતિલ ધાર બુઠ્ઠી થઇ ગઈ અને થોડા વખતમાં એ કુલસુમની સાથે એની બુઢ્ઢી અમ્મા જેટલો જ હળી ગયો. કુલસુમ પણ એના ઉપર સગા દીકરાના જેટલું જ હેત રાખતી. તે વીસેક વરસની મનમોજી રંગીલી યુવતી હતી. પંદરમે વરસે એનું લગ્ન થયું હતું અને એકાદ વરસ ઘરવાસ ભોગવ્યો-ન ભોગવ્યો ત્યાં તો એનો ધણી ગુજરી ગયો —ત્યારથી એ નજુમિયાંના ઘરમાં રહેતી હતી, મુસલમાનની જાતમાં તો ફરી પરણવાનો બાદ નહિ, ને ઘણાએ તેની આગળ પરણવાની માગણી કરેલી, પણ અત્યાર સુધી તેણે કોઇને હા પાડી નહોતી.

બશીર ઘણી વખત મશ્કરીમાં કહેતોઃ 'ઘરમાં આ બિચારો નાનો છોકરો છે, પણ એની સંભાળ કોણ રાખે છે? હું તો સાઠ વરસનો બુઢ્ઢો થયો. મારો એક પગ અહીં ને બીજો કબરમાં છે. ક્યારે જાઉં —ન જાઉં એની કોને ખબર છે! બીજી આ જુવાન છોકરી! પણ એનો શો ભરોસો? ઘણાય જુવાન માણસો એને પરણવા આતુર છે. કો'ક દિવસ આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં જ કોઇ એને ભોળવીને ઉપાડી જશે. ત્યારે... બાકી રહી આ બુઢ્ઢી બાઈ. એને તો

દી ને રાત બધી ઘોર્યા કરવું છે. એ વખત ખાવામાંથી ને એ વખત ઊંઘવામાંથી પરવારે ત્યારે મલેકની સંભાળ રાખે ને ?'

ગુલાબી પણ ગાંજી જાય એમ નહોતી. તડાક દઇને એ સામું ચોડતી ને કહેતી: 'કબરમાં પગ પડયો છે એટલો બુઢ્ઢો થયો છતાંય અક્કલ જ ન આવી. આખો દિવસ ચકલીની પેઠે ચીં ચીં ને ફરર ફરર કર્યાં જ કરે છે!'

આ ત્રણેની વચ્ચે મલેકનો વખત એકંદરે આનંદમાં પસાર થતો, કારણ મલેકનો પ્રેમ જીતવામાં ત્રણે જણ એકબીજાની હરીફાઇ કરતાં

એક દિવસ બશીર એને માટે તીરકામઠું ને ભાથો ભરીને તીર લઇ આવ્યો. કામઠું ઊંચી જાતના લીલા વાંસમાંથી બનાવ્યું હતું, એટલે એના છેડા કે ધાર હાથને ઇજા કરે એમ નહોતું. અને તીર શણના છોડવાની સાંઠીમાંથી બનાવ્યાં હતાં.

મલેકના આનંદનો કોઈ પાર રહ્યો નહિ. પોતાની આ નવી મળેલી સંપત્તિનું પ્રદર્શન કરવા એ બહાર રખડવા નીકળી પડયો ને ઇર્ષ્યાળુ છોકરાઓનું ટોળું એની પાછળ પાછળ ફરવા લાગ્યું.

એમાંથી એક નાની છોડી આનંદથી તાળીઓ પાડીને કહેવા લાગી. 'પેલા વડના ઝાડ ઉપર ચામાચીડિયું ટિંગાય છે એને તું આંટી દે ખરો ?'

મલેકને આ બાબતમાં ખાતરી નહોતી પણ એ પોતાની નબળાઇ શા માટે બતાવે ?

'આંટી કેમ ન શકું ? જરૂર આંટીને હમણાં એને હેઠું પાડી દઉં, પણ મારે એમ કરવું નથી!'

સામુ નામનો એક તોફાની છોકરો હતો તે બોલી ઊઠયો 'કરવું નથી કે કરી શકે એમ નથી ?'

મલેક કેમ જાણે એની વાત સાંભળી જ ન હોય એવો ઢોંગ

ફરી ત્યાંથી ચાલી ગયો. પાછળ રહેલા છોકરાંઓના ટોળામાં બે ભાગ પડી ગયા. એક મલેકની તરફદારી કરનાર પક્ષ હતો તેનું કહેવું એમ હતું કે મલેક ધારે તો જરૂર ચામાચીડિયાને વીંધી નાખે, પણ બીચારાને અમસ્તું અમસ્તું મારવાનું એને ગમે નહિ એટલે એણે અજમાયશ ન કરી; જ્યારે બીજો પક્ષ સાબુ અને એના મિત્રોનો બનેલો હતો. એનું કહેવું એમ હતું કે તીર-કામઠામાં જ કાંઈ શુકરવાર નહોતો, ન તો તીરને તીક્ષ્ણ અણી હતી કે ન ધનુષ્યમાં એવી ગતિ હતી કે બાણને દૂર ફેંકી શકે.

પણ મલેકને તો પોતાના ધનુષ્યબાણનું ભારે અભિમાન હતું. પોતાને એ શૂરવીર માનતો હતો એટલે તે બોલ્યો: 'હું શેરે અલ્લાહ એટલે કે અલ્લાતાલા નો શેર અલી છું. અને હું તમારા સૌનો એકલે હાથે સામનો કરી શકું તેમ છું.'

છોકરાઓએ એના શબ્દોને સાચા માન્યા ને સૌ એકી સાથે ટોળાબંધ તેના ઊપર તૂટી પડયા. શરૂ શરૂમાં જાણે એ હસતાં હોય એમ રમત આદરી પણ હસવામાંથી ખસવું થઈ ગયું. સાબુ જે ઇર્ષ્યાથી સળગી ઉઠયો હતો તેણે આ તકનો બરાબર લાભ ઉઠાવ્યો અને રમત રમતમાં લડાઈનો ખેલ શરૂ થયો હતો તેને બદલે સાચી લડાઈ થઇ ગઈ. આવડા મોટા ટોળા સામે બીચારા મલેકનું શું ગજું ? છતાંયે એ તો ગંભીરતાથી એક પછી એક તીર ફેંકવા લાગ્યો પણ લગભગ તીર બબ્બે ને ચાર ચાર હાથ દૂર જતાં હતાં. આમ છતાં કોઇવાર એકાદ-બે વાગતાં તોપણ એ એટલા બુઠાં હતાં કે કશી જ ઇજા પહોંચાડયા સિવાય પડી જતાં.

'તમને મારું તીર અડે કે તરત તમારે પડી જવાનું છે.' મલેકે કહ્યું.

એના જવાબમાં સાબુએ એક તીર લઈ એને ગોઠણ ઉપર આડું રાખી તડ દઈને તોડી નાખ્યું.

મલેકથી આ જોવાયું નહિ.

'તેં શા માટે મારું તીર ભાંગી નાખ્યું ?' મલેકે બૂમ પાડીને કહ્યું અને ગુસ્સે થઇ તેના ઉપર કૂદી પડયો. સાબુ લડાઇ માટે તૈયાર જ હતો. થોડા વખતમાં જ હસવામાંથી ખસવું થઇ ગયું. અને રમત રમતમાં જે યુદ્ધ ચાલતું હતું તે સાચા યુદ્ધમાં પલટાઇ ગયું. બિચારો મલેક! તેણે પોતાનાં લગભગ બધાં જ બાણો ગુમાવ્યાં. સાબુએ હવે તેની પાસે માત્ર જે એક ધનુષ્ય બાકી રહ્યું હતું તે પણ એની પાસેથી ખૂંચવી લેવા પ્રયાસ કર્યો. મલેકે મજબૂત રીતે ધનુષ્યને પકડી રાખ્યું અને બન્ને વચ્ચે ખેંચાખેંચી ચાલી. બન્ને વચ્ચેની આ લડાઇ અસમાન હતી, કારણ અલ્લાનો શેર (સિંહ) મલેક બિચારો સાવ નાનો હતો અને દુશ્મન એનું યોગ્ય માન જાળવતો ન હતો.

અચાનક ધનુષ્ય તડાક દઇને તૂટી ગયું. મલેક આથી રોષે ભરાયો અને ઝનૂનપૂર્વક સાબુ ઉપર તૂટી પડયો. એના માથાના ઝંટિયાં ખેંચીને તોડી નાખ્યા અને ગુસ્સાના આવેશમાં બચકું ભરી લીધું. સાબુ પણ આ ઝનુની હુમલાથી સ્તબ્ધ બની ગયો, પણ એટલામાં બીજા એની મદદે દોડી આવ્યા. સૌએ મળીને મલેકને પછાડયો.

આમ થોડો વખત સુધી બન્ને પક્ષ વચ્ચે ધડાધડી અને લડાલડી ચાલ્યા કરી. છોકરાઓ થોડા વખતમાં જ કોણ દોસ્ત છે ને કોણ દુશ્મન છે એ વાત ભૂલી ગયા અને તેમને તો લડાઇમાં જ રસ પડવા લાગ્યો. આમ તેઓ થાક્યા ત્યાં સુધી દંગલ કર્યું.

છોકરાઓનાં શરીર ધૂળ ધૂળ થઈ ગયાં. કપડાં ફાટી ગયાં, પણ તેમનાં મુખ ઉપર લડાઈનો આનંદ તરવરતો હતો. છેવટે તેઓ છૂટા પડયા અને એકબીજાની બહાદુરીના પરસ્પર વખાણ કરતાં કરતાં ઘરે તરફ ચાલવા લાગ્યા.

'અરે, તું તો નાનો છો છતાં લડતાં સારી રીતે આવડે છે.' સાબુએ [illegible] કહ્યું.

'તું ક્યાં ઓછો ઊતરે એમ છે?' મલેકે સામો જવાબ વાળ્યો. એટલામાં એની નજર એના ભાંગેલા ધનુષ્ય ઉપર પડી. એની આંખોમાં આંસુ ઊભરાઇ આવ્યાં અને તેણે રૂંધાયેલા અવાજે કહ્યું: 'તેં શું કામ મારું કામઠું ભાંગી નાખ્યું?'

સાબુ જરા અસ્વસ્થ થયો. એ લાગણી છુપાવવા તે હસ્યો અને પગ આઘાપાછા કરી બોલ્યો: 'કામઠું કાંઇ જાણીજોઇને મેં થોડું ભાંગ્યું છે? એ તો આપણે બધા લડતા હતા એમાં ભાંગી ગયું.'

મલેક આંખમાં આવેલાં આંસુને રોકી શક્યો નહિ, છતાં પોતાના હરીફ આગળ રોતલ ન દેખાવા ખાતર એણે પ્રયત્નપૂર્વક રડવું દાબી રાખ્યું. મોં ઉપર ખોટી બહાદુરી ધારણ કરી તે હસ્યો ને બોલ્યો: 'કાંઇ વાંધો નહિ હવે. હું બીજું ધનુષ્ય બનાવી લઇશ અને બાણ પણ એવાં બનાવીશ કે જે સાચાં હોય અને જલદી ભાંગે નહિ.'

છોકરાંઓ બધા એની તરફ પ્રશંસાની નજરે જોઇ રહ્યા. એમને મન ધનુષ્ય એક સુંદર અને કીમતી ચીજ હતી. આવી ચીજ ગુમાવવા છતાં મલેકને કાંઇ થતું નથી. એ જોઈ મલેક તરફનું એમનું માન વધી ગયું.

બરાબર એ વખતે બશીર ત્યાં દોડતો આવી પહોંચ્યો. એની સાથે પેલી નાની છોકરી જેણે મલેકને ચામાચીડિયાને વીંધી નાખવા કહ્યું હતું, તે પણ દોડતી આવી. રમત–રમતમાં જ્યારે લડાઇ જામી પડી ત્યારે તે ખૂબ જ ગભરાઈ ગઈ અને દોડતી જઇ બશીરચાચાને ખબર આપી આવી.

બશીરે આવતાંવેંત જ સાબુને ધમકાવ્યો ને એના ગળાનો કોલર પકડી બોલ્યો: 'આવડો મોટો બાર વરસનો લડધો થઇને આ નાના છોકરા સાથે બાધતાં તને શરમ નથી આવતી?'

'હું ક્યાં પહેલો બાધવા ગ્યો'તો? પહેલવહેલાં મલેક મારી સાથે લડ્યો, પછી હું શું કરું?' સાબુએ વિરોધ દર્શાવતાં કહ્યું. પણ એના અવાજમાં જરાય દમ ન હતો અને એ સાવ ગભરાયેલો લાગતો હતો.

'ના, ના.' પેલી નાની છોકરીએ બૂમ મારીને કહ્યું. એની આંખો ને અવાજમાં ઉશ્કેરાટ હતો. 'મલેક તો બીચારો રમત રમવા માગતો'તો પણ સાબુએ એનું તીરકામઠું ભાંગી નાખ્યું પછી મલેક લડે નહિ તો શું કરે ?'

'હવે તું તારું પોતાનું સંભાળ ને ? બીજાના ભાણાની માખીયું ઉડાડવા શું કામ આવી છે ?' સાબુએ બૂમ મારીને કહ્યું અને એની સામે તિરસ્કારથી ડોળા ધુરકાવવા લાગ્યો.

'એય છોકરા ! એક તો લડી-કરીને હવે એને બીચારીને ડરાવવા નીકળ્યો છે ? ખબરદાર, એને કંઇ કર્યું છે તો !' બશીરે એને ફરી ધમકાવ્યો અને નાની છોકરીને ઊંચકીને તેડી લીધી ને વહાલથી એના માથા ઉપર હાથ ફેરવી બોલ્યો :

'બેટી, તારું નામ શું ?

'નૂરુ !' આટલુંયે જાણતા નથી એવો કેમ જાણે પ્રશ્ન કરતી હોય એવો આશ્ચર્યભાવ એની આંખમાં પ્રગટ થયો. એની બાલબુદ્ધિ પ્રમાણે નૂરુંને ન ઓળખે એવા વળી કોઇ માણસ હોઈ શકે એનું જ તેને આશ્ચર્ય થયું.

'નૂરુ ! વાહ, નામ તો ઘણું સુંદર છે !' બશીરે કહ્યું. 'મેં તને કયાંય જોઈ છે ખરી, મને યાદ તો આવતું નથી.'

'પણ અમે તો હજી થોડા વખતથી જ અહીં રહેવા આવ્યાં છીએ, એટલે તમે મને પહેલાં કયાંથી જોઈ હોય ? મારા બાપુ હજી ગયે મહિને જ અમને અહીં તેડી આવ્યા.'

'કોણ બાપુ ? એનું નામ શું, બેટી ?'

'લે...તમે મારા બાપુને પણ ઓળખતા નથી ?' તેણે જવાબ આપ્યો. એના બાપુને ન ઓળખે એવો પણ કોઇ માણસ છે એ વાત જ તેના માન્યામાં આવી નહિ અને આશ્ચર્યચકિત થઇને આંખો પહોળી કરીને એ બશીર સામે જોઈ રહી.

'નૂરુ અસગર મિયાંની દીકરી છે.' સાબુએ કહ્યું. બશીરનું ધ્યાન એના ઉપરથી ખસી ગયું એથી મનમાં તે ખુશ થયો અને નિરાંત અનુભવવા લાગ્યો.

'હં...ત્યારે તું અસગરમિયાંની દીકરી...ખરું? અમને તો ખબર જ નહિ કે અસગરમિયાંને વળી દીકરી છે!' બશીરે કહ્યું અને પછી છોકરીને બદલે જેમ જાણે પોતાના મન સાથે જ વાત કરતો હોય તેમ ધીમેથી બોલ્યો. 'એની શાદી થઈ છે એ વાત પણ અમે તો જાણતા નહોતા!'

'હા હા, એની શાદી થઇ ગઇ છે.' સાબુએ ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો. મેં એની વહુને જોઇ છે. બહુ જ રૂપાળી છે. આખા ગામમાં એના જેવું રૂપાળું બીજું કોઇ નથી.'

'ભારે નવાઇ કહેવાય!' બશીર પોતાના મન સાથે વાત કરવા લાગ્યો. 'અસગરમિયાં પરણેલો છે, એને ત્યાં વહુ હોય–સુંદર વહુ હોય, અને આટલા બધા વખતથી એક ગામમાં રહેવા છતાં એને વિષે અમે તો કદી સાંભળ્યું પણ ન હોય એ ભારે નવાઈ કહેવાય! પણ અસગરમિયાં ઘણો ઉંડો ને મૂંગો માણસ! એના પેટની વાત જલદી બહાર આવે નહિ. વરસોનાં વરસ સુધી એ વાતને સંતાડી રાખે એવો છે!'

પછી એકાએક મલેક તરફ ફરીને બોલ્યો: 'કેમ, તને કાંઇ વાગ્યું –બાગ્યું તો નથી ને?'

'ના, બશીરચાચા!' મલેકે જવાબ આપ્યો. અને પછી શરમાતાં શરમાતાં છતાં આતુરતાભર્યા અવાજે કહ્યું: 'તમે મને હવે બીજું તીરકામઠું બનાવી દેશો? હવે હું એવું ધ્યાન રાખીશ કે ફરી વાર તૂટે નહિ. પણ આજુબેલે સાચાં તીર બનાવી આપજો, હો!'

'સારું, સારું, બેટા!' બશીરે કહ્યું અને પછી તે મલેકને ખભા ઉપર બેસારી ચાલતો થયો.



[૯]

પ્રેમનું બીજ

'મલેક, ઓ મલેક, ક્યાં છો તું?' કુલસુમે બૂમ મારી.

જવાબમાં ઝાડ ઉપરથી ખડખડાટ હસવાનો અવાજ સંભળાયો. ડોકું તાણી તાણીને તેણે નજર નાખીને જોયું તો મલેક ઝાડની ટંગલીની ટોચે દેખાયો.

'અરે, તને કંઇ ભાન-બાન છે કે નહિ?' કુલસુમે બૂમ મારી. 'ક્યાં જાતો ભેપડે ભરાણો! આ ખજૂરીના ઝાડ ઉપર ચડ્યો છે તે ખબર નથી કે એમાં કાંટા હોય! ડિલ ઉપર બધે ઉઝરડા થઇ જશે.'

જવાબમાં ફરીને એનું એ ખડખડાટ કરતું હાસ્ય સંભળાયું અને સાથે જ તડ દઇને એક પાકેલું ખલેલું એના નાક ઉપર વાગ્યું.

'ઊભો રે'! નીચે ઊતર, પછી તારી ખબર લઇ નાખું! ક્યારની મલેક મલેક કરું છું તે દાદ દેતો નથી ને ઉપરથી ખલેલાં મારે છે?' કુલસમે બૂમ મારી. પણ એના અવાજમાં ગુસ્સાને બદલે ખુશી હતી.

જવાબમાં વળી ખજૂરાંનો વરસાદ વરસ્યો, એમાંથી થોડાં લાલ અને પાકાં મીઠાં હતાં, બાકી બધાં કાચાંપાકાં હતાં. કુલસમે એમાંથી બે-ચાર સારાં સારાં મોઢામાં મૂક્યાં ને પછી મોં ગંભીર બનાવીને બોલી: 'ભલે ત્યારે, તને ફાવે ત્યાં સુધી હવે વાંદરાની પેઠે ન્યાં ને ન્યાં [illegible] ચાલી!'

એટલું કહી તેણે ઊટકેલાં ઠામવાસણ એકઠાં કર્યાં. નદીકાંઠે એ વાસી ઠામ-વાસણ માંજવા આવી હતી. નદીની રેતી માટી સાથે મળીને એવી કરકરી થયેલ કે એનાથી વાસણો બહુ સરસ મંજાઇને સોના જેવાં ચકચકિત થઇ જતાં. મલેક એની સાથે આવ્યો હતો અને કુલસમ કામમાં પડી હતી ત્યારે એ કોણ જાણે ક્યારેય ત્યાંથી સરકી ગયો અને બાજુમાં કિનારા ઉપર ઊગેલા ખજૂરીના ઝાડ ઉપર ચડી ગયો.

કુલસુમ ધીમેથી ઊભી થઇ અને વાસણો બધાં એકઠાં કરવા લાગી. વાટકા-છાલિયાં વગેરે તેણે નાના-મોટા કદ પ્રમાણે એકની અંદર બીજું એમ નાખીને ગોઠવી દીધાં, પછી ચોખ્ખા પાણીથી ગાગર ભરીને કેડ ઉપર મૂકી, અને માથા ઉપર હાંડો ને હાંડા ઉપર ઠામ-વાસણ અદ્ધરપદ્ધર મૂકયાં.

'શાબાશ, શાબાશ!' મલેક ઝાડ ઉપરથી મોટેથી બોલ્યો ને તાળીઓ પાડવા લાગ્યો.

કુલસુમ જાણે કાંઇ બનતું જ ન હોય તેમ મલેક તરફ નજર કર્યા સિવાય ઘાટનાં પગથિયાં ચઢી ઘર તરફ જવા લાગી. મલેકને હવે બાજી હારી જવા જેવું લાગ્યું અને હવે શું કરવું તેની સમજણ ન પડતાં મૂંઝાયો. એવામાં અચાનક એને એક વિચાર સૂઝી આવ્યો. અને તોફાની આંખો નચાવતો તે હસવા લાગ્યો. સડેડાટ કરતો તે ઝાડ ઉપરથી ઊતરી ગયો અને કુલસુમ પાછળ દોડયો. એની પાસે પહોંચતાં જ તેણે તેના પગ પકડી લીધા અને જોરથી એને બાઝી પડયો.

'હવે તારામાં જવાની તાકાત હોય તો જા જોઇએ.' તે એની સામે વિજયભરી દૃષ્ટિ ફેંકીને બોલ્યો અને ખડખડ હસવા લાગ્યો.

કુલસુમના બંને હાથ રોકાયેલા હતા. એક હાથે તેણે ગાગર ઉપાડી હતી અને બીજે હાથ માથા ઉપરનાં હાંડા અને ઠામ-વાસણ ઉપર હતો.

'જો મારો વા'લો કરું, મને જવા દે, ભાઈ!' મુખ ઉપર હાસ્ય લાવીને તે મલેકને સમજાવવા–પટાવવા લાગી.

'હવે સાંપટમાં આવી ત્યારે કેમ ઢીલી પડી? તો પછી પહેલાં અને શું કામ ધમકાવતી'તી?

'મારી ભૂલ થઈ, મારા વા'લા, પણ હવે માફ કર!'

'પહેલાં વચન આપ કે હવે ફરીથી એવું નહિ કરું.'

'લે વચન આપું છું. બસ!' કુલસુમે હસતાં હસતાં કહ્યું 'હવે તો પિંડ છોડ!'

'એમ એક વખત કહ્યે ન ચાલે. ત્રણ વખત કહેવું પડશે!' છોકરાએ ગંભીર બનીને કહ્યું.

'ભલે, હું ફરી એવું નહિ કરું, નહિ કરૂં, નહિ કરૂં, બસ?' તે હસતી હસતી બોલી. 'હવે તો મને જવા દે.' મલેકે કુલસુમના પગ છૂટા કરી દીધા અને એની બાજુમાં ચાલતો ઘર તરફ જવા લાગ્યો.

સાબુ ક્યારનો ફળિયામાં એની રાહ જોતો બેઠો હતો. મલેક જેવો દેખાયો કે તુરત જ અધીરા થઈને એણે મોટેથી બૂમ મારી કહ્યું: અત્યાર સુધી ક્યાં હતો?'

મલેક એકદમ દોડતો દોડતો પાસે આવ્યો ને બોલ્યો: 'કેમ, શું છે?'

સાબુ એનો હાથ પકડીને બોલ્યો: 'ચાલ.'

'ક્યાં?' મલેકે એને પૂછ્યું.

'ચાલ, પછી તને કહું છું.' સાબુએ ભેદભરમ ખુલ્લો કર્યા સિવાય જવાબ આપ્યો ને એનો હાથ ખેંચી આગળ લઈ જવા લાગ્યો.

મલેક મૂંઝાયો. શું કરવું તે થોડીવાર તેને સૂઝ્યું નહિ પણ પછી બીજી જ પળે કુલસુમને બૂમ મારીને કહ્યું: 'હું જાઉં છું.'

ને તે સાબુ પાછળ દોડી ગયો.

કુલસુમે બૂમ મારીને પૂછ્યું: 'વળી પાછો ક્યાં ચાલ્યો? એક વાર શિરાવીને પછી......'

પણ સાંભળે જ કોણ? મલેક તો ક્યારનો અદૃશ્ય થઇ ગયો હતો.

'હવે આવા છોકરાનું શું કરવું?' તે અર્ધું મોટેથી ને અર્ધું મનમાં ગણગણવા લાગી. 'આખો દિવસ જંપ વાળીને બેસતો નથી ને બીજાને પણ અદ્ધર પગે રાખે છે.'

ગુલાબીએ રસોડામાંથી ડોકું બહાર કાઢ્યું: 'એ રૂપાળી વહુ! આ શાનો ગણગણાટ ચાલે છે?'

કુલસુમના મનમાં ગુસ્સો હોવા છતાં એનાથી હસી પડાયું. 'તારી જીભ ભારે મોટી છે. ઘેર આવી કે તરત જ લવલવાટ કરવા લાગી!'

'મારી જીભની પછી વાત કર, પણ પહેલાં હું પૂછું એનો જવાબ દે.' ગુલાબીએ સામું ચોડયું.

'હું એમ કહેતી'તી કે મલેક એવો ઉત્પાતિયો જીવ છે કે એનો ટાંટિયો ઘરમાં કદી ટકતો જ નથી.'

'શું વળી પાછું તારા બાળ વરરાજા સાથે ઝઘડી! હું તને ફરી કહું છું, કુલસુમ, હવે જલદી વર પસંદ કરીને શાદી કરી નાખ, નહિ તો પછી સાવ ફૂટેલ હાંડલા જેવી થઈ જાઇશ.'

'તું મારા કરતાં મોટી છો. તું શાદી ન કરે ત્યાં સુધી હું કેવી રીતે કરી શકું?' કુલસુમ હસવા લાગી. 'તું મારી વડીલ છો. એટલે મારે તો તારી પાછળ પાછળ જ ચાલવું જોઇએ!'

'તારે તો છાશ લેવા જાવું ને વળી દોણી સંતાડવી—એ કંઇ કામ આવે? મનમાં પરણવાના કોડ છે ને મોઢેથી બોલાતું નથી. શરમે ગાભણાં શું કામ થવું? એથી તો પરણવાની ભૂખ ઊલટી વધશે. એવી ખોટી શરમ રાખવાથી ફાયદો શું?'

'હું પણ તને એ જ વાત કહું છું, મારી વા'લી બાઇ!'

કુલસુમે સામું તીર છોડ્યું ને ખિલખિલાટ કરતી તોફાન-મશ્કરી કરવા લાગી.

'હવે આ તારા વેખલવેડા બંધ કર ને કંઇક કામ કર.' ગુલાબી થાળી-હારી બડબડતી રસોડામાં ચાલી ગઇ.

કુલસુમ પણ હસતી હસતી એની પાછળ રસોડામાં ગઇ.

સાબુએ જ્યાંસુધી તેઓ બન્ને ઘરથી સાવ દૂર નીકળી ગયા નહિ ત્યાં સુધી મલેકનો હાથ છોડ્યો નહિ. એટલામાં જ એક આંબાનું ઝાડ હતું. એ એટલું નીચું હતું કે ગામના છોકરાને એની ફંટાયેલી ડાળીઓ ઉપર બેસવાની ને હીંચકા ખાવાની ખૂબ મજા પડતી. સાબુ મલેકને ત્યાં લઇ ગયો અને ડાળી ઉપર બેસીને એને પોતાની આખી યોજના સમજાવવા લાગ્યો :

'જો, આપણને એક હોડી મળી છે.' ઉત્તેજિત થઇને તેણે મલેકને કાનમાં કહ્યું. જોકે બાજુમાં કોઇ હતું નહિ ને કાનમાં કહેવાની જરૂર નહોતી, છતાં વાત ખાનગી છે એનું મહત્ત્વ સમજાવવા બહુ જ ધીમેથી મલેકને કહ્યું અને એટલી વાત એના મગજમાં બેસારવા તે થોડી વાર ચૂપ રહ્યો.

'હં.' મલેકે કહ્યું અને આગળ શું કહે છે તેની રાહ જોવા લાગ્યો.

'આપણે બધાય હોડીમાં બેસી હલેસાં મારીને આગળ જશું ને પછી ના'શું. તને તરતાં આવડે છે?' મલેક સામે તેણે પ્રશ્નનું તીર ફેંક્યું.

'જરૂર, તરતાં કેમ ન આવડે? મને બહુ જ સરસ તરતાં આવડે છે.' મલેકે મોટાઇ બતાવી કહ્યું.

'સારું, તો ચાલો આપણે જઇએ.' સાબુએ કહ્યું. 'બીજા બધા છોકરા ઘાટ આગળ આપણી વાટ જોઇને જ ઊભા છે. જો આપણે વાર લગાડશું તો પછી એ આપણે માટે વધારે રાહ જોયા સિવાય ઊપડી જશે.'

'હોડી કોની છે?' મલેકે પૂછ્યું.

'અલ્લા જાણે કોની છે તે? ગમે તેની હોય, આપણે એની શી પરવા છે?' સાબુએ તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યું. 'ઘાટ ઉપર કોઇ નથી. આદમી બધાય 'હાટ'માં ખરીદી કરવા ગયા છે ને બૈરાંઓ રાંધવામાં પડયાં છે. આવો સુંદર મોકો મળી ગયો છે એટલે ખૂબ લહેર પડશે!'

'પણ ધાર કે હોડીનો માલિક આવી ચડે તો?' મલેકે અચકાતાં અચકાતાં પૂછયું.

'એટલે તો ઉતાવળ કરવાનું કહું છું.' સાબુએ અધીર થઇને કહ્યું: 'એક વખત હોડી લઇને થોડા આઘે નીકળી ગયા પછી ભલેને એટો પાછળ વહી આવે? પછી તો પકડાઇએ ત્યારેને! ઘાટ ઉપર એ એક જ નાની હોડી છે. બાકી બધીય એવડી મોટી છે કે એને ચલાવવા ઓછામાં ઓછા છ માણસ જોઇએ.'

'મારા બાપુ તો મને રોજ એમ જ કહેતા કે આપણે બીજાની હોડી કદી લેવી નહિ. વળી આપણા ઘાટ ઉપર જે હોડીઓ છે એ તો એવડી બધી મોટી છે કે આપણાથી એ ચલાવી શકાય જ નહિ.' મલેકને એના બાપની યાદ આવતાં જ એની આખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'તું તો સાવ બબુચક છે.' સાબુએ કહ્યું. 'બાપા તો ઘણીય વાત કરે. એ બધીય થોડી કબૂલી લેવાની હોય! એ લોકો જેટલું બોલે છે એ બધુંય પાળે છે ખરા? અરે, તારા બાપાય આપણા જેવડા હશે ત્યારે બીજાની હોડીયું લઇને ભાગી જતા હશે.'

'મારા બાપુએ કદી ખોટી વસ્તુ કરી જ ન હોય.' મલેકે ઘૂંધવાઇને ભારપૂર્વક કહ્યું. પિતાની યાદ તાજી થતાં એને દુઃખ થતું હતું, પણ એ તેણે સાબુને જણાવા દીધું નહિ.

'હવે તને તારા બાપુ વિષે બહુ ખબર!' સાબુએ તડાક દઈને એના મોઢા ઉપર ચોડયું.

મલેકનો ગુસ્સો એકદમ ભભૂકી ઊઠયો અને બોલ્યો: 'જો તું મારા બાપુ વિષે હવે એક પણ શબ્દ વધારે બોલીશ તો મારે ને તારે બનશે નહિ ને હું તારી સાથે ફરી કદી વાત પણ નહિ કરું.'

એનું મન એટલું ભારે થઇ ગયું હતું કે એને થયું કે જો એ ગુસ્સે થઇને હૈયાની વરાળ બહાર કાઢી નહિ નાખે તો કદાચ હમણાં જ રડી પડશે.

સાબુને ખરેખર આશ્ચર્ય થયું: 'પણ આ શું મલેક, મેં તો તારા બાપુ વિરુદ્ધ એક શબ્દ પણ કહ્યો નથી. મારો એવો ઈરાદો પણ હતો નહિ. મારે એની વિરુદ્ધ શા માટે બોલવું જોઇએ? તારા બાપુ તો ઘણા સારા માણસ હતા. ઊંચા પડછંદ મજબૂત અને બળવાન, વળી એક વખત તેણે મને શેરડીનો સાંઠો ખાવા આપ્યો હતો એ બધું હું ભૂલી જાઉં...'

મલેકની સહનશીલતાની હદ આવી ગઈ. અત્યાર સુધી મહાપરાણે રોકી રાખેલા રુદનના બંધ છૂટી ગયા. તેની આંખમાં આંસુ આવી ગયાં. રડતો રડતો તે ત્યાંથી ભાગ્યો.

સાબુને ખૂબ જ નવાઇ લાગી. થોડી વખત એ મલેકને જતો એકીટશે જોઈ રહ્યો. પછી એકદમ તેની પાછળ દોડયો. થોડીવારમાં જ એ મલેકને આંબી ગયો ને મલેકના ગળામાં હાથ નાખી બોલ્યો:

'કેમ મલેક, તને શું થયું છે? તું આમ શા માટે રડે છે?'

'ના ના, હું કયાં રડું છું?' મલેકે કહ્યું અને સાથે જ એનાથી ડૂસકું ભરાઈ ગયું. 'કોણે કહ્યું રડું છું?' તેણે તુરત જ પહેરણની બાંય વતી આંસુ લૂછી નાખ્યાં ને ગુસ્સાભરી નજરે સાબુ તરફ તાકી રહ્યો.

સાબુ સ્તબ્ધ બની ગયો. મલેક આમ કેમ કરે છે એની તેને સમજણ પડી નહિ. પોતે તો એને માઠું લાગે એવું કશું કર્યું નથી તો પછી એ શા માટે ગુસ્સે થયો હશે અને આમ એકાએક શા માટે ભાગી ગયો હશે ?

આમ વિચાર કરતો હતો ત્યાં અચાનક તેને હોડી યાદ આવી ગઈ. તે આશ્ચર્યથી એટલો બધો સ્તબ્ધ બની ગયો હતો કે હોડીની વાત જ સાવ ભૂલી ગયેલો. મનમાંથી બધા વિચારો ખંખેરીને તેણે મલેકને કહ્યું: ' તારે હોડીમાં બેસવા આવવું છે કે નહિ ? આવવું હોય તો આવ, નહિ તો હવે હું વધારે વખત થોભીશ નહિ.'

મલેકના મનમાં ખેંચતાણ ચાલી. એક બાજુ હોડીમાં જવાની ઇચ્છા થતી હતી, બીજી બાજુ એના બાપુની પારકી હોડીમાં ન બેસવાની શિખામણ યાદ આવતી હતી. તેના મનમાં વિચાર આવતો હતો કે પોતે જો હોડીમાં જશે તો એના બાપુ જે મરી ગયા છે એ ગુસ્સે થશે અને પોતે જો નહિ જાય તો પણ બીજા તો જવાના જ અને પોતે અત્યાર સુધી બધાની નજરમાં મોટો શૂરવીર ગણાય છે એ પછી નહિ ગણાય.

આ વિચારની ગડમથલમાં તેણે ગંભીરતાથી સાબુ સામું જોયું અને ચુપચાપ ઉભો રહ્યો.

' ચાલ હવે જે નક્કી કરવું હોય તે જલદી નક્કી કર ' સાબુએ તેના વિચારને ધક્કો માર્યો.

'ચાલો આપણે એક વાર ઘાટે તો જઈએ; ત્યાં પછી નક્કી કરીશું' અત્યારથી કોઈ પણ પ્રકારનો નિર્ણયાત્મક જવાબ આપ્યા સિવાય મલેકે કહ્યું.

અને આ જવાબ આપતાં એના મન ઉપરથી બોજો ઊતરી ગયો કારણ, કંઈ નહિ તોયે હોડીમાં જવાનો નિર્ણય કરવાનું થોડા વખત પૂરતું તો મુલતવી રહ્યું. હવે પોતે સાફ દિલથી નદી-કિનારે જઈ

શકે એવું હતું. કારણ પોતાના બાપુએ તો ફક્ત બીજાની હોડીમાં નહિ જવાનું કહેલું કંઇ નદીએ જવાની ના નહિ પાડેલી.

સાબુ એના તરફ શંકાભરી દૃષ્ટિએ જોઈ રહ્યો. પણ એ કંઈ બોલ્યો નહિ. ચુપચાપ તે ઘાટ તરફ રવાના થયો અને મલેક પણ એની પાછળ ચાલવા લાગ્યો.

થોડીવારમાં જ ખિલખિલાટ હસવાના અને મસ્તીભર્યા અવાજે વાતાવરણની શાંતિમાં ભંગાણ પાડ્યું. છોકરાઓએ એ દિશામાં નજર નાખી જોયું.

'અરે, એ તો તુરુ છે!' સાબુએ બેદરકારીથી કહ્યું.

'હા, એ તો તુરુ છે.' તુરુએ એના ચાળા પાડયા અને ખિલખિલ કરતી હસવા લાગી. મલેકને ખૂબ મજા પડી. તેણે પૂછયું: 'તું આટલું બધું કેમ હસે છે?'

'હું શું કામ ન હસું?' તેણે ફરી ચાળા પાડયા ને વધુ ને વધુ ખિલખિલાટ કરવા લાગી.

છોકરીઓ સાવ મૂરખ હોય છે, વેખલની પેઠે ખડખડ હસવા સિવાય કંઇ ધંધો જ નથી હોતો!' સાબુએ ટીકા કરી અને ધીમે પગલે નદી તરફ જવા લાગ્યો.

મલેકે ત્રાંસી આંખે તુરુ તરફ જોયું. સાબુની આકરી ટીકાએ કેમ જાણે કશી જ અસર કરી ન હોય તેમ તે પહેલાંની પેઠે હજી ખુશમિજાજમાં જ હતી ને હાસ્યની છોળ ઉડાવી લીધા પછી તે તુરત જ બોલી: 'અને છોકરાઓ જંગલી જાનવર જેવા હોય છે.'

'એમ કેમ બોલે છે?' મલેકને માઠું લાગ્યું હોય એવું મુખ કરીને ઘવાયેલા સ્વરે બોલ્યો.

'પણ એમ કેમ ન બોલું?' તેણે હજી એવા ને એવા ખુશમિજાજમાં જ જવાબ આપ્યો અને જોરથી હસવા લાગી.

'તું અહીંયા શી રીતે આવી? વચ્ચે તો આડી નહેર આવે છે ને?' મલેકે વાતનો વિષય બદલીને કહ્યું.

'પણ નહેર તો ખાલીખમ છે. એમાં પાણી સાવ સુકાઇ ગયાં છે એટલીયે ખબર નથી?' તુરુએ આશ્ચર્યચકિત થઇને જવાબ આપ્યો.

'એ તો કાંઈ જાણતો નથી. સાબુએ ગંભીરતાથી કહ્યું.

'અને તું બધું જાણતો હોઇશ, નહિ કે?' મલેક જવાબ આપે એ પહેલાં જ તુરુએ તડ દઇને સામે ચોડી દીધું.

મલેકને થોડું દુઃખ થયું. છતાં તુરુ તરફ એ આભારની લાગણીથી જોઈ રહ્યો. પછી સાબુ તરફ ગુસ્સાભરી નજર ફેંકીને બોલ્યોઃ 'હવે ફરીવાર મારે વિષે બોલ જોઇ, એટલે હમણાં તને બતાવી આપું.'

સાબુએ એના ગુસ્સાને લક્ષ્યમાં લીધો નહિ. 'નકામો ગુસ્સે ન થા.' તેણે કહ્યું ને પછી તુરુ તરફ ફરીને બોલ્યો.

'કેમ, તારે અમારી સાથે આવવું છે?'

'ક્યાં?' તુરુએ આશ્ચર્ય પામીને પૂછ્યું.

'અમે એક હોડી હાથ કરી છે.' સાબુ સહજ રીતે અવાજ ધીમો કરીને બોલ્યો. 'અને અમે સૌ નદીમાં સહેલગાહ કરવા ઊપડીએ છીએ. થોડીવાર હોડીમાં બેસીને ગમ્મત કરશું અને પછી આ વચ્ચે નવો ઘાટ બંધાયો છે ને, ત્યાં જઇને નાહીશું.'

'પણ નદીમાં મગર હશે તો?' તુરુએ પોતાની વ્યવહારદક્ષ દૃષ્ટિથી પૂછ્યું.

'હવે એવા મગર-બગરની કોણ પરવા કરે તેમ છે!' સાબુએ તિરસ્કારપૂર્વક કહ્યું.

મલેક ક્યારનો ઊંચોનીચો થતો હતો. પોતાને જવું કે નહિ એની ગડમથલમાં હતો. જવાની એની ઇચ્છા હતી, પણ એના બાપુના શબ્દો યાદ આવતાં જ જવાનું એ માંડી

વાળતો. આમ છતાં સાબુ હોડીમાં સફર કરે, નદીના નવા ઘાટે નાહ્ય અને પછી છોકરાઓમાં બડાશ હાંકતો ફરે ને એનાં માનપાન વધી જાય એ વિચાર તેને ગમતો ન હતો. એ હજી આ બધા ખ્યાલોની ગડમથલમાં હતો એવામાં મગરની વાત નીકળતાં જ એ એકાએક બોલી ઊઠ્યો:

'અરે મેં પોતે એક વખત મગર માર્યો હતો.'

'હવે જા જા, તેં મગર માર્યો હતો?' સાબુ એની વાત માની શકતો ન હોય એ રીતે ગરગરાટ કરીને બોલ્યો. 'હજી હોડીમાં બેસીને હલેસાં મારવાની તો તારી હિંમત ચાલતી નથી ને મગર માર્યાની ખોટી બડાશ હાંકે છે? ભાઈ, વાહ!' તેણે તિરસ્કારથી કહ્યું.

'મારામાં હિંમત છે કે નહિ તેની તને બહુ ખબર?' મલેક ગુસ્સે થઈને જવાબ આપ્યો.

બન્ને જણ વાતવાતમાં લડી પડત; પણ નુરુ વચ્ચે પડી.

'આમ એકબીજા સામે નકામા ઘૂરકો છો શા માટે?' તેણે કહ્યું. 'છોકરાઓ આખો દિવસ અંદરો અંદર લડાઇ ઝઘડા કર્યા કરે એ મને ગમતું નથી.'

'તારામાં લડવાની તેવડ નથી એટલે તને ક્યાંથી ગમે?' સાબુ એની વાત અધવચ્ચેથી કાપતાં બોલ્યો, પણ નુરુએ એના કહેવા તરફ લક્ષ્ય આપ્યું નહિ. ને મલેકને ઉદ્દેશીને કહ્યું: 'હં મલેક, પછી મગરને તેં કેવી રીતે માર્યો. ક્યારે માર્યો એની વાત કર.'

પછી સાબુ તરફ જોઇને મધુર હાસ્ય વેરીને બોલી 'મલેકના પરાક્રમની વાત પહેલાં સાંભળી લેવા દે, પછી તારો વારો.'

મલેક એકદમ પ્રફુલ્લિત બની ગયો. તેણે વાત કહેવા માંડી. 'આજથી લગભગ એકાદ વરસ પહેલાં શિયાળામાં મેં મગર મારેલો.'

'પણ તેં જાતે કંઇ મગર માર્યો નહોતો.' સાબુએ વચ્ચે પડીને

તીણા સ્વરે કહ્યું: 'હું આખી વાત જાણું છું એટલે કહું છું કે તેં પોતે તો માર્યો જ નથી.'

નુરૂએ એના તરફ ગુસ્સાભરી નજર કરી.

મલેકે જવાબ આપ્યો: 'મગરને પોતે જાતેજ માર્યો નથી એ વાત ખરી, પણ સૌથી પહેલાં દોર નાખનાર ને આંકડામાં સપડાવનાર તો હું જ ને? હું પોતે જ મારી નાખત ને ખેંચીને બહાર કાઢત, પણ મારા બાપુએ મને એમ કરવા ન દીધું ને પોતે ભાલાથી એને વીંધી નાખ્યો.'

સાબુએ વચ્ચેથી એની વાત તોડી નાખતાં કહ્યું: 'મગરને કડી નાખીને પકડવો અને એને મારી નાખવો એ વચ્ચે લાખ ગાડાંનો ફેર છે.'

'બહુ સારું, સબુ, તું મોટો શૂરવીર, તું મોટો બહાદુર, બસ!' નુરુએ ટાઢે કોઠે જવાબ આપ્યો. 'હવે મૂકો એ વાત, આ ઘાટ આવી ગયો. સબુ, તારી હોડી કયાં?'

સબુને જવાબ આપવાની જરૂર ન રહી, ઘાટ ઉપર ફક્ત એક જ નાની હોડી હતી ત્યાંથી છોકરાઓની એકસામટી બૂમ સંભળાણી. સાતથી દસ વરસની ઉંમરના લગભગ છ–સાત છોકરાઓએ હોડીનો કબજો લીધો હતો. અને આજે તેમણે રંગત જમાવી હતી. બધાય છોકરા માથા સુધી પાણીથી ભીંજાયા હતા. અને તેમનાં ફાટલતૂટલ લૂગડામાંથી પાણી નીતરતું હતું. કેટલાક હોડીમાં બેઠા હતા તો બીજા કેટલાક હોડીનો કાંઠો ઝાલી પાણીમાં પગ હલાવતા હતા. ચારેબાજુ પાણી ઉડાડતા હતા. અને એકબીજાને ધક્કા મુકી કરતા પાણીમાં ગળકાં ખવરાવતા રમતા હતા. કેટલાક સાહસિક અને હિંમતબાજ છોકરાઓ વળી ઊંડી ડૂબકી ખાઇ છેક નદીને તળિયે પહોંચી જતા અને ત્યાંથી કાદવ-મટોડી લાવી બીજા છોકરાંઓ ઉપર છાંટતા હતા. એમનાં શરીર અને મોઢાં ઉપર કાદવનું ચિતરામણ થઇ ગયું હતું

અને ગૂંચળાવાળા વાળમાં ભીની માટી ચોંટી ગઈ હતી. એથી તેઓ સૌ હનુમાનજીના નાના ભાઇ જેવા લાગતા હતા. પણ જેમ જેમ તેઓ ધૂળ–કાદવથી ખરડાતા હતા તેમ તેમ એમના આનંદનો અને પાગલપણુનો પાર રહેતો નહોતો.

'ચાલ્યો આવ, સખુ, ચાલ્યો આવ.' તેઓએ બૂમ મારી અને એમાંના એક છોકરાએ કાદવની મૂઠી ભરીને મલેકના મોઢા ઉપર ઉડાડી. જો કે એ નિશાન ચૂકી ગયો, પણ એનો ઘા સાવ ખાલી ગયો નહિ. કાદવ ઊડીને સખુના ગાલ ઉપર જઈ પડયો અને ત્યાં ચિતરામણ કરી દીધું. સખુએ દોટ દઇને સીધો નદીમાં ભૂસ્કો માર્યો અને છોકરાઓની રંગતમાં જઇ ભળ્યો. એના મોઢા ઉપર કાદવ ફેંકનાર છોકરાની પાછળ એ પડયો, પણ છોકરોય કયાં ગાંજ્યો જાય એવો હતો ? સખુ હજી એની પાસે આવે ન આવે ત્યાં તો ડબ દઇને ડૂબકી મારી આઘો ખસી ગયો, ને હોડીને બીજે છેડે નીકળ્યો ને હોડીનો કાંઠો ઝાલી ઝબ દઇને ઉપર ચડી ગયો. થોડીવાર પછી સખુએ જેવું પાણી બહાર મોઢું કાઢયું કે એકી સામટા બધા છોકરા હો હો બૂમ મારીને ખૂબ ખૂબ હસ્યા. સખુના મોઢા ઉપરનો કાદવ પાણીથી ધોવાઈ ગયો હતો અને લાંબા લાંબા વાળ એની આંખ આડા આવી ગયા હતા. ગરદનનો એક ઝટકો મારી તેણે બધા વાળ એક બાજુ ખસેડયા અને માછલાંની પેઠે પાછો પાણીમાં તરવા લાગ્યો. બે–ચાર છોકરાઓ હોડીમાંથી કૂદકો મારી એને પકડવા ગયા ત્યાં તો સખુ પણ ઝડપથી તરતો તરતો દૂર ખસી ગયો. આમ પાણીની અંદર થોડો વખત ધમાધમ અને ગમ્મત ચાલી.

મલેક કાંઠા ઉપર ઊભો ઊભો તેમની રમત નિહાળી રહ્યો હતો. આ બધાને પાણીમાં નાહતા અને રમતા જોઈ એને પણ ઈચ્છા થઇ આવી. પણ પોતે લૂગડાં ભીંજાવશે તો ઘેર કુલસુમ એને કેવો પોંખશે એનો ખ્યાલ આવતાં તે અટકી ગયો. નુરુ પણ એની બાજુમાં ઊભી ઊભી જોતી હતી.

'કેમ, તારે ના'વા જવું નથી ?' તેણે નુરુને પૂછ્યું. 'ના, મારે નથી જવું.' તેણે માથાના ઝુલ્ફાંને ઝટકો મારી જવાબ આપ્યો. એના અવાજમાં મક્કમતાનો રણકો હતો.

'કેમ ?' મલેકે પૂછ્યું. નુરુ નાવા જવાની ઇચ્છા કેમ કરતી નથી એનું તેને આશ્ચર્ય થયું.

'મને આવી ધાંધલ અને ધમાચકડી ન ગમે.' નુરુએ કહ્યું. 'વળી માએ કહ્યું છે કે નદીમાં કોઇ દી ફક્ત એના સિવાય બીજા કોઈના સાથે નાવું નહિ. જ્યારે ઇચ્છા થાય ત્યારે મને કહેવું.'

એવામાં એકાએક સબુની નજર કિનારા ઉપર ઊભેલા મલેક ઉપર પડી. તેણે મલેકને કહ્યું:

'આવ મલેક, ના'વા આવ. અહીં કંઈ મગર-બગર નથી.'

છોકરાઓ પણ 'મલેક આવ, મલેક આવ'ની બૂમો પાડીને પાણી ઢબઢબાવતા ગુલશોર મચાવવા લાગ્યા હતા. તો સાત-આઠ છોકરા, પણ કેમ જાણે પચાસ જણ ભેગા થયા હોય એવી ધમાલ મચાવી દીધી.

મલેક કંઈ હલ્યો-ચાલ્યો નહિ એટલે સબુએ ફરીને બૂમ મારી:

'કેમ, એ મગરના! શિકારી, બહાદુર બડકંદાજ! પાણીમાં પગ મૂકતાં બીક લાગે છે કે ?'

આ ટાણો મલેકથી સહન થયો નહિ, તેણે તુરત જ પોતાનાં છૂટાં કપડાંને ગાંઠ મારી બાંધી લીધાં ને જવાની તૈયારી કરવા લાગ્યો.

પણ નુરુએ એનો હાથ પકડી રોકી રાખ્યો ને આજીજી કરીને બોલી: 'નહિ જતો !'

'પણ જો આ ફેરે હું ન જાઉં તો સબુ હમેશાં મારી મશ્કરી કરે ને ટાણા માર્યા કરે.' મલેકે કહ્યું.

'ભલેને એને બોલવું હોય તે બોલે, એથી શું થઇ ગયું !'

નુરુએ કહ્યું. પણ મલેક હવે રોકાયો રોકાય તેમ નહોતો. એને ઝાળ લાગી ગઈ હતી. દોડીને એ ભૂસકો કરતો નદીમાં પડયો અને ઝડપથી તરતો તરતો સબુ જ્યાં તરતો હતો ત્યાં પહોંચી ગયો.

'ચાલ આગળ!' તેણે કહ્યું. 'આજે કોણ વધુ તરી શકે છે તેનાં પારખાં લઇએ.' એટલું કહીને મલેક હિંમતપૂર્વક પાણી કાપતો કાપતો આગળ વધ્યો.

સબુ પણ એની પાછળ પાછળ ગયો. અને આમ બન્ને વચ્ચે થોડી વાર સુધી તરવાની હોડ ચાલી.

'તારે હજી કેટલેક દૂર જવું છે?' સબુએ શ્વાસભેર હાંફતાં હાંફતાં કહ્યું. તેને થોડી બીક પણ લાગવા માંડી હતી, કારણ આ પહેલાં તે કોઈવાર આટલે દૂર આવ્યો ન હતો. તેઓ બન્ને જણ નદીના કિનારાથી લગભગ પચાસેક કદમ દૂર નીકળી ગયા હતા અને નદીની મધધારનું પ્રબળ વહેણ એમને ખેંચતું હતું.

'કેટલે દૂર?' મલેક એના શબ્દો ફરી ભાર દઇને બોલ્યો ને પછી એનો જવાબ આપતો હોય તેમ બોલ્યો: 'જ્યાં સુધી તારી હિંમત હોય એટલે દૂર.'

સબુ થોડા વારના અંતર સુધી તરતો તરતો આગળ વધ્યો. પણ હવે તો પ્રવાહ તેમને જોરથી હેઠવાસ ખેંચી જતો હતો. સબુ હવે તો એકદમ હિંમત હારી ગયો. પૂરેપૂરો ભય પામીને એ બોલ્યો: 'તારે આગળ જવું હોય તો જા. બાકી હું તો હવે પાછો જાઉં છું.' આમ કહી તે ડૂંડાળું વાળીને પાછો ફર્યો અને કિનારા તરફ જવા લાગ્યો.

મલેકે બૂમ મારીને કહ્યું: 'જોયુંને? હવે ખબર પડી કે કોણ ડરે છે?' અને વળી પાછો નદીના પ્રવાહમાં હેઠવાસમાં શરીરને છૂટું મૂકયું.

'પાછો આવ' સબુએ બૂમ મારી.

'હું પાછો જ આવું છું.' મલેકે જવાબ આપ્યો અને પ્રવાહમાં પોતાના શરીરને છૂટું મૂકી ધીમે ધીમે કિનારા તરફ જવા લાગ્યો. થોડા વખતમાં જ તે સબુને આંબી ગયો ને બન્ને જણ મૂંગા મૂંગા પાણી કાપવા લાગ્યા. થોડા વખતમાં જ બન્ને જણ છીંછરા પાણીમાં આવી પહોંચ્યા. અહીં નદીનો પ્રવાહ તદ્દન મંદ હતો. કેટલાક છોકરાઓ સામે તરીને એને મળવા આવ્યા, જ્યારે બીજા કેટલાક બીકણ છોકરા કેડ સમા પાણીમાં જ ઊભા રહ્યા. તેઓ ત્યાં ઊભા ઊભા રમતા હતા અને મોટેથી જોડકણાં અને ગીતો ગાતા હતા.

'તું તો ભાઈ ત્યારે જબરો છે!' સબુએ નાખુશ થઇ ને મલેકની સરસાઇ કબૂલ કરી. મલેક કાંઈ બોલ્યો નહિ; પણ પોતે વિજેતા બન્યો એનો ગર્વ અને આનંદ એના મોં ઉપર અછતો ન રહ્યો. ફરી એકવાર એ બાજી જીતી ગયો હતો અને છોકરાઓની દૃષ્ટિએ વીર બન્યો હતો.

ધીમે ધીમે ડગલાં ભરતો ઘૂંટણભેર પાણીમાં થઈને એ કિનારા તરફ ગયો. નુરૂ એકદમ દોડતી દોડતી એની પાસે આવી પહોંચી.

'તું એટલે બધે આઘે શું કામ ગયો'તો? મને તો એટલી બધી બીક લાગી...' તેણે કહ્યું.

'પણ એમાં બીવા જેવું કશું જ નથી.' મલેકે એને ખાતરી પૂર્વક કહ્યું.

'ધાર કે મગર આવીને ટાંટિયો પકડી તને ખેંચી જાય તો?' નુરૂએ કહ્યું.

'તો એમાં શું થઇ ગયું? મારા બાપુ અને મા બેઉ તો બિચારાં મરી ગયાં છે, પછી હું જીવું કે મરૂં એમાં શું ફેર પડવાનો હતો?'

'જો તું આવી રીતે ફરીને ઉતાવળો થઈ નદીમાં આઘે જઈશ તો હું તારી સાથે કદી બોલીશ નહિ.' ઠપકાભરી નજરે તેણે કહ્યું અને બીજી જ ક્ષણે એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

*

[૧૦]

મલેકનું શું કરવું ?

બશીર ભારેખમ મોઢું લઇને હાટેથી ચુપચાપ પાછો આવ્યો. મલેક એને મળવા માટે દોડતોકને સામે ગયો પણ જ્યારે એણે તેના ચહેરા સામું જોયું ત્યારે એ પણ એકદમ થંભી ગયો અને મૂંગો મૂંગો ઊભો રહ્યો.

'કેમ મલેક, શું છે ?' બશીરે પૂછયું 'આમ મૂંગો કેમ ?'

'કંઈ નહિ...એ તો અમસ્યો !' છોરાએ જવાબ આપ્યો અને ચુપચાપ એ પાછળ પાછળ જવા લાગ્યો.

જેવા તેઓ બન્ને ઘર પાસે આવી પહોંચ્યા કે તુરત જ એમનાં પગલાંનો અવાજ કુલસમને કાને પડયો અને તે બહાર આવી.

તેણે મલેકને જોયો એટલે તે ગુસ્સે થઇને બોલી: 'હં...ત્યારે એમ કહેને, તું બશીરચાચા પાસે પહોંચી પણ ગયો હતો, ખરું ને ! ચાચા, હું તમને કહી દઉં છું કે મલેક જો હવે આવી રીતે રહેશે તો પછી મારે ને એને નહિ બને ! પછી હું એની સાથે કોઈ જાતનો સંબંધ રાખવાની નથી.'

'કેમ વળી, હમણાં એવું શું પરાક્રમ છે ?' બશીર ચિંતામાં હતો છતાં હસીને તેણે કુલસુમને પૂછયું.

'એને જ પૂછોને, એટલે ખબર પડશે !' કુલસમે મોઢું બગાડીને કહ્યું.

મલેક ત્યાંથી થોડે દૂર ઊભો ઊભો અસ્વસ્થ થઇને એક પછી એક પગ આઘો–પાછો કરતો હતો. પણ એનું મોઢું તો જાણે સિવાઈ ગયું હતું. એ એક શબ્દ પણ બોલ્યો નહિ.

'કાં, હવે કેમ એકાએક મૂંગો–મંતર થઈ ગયો ? બોલને, મોઢામાં જીભ નથી ?' કુલસમે ચાળા પાડતાં કહ્યું.

તોયે મલેક કંઇ બોલ્યો નહિ. બશીરે ઘડીક એક સામું અને ઘડીક બીજા સામું જોયું અને હસ્યો.

'તું પણ મલેકથી ક્યાં જાય એવી છે ?' તેણે કુલસુમને કહ્યું. 'કહું–કહું થઈ રહી છો તો તું પોતે જ કહેતી કેમ નથી ? જે હોય તે મોઢામાંથી ફાટી નાખ ને ?'

કુલસુમ એના સામું ડોળા તાકીને જોઇ રહી. એના ચહેરા ઉપર આશ્ચર્ય ચમકી રહ્યું. 'વાહ, તમેય બહુ સારી વાત કરો છો, બશીર ચાચા ! હું તમારા આ વાલેશરી વિરુદ્ધ ફરિયાદ કરવા તલપાપડ થઇ રહી છું, એમને ? જો આવો જ તમારો ખ્યાલ હોય તો ભલે, મારે પછી કાંઈ કહેવાનું રહેતું નથી. ફક્ત આટલું કહી રાખું છું કે આ મલેક અને એનાં બધાં ગાંડપણથી હું તો હાથ ધોઇ નાખું છું !'

'હો...હો...!' કરતો બશીર મોટેથી હસી પડયો. તેણે કહ્યું: 'કુલસુમ, તું તો સાવ આવી ને આવી છોકરી જેવી જ રહેવાની ! મોટી કદી થવાની જ નહિ ! આટલા નાના છોકરા સાથે હંમેશ તકરાર કરતી હોય છે !'

'હા, હું જ હમેશાં મલેક સાથે તકરાર કરું છું, બસ ! હું કાંઈ એની સારસંભાળ રાખતી નથી, ને મારે લીધે જ એનાં તોફાન રોજ રોજ વધતાં જાય છે ! કહો, કહો, હજી જે કહેવું હોય તે !' કુલસુમ એકશ્વાસે બધું બોલી ગઈ અને ગુસ્સામાં ધૂંવાંપૂંવાં થતી હોય તેમ ધમધમ પગલાં મૂકતી રસોડામાં ચાલી ગઈ.

રસોડામાં પણ હજી તેનો બડબડાટ ચાલુ હતો, પણ એ બોલતી હતી એ શબ્દો સ્પષ્ટ સંભળાતા ન હતા.

બશીર મલેકને પોતાની પાસે ખેંચી એને ઠપકો દેતો હોય એમ બોલ્યો: 'અલ્યા એ તોફાની છોકરા! કુલસુમને આટલી બધી ગુસ્સે કરવા જેવું તેં શું તોફાન કર્યું છે એ કહે જોઉં!'

મલેક નીચું જોઇ રહ્યો. એના મોઢા ઉપરથી જ પોતે ગુનેગાર હોય અને એનું તેને ભાન હોય એમ સ્પષ્ટ જોઈ શકાતું હતું. નીચું જોઈ એ નખ ખોતરવા લાગ્યો.

'ચાલ, ચાલ; બોલી નાખ!' બશીરે તેને હિંમત આપતાં કહ્યું. 'હું તને ખાઈ જવાનો નથી. જે હોય તે કહી દે!'

'હું કુલસુમ સાથે આજે સવારે નાહવા ગયો હતો.' મલેકે કહ્યું અને વળી પાછો મૂંગો થઈ ગયો. એ બોલવા ઘણી મહેનત કરતો હતો પણ જીભ ઊપડતી જ નહોતી.

'હં.. પછી?' બશીરે તેને આગળ બોલવા કહ્યું.

મલેકના મુખમાંથી પહેલાં કરતાંયે વધારે ધીમેથી શબ્દો બહાર નીકળતા હતા. એટલું બધું એ પરાણે બોલતો હતો કે એ શું કહેવા માગતો હતો એ પૂરું સમજાતું અને સંભળાતું નહોતું.

'મેં તેના ઉપર ઘા ફેંક્યા હતા.' મલેકે અચકાતાં અચકાતાં કહ્યું.

'શું કહ્યું? એના ઉપર ઘા ફેંક્યા હતા?' બશીરે પૂછ્યું. એનો અવાજ ગુસ્સાથી તીવ્ર બની ગયો હતો. 'શેના ઘા? પથ્થરના?' કેમ જાણે એ આ વાત માની શકતો ન હોય એ રીતે બોલ્યો.

'ના, ના, પથરાના નહિ...' મલેક એકદમ બોલી ઊઠયો ને પાછો મૂંગો થઇ ગયો.

'પથરાના નહિ તો શેના?' બશીરે અધીરા થઇને પૂછ્યું.

'ખલેલાંના.' ગુનેગારે આખરે પશ્ચાત્તાપ જાહેર કરતાં કહ્યું.

'ખલેલાંના!' બશીર હસી પડયો. પણ તરત જ પરાણે મોઢા ઉપર ગંભીરતા લાવી બોલ્યો, 'હં.. પછી?'

'પછી હું સબુ સાથે નદીએ ગયો તો.' મલેકે અચકાતાં અચકાતાં કહ્યું,

'સારું, સારું, વાત જલદી પતાવ. સમી સાંજ સુધી તારી વાત સાંભળવા હું નવરો નથી! થયું, જે થઈ ગયું તે થઇ ગયું, હવે જા, ફરી એવું કરતો નહિ, અને હવે જરા માણસ થા–માણસ!' બશીરે અધીરા થઈ કહ્યું.

કુલસુમ ઉતાવળી ઉતાવળી રસોડામાંથી બહાર આવી ને બશીરચાચાની વાત કાપતાં અધવચ્ચે જ બોલી. 'આ કુંવરનાં પરાક્રમ પહેલાં સાંભળી લેજો! ભાઈસાહેબ નદીએથી નાહીને નીતરતે લૂગડે ને નીતરતે માથે ઘેર પધારેલા! મેં કહ્યું આ શું? તો બોલે જ શાના! આ તમને હમણાં જેવા જવાબ આપ્યા તેવા મને આપ્યા! છેવટ ખૂબ પૂછપરછ કરીને પરાણે મોઢું ખોલાવ્યું ત્યારે ભાઇએ વાત કરી એના ઉપરથી હું સમજી શકી કે ભાઇસાહેબ સબુ સાથે નદીએ ગયા હતા ને કોઈની હોડી ચોરી પદ્મામાં સફર કરવા નીકળી પડયા હતા! જોઈ લેજો! પદ્માનું વહેન કેટલું જબરું હોય છે! આટલો આ ગોદણુ જેવડો છોકરો પદ્માના વહેનમાં હોડી ચલાવવા જાય–કો'ક દીનો તણાઈ જશે–તણાઈ? એને ગળી જવા માટે પછી મગરની જરૂર રહેશે નહિ, ભૂખાળવી નદીના તાણવાળાં પાણી જ બસ થઇ પડશે!

કુલસુમ કડકડાટ કરતી એકીશ્વાસે બધું બોલી ગઈ ને પછી શ્વાસ લેવા થોભી. શ્વાસ ખાઇ લીધા પછી બીજી જ ક્ષણે છણકી બોલી: 'અને તમે મને આ તોફાની છોકરાની સંભાળ લેવાનું કામ સોંપ્યું છે!'

બશીર હવે ખૂબ જ ગંભીર બનીને મલેકને ઠપકો આપતો હોય તેમ બોલ્યો: 'મલેક, હવે તું મોટો થયો છે, બેટા! થોડા વખતમાં જ તને દસમું વરસ બેસશે. બીજા છોકરાઓ દસ વરસની વયે છોકરમત કરે એ તેમને પોસાશે, પણ તને ન પોસાય. તારા બાપ આ

પંચકમાં સૌથી મોટા માણસ હતા અને સૌ કોઈ એને માનપાન આપતા. તારે મોટા થઈને એવી લાયકાત કેળવવાની છે કે તું એની જગા સંભાળી શકે. તારા બાપુ જીવતા હોય તો આજે તને શું કહે? સારું હવે, જા, ફરી એવું કરતો નહિ.'

આ બનાવ બન્યો એ જ દિવસની રાતની આ વાત છે. મલેક વાળુ કરીને પથારીમાં સૂઈ ગયો હતો. કુલસુમ ભોંય ઉપર સાદડીનું આસન પાથરી બશીરને ભાણું પીરસતી હતી. કાંસાની મોટી થાળીમાં ઊના ફળફળતા ભાત પીરસ્યા હતા અને બાજુની નાની રકાબીમાં ભૂંજેલાં રીંગણાં અને બાફેલાં બટાટાં મૂકયાં હતાં. ભોજનમાં મચ્છીની કઢી અને કઠોળનું શાક પણ હતું. અને છેલ્લે વાટકો ભરીને દૂધ પણ પીરસવામાં આવ્યું હતું. બશીરે ભોજનની પીરસેલી થાળી ઉપર નજર કરી કુલસુમની પ્રશંસા કરતાં કહ્યું: 'કુલસુમ, રસોઈમાં તું ભારે હોંશિયાર છે! કેટકેટલી ચીજોની સ્વાદિષ્ટ વાનીઓ જલદી જલદી તૈયાર કરી નાખે છે!'

કુલસુમ એનો કંઈ જવાબ ન આપતાં મૂંગી મૂંગી વાંકી વળી એના પ્યાલામાં પાણી રેડતી હતી. પાણી આપીને તે ચાલી જતી હતી ત્યાં બશીરે તેને રોકીને કહ્યું: 'ઊભી રહે, કુલસુમ! બેસ અહીં, મારે તારી સાથે થોડી વાત કરવી છે.'

કુલસુમ જરા ચમકી અને ક્ષોભ પામી. એકક્ષણ થંભીને તે બોલી: 'ઊભા રહો, હું ગુલાબીને બોલાવી આવું, એ પણ કદાચ આપણને મદદરૂપ થઇ પડશે.'

બશીર મોટેથી હસી પડયો ને બોલ્યો: 'ભલે, તારી ઇચ્છા હોય તો એને બોલાવ. એય ભલે આવે. પણ કુલસુમ, હું તો તારા બાપને ઠેકાણે કહેવાઉં એટલો બુઢો છું, તારે મારાથી શરમાવાની કે સંકોચ રાખવાની જરૂર નથી. તું સાવ નાની બાળક હતી ને લૂગડાં વગરની સાવ નાગીપૂગી ફરતી'તી એટલી નાની ઉંમરે મેં તને નથી જોઈ શું?'



[૧૧]

એક ડાળીનાં બે ફૂલ

કુલસુમ શરમાઇને બોલી: 'તમેય બશીરચાચા, ભારે છો, હો ! કોણ કહે છે કે હું તમારાથી શરમાઉં છું? તમારે તો મને વાત કરવી'તી ને ! એટલે મેં ધાર્યું કે ગુલાબી સાથે પણ તમારે વાત કરવાની ઇચ્છા હશે. એક કરતાં બે ભલાં. ઝાઝાં માથાં ભેગાં થાય તો વધારે સારો તોડ નીકળે.'

'સારું, સારું બેટી !' બશીરે કહ્યું. 'ગુલાબી બૂઢી અને કડવી છે. એ કાંઇ તારા જેવી સુંદર, રોમાંચક અને ભોળી નથી.'

કુલસુમ જરા ચિઢાઇ, પણ કંઈ બોલી નહિ અને ગુલાબીને બોલાવવા બહાર ચાલી ગઈ. થોડીવારમાં જ બન્ને સ્ત્રીઓ પાછી આવી અને બશીરચાચાની સામે ભોંય ઉપર પલાંઠી વાળીને બેઠી.

'કેમ, બશીરચાચા ! વાત શી છે એ કહો ?' ગુલાબીએ કહ્યું.

'બહુ ઉતાવળી ન થા. તારી આટલી ઉંમરે આવું અધીરિયાપણું તને શોભે નહિ.' બશીરે તેને ખખડાવી ને કહ્યું. ગુલાબીને એની મોટી ઉંમરનો કોઇ ઉલ્લેખ કરે એ ગમતું નથી એ વાત તે બરાબર જાણતો હતો.

ગુલાબી બશીરચાચાને સામું ચોડવા જતી હતી પણ બશીરે હાથ ઊંચો કરી તેને રોકી અને પોતે પણ મોઢું ભારેખમ કરી બન્નેને ઉદ્દેશીને ગંભીરતાથી બોલ્યો:

'પંચાયતના મૃત્યુ પછી, તમે બન્ને જાણો છો કે, એની જમીન સાચવવા સારુ આપણે ગમે તેમ કરીને મહેસૂલ ભર્યા કર્યું. મહેસૂલ ભરવા માટે તો અમ્માજાનનાં ઘરેણાં પણ વેચી નાખ્યાં. તમે પણ તમારાં છડા અને ઝાંજર આપી દીધાં, ત્યારથી માંડીને આજ સુધી ગણોતિયા ખેડૂતો પાસેથી ગણોત ઉઘરાવવા માટે હું કોશિશ કરી રહ્યો છું. બે વખત તો પદ્મા વળોટીને સામે પાર જઈ આવ્યો. એક વખત તે નદી બે કાંઠામાં હતી ત્યારે ભરચોમાસામાં અને બીજી વખત શિયાળામાં. બેય વખત ગણોતિયાઓએ એક અથવા બીજું બહાનું બતાવી ગણોત આપ્યા સિવાય પાછો વાળ્યો. ગયે અઠવાડિયે ફરીને હું એક વખત જઈ આવ્યો. અત્યારે નદીનો પ્રવાહ હળવો છે અને તોફાનની બીક નથી. પણ આ શિયાળામાં ઠંડી કેવી પડે છે એ તમે જાણો છો, ને સવારના વખતમાં નદીમાં તો એવો ઠાર પડે છે કે ન પૂછો વાત. ગયા અઠવાડિયામાં હું સામે પાર ગયો ત્યારે ઠંડો પવન તો જાણે મારું કાળજું વીંધી નાખતો હતો. મારાથી આવો ઠાર હવે ઘરડે-ઘડપણ ખમાતો નહોતો, તોયે સૂરજ ઊગ્યા સુધી હું ટૂંટિયા વાળીને ટાઢમાં ઠૂંઠવાતો ઠૂંઠવાતો હોડીમાં બેસી રહ્યો. સૂરજ ઊગ્યો ત્યારે કાંક ગરમીની હૂંફ મળી. આમ ટાઢ ને મુશ્કેલી વેઠી સામે કાંઠે ગયો તો ખરો. પણ આ વખતેય ગણોતિયાઓએ મને દાદ દીધી નહિ ને મારે ખાલી હાથે પાછા આવવું પડ્યું. એમણે ઘસીને ના ન પાડી, પણ એક યા બીજી મુશ્કેલીઓનાં બહાનાં બતાવી ખૂબ સારા શબ્દોમાં માફી માગી અને ગણોતનો એક પૈસો પણ આપ્યો નહિ. પછી હું ગુસ્સે થયો ને એમને ધમધમાવ્યા ને ખૂબ ખૂબ સંભળાવી ત્યારે કહ્યું કે આ વખતે હાટ ભરાય ત્યારે જરૂર તમારા પૈસા આપી દઈશું. આજે તેઓ હાટ ભરાયું ત્યાં બધા મળ્યા હતા. મેં ઉઘરાણી કરી ત્યારે તેમણે ચોખ્ખા શબ્દોમાં સુણાવી દીધું કે 'શું કરીએ? વરસ માઠું ગયું ને પાક થયો નથી એટલે ગણોત ભરી શકીએ તેમ નથી. હવે તમારે જે કરવું હોય તે કરો!'

'પછી તમે શું કહ્યું?' કુલસુમે પૂછ્યું.

'મારે કંઈ કહેવાપણું જ નહોતું. મારે જે કહેવાનું હતું તે બધુંય રાતાપીળા થઈને કહી દીધું અને તેણે જવાબ પણ આપી દીધો.'

'તો પછી તમારે દીવાનના કારકુન પાસે જઈને રિપોર્ટ કરવો તો ને? ત્યાં શું કામ ન ગયા?' કુલસુમે કહ્યું.

'હવે...તું ભારે મોટી શિખામણ દેવાવાળી! ઇ કારકુન પાસે જવાથીયે શું વળે?' ગુલાબીએ તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યું.

બશીરે કુલસુમ સામું પ્રશંસાભરી દૃષ્ટિએ જોયું ને બોલ્યો: 'તને કેમ ખબર પડી કે હું નહિ ગયો હોઉં? હું ત્યાં ગયો હતો ને રિપોર્ટ પણ કર્યો હતો. પણ એણે શું જવાબ આપ્યો ખબર છે?'

બશીર કારકુનના પીપુડી જેવા અવાજના ચાળા પાડીને કેમ જાણે કારકુન બોલતો હોય એમ બોલ્યો:

'મારે તમારા કજિયા સાથે શું લેવાદેવા છે? તમે ગમે તે કરો, અમારે તો અમારી મહેસૂલનું ભરણું વખતસર તમે ભરી જાવ એટલે બસ. પછી ભલેને તમતમારે કૂતરા–બિલાડીની પેઠે અંદરો–અંદર વઢયા કરો, એની કોને દરકાર છે!'

મેં ઘણોય વાંધો ઉઠાવ્યો ને ભાર દઈને કહ્યું કે મલિક બિચારો સાવ બાળક છે. અનાથ છે, એટલે જ એના ગણોતિયા ખેડૂતો ફાટી ગ્યા છે ને કોઇને દાદ દેતા નથી. એ તો એ બિચારા અનાથ બાળકને ધૂતી ખાવા માગે છે. ત્યારે એ બદમાશે ટાઢે કોઠે જવાબ આપ્યો: 'જો મલિક સગીર વયનો હોય ને જમીન ન સાચવી શકતો હોય તો સાચવી શકે એવા બળુકાને શું કામ જમીન નથી સોંપી દેતી? એની દાંડાઇ તો જુઓ કે સાલાએ મારે મોઢામોઢ ત્યાં સુધી વાત કરી કે જો હું તેને સારી એવી રકમ બક્ષિસમાં આપું તો આખી જમીન મારા નામ પર ચડાવી દે.' બશીરે કહ્યું.

'અને તમે એની માગણી કબૂલ કરી લીધી, ખરું ને ?' ગુલાબી અવાજમાં કડવાશ લાવીને બોલી.

'તારી બુદ્ધિ સાવ બહેર મારી ગઈ લાગે છે, નહિ તો બશીર-ચાચાને આવી વાત કહે નહિ.'

'તું વળી વચ્ચે કયાં ધકલી ફૂટવા મંડી !' ગુલાબીએ આગ-ઝરતી જબાને કહ્યું.

'બસ બસ, હવે બહુ થયું, રાખો. મેં તમને બન્ને જણને એટલા માટે બોલાવ્યાં કે બન્નેની અક્કલ ભેગી ચલાવી કંઈક રસ્તો કાઢો, પણ એને બદલે તમે તો એકબીજા સાથે લડવાડ કરવાનું શરૂ કરી દીધું.'

'જો મને પૂછતા હો તો હું કહું છું કે જમીન વેચી નાખો.' ગુલાબીએ કહ્યું. 'એના જેવો ઉત્તમ રસ્તો બીજો એકેય નથી. મલેક હજી નાનો બાળક છે અને તમે રહ્યા ઘરડા. આ જઈફ અવસ્થાએ આટલી જમીનનો કારભાર તમથી હવે ન ચલાવાય. તમે કોશિશ કરી તોય ખેડુતો મારા બેટા એવા પેધી ગયા છે કે તમને દાદ નહિ દે અને આજ જેમ મૂરખ બનાવ્યા તેમ ભવિષ્યમાં પણ મૂરખ બનાવ્યા કરશે. પણ જો રોકડા પૈસા હાથમાં હોય તો વાત જુદી છે. પછી મલેક મોટા થાય ને એને જમીન લેવી હોય તો કયાં નથી લેવાતી ?'

બશીરે નિરાશ થઈ ગુસ્સામાં નસકોરાં ફૂલાવ્યાં ને જવાબ આપ્યો: 'સ્ત્રીની બુદ્ધિ પાનીએ તે આનું નામ. અસ્ત્રીની જાતમાં કોઇ દી ડહાપણ નહિ આવવાનું. તું એક ખેડુની દીકરી થઇને જમીન વેચવાની વાત કરે છે ! દુનિયામાં કોઇ ખેડૂત પોતાની જમીન હાથે કરીને બીજાને સોંપે ખરો ?'

'સારું, સારું, હું ખેડુની દીકરી છું ને જમીન બાબતમાં શું કરવું વાજબી ગણાય ને શું ગેરવાજબી—બધુંય બરાબર સમજું છું. એટલે જ જમીન કાઢી નાખી રોકડા પૈસા હાથમાં લઈ લેવાની વાત

કરું છું. પણ તમે આદમી રહ્યા વેવલા ને મૂરખ તે 'મારી જમીન મારી જમીન' કરીને પપળાવ્યા કરો છો. જમીન તો નીપજ આપતી હોય તો કામની, નહિતર એને શું બટકાં ભરવાં ?'

કુલસુમ વચ્ચે પડતાં બોલી: 'તું તો હમેશાં બશીરચાચાને બાણ જેવાં આકરાં વેણ સુણાવે છે. તારી વાત થોડી વિચારવા જેવી છે ખરી, છતાં જમીન વેચી નાખવાથી કાંઈ અર્થ સરે એમ મને લાગતું નથી.'

'લ્યો જુઓ, આ સોલોમનની દાદી શિખામણ આપવા આવી !' ગુલાબીએ કહ્યું. 'એની વાત તો જુઓ !' ગુલાબીએ આકરી થઇને કહ્યું. 'બાઇ બોલ્યાં: જમીન વેચવાથી અરથ નહિ સરે—શું કામ અર્થ નહિ સરે એ તો મને સમજાવ ?'

'મને એવી મોટી વાતું કરતાં ન આવડે ! આ તો સીધી ને સટ વાત છે' કુલસુમે કહ્યું. 'માનો કે જમીન વેચી નાખી ને ખૂબ પૈસા આવ્યા, પછી ? પૈસાનું શું કરશો ? પૈસાની વાત કાંઇ અછતી રહેવાની છે ? મલક આખાને ખબર પડશે કે ફલાણાના ઘરમાં પૈસા આવ્યા છે. પછી ચોર–લૂંટારા હાથ મારવાનું ચૂકે ખરા ? જમીન હશે તો સચવાશે, પૈસા શી રીતે સાચવશો ? ખરું કઉં છું કે ખોટું, બશીરચાચા ?' કુલસુમે કહ્યું.

'તારી વાત ખરી છે, બેટી !' બશીરે કહ્યું: 'આટલી નાની વયમાં તારા ભેજામાં આટલી અક્કલ પડી છે એની તો મનેય ખબર નહોતી.'

'આ એક વાત તો જાણે તારી સાચી.' ગુલાબીએ પણ કબૂલ કર્યું ને પછી મશ્કરી કરતી હોય એમ ઉમેર્યું.

'પણ હવે સાંભળજે કુલસુમ, તને ખબરેય ન હોય ત્યારે બૂઢો તારી શાદીની વાત ક્યાંક લાવીને તારી આગળ ન મૂકે.'

કુલસુમ શરમાઇ ગઇ, પણ બશીરનો મિજાજ ગયો. ગુસ્સે થઈને એ બોલ્યો : 'તારી આ મૂર્ખાઇભરેલી મશ્કરી બંધ કર ! રોજ રોજ તારી મૂર્ખાઈ વધતી જાય છે ને જેમ ફાવે તેમ બોલ્યા કરે છે. આ તે શી ટેવ ? હોય, માણસ છે ને કોઇ દી એ ઘડી ગમ્મત કરે, પણ ગંભીર વાત થતી હોય ત્યારેય મશ્કરી ? એટલો વખતેય તારાથી ગંભીર રહેવાતું નથી ?'

ગુલાબી જરા પણ પાછી પડ્યા સિવાય બોલી:

'એક નાનીસરખી વાત ઉપર આટલા બધા ઉશ્કેરાઇ શું કામ જાવ છો ? તમારા પોતાના પેટમાં તો કાંઈ નથી ને ? આ તો કોણ કે' છે રાંપીનો ઘા એના વાળી વાત કરો છો ! નક્કી કંઈક દાળમાં કાળું લાગે છે. માણસોનું ભલું પૂછવું. એને કોઇ દી નો પહોંચાય.'

'અસ્ત્રીની જાત સાથે દલીલ કરવી નકામી. એટલે હું તારી સાથે જીભાજોડીમાં ઊતરીશ નહિ, પણ આપણે હવે મૂળ વાત ઉપર આવીએ. આટલી બધી માથાકૂટ પછી છેવટ નક્કી શું થયું ?'

ગુલાબીએ કહ્યું: 'કંઈ નહિ. હતાં ત્યાંનાં ત્યાં જ ઊભાં છીએ. તમારાથી ખેડૂત પાસેની ગણોત ઉઘરાવી શકાય તેમ નથી. કુલસુમની વાત પણ વિચારવા જેવી છે, એટલે જમીન વેચવાનો વિચાર પણ થઈ શકે તેમ નથી, કારણ જમીન વેચ્યા પછી પૈસા ઘરમાં ન રખાય તેમ કોઈ મહાજનને ત્યાં પણ ન મુકાય. મૂકીએ તો ત્યાંથી બધા પૈસા જોઇએ ત્યારે પાછા આવે એ વાંતમાં માલ નથી. એક વખત મહાજનની કોથળીમાં પૈસા ગયા કે પછી એનાં દર્શન કદી નહિ થવાનાં ત્યારે હવે કરવું શું ?'

'હું પણ એ જ વાત જાણવા માગું છું.' બશીરે કહ્યું

સ્ત્રીઓ એકબીજા સામું જોઈ રહી. પછી થોડીવારે બશીરચાચાને ઉદ્દેશીને કહ્યું કે: 'અમને તો આમાં કંઇ સૂઝ પડતી નથી, પણ હવે

તમારા ભેજાને જરા કસી જુઓ, એમાંથી કાંઈક ટપકી પડશે.' ગુલાબીએ કટાક્ષ કરતાં કહ્યું.

'બશીરચાચા હવે સાઠ વરસના બૂઢા થયા. કહેવાય છે ને કે સાઠે સાન ને વીસે વાન. તમારામાં સાન આવી છે, ચાચા, એટલે તમને વધારે સૂઝશે.' કુલસુમે હસતાં હસતાં કહ્યું.

બશીરે કહ્યું: 'મને એક વેતરણ સૂઝી છે, પણ એમાં ઠીક ઠીક જોખમ છે. છતાંય જો બીજો કોઈ રસ્તો જ ન હોય તો પછી એ વેતરણ અજમાવી જોઇએ.'

'તમને તો હમેશાં ઘણીય વેતરણો સૂઝતી હોય છે, પણ સવાલ એ છે કે એ વેતરણમાં કંઇ માલ છે ખરો? કે પછી હમેશાં જેમ હાંકો છો તેમજ છે? જે હોય તે જણાવી દો ને! તમે તો બાદશા'બ પાછા વાતમાં મોણ બહુ ઘાલો!' ગુલાબીએ કહ્યું.

બશીર જરા અચકાયો ને પછી ધીમેધીમે વાત શરૂ કરી: 'અત્યારે જે સંજોગો છે એ સંજોગોમાં જમીનની ઊપજમાંથી આપણને બહુ મળે એમ લાગતું નથી. અને જમીન વેચી નાખીએ તો પૈસા ક્યાં રાખવા એ સૂઝતું નથી...'

'એ હવે કયારનું જાણી લીધું. પછી શું કરવું છે એ કહો ને?' ગુલાબીએ અધીરાઈથી કહ્યું.

'મને એમ વિચાર આવ્યો કે આ મામલો પંચાયતના હાથમાં સોંપીને એની જ સલાહ પ્રમાણે કામ કરીએ તો કેવું?' બશીરે કહ્યું,

'પંચાયત એટલે તો અસગરમિયાં જ ને?' ગુલાબી તીવ્ર સ્વરે વાત કાપીને બોલી.

'હા, હા; પંચાયત એટલે અસગરમિયાં!' પણ આવી બાબતોમાં એને એકલાને જ વિચારવાનું નથી હોતું. એ તો આખું પંચાયતમંડળ ભેગું મળી વાતનો તોડ લાવશે.'

'ઇ વાત તમારી દાદીને સમજાવજો. બીજી સીધી વાત પડતી મૂકી નકામા આડા શીદને દોડો છો? ભલેને પંચાયતમંડળના બીજા પટેલિયાવ આવે, પણ એ તો બધાય પંચાયત જે કહે એમાં 'હા' નહિ ભણવાના શું? પછી શીદને એવી ગાલાવેલી વાત કરો છો?'

ગુલાબીની વાત સાચી છે એમ આખરે બશીરને પણ કબૂલ કરવું પડયું.

'નજુમિયાં મરી ગયા એટલે હવે એની જમીન તમારે અસગર-મિયાંને આપવી છે? અસગરમિયાં, જે નજુમિયાંનો કટ્ટો દુશ્મન, એને ઊઠીને તમે જમીન આપશો?' ગુલાબીએ તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યું.

કુલસુમ જોકે કશું બોલી નહિ, પણ ગુસ્સાભરી નજરે બશીર સામે જોઇ રહી. પોતે શું શું સાંભળી રહી છે. એનું જ તેને આશ્ચર્ય થયું. તે સગે કાને સાંભળેલી વાત પણ માની શકી નહિ. અસગરમિયાંને બધી જમીન આપી દેવી અને મલેકને એના નીચે મૂકવો એ વિચાર જ એને મુર્ખાઇ ભરેલો-અરે, એ કરતાંયે ખરાબ લાગ્યો.

આ જાતની મૂક શંકાએ બશીરના મન ઉપર પણ માઠી અસર કરી. ગુલાબી અને કુલસુમની પોતા પ્રત્યેની શંકાભરી દૃષ્ટિ જોઇ તેનો ગુસ્સો ભભૂકી ઊઠયો. તે બોલ્યો: 'સ્ત્રીઓ ટૂંકા મનવાળી હોય છે એટલે જ તો તમે મારા વિષે ગમે તેવી શંકા લાવો છો. જો કે હું તો એવો નથી, પણ ધારો કે એવો હોઉં અને મલેકને ધૂતી લેવા માગતો હોઉં તો તમે બંને સ્ત્રીઓ ભેગી મળીને પણ મને શું કર-વાની હતી? કુલસુમ, તને તો મેં ગુલાબી કરતાં વધારે સારી ધારી હતી. તારામાં એના કરતાં કંઈક વધારે સમજણ હશે એમ મેં માન્યું હતું. પણ મેં જોઇ લીધું કે તારી સાથે પણ કોઇ વાતની ચર્ચા-વિચારણા કરવી નકામી છે. મલેકના હિતની વાત મારે સંભા-

જવાની છે અને મને એના હિતમાં જે ઉત્તમ લાગશે એ હું કરીશ." તે ધૂંવાંપૂંવાં થતો ઊઠયો અને ઘર બહાર જવા પગ ઉપાડયો.

'તમારે અમારા ઉપર ગુસ્સે થવું હોય તો ભલે, એની ના નથી, પણ આ પીરસેલ ભાણા ઉપર શું કામ ક્રોધ ઉતારો છો? એણે તો તમારું કંઇ બગાડયું નથી. કાંઈ નહિ તો યે પહેલાં ખાઇ લો ને પછી જ્યાં જવું હોય ત્યાં જજો.' ગુલાબી કેમ જાણે કશું બન્યું જ ન હોય એમ ધીમે અવાજે બેદરકારીથી બોલી, કુલસુમ પણ સમજાવવા અને વિનતિ કરવા લાગી.

'તમારો વિશ્વાસ નથી એવું કોણ કહે છે? અમને તો એનો સપનેય ખ્યાલ નથી. મલેકના ખરા વાલી તો તમે છો. અમે તો ચિઠ્ઠીનાં ચાકર. અમારે તો તમે કહો તે પ્રમાણે કરવાનું. છતાંય અમારે તો આપને જે સાચું લાગે એ જરાય પડદો રાખ્યા વિના કહી જ દેવું જોઇએ. સવાલ તો એ છે કે અસગરમિયાંના હાથમાં આ ઘરના ને જમીન–જાગીરના વહીવટની લગામ સોંપી દેવી એમાં સલામતી છે ખરી? માની લો કે એક વખત એના હાથમાં આ બધું જાય, પછી પાછું આપવાની ના પાડે તો?'

બશીર હજીયે એના ગુસ્સાના તાનમાં હતો. તે બબડયો : 'જો તમને લોકોને અહીંનો વહીવટ વધારે સારી રીતે ચલાવતાં આવડતું હોય તો તમે પોતે જ શું કામ એ હાથમાં નથી લેતાં?'

'અમને આવડતું હોત તો શું જોતું? એટલા માટે તો તમારી સામે નજર માંડીને બેઠાં છીએ. તમારે અમને વાત ગળે ઉતરાવવી જોઇએ ત્યાં ઊલટાના તમે તો ગુસ્સે થાવ છો. આમ તમારે ગુસ્સે થવું ન જોઇએ. તમને અમારા વગર ચાલી શકે તેમ છે, જ્યારે અમને તમારા વગર એક ક્ષણ પણ ન ચાલે.'

'સ્ત્રીઓની શંકાશીલતા અને અવિશ્વાસને કોઈ લગી શકે નહિ." બશીરે કહ્યું.

કુલસુમે ગુલાબી સામું જોયું ને હસીને બોલી: 'તેં એમને એટલા બધા ગુસ્સે કરી દીધા છે કે તે હવે આપણી વાત જ સાંભળશે નહિ.' પછી બશીર તરફ ફરીને એ બોલી: 'પણ, બશીરચાચા, હું તમને જ પૂછું છું કે જો તમે અમને અમારો મત જણાવવાની પણ છૂટ ન આપતા હો તો પછી અમારી સલાહ શામાટે પૂછો છો? તમ તમારે મરજીમાં આવે તેમ કરી શકો છો. અમારે જાણવાની પણ જરૂર નથી.'

'સારું, જવા દે એ બધું! તારી પોતાની શી સૂચના છે એ કહેને? મલેકનો વારસો બરાબર જળવાઇ રહે અને એની માલમિલકત સલામત રહે એ માટે શું કરવું વાજબી લાગે છે?'

'એ અમે કેમ કહી શકીએ?' કુલસુમે જવાબ આપ્યો. 'અમે તો ફક્ત એટલું જ પૂછીએ છીએ કે તમે આ બધી જમીનનો વહીવટ અસગરમિયાંને સોંપશો તો એ જમીન બધી હડપ કરી જશે એનો તમને ડર નથી લાગતો?'

'જરૂર, એ ધારે તો હડપ કરી શકે.' બશીરે કહ્યું. 'પણ હું ધારું છું ત્યાં સુધી એ એમ કરશે નહિ. એની પ્રમાણિકતાની આબરૂ આખા પંથકમાં છે, ને ધારું છું ત્યાં સુધી એ આબરૂ ગુમાવવાનું પસંદ ન કરે. અહીં જ એની આકરી કસોટી થશે. લોકો બરાબર એના ઉપર નજર રાખશે, ઉપરાંત મને તો બીજી પણ આશા છે. તમે જાણો છો કે અસગરમિયાંને એકેય દીકરો નથી, અને તેની એકની એક દીકરીને મલેક ઉપર બિલાડીના બચ્ચાને એની મા ઉપર જેટલો પ્યાર હોય એટલો પ્યાર છે. કોને ખબર છે કે ભવિષ્યમાં એક દિવસ બંને જણ શાદી પણ કરે. સંભવ છે કે અસગરમિયાંએ પણ આ લાઇન ઉપર વિચાર કર્યો હોત.'

'તમેય ગલંદા ચડાવવામાં ત્યારે જબરા છો, બશીરચાચા!' કુલસુમે હસતાં હસતાં કહ્યું. 'કયાંની કયાં જાતી વાત પહોંચાડી દીધી?

નજુમિયાંના દીકરાની શાદી અસગરમિયાંની દીકરી સાથે કરવાનો વિચાર કરવો એ તો બિલકુલ અશક્ય લાગે એવી વાત છે. નજુમિયાં અને અસગરમિયાં બંને પરસ્પર એકબીજાને કેવા ધિક્કારતા હતા એ તમે ક્યાં નથી જાણતા ?'

'અને તેઓ પરસ્પર લડ્યા એ પહેલાં બંને વચ્ચે કેવી ગાઢ દોસ્તી હતી એ પણ તું ક્યાં નથી જાણતી ?' બશીરે વિજયસૂચક સ્વરે કહ્યું. 'એ તો એક જ ડાળીનાં બે ફૂલ !' અને તેના મુખ ઉપર સૂચકતાભર્યું સ્મિત ફરકી રહ્યું.



[૧૨]

મૂંઝવણ

બપોર નમવા આવ્યા હતા. બશીર ડેલીમાં બેઠો બેઠો હુક્કો પીતો હતો. સ્ત્રીઓ સાથે જમીનના વહીવટ સંબંધી વાત કર્યાને બે દિવસ વીતી ગયા હતાં છતાં અસગરમિયાં પાસે જવાને માટે એનું મન હજી તૈયાર થયું નહોતું. તેણે અસગરમિયાં પાસે જવાની વાત કરી હતી અને એના સમર્થનમાં દલીલો કરી હતી એ ખરું, છતાં અંદરથી એ ઢચુપચુ હતો અને એટલા માટે જ તેણે કરેલી દલીલો જેમ બીજાને તેમજ પોતાની જાતને સમજાવવા માટે હતી એમ તેને મનની અંદર ડોકિયું કરતાં જ દેખાયું હતું. આ બાબતમાં પોતે કયો રસ્તો અખત્યાર કરવો જોઇએ એ વિષે તે હજી સુધી ચોક્કસ નિર્ણય કરી શકયો ન હતો.

ઘણીવાર તેને એમ જણાતું હતું કે નુરુ અને અલેક વચ્ચેની દોસ્તી બન્નેના ઉજ્જવળ ભવિષ્યની સૂચક હતી. અને એમનાં નસીબ તેજ હતાં એમ બતાવતી હતી; એના મનમાં થતું હતું કે જો તેઓ બન્ને લગ્ન કરે તો તો બધું ઘીને ઘડે ઘી ઠલવાઈ જાય, પછી અસગરમિયાં પોતાનાં દીકરી-જમાઈને તો છેતરે જ નહિ. સંતાનમાં તો એને ફક્ત આ એક જ દીકરી નુરુ છે. હા, એટલું ખરું કે હજી એ એટલો બુઢ્ઢો નથી થઇ ગયો કે એને છોકરાં ન જ થાય. આમ છતાંય તે નુરુ એના પહેલા ખોળાની દીકરી તો ખરી જ, એટલે

કાયમ એના ઉપર વિશેષ વહાલ રહેવાનું. બાપને હમેશાં પોતાની દીકરી તરફ ખૂબ જ મમતા અને કૂણી લાગણી હોય છે અને તેમાંયે જો એ પહેલા ખોળાની હોય તો તો ખાસ.

આમ વિચાર કરતાં જ બશીરને પોતાની સૌથી મોટી દીકરીના જન્મની વાત યાદ આવતાં જ એના મુખ ઉપર ખુશીનું હાસ્ય ફરકી ગયું પણ બીજી જ ક્ષણે એ દીકરી અત્યારે હયાત નથી એ યાદ આવતાં જ એનું આનંદભર્યું સ્મિત ક્ષણિક શોકમાં પલટાઇ ગયું. અને તેને વિચાર આવ્યો કે પોતાને પણ આ સંસારમાં પોતાનું કહેવાય એવું કોઇ જ નથી, પોતે પણ મલેકની પેઠે એકલો અને આધારહીન છે, અને છતાંયે બન્નેમાં ફરક હોય તો એટલો કે મલેક જ્યારે નાનો બાળક છે ત્યારે પોતે તો વૃદ્ધાવસ્થાને આરે ઊભો છે. આમ વિચારસાગરમાં લીન થઇ તેણે હુક્કાની ઘૂંટ ખેંચી, પણ જોયું તો હુક્કો ઓલવાઈ ગયો હતો. હુક્કામાં થોડી નવી ભાંગ ભરી ફરી સળગાવવાનો વિચાર આવ્યો પણ અત્યારની મનની સ્થિતિમાં એને ઊઠવાની આળસ થઈ એટલે હુક્કો ઠરી ગયા છતાંયે તે ખાલી હુક્કો ગડગડાવવા લાગ્યો અને વિચારનો દોર આગળ લંબાવા લાગ્યો.

થોડીવારમાં જ એના મનને શંકાએ ઘેરી લીધું, તેના મનમાં થયું કે હું કેવો મૂર્ખ કે વસ્તુસ્થિતિ જુદી હોવા છતાં અમસ્થો અમસ્થો જ આવા આશાના મિનારા બાંધી રહ્યો છું? અસગરમિયાં પોતાની દીકરીને મલેક સાથે શું કામ પરણાવે? મલેક પોતાના જૂની દુશ્મનનો દીકરો છે એ વાત જાણવા છતાં શા માટે તે આવો વિચાર કરે? નજુમિયાં જીવતો હોત તો પરિસ્થિતિ કદાચ જુદી હોત: તો તો આ બન્ને વચ્ચેનું લગ્ન એ તો બે પક્ષો વચ્ચેના સમાધાનનું પ્રતીક બની જાત. જ્યાં બે બાપ લડતા હોય અને છેવટે બન્નેનાં છોકરાં વચ્ચે લગ્ન-સંબંધ બાંધી એ દ્વારા ચાલી આવતી તકરારનો અંત લાવતા હોય એવા કિસ્સાઓ ક્યાં નથી બનતા? પણ

અહીં તો વાત સાવ જુદી છે. નજુમિયાં આજે હયાત નથી અને મલેકનું આજે કોઈ ઊંચું સ્થાન નથી કે નજીકના ભવિષ્યમાં એવું સ્થાન મળે એવી સંભાવના નથી. એની સ્થિતિ ઉત્તરોત્તર બગડતી જવાની અને તે સાવ ગરીબ અને સામાન્ય માણસ બની જવાનો. આવા એક ગરીબ અને મુફલિસ માણસને અસગરમિયાં જેવો સર્વમાન્ય આગેવાન શા માટે પોતાના જમાઇ તરીકે પસંદ કરે?

આમ બશીરને માટે આ કોયડો ઉકેલવો મુશ્કેલ બની ગયો અને તે કોઇ પણ નિર્ણય ઉપર આવી શક્યો નહિ, એટલે તો તે આ જાતનો નિર્ણય કરવાનું આવતીકાલ પર મુલતવી રાખતો ગયો. આમ કોઇ પણ જાતના નિર્ણય વિના જ એક પછી એક એવી કઇક કાલ વીતવા લાગી. છેવટ બશીરને લાગ્યું કે હવે વધારે વખત ઢીલ કરવામાં સાર નથી, એટલું જ નહિ પણ જોખમ સમાયલું છે. નજુમિયાંની જમીન ખેડતા ગણોતિયાઓએ ગણોત ભરવાની જ ના પાડી હતી અને એમની સામે આકરાં પગલાં લેવામાં ન આવે તો ગણોત કદીયે વસૂલ ન થાય એવી સ્થિતિ હતી. એના મનમાં થયું કે કોને ખબર છે કે એ સાલા ગણોતિયાઓ દીવાન પાસે જઇને મલેકની બધી જમીન પોતાના નામે ન ચડાવી દે? આજ જરાક પોચું ભાળ્યું એટલે ગણોત નથી આપતા, કાલે વિશેષ પોચું ભાળશે ને જમીન સુદ્ધાં આંચકી લેશે. આમ વધારે વખત ચલાવી લેવાય જ નહિ. આનો કાંઇક ઉપાય કરવો જોઇએ અને તે પણ અબઘડી જ.

આ જાતનો નિર્ણય થતાં જ એની હુક્કો પીવાની તલપ બમણા જોરથી પાછી આવી. મનમાં થયું કે તલપ લાગી જ છે તો લાવ ને પી જ લઉં. એક વખત ઇચ્છા થઇ તો એને પૂરી કરવી જ સારી. આવો વિચાર આવતાં જ એ ઊઠ્યો ને હુક્કામાં નવી તમાકુ ભરી એને ફરી ચેતવ્યો ને ગુડ ગુડ ગુડ કરતી એક પછી એક ઘૂંટ ખેંચી ધુમાડા કાઢવા લાગ્યો. ધુમાડાનાં સુંદર ગૂંચળાંને હવામાં તરતાં જોઇ

એણે સંતોષનો દમ ખેંચ્યો અને એના મુખ ઉપર નિશ્ચિંતતા અને આનંદની રેખાઓ ઊપસી આવી. ધીમે ધીમે એના મનની તંગ સ્થિતિ હળવી બની ગઇ અને થોડા વખતમાં જ જ્યાં પરસ્પર વિરોધી એવા સૂક્ષ્મ ને તીક્ષ્ણ વિચારોની અથડામણ નથી એવા પ્રદેશમાં એનું મન પહોંચી ગયું. એ ઝોકે ચડી ગયો.

પણ અચાનક કુલસુમ ગાજતી આવી અને એની મીઠી નીંદર ઉડાડી નાખી. 'બશીરચાચા! બશીરચાચા! મલેક કયાં છે?' તેણે એકી શ્વાસે જોરથી કહ્યું.

એક ક્ષણ બશીર કંઇ સમજ્યો નહિ. તે ડોળાફાડીને એની સામે શૂન્ય નજરે જોઇ રહ્યો. એની ગુલાબી ઊંઘ ભાંગી નાખવા બદલ એને કુલસુમ ઉપર કાળ ચડ્યો. એને થયું કે આ છોકરીને કંઇ ભાન છે? પોતે કેવો ભૂતકાળનાં રમ્ય સ્વપ્નોમાં તરતો હતો ને મીઠી નીંદર લઇ રહ્યો હતો ત્યાં આવીને પોતાની સ્વપ્નાંની દુનિયા ચૂર કરી નાખી! આવા વિચારો તેના મગજમાં આકાર લેતા હતા ત્યારે એના સવાલનો મર્મ એ સમજ્યો અને ઝબ દઇને બેઠો થઈ ગયો. 'મલેક!' તે બોલ્યો. 'મલેક કયાં છે?'

કુલસુમે ચિઢાઇને કહ્યું: 'એ જ હું કયારની કઈ રહી છું કે મલેક કયાં છે?'

બશીર હવે એકદમ જાગ્રત થઈ ગયો હતો: 'તેં એને છેલ્લો છેલ્લો કયારે જોયો હતો?'

'મને આજે ખૂબ થાક લાગ્યો હતો.' તેણે રડતાં રડતાં જવાબ આપ્યો. 'એટલે બપોરે જરા આડે પડખે થઈ હતી. મલેકને મેં કહ્યું કે, ભાઇ, ઘડીક સૂઇ જા. પણ એ કાંઈ માને? મેં એને પરાણે હાથ પકડીને પથારીમાં સુવાડયો પણ એ સૂતો નહિ. મને તો આડે પડખે થતાં જ ઊંઘ આવી ગઇ. ઊંઘમાંથી જાગીને જોયું તો ભાઇ-

સાહેબ ક્યાંક બહાર જતા રહેલા. એ પછી મેં અહીંતહીં જોયું પણ ક્યાંય દેખાણો નથી.'

વાત સાંભળી બશીર ખડખડાટ હસી પડ્યો અને રાહતનો દમ ખેંચી કુલસુમને ઠપકો આપતો હોય એવા સ્વરે કહ્યું: 'બૈરાં કીધાં એટલે થઇ રહ્યું? તમને લોકોને અક્કલ કયે દિવસે આવશે? તમારા ભેજામાં ભૂસું ભર્યું છે કે પછી ભેજું જ સાવ ગુમ છે?'

કુલસુમના મનમાં અત્યાર સુધી બીક અને ચિંતા હતી તેની જગાએ ગુસ્સો ચઢી આવ્યો. રોષથી લાલપીળી થઇને એ બશીરને તાડૂકીને કહેવા લાગી: 'આટલા બધા ખડખડ દાંત શેના કાઢો છો? બશીરચાચા, હું ખરું કહું છું. કેટલો વખત વીતી ગયો છતાં મલેક મળ્યો નથી. મારો તો ચિંતામાં જીવ ઊડી ગયો છે ને તમને હજી એ હસવા જેવી વાત લાગે છે! મહેરબાની કરીને આ વાતને હસવામાં ઉડાવી દો નહિ ને એની ભાળ કાઢો.'

તોય બશીરે હસવાનું ચાલું રાખ્યું. તેણે કહ્યું: 'તું નાટકની રાણીની પેઠે એવી કલ્પાંત કરતી આવી કે મને થયું કે કોણ જાણે શુંય વાત બની હશે! પણ તારી વાતમાં તો કંઈ માલ ન નીકળ્યો! મલેક તારી સાડીના પાલવમાંથી છટકીને નાસી ગયો, એમ ને? એ હવે મોટો થયો—જુવાન થયો, સમજી? એ કંઇ છોકરી નથી કે એને તું હજી તારા પાલવમાં વીંટાળીને લાડ લડાવ્યા કરે. છોકરા હોય એ ડાહ્યા-ડમરા થઈ ખૂણે બેસી ન રહે. મન પડે ને બહાર જાય, જરા રમે-કૂદે, પડે-આખડે ને તોફાન-મસ્તી કરે ને એમ મોટા થાય, સમજી?'

તેણે હસતાં હસતાં આંખમાં ચમકારી લાવીને કુલસુમ સામે જોયું, પણ કુલસુમ ઉપર એના બોલવાની કંઈ અસર ન થઈ. તે ગુસ્સે થઇને તિરસ્કારપૂર્વક હસીને બોલી: 'બસ, બહુ થયું. આ તમારો લવલવાટ બંધ કરો. ક્યારની કહું છું કે કલાકો થયાં છોકરો

બહાર ગયો છે. આટલી બધી વાર કોઇ દિવસ એ બહાર રહ્યો નથી અને છતાંયે તમે તમારો ઘોડો જ ફુટયે રાખો છો ને ! ' ઓરત કરતાં મરદની સરસાઇની બડાઇ હાંકો છો ? જોયા છે મેં બધા મરદ ! અક્કલનું નામ નહિ ને ખાલી ફુલણજી થઈને ફરનારા. પોતાની બડાઈ હાંકતો ન હોય એવો એક તો પુરુષ બતાવો ? '

ગુસ્સાથી ચિડાઇને તે શરીરને જોરથી ઠેલો દઈ ચક્કર ફરીને મોં ચડાવી ધબ ધબ પગલાં મૂકતી ધૂવાંફૂવાં થતી ચાલી ગઈ. થોડાં ડગલાં આગળ ગયા પછી અધવચ્ચે જ પાછી ફરી અને પછી ટાઢાશથી વિનતિ કરતી હોય એમ કહ્યું: ' તમને જો મે'નત ન પડતી હોય તો જરા તકલીફ લઈ બહાર જઇને છોકરાની ભાળ કાઢી આવોને ? '

પણ બશીરે એને મોં–મન દીધું નહિ. એના તરફ તિરસ્કારભરી નજર નાખી એણે પાછો પોતાનો હુક્કો હાથમાં લીધો. આમ છતાં અગાઉની નિરાંતવાળી મનની સ્થિતિ અને આરામચેન પાછાં આવ્યાં નહિ. કુલસુમે એના મનની શાંતિમાં ભંગાણ પાડયું હતું અને હવે પોતે ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ એ મનને ક્ષુબ્ધ અને વ્યગ્ર કરનારા વિચારોને આવતા રોકી શકે તેમ ન હતું. આથી અર્ધો ગુસ્સામાં અને અર્ધો જિજ્ઞાસાથી પ્રેરાઇને તે બહાર જવા નીકળ્યો અને શેરીમાં થઈને વચ્ચે આવેલી મસીદ તરફ ચાલ્યો.

મસીદની ઈમારત કંઈ આલેશાન કે ભવ્ય નહોતી. ગામડાગામની મસીદ કેવી હોય ? માટીનું ભોંયતળિયું ને ઘાસનું છાપરું એટલે ગામડાની મસીદ. એમાં ખાસ જોવા જેવું કશું નહોતું. બીજાં સામાન્ય ઘરો કરતાં એમાં એટલો તફાવત હતો કે બીજાં ઘરની ચારે બાજુ દીવાલ હોય ત્યારે આને એક બાજુ દીવાલ અને ત્રણ બાજુ કેડ સુધીના લાકડાના ખંભા અને વાંસની આડચ બનાવીને વાડ બનાવી દેવામાં આવી હતી. પશ્ચિમ બાજુ એક ઊંચો ચોરો બનાવ્યો હતો. ઇમામ બંદગી કરાવતો ત્યારે એ આ ઓટા ઉપર

ઊભો રહેતો. મસીદમાં બીજાં કશાં સાધનો નહોતાં, ફક્ત થોડી સાદડીઓ હતી. એમાંથી કેટલીક એક ખૂણામાં વીંટા વાળીને ઊભી મૂકી હતી ને બીજી કેટલીક બંદગી કરવા આવનારને બેસવા માટે પાથરવામાં આવી હતી.

બપોર પછીના વખતની બંદગી પૂરી થઇ ગઇ હતી અને સાંજની બંદગીને થોડી વાર હતી. બપોર પછીની બંદગી માટે આવેલા કેટલાક બુઢ્ઢા માણસો ઘેર ન જતાં મસીદમાં જ બેઠા હતા, કારણ એ બંદગી વચ્ચે બહુ લાંબા સમયનું અંતર નહોતું. વાવણીનો વખત હોય કે લાણીટાણું હોય તો વચ્ચે આટલો વખત મળે એય બહુ ઉપયોગનો અને કીમતી ગણાતો, અને એથી કોઈ એટલો વખત પણ ગપ્પામાં નકામો વેડફતા નહિ. પણ લાણીટાણું પતી ગયું હતું એટલે લોકો નિરાંતે ગપ્પાં-સપ્પાં મારીને કામની ને નકામી વાતો કરીને થોડો વખત પસાર કરે એ તેમને પોસાય એમ હતું.

આજે બશીર આવ્યો ત્યારે મસીદમાં ગરમાગરમ ચર્ચા ચાલતી હતી. એકાદ ક્ષણ તો બધી ચર્ચા થંભી ગઇ અને બોલનાર માણસ તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો :

'અહો હો, બશીર, તમને અહીં આવેલા જોઇને અમને સૌને આશ્ચર્ય થાય છે! કારણ નજુમિયાંના અવસાન પછી તમે કયાંય દેખાતા જ...'

બશીર કેમ જાણે માંદો લાગતો હોય એમ હસ્યો ને બોલ્યો: 'પંચાયત, તમે તો જાણો છો કે જૂના પંચાયતના મૃત્યુ પછી હું કેટલો બધો ગુંચવાઇ ગયો છું. એના અનાથ બાળકની સંભાળ ને દેખરેખ રાખવાનું કામ મારા હાથમાં આવી પડયું છે. મને આ જવાબદારીનો બોજો કેટલો ભારે લાગે છે એ તો ફક્ત એક અલ્લા જાણે છે!' પોતે મલેકને શોધવા નીકળ્યો હતો એ વાત અચાનક તેને યાદ આવતાં જ એના મુખ ઉપર ચિંતા સવાર થઈ ગઈ.

'કેમ, હમણાં વળી શું ફિકરમાં છો ?' અસગરમિયાંએ એના મુખ પર ચિંતાનો ભાર જોઇને પૂછ્યું. 'મલેક તમારી આમન્યામાં રહેતો નથી કે ? એને સંભાળવો શું ભારે પડે એમ છે ?'

બશીરને પોતાની વફાદારીની કેમ જાણે કસોટી થઈ રહી હોય એવું લાગ્યું. તુરત જ તેણે કહ્યું: 'ના ના, એવું જરાય નથી, પંચાયત ! મલેક જેવો સીધો-સાદો અને સરસ છોકરો તો તમને આ ગામમાં ન મળે.'

અસગરમિયાં હસ્યો અને બોલ્યો: 'ચાલો, એ સાંભળીને આનંદ થયો ! બશીર, તને તો ખબર છે કે એક વખત નજુમિયાં સાથે મારે ગાઢ મિત્રાચારી હતી. એના જેવો જિગરજાન દોસ્ત આ દુનિયામાં મારે બીજો કોઈ નહોતો.'

બશીર મૂંઝાયો. શું બોલવું એ તેને સૂઝ્યું નહિ. એને થયું કે અસગરમિયાં હમણાં એમની વચ્ચે પાછળથી અણબનાવ કેમ થયો અને જિગરજાન દોસ્તો કટ્ટા દુશ્મનો કેમ બન્યા એ બધાંનો ફોડ પાડશે. કદાચ આખી વાતનો ભેદ ભલે ગુપ્ત રાખે તો પણ એની વાત ઉપરથી એમની વચ્ચેના વિખવાદનું મૂળ કારણ શું હતું એ જાણવાના ચાવી તો જરૂર મળશે. સાવચેતીપૂર્વક તેણે કહ્યું: 'અમે તમારા બન્ને વચ્ચેની દોસ્તી વિષે ખૂબ સાંભળેલું. એટલે જ્યારે બન્ને વચ્ચે આટલો બધો અણબનાવ થયો ત્યારે પહેલવહેલાં તો અમને આશ્ચર્ય જ થયેલું. અલ્લા કરે ને તમે બન્ને છેવટ સુધી મિત્રો જ રહ્યા હોત તો કેવું સારું હતું !'

તેણે વાતનો ભેદ પામવા અસગરમિયાં સામે આતુરતાથી જોયું. પણ અસગરમિયાંનો ઉત્સાહ કોણ જાણે ક્યાં ઓસરી ગયો, અને તે ફરી ગંભીર બની ગયો. હતાશ અને ગંભીર થઇને તેણે ફક્ત એટલું જ કહ્યું: 'અલ્લા કરે ને એવું થયું હોત તો સારું હતું ! પણ

અલ્લાએ એમ થવા દેવાનું ધાર્યું જ નહોતું. એની મરજી વિના કંઈ થોડું જ થાય છે!'

અને આમ એકાએક વાતને અધવચ્ચેથી જ સમેટી લઈ બશીર આવ્યો એ પહેલાં જેની સાથે વાત કરતો હતો તેના તરફ ફર્યો ને બોલ્યો: 'ગુલુમિયાં, તમે એમ કહો છો ને અઝીઝ મારો ફેંસલો સ્વીકારવા તૈયાર નથી?'

ગુલુમિયાં અસ્વસ્થ થઇ પોતાના આસન ઉપરથી જરા આઘો-પાછો થઈ બોલ્યો: 'ના ના, પંચાયત! એણે તો આવી વાત કરી નથી. પણ કેટલાક દુષ્ટ લોકોહમણાં એને પડખે ચડયા છે તેમણે બધાએ ભેગા મળીને એના મગજમાં એવું ઠસાવી દીધું છે કે તમારે તેની સાથે અગાઉ ઝઘડો હતો એનો ડંખ હજી તમે ભૂલ્યા નહિ હો. એટલે આ બાબતમાં પંચ તરીકે તમારો ફેંસલો સ્વીકારતાં એ અચકાય છે.'

'અલબત્ત મને એવા વર્તનથી દુઃખ થયું છે એનો ડંખ હજી હું ભૂલ્યો નથી.' અસગરમિયાં બોલી ઊઠ્યો. 'અને તમે અત્યારે જે વાત કરો છો એથી ઊલટો વધારે ગુસ્સો ચડયો છે. પણ એથી હું એને અન્યાય કરીશ એમ માનવાનું નથી. એની સાથે મારે જે ઝઘડો છે એ મારો અંગત ઝગડો છે. પણ જ્યારે હું બન્ને પક્ષોનો પંચ થાઉં ત્યારે તો મારે પંચાયત તરીકે—તમારા સૌના પ્રતિનિધિ તરીકે જ વિચાર કરી વાતના ગુણદોષ ઉપર જ એનો ફેંસલો કરવાનો રહે.'

'પણ પંચાયત....' ગુલુમિયાંએ કહ્યું.

'સમજી ગયો, સમજી ગયો તમે શું કહેવા માગો છો તે!' અધવચ્ચેથી જ અસગરમિયાં બોલી ઊઠ્યો.

'તમારે એમ કહેવું છે ને કે જ્યારે હું ખુલ્લમખુલ્લા એમ કહું છું કે મને એના ઉપર રોષ છે ત્યારે એને તમારા પર વિશ્વાસ ક્યાંથી આવે? પણ એટલા જ કારણસર એણે મારામાં વિશ્વાસ રાખવો જોઇએ એમ તમને નથી લાગતું?'

ગુલુમિયાં એની વાત સમજતો ન હોય તેમ એની સામે મૂંઝાઇને જોઈ રહ્યો. 'એટલા જ કારણસર અમારે તમારામાં વિશ્વાસ રાખવો જોઇએ ?' અસગરમિયાંની વાત કેમ જાણે તેના માન્યામાં ન આવતી હોય તેમ તેણે એના શબ્દો ફરી ઉચ્ચાર્યા.

'હા હા, એટલા કારણસર જ તમારે મારામાં વિશ્વાસ મૂકવો જોઇએ.' અસગરમિયાંએ ભારપૂર્વક કહ્યું. 'તમે એટલુંયે જોતા નથી કે જો હું અઝીઝ ઉપર ગુસ્સે થયો હોઉં, અને લોકો જાણે છે કે હું ગુસ્સે થયો છું, તો તો એના પ્રશ્ન સંબંધે ફેંસલો આપવામાં તો મારે વધારે કાળજી રાખવી પડશે નહિ તો લોકોને એમ કહેવાનો મોકો મળી જાય કે જોયું, એના તરફ એને દોષ–ભાવ હતો એટલે જ અઝીઝને તેણે અન્યાય કર્યો. ને ધારો કે હું એમ કહું કે મારે એની સામે કશું નથી, એ તો મારો દોસ્ત છે, તો મારી વાત કોણ માનશે? સૌને એ વાતમાં સ્વાભાવિક રીતે જ શંકા થશે. એના પ્રત્યે મારા દિલમાં જે રોષ છે એ હું આટલો જલદીથી ભૂલી જાઉં એમ કોણ માને? ના ના, ગુલુમિયાં અઝીઝ તરફ મને અણગમો છે એ હકીકત આ પ્રશ્ન પૂરતી તો એના લાભમાં છે. કારણ એથી તો એની વિરુદ્ધ ફેંસલો આપવામાં મારે ઊલટાનું વધારે સાવચેત રહેવું પડશે.'

અસગરમિયાંએ વિજયભરી દૃષ્ટિ ફેંકી એકઠા થયેલા લોકોની સંમતિ મેળવવા એમના તરફ જોયું. તેઓ સૌ અસગરમિયાંની વાતથી સારી પેઠે પ્રભાવિત થયા હતા એમ તેમનાં મુખ ઉપરના ભાવથી જોઇ શકાતું હતું. અને છતાંયે આ બાબતમાં ચોક્કસ નિર્ણય બાંધી શક્યા નહોતા. દુશ્મન દુશ્મન હોય એટલા ખાતર જ એના તરફ ન્યાયી રીતે વર્તવું જોઇએ એ એક એવી દલીલ હતી જે તેમને ઝટ દઇને ગળે ઊતરતી ન હતી અને છતાંયે અસગરમિયાં સાચો માણસ હતો એની પણ તેમનાથી ના પડાય તેમ ન હતી.

'તમારી વાત બરાબર છે,' એમ ગુલુમિયાંએ કહ્યું ખરું, પણ એના અવાજમાં વિશ્વાસનો રણકાર નહોતો.

અસગરમિયાં એના અવાજમાં રહેલી ઢીલાશ, મૂંઝવણ અને શંકાશીલતા પારખી ગયો. તે જરા હસ્યો. પણ એનાં હાસ્યમાં શોક અને અફસોસની આછી છાંટ હતી. બહુ જ ધીમેથી અને નમ્રતાથી એ બોલ્યો: 'નજુમિયાંના મૃત્યુ પછી તમે બધાએ મને ગામનો મુખી બનાવ્યો. શા માટે? હું જૂઠો અને અન્યાયકારી છું એટલા માટે? એવી તમારી માન્યતા હતી એટલા માટે?'

'ના, ના, ના, પંચાયત!' સૌ એક–સામટા બોલી ઊઠયા. 'તમારા કટ્ટામાં કટ્ટા દુશ્મન પણ એવું કદી ન માને. તમે હંમેશાં ન્યાયી અને સાચું વલણ જ અખત્યાર કર્યું છે એ વાત તો તમારા દુશ્મનને પણ કબૂલ કરવી પડે તેમ છે.'

'સારું ત્યારે!' અસગરમિયાંએ કહ્યું. 'તમે મને પ્રમાણિક અને સાચો માનો છો એ સંતોષની વાત છે; પણ જો હું મારા ફેંસલામાં અંગત વેરઝેરની લાગણીને વચ્ચે લાવું તો મારી પ્રમાણિકતા કે સચ્ચાઈની શી કિંમત? એક પક્ષ મિત્ર હોય ને બીજો દુશ્મન હોય એટલા ખાતર જ ખોટો ફેંસલો આપવો એમાં સચ્ચાઇ છે? એમાં પ્રમાણિકતા છે?'

લોકોએ એકબીજા સામે જોયું અને કેમ જાણે એની વાત ગળે ઊતરી હોય એમ તેમણે સંમતિસૂચક માથું ધુણાવ્યું. અસગરમિયાં વાત કરતો હતો એ બિલકુલ ખરી હતી પણ શું એ શક્ય હતી? એમને થતું હતું કે કોઇ પણ પ્રકારનો ફેંસલો આપવામાં અંગત લાગણીઓ વચ્ચે આવવા દેવી જોઇએ નહિ એ વાત બરાબર, પણ ગમે તેવો માણસ હોય તોપણ પોતાની અંગત લાગણીઓને આમ એક બાજુ મૂકી શકે ખરો? તેઓ એના તરફ નવી જ જિજ્ઞાસાથી જોઇ રહ્યા. એમના મનમાં થતું હતું: જો એ કહેતો હતો એમ વર્તતો હોય તો તો એને સામાન્ય માનવી નહિ પણ ઉંચી કક્ષાનો અસામાન્ય માનવી માનવો જોઇએ. પંચાયત તો આગળ પણ થઈ

ગયા—રહીમબક્ષ અને નજુમિયાં એમની રીતે સારા માણસો હતા. તેઓ ઉદાર દિલના અને નિખાલસ આદમી હતા. છતાંય તેઓ દુશ્મનનો કાંટો કાઢી નાખવામાં કે મિત્રને ટેકો આપવામાં પાછા પડતા નહિ. દુશ્મનને કદી જવા દેતા નહિ અને મિત્રને કદી સજા કરતા નહિ. એમની નીતિ પ્રમાણે દોસ્તો હમેશાં સાચા અને દુશ્મનો હમેશાં ખોટા હતા. એ નીતિ તેઓ સમજી શકતા હતા. પણ અસગરમિયાંની નીતિ અને વિચારો વળી જુદી જાતનાં જ હતાં અને એ તેમની સમજમાં આવતાં નહોતાં.

છેવટે અસગરમિયાં ઊભો થયો ને બોલ્યો: 'સારું ત્યારે, ભાઈઓ, હવે સાંજની નમાજનો વખત થયો. આકાશની લાલિમા સાવ અદૃશ્ય થઈ ગઈ છે ને અંધારાં ઊતરવા લાગ્યાં છે.'

સંધ્યાના ગગનમાં સાંજની નમાજની બાંગના સ્વરો ઊઠતા હતા. વાતાવરણમાં એકધારા અરબી મંત્રોનો ધ્વનિ ફેલાતો હતો અને દૂર દૂરનાં ખેતરમાં એના પડઘા પડતા હતા. ગામમાંથી થોડા શ્રદ્ધાળુ મુસ્લિમો ઉતાવળા ઉતાવળા મસીદ ભણી આવ્યા હતા અને આવીને નમાજ પઢતા મુસ્લિમોની હારમાં જોડાઇ ગયા. જોતજોતાંમાં ગામડાંના મુસ્લિમોનો નાનો સમૂહ મસ્જિદમાં ભેગો થયો અને સૌ પોતપોતાની જગાએથી ઊભા થઇ અદૃશ્ય રહીને માનવીનું ભાવી ઘડનાર સર્વશક્તિમાન અલ્લાતાલાની તારીફ કરી બંદગી ગુજારવા લાગ્યા.



[૧૩]

મલેકની શોધ

અશાર વિચાર-મગ્ન સ્થિતિમાં ધીમે ધીમે ડગલાં ભરતો ઘેર પાછો ફર્યો. તે અસગરમિયાંની વાત ઉપર મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યો. એની વાતથી તે પ્રભાવિત થયો હતો એ વાત સાચી, છતાં એના મનની તમામ શંકાઓ સાવ નિર્મૂળ થઇ ગઈ હતી એમ પણ નહોતું. એના મનમાં થતું હતું કે સુંદર શબ્દો બોલવા એ એક વાત હતી અને એ શબ્દો પ્રમાણે આચરી બતાવવું એ જુદી વાત હતી. સુંદર શબ્દોના આચ્છાદન નીચે જ દુનિયામાં ખરાબમાં ખરાબ દુષ્કૃત્યો થતાં નહોતાં શું ? તેને થયું કે અસગરમિયાં ખરેખર પ્રમાણિક અને સાચો માણસ હશે કે પછી પવિત્ર લેબાસમાં ઢોંગી ધુતારો હશે ? એનો ભૂતકાળ ઘણો સારો હતો અને પોતાને એ વાત અચકાતાં અચકાતાં કબૂલ કરવી પડી કે નજુમિયાં સાથેની એની દુશ્મનાવટ હોવા છતાં કોઇ દિવસ તે હલકી રીતે અપ્રણાલિક રીતે વર્ત્યો હતો.

આમ વિચારસાગરમાં લીન થઇને તે ચાલ્યો આવતો હતો ત્યાં ઘેર આવતાં જ એનું જે સ્વાગત થયું તેણે તેની વિચારમાળા તોડી નાખી. કુલસુમ અને ગુલાબો એની રાહ જોઇને બેઠાં હોય એમ લાગ્યું, કારણકે જેવો તે ઘરની નજીક આવ્યો કે તુરત જ બન્ને જણી ઘરની બહાર દોડી આવી ને એકી સાથે બોલી ઊઠી: 'મલેક ક્યાં ?'

'મલેક ? હજી સુધી તે ઘેર આવ્યો નથી શું ?' બશીરે પૂછ્યું.

અંધારું થવા આવ્યું હતું. અને મલેકે તો ઘણા વખત પહેલાંથી જ પાછા આવવું જોઇતું હતું. કંઇક અકસ્માત તો નહિ બન્યો હોય? આ વિચારે તેના દિલમાં તીર જેવી વેદના જગવી, છતાં એ જોર કરીને પરાણે શાંત થયો ને ફરીને બોલ્યોઃ 'મલેક તું તો ઊંઘી ગયેલી ત્યારનો બહાર ગયો છે એ હજી સુધી પાછો આવ્યો નથી?'

'તમે બહેરા છો કે પછી અક્કલ બહેર મારી ગઇ છે?' કુલસુમે ચિડાઇને કહ્યું. 'એના મુખ ઉપર ડર અને ત્રાસ વ્યાપી ગયા હતા. 'મેં તો માનેલું કે તમે મલેકને ગોતવા ગયા હશો, પણ તમે તો આવીને એના એ મૂર્ખાઇ ભરેલા સવાલો પૂછો છો. બુદ્ધિ શું બહેર મારી ગઈ છે?'

'પણ હું બહાર ગયો એ વખતે એ પાછો ઘેર નહિ જ આવ્યો હોય એની મને કેવી રીતે ખબર પડે?' બશીર બબડવા લાગ્યો. ને ગણગણાટ કરતો પોતાના ઓરડામાં ગયો. ત્યાંથી તેણે પોતાની લાકડી લીધી અને અધવચ્ચેથી પકડી હાથમાં ઝુલાવતો ઝુલાવતો તે બહાર નીકળ્યો. લાકડી તાજા વાંસમાંથી કાપીને બનાવી હતી, અરધા ઇંચ વ્યાસની હતી અને ઉપર લોઢાની કુંડલી ને કડીઓ નાખીને એને મજબૂત બનાવી હતી. તેનું આ સબળ હથિયાર હાથમાં લઇ લહેરથી ઝુલાવતો ઝુલાવતો એ બહાર નીકળ્યો.

'હવે અત્યારે ક્યાં ચાલ્યા?' કુલસુમે પૂછ્યું.

'મલેકની ભાળ કાઢવા.' બશીરે ટાઢાશથી જવાબ આપ્યો અને પછી ઉમેર્યુંઃ 'એક વખત હવે હાથમાં આવે પછી એ તોફાનીને એવો તો પદાર્થપાઠ શીખવી દઉં કે ભવિષ્યમાં એ કદી ભૂલે નહિ!'

કુલસમે કહ્યુંઃ 'તમે તો બહાર ચાલ્યા, પણ અમારું શું? અમારે શું કરવું? અમને આમ એકલાં મૂકીને અત્યારે તમે બહાર જશો?'

'મૂરખ ન થા!' બશીરે કહ્યું. 'અડધો કલાક બહાર જઇશ

એથી તને કોઇ ખાઇ નહિ જાય. ખરેખર તમને જો બીક લાગતી હોય તો હું આવું ત્યાં સુધી બાજુના પાડોશીના ઘરમાં જઇને બેસજો.'

'અને ધારો કે આપણે સૌ બહાર હોઇએ એ વખતે જ મલેક ઘેર પાછો આવે તો ?'

'આખો વખત બધું 'ધાર ધાર' કરમા. 'બશીરે અવાજમાં તીખાશ લાવીને કહ્યું. 'તારે ઘેર રહેવું હોય તો ઘેર રહે અને ન રહેવું હોય તો કાંઇ નહિ–બાજુના ઘેર જઇને બેસ. તારે તો લાડવો હાથમાંય રાખવો છે ને મોઢામાંયે રાખવો છે; એ કામ નહિ આવે. એમાંથી એક વાત કર, મારી પાસે નકામી વાત કરવા–સાંભળવાનો વખત નથી !'

પછી જરા ધીમા પડીને કહ્યું: 'મલેક આવા અંધારામાં ઘેર પાછો આવે નહિ. મોડું થઇ ગયું હશે એટલે કોઈકના ઘેર જઇને બેઠો હશે.'

છેવટ વધુ ચર્ચા કર્યા પછી કુલસુમ અને ગુલાબીએ ઘેર જ રહેવું એમ નક્કી કરવામાં આવ્યું.

પોતાનો આખો દિવસ નકામો ગયો એ બદલ સ્ત્રીઓને ઠપકો દેતો દેતો બશીર ઘરની બહાર નીકળ્યો, હાથમાં તેણે કડિયાળી ડાંગ મજબૂત રીતે પકડી હતી અને તેનાં બધાં અંગોમાં નવું જોમ આવ્યું હતું. એની બધી કર્મેન્દ્રિયો સતેજ થઇ ગઇ હતી અને ઉતાવળે ઉતાવળે ડગલાં ભરતો તે જતો હતો. આ પંથકમાં જિંદગી બહુ સલામત ન હતી અને દુશ્મનો પોતાનું ચાલે તો પાછળથી કે બાજુમાંથી આવીને ક્યારે ઘા મારી જાય અને અંધારામાં એનો ખુરદો બોલાવી દે એ કંઇ કહેવાય તેમ નહોતું. વખત છે ને અંધારાનો લાભ લઇ કોઈ જાણુભેદુ દુશ્મન એક જ ઘા મારે તો એનાં સોય વરસ પૂરાં કરી નાખે ને ગામડાની આ નાનકડી દુનિ-

યામાંથી કાયમને માટે અદૃશ્ય થઈ જાય એ સ્થિતિ હતી. વળી પાસે જ પદ્મા નદી વહેતી હતી એટલે કોઈ મારીને એનું મુર્દું પદ્મામાં ફેંકી દે તો પછી એનું નામનિશાન પણ હાથ લાગે નહિ.

આવા વિચારો આવતાં એકાએક બશીરનું શરીર તંગ બની ગયું. એના મનમાં થયું: ધારો કે કોઇ દુશ્મનના હાથમાં મલેક પડી ગયો હોય અને તેણે એને મારીને પદ્મામાં ફેંકી દીધો હોય અને એનું મુડદું પાણીમાં તણાઇ ગયું હોય તો? પદ્માના વિશાળ સાગર જેવા પડથારમાં મલેક જેવા એક નાના દીકરાનું મુડદું એ તો આકાશના ઘુમટમાં નાના ધાબા જેવું લાગે. એ મુડદું તરતું હોય તોય કોની નજર જાય? એના તરફ ધોળે દિવસે પણ કોનું ધ્યાન ખેંચાય? રાત એટલી જામી ગઇ હતી કે એના ગાઢ અંધારામાં કોઈ ચીજ જુદી દેખાતી ન હતી. જ્યાં નજર કરો ત્યાં બધું કાળું ધમ્મ દેખાતું હતું. આકાશના ઘુમટમાં ફક્ત ઝાંખા તારાઓ ટાંચણીનાં માથાં જેવા ઝબકતા હતા. અલ્લાતાલાની મહેર હતી. એ સર્વશક્તિમાન હતા. માણસના જીવનમરણનો સવાલ એના હાથમાં હતો. એની ઇચ્છા વગર એક પાંદડું પણ આમ કે તેમ હલી શકે તેમ નહોતું. તો પછી શું તે દુષ્ટ માણસોને એક બાળકને નુકસાન પહોંચાડવા દેશે? એના હૃદય ઉપર એક પ્રકટ ભયનો બોજ આવીને પડ્યો અને એનું મન અકળ ઉદાસીનતાથી ભરાઇ ગયું.

ઝાડના ઝુમખા વચ્ચેથી દૂરથી એક બળી ગયેલા નાનકડા તાપણાનો ઝાંખો પ્રકાશ દેખાતો હતો. અંધારાને તે ભાગ્યે જ ભેદી શકતું હતું અને છતાંયે આટલું ઝાંખું તાપણું દેખાતું હતું એ પણ તેને મન ભારે ઉપયોગી હતું. આવા ગાઢ અંધારામાં આટલો પ્રકાશ આપવા બદલ મનમાં ને મનમાં તે અલ્લાહનો અહેશાન માનવા લાગ્યો. કેમ જાણે પોતાનો સહૃદય દોસ્ત હોય એમ એ તેની પાસે પહોંચવા માટે ઉતાવળે પગલે ચાલવા લાગ્યો. ત્યાં તો એકસામટાં બે-પાંચ કૂતરાંઓએ વ્હે વ્હે કરતાં તેનું સ્વાગત કર્યું અને અંધારામાં નાના

નાના આકારો પૂંછડી ઊંચી કરતાં ભસતા દેખાયા. બશીરે જમીન ઉપર પોતાની વજનદાર લાકડી ઠબકારી અને હટ હટ કરતો કૂતરાને આઘાં કાઢવા લાગ્યો.

તાપણાના ભાઠાના ઝાંખા અજવાળામાંથી કોઇએ બૂમ મારીને કહ્યું: 'કોણ છે?'

અને બશીર આગળ વધ્યો ત્યારે ક્ષણભર એ તાપણું પણ દેખાતું બંધ થઇ ગયું, કારણ એ બૂમ મારનાર એ તાપણાની આડો ઊભો હતો.

'આ તારા કૂતરાને વારજે, ગુલુમિયાં!' બશીરે મોટેથી બૂમ મારીને જવાબ આપ્યો. 'એ તો હું બશીર, નજુમિયાંને ઘેરથી આવું છું.'

'કોણ, બશીરમિયાં?' ગુલુમિયાંએ આશ્ચર્યચકિત સ્વરે પૂછ્યું. 'કેમ અત્યારે છેક મોડી રાતે?'

તે ડગલાં ભરતો બશીરને સામો લેવા આવ્યો અને કૂતરાંઓને પાછાં બોલાવી લીધાં. તેના હાથમાં રહેલો દીવો આસપાસનાં વૃક્ષો ઉપર ચિત્રવિચિત્ર પડછાયાની ભૂતાવળ ફેંકવા લાગ્યો. અને અંધારા-અજવાળાની એ ઝાંખી સૃષ્ટિમાં માણસો અને કૂતરાંઓ કોઈ દુઃસ્વપ્નની દુનિયામાં પેદા થઇને વિચરતાં હોય એવું લાગવા માંડ્યું.

'કેમ. અત્યારે મોડી રાતે કેમ આવવું પડ્યું?' ગુલુમિયાંએ ફરીને સવાલ પૂછ્યો.

'તમે મલેકને ક્યાંય જોયો?' બશીરે પૂછ્યું પણ પૂછવું નકામું હતું એની તો પોતાને પહેલેથી જ ખાતરી હતી.

'મલેક?' ગુલુમિયાંએ નવાઇ પામીને કહ્યું. 'કેમ, હજી સુધી તે ઘેર આવ્યો નથી શું?'

'ના.' બશીરે ચિંતાતુર ભાવે જવાબ આપ્યો. 'બપોરનો તે બહાર ગયો છે પણ ત્યારથી ફરી પાછો દેખાણો જ નથી.'

'એ તો ભારે કહેવાય !' ગુલુમિયાંએ કહ્યું. 'બપોર પછી તો આખો વખત મસીદમાં જ હતો. પણ છોકરાંઓએ કોઇએ એને જોયો હોયે તો હું એમને પૂછી જોઉં. મતીન ! મતીન !' તેણે બૂમ મારી. તુરત જ દસેક વરસનો માથે જિંથરકા ઉડાડતો એક છોકરો બહાર આવ્યો.

તેં આજે મલેકને ક્યાંય જોયો'તો ?' બશીરે પૂછ્યું.

'મલેક કાલે મારી સાથે રમવા આવ્યો'તો, પણ પછી મેં એને જોયો નથી.' છોકરાએ જવાબ આપ્યો ને ઉમેર્યું: 'સબુને કદાચ ખબર હોય, કારણ એ બન્ને ગાઢ મિત્રો છે.

બશીર એમને સલામ કરીને સબુના ઘર તરફ ચાલતો થયો. સંભવ છે કે મલેક કદાચ ત્યાં જ હોય. એમ હોય તો આટલી બધી વખત બધાંને ચિંતામાં ગાંડા કરી મૂકવા બદલ પોતે એ છોકરાને બરાબર ઠપકો આપશે—આમ વિચાર કરતો કરતો તે સબુના ઘર તરફ જતો હતો.

ગામની અંદર અંધારું ગાઢ થઇ ગયું હતું. રસ્તા ઉપર મોટાં મોટાં ઝાડ એની કાળી ઘટા પ્રસારીને ઊભાં હતાં. અજવાળી રાત્રે પણ ઘટાદાર વૃક્ષોમાંથી ગળાઇને ચંદ્રનો પ્રકાશ ભાગ્યે જ નીચે આવી શકતો એટલી વનસ્પતિ ગીચોગીચ ફેલાઇ ગઇ હતી. આજે રાત્રે પણ ઝાડની ઘેરી ઘટાઓના છુટાછવાયા અવકાશમાંથી કોઇ કોઇ તારા આકાશમાં તબકતા હતા. અંધારામાં અહીંતહીં આગિયા ઝબૂકતા હતા. પણ બશીરને રાત્રિનું આ બધું સૌંદર્ય જોવાની ફુરસદેય નહોતી અને ખ્યાલ પણ નહોતો. એના મનમાં તો 'મલેક'નું રટણ ચાલ્યા કરતું હતું. એના વિચારમાં ને વિચારમાં તે ઉતાવળો ઉતાવળો જતો હતો. ફક્ત પહેલાં જ્યારે તે ઘરની બહાર નીકળ્યો અને દુશ્મનનો જે ભય એના મનમાં ઘર કરી ગયો હતો એ ભય અત્યારે પણ એના મનમાંથી દૂર થયો નહોતો અને એટલા પૂરતો સાવચેતી રાખીને તે સબુના ઘર તરફ ચાલતો હતો.

થોડા વખતમાં જ તે સબુના ઘર પાસે આવી પહોંચ્યો. જેવો તે નજીક આવ્યો કે તુરત જ કૂતરાં ભસવા લાગ્યાં. પણ એના તરફ તેણે ધ્યાન આપ્યું નહિ. 'સબુ ! સબુ !' તેણે બૂમ મારી અને ઘરમાં કોઈનો પદસંચાર થતો હોય એમ લાગ્યું, પણ કોઇએ જવાબ દીધો નહિ.

'સબુ !' તેણે ફરીને બૂમ મારી અને કૂતરાંઓ એની આસપાસ ટોળે વળીને વ્હે વ્હે કરતાં જોરથી ભસવા લાગ્યાં. પણ છતાંયે ઘરમાંથી કોઇએ જવાબ આપ્યો નહિ. તેણે પોતાની લાકડી કૂતરાં તરફ ઉગામી ને ચારે બાજુ હવામાં વીંઝી. એ જોઈ કૂતરાંઓ પાછાં હઠી ગયાં ને વધુ ને વધુ ભસવા લાગ્યાં. આમ કરતાં કરતાં તે છેક સબુના ઘરના બારણા પાસે આવી પહોંચ્યો.

'સબુ !' તેણે ફરી એકવાર બૂમ મારીને ઉમેર્યું. 'ઘરમાં કોઇ નથી કે શું ?'

ઘરમાં ફરીને તેણે ધીમો ગણગણાટ સાંભળ્યો અને કોઇક અહીં-તહીં ધીમે પગલે ફરતું હોય એવો સંચાર થતો કાને પડયો, પણ કોઇ ઘરમાંથી બહાર નીકળ્યું નહિ.

આખરે તે ધીરજ ગુમાવી બારણા ઉપર લાકડી ઠબકારીને મોટેથી બોલ્યો: 'ઘરનાં બધાં મરી ગયાં છે કે શું ?' દીવાલની અંદરના ગોખલામાંથી દીવાનો ઝાંખો પ્રકાશ બહાર આવતો હતો. છેવટે ઘરમાંથી અવાજ આવ્યો: આટલી મોડી રાતે તમારે કોનું કામ છે ?'

'મારે સબુને મળવું છે' બશીરે જવાબ આપ્યો.

'કેમ. શું કામ ? શા માટે ? તમે કોણ છો ?' અંદરથી બોલનારે સવાલની પરંપરા ચલાવી.

'એકવાર બહાર તો નીકળો ને તમારી જાતે જ જુઓ કે હું કોણ છું ને શા માટે આવ્યો છું.' બશીરે છેવટ થાકીને જવાબ આપ્યો.

'પહેલાં પરથમ તમે કોણ છો એ કહેવું જ પડશે.' બોલનારે આગ્રહપૂર્વક કહ્યું.

'હું બશીર છું ને નજુમિયાંને ત્યાંથી આવું છું.' છેવટ બશીરે કહ્યું.

'ઓહો...બશીરમિયાં...તમે છો કે?' ઘરમાંથી જવાબ આવ્યો ને તુરત જ બારણું ઊઘાડયું.

એક લાંબો પાતળો સોટા જેવો માણસ બહાર આવ્યો અને બોલ્યો: 'તમારે અત્યારે રાતે વળી સબુનું શું કામ પડયું છે?'

પછી માફી માગતો હોય એવા અવાજે બોલ્યો: 'બહાર આવવામાં મેં મોડું કર્યું એથી માઠું લગાડતા નહિ. રાતવરતનાં કોણ જાણે કેવાંયે ભૂતપલીત બહાર ભમતાં હોય. અને ભૂતપલીત ન હોય તો ચોર–લૂંટારાનો ભય પણ કયાં ઓછો છે?'

બશીર તિરસ્કારપૂર્વક હાસ્ય હસ્યો ને બોલ્યો: 'તું તો હમેશાં ભૂત–પલીત, ડાકણ ને ચુડેલથી ડરતો રહેવાનો, પણ એ બધી વાત પછી, પહેલાં સબુ કયાં છે એ મને કહે.'

'સબુ સૂઈ ગયો છે.' પેલા માણસે કહ્યું.

'એમ! તેને જરા જલદી ઉઠાડ!' બશીરે અધીરા બનીને કહ્યું.

પેલો માણસ જલદી જલદી ઘરમાં ગયો અને થોડીવારમાં જ સબુને ઉઠાડીને બહાર બોલાવી લાવ્યો. સબુની ઊંઘ હજી પૂરી ઊડી નહોતી. આંખો ચોળતો ચોળતો એ બશીરની સામે આવીને ઊભો ને બોલ્યો:

'કેમ બશીરચાચા, મારું શું કામ છે?' ઊંઘનાં ઘેનમાં ને ઘેનમાં તેણે પૂછ્યું.

'મલેક કયાં છે?' બશીરે તેને હડબડાવીને પૂછ્યું.

'મલેક?' સબુએ આશ્ચર્યથી સામો પ્રશ્ન કર્યો. હવે તેની ઊંઘ

સાવ ઊડી ગઈ હતી. 'મને ખબર નથી. બપોરે અમે રમતા હતા ત્યારે એ મને મૂકીને ચાલ્યો ગયેલો. એ પછી મેં એને જોયો નથી.'

'તે અત્યારે ક્યાં છે એની તને જાણ નથી?' બશીરે ફરીને એકવાર તેને પૂછ્યું.

'પણ મને શી રીતે જાણ હોય?' છોકરાએ જવાબ આપ્યો. 'એ મારા સાથે લડયો જ શું કામ?' ને પછી તરત જ ઉમેર્યું: 'બશીરચાચા! એમાં મારો વાંક ન હતો. પહેલવહેલાં લડવાનું મલેકે શરૂ કરેલું. મેં તો...'

બશીર અધીરો થઇ તેને વચ્ચેથી અટકાવી બોલ્યો, 'મને તારો આ બધો બડબડાટ સાંભળવાની ફુરસદ નથી. લપછપ કર્યા સિવાય એટલું કહી દે ને કે મલેક ક્યાં છે એની તને ખબર છે કે નહિ?'

'ના' છોકરાએ ઉતાવળા ઉતાવળા જવાબ આપ્યો. પોતે આખી વાત સમજાવે એ પહેલાં જ બશીરે અધીરા થઇ એને વચ્ચેથી જ બંધ કરી દીધો એ બદલ તેને ખૂબ માઠું લાગ્યું.

છોકરાએ ના કહી એટલે એક શબ્દ પણ બોલ્યા સિવાય બશીર એકદમ ત્યાંથી પાછો ફર્યો અને અંધારામાં લાંબાં ડગલાં ભરતો ભરતો ઝડપભેર ચાલ્યો ગયો. કૂતરાંઓએ થોડો વખત ચૂપકીદી ધારણ કરી હતી. પણ વળી પાછો પદસંચાર થતાં અને લાકડીના ઠબ ઠબ અવાજ થતાં ભસવાનું ચાલુ કરી દીધું.

સબુના ભાઇએ ગણગણાટ કર્યો: 'કેવો સાવ જંગલી જેવો છે. રીતભાત કંઇ જાણતો જ નથી લાગતો. આટલી રાતે પથારીમાંથી ઘરનાં બધાં માણસને જગાડયાં પછી સલામ પણ ન કહે!'

સબુએ ટીકા પુર્યો: 'મલેક પણ બરાબર એવો જ છે, ભાઇજાન! એ મારી સાથે અમસ્થો અમસ્થો લડયો. મેં ફક્ત એટલું જ કહેલું કે તુરૂ...' પણ ત્યાં તો એનો ભાઈ પાછો ઘરમાં ચાલ્યો ગયો હતો અને

બશીર લાંબાં ડગલાં ભરતો ભરતો સીધો ઘેર આવ્યો. રસ્તામાં એ ક્યાંય રોકાયો નહિ. આટલી રાત્રે ઘેર ઘેર જઇ લોકોને ઊંઘમાંથી ઉઠાડી પૂછવાનો કશો અર્થ એને લાગ્યો નહિ. એને થયું કે જો મલેક ગામમાં જ કોઇને ગયો હોય તો તો એ લોકો જ એને ઘેર મૂકી ગયા હોય. જરૂર કંઈક અકસ્માત બન્યો હશે. પદ્માએ નજુમિયાં અને આયશા એમ બબ્બે જીવના ભોગ લીધા પછી પણ હજી એને સંતોષ થયો નહિ હોય. હવે મલેકનો વારો આવ્યો હોય અને બનવાજોગ છે કે તેણે તેને ભરખી લીધો હોય. હવે રાત્રે આમ ઘેર ઘેર ભટકવાનો કાંઈ અર્થ નથી. અત્યારે જ્યારે ક્યાં જવું અને ક્યાં ભાળ કાઢવી એની કશી ખબર નથી ત્યારે બીજું થઇ પણ શું શકે? હવે તો એક વખત રાત પૂરી થઈ જાય પછી જ વાત. સવારમાં સૌથી પહેલાં કોઈ હોડી ખોવાણી છે કે નહિ એની તપાસ કરીશ એટલે બધે અંકોડે અંકોડા મળી જશે. પછી શું કરવું એ નક્કી થઇ જશે.

તે રાત્રે ઘરનાં બધાં માણસોએ ભારે હૃદયે સૂવાની તૈયારી કરી. કુલસુમે કહ્યું કે 'મારી તબિયત ઠીક નથી એટલે મારે અત્યારે વાળુ કરવું નથી.' પણ ગુલાબી એને વઢી અને થોડું જે ભાવે તે ખાઇ લેવા આગ્રહ કરવા લાગી. તેણે કહ્યું: 'ભૂખ્યા પેટે સારા વિચાર આવે નહિ. માટે કોળિયો–બે કોળિયા જે ભાવે તે ખાઇ લે.' બશીરને તેમણે મૂંગા મૂંગા થાળી પીરસી અને તે પણ મૂંગો મૂંગો જમવા લાગ્યો.

એવામાં દૂર દૂર બત્તીનું અજવાળું ઝબકવા લાગ્યું. અત્યારે રાતના વળી કોણ આ બાજુ આવતું હશે એની બશીરને નવાઇ લાગી. ગામડાગામમાં લોકો અંધારું થતાં જ વહેલાં વહેલાં વાળુ કરીને સુઈ જતાં ને મોડી રાત્રે અંધારામાં ભાગ્યે જ ભટકતાં. એમાં પોતાના ઘર તરફ વીજળી–બત્તીનો પ્રકાશ ફેંકતા કોઈને આવતા જોયા ત્યારે તો એનો અચંબો ઓર વધી ગયો. ધીમે ધીમે પડછાયા ચોખ્ખા દેખાવા લાગ્યા અને અંધારાને ચીરતા બત્તીના પ્રકાશમાં માણસો હાલતા-ચાલતા હોય એમ જણાયું. બશીરનું આશ્ચર્ય ચિંતા-

મુક્ત બની ગયું. તેના મનમાં થવા લાગ્યું માણસો હાથમાં વીજળીબત્તી લઈને ઘર તરફ આવતા જણાય છે. શું હશે ? સારા સમાચાર લાવ્યા હશે કે પછી માઠા ? તે પડછાયા ગણવા લાગ્યો. પણ બત્તીનો પ્રકાશ તબક તબક થતો હતો એટલે કેટલા માણસો હતા એ ચોક્કસ ગણી શકતો નહોતો. એક સામટા બે-પાંચ અવાજો અંદરોઅંદર વાતચીત કરતા હોય એમ લાગતું હતું. એ જુદા જુદા અવાજો ઉપરથી ઓછામાં ઓછા ત્રણ-ચાર માણસો તો આવે છે એવું તેણે અનુમાન કર્યું.

શું કરવું તેની સમજણ પડી નહિ. મનમાં થયું કે કુલસમ અને ગુલ્લાબીને બોલાવી બાજુની ઝાડીમાં સંતાઈ જાઉં ? જો આવનારા લૂટારુઓ જ હોય તો તો એ લોકોએ અગાઉથી જ પોતાના માણસોને આસપાસની ઝાડીમાં ચોકી કરવા ગોઠવી દીધા હશે. આ સ્થિતિમાંથી ઘરમાંથી બહાર નીકળવું એટલે તો હાથે કરીને એના ફાંસલામાં જઈ પડવું. ત્યારે ઘરના સૌથી મજબૂત ઓરડામાં જઈને ભરાઈ જાઉં ? એ પણ નકામું છે, એનો ખ્યાલ આવતાં જ એ મનોમન હસી પડ્યો. કારણ નજુમિયાંના મૃત્યુ પછી એ ઓરડો સાવ અવાવરુ જ રહ્યો હતો. વળી ધારો કે એ ચાલુ વપરાશમાં હોત તોપણ ત્યાં જવું નિરર્થક હતું, કારણ શસ્ત્રસજ્જ લૂંટારાઓની ટોળી સામે પોતે એકલો શી રીતે ઝૂઝીને બે સ્ત્રીઓનો અને ઘરનો બચાવ કરી શકે ?

છેવટ નસીબમાં જેમ માંડ્યું હશે તેમ થશે અને પડશે એવા દેવાશે એમ વિચાર કરી તેણે રાહ જોવાનું નક્કી કર્યું. એ સિવાય બીજું કશું તે કરી શકે તેમ ન હતું, કારણ કે એની વિચારધારા પૂરી થાય ત્યાં તો પેલા બત્તીવાળા માણસો એના મકાનની લગોલગ આવી પહોંચ્યા હતા. બત્તીના ઝળક ઝળક થતા અજવાળામાં જુદા જુદા આકાર અને કદનાં માયાવી રૂપવાળાં ચાર માણસો આવતા

હોય તેમ તેને લાગ્યું. આમાં એક માણસ તો સૌથી ઊંચો અને વિલક્ષણ લાગતો હતો અને મોટો રાક્ષસી પડછાયો પાડતો હતો.

એમના ધીમા ગણગણાટ વચ્ચેથી એક સ્પષ્ટ અને મોટો અવાજ સંભળાયો. એ અવાજ પારખી લેતાં જ બશીર એકદમ સ્તબ્ધ બની ગયો. એ અવાજ અસગરમિયાંનો હતો અને મોટેથી સ્પષ્ટ અવાજે એ તેને ઉદ્દેશીને બૂમ પાડતો હતો: 'બશીર! બશીર! ઓ બશીર!'

હવે એમાં જરાય ભૂલ થાય એવું ન હતું. અવાજ અસગરમિયાંનો જ હતો. પણ અસગરમિયાં અત્યારે કેમ આવ્યો હશે એની તેને નવાઈ લાગી. અને નિ:શંકતાને કારણે એ નવાઇ ઊલટી વધી ગઇ. એના મનમાં થયું કે અસગરમિયાંને પોતાનું આટલી મોડી રાતે શું કામ પડયું હશે? એની સાથે આવેલા માણસો કોણ હશે અને આ બધું શું બતાવતું હશે? અને આ બધામાં સૌથી ઊંચો માયાવી રૂપ જેવો રાક્ષસી કદનો માણસ કોણ હશે!

હવે વિચાર કરવાનો કે ઢીલ કરવાનો વખત નહોતો. 'બશીર!' અસગરમિયાંએ ફરી એક બૂમ મારી અને તુરત જ બશીર ઘરની બહાર આવ્યો.

'કોણ, અસગરમિયાં! આટલી મોડી રાતે કેમ આવવું પડયું?' બશીરે એને પૂછયું. પણ અસગરમિયાં હજી કાંઇ જવાબ આપે તે પહેલાં જ એક તીણો અવાજ વિજયસૂચક સ્વરે બોલી ઊઠયો: 'જુઓ જુઓ, બશીરચાચા, હું તમારા કરતાંયે ઊંચો છું.' એ અવાજ મલેકનો હતો. અસગરમિયાં સાથે આવનારાઓમાં એક માણસના ખભા ઉપર તે બેઠો હતો. બશીરને જોતાં જ તે બોલી ઊઠયો ને પેલા માણસના ખભા ઉપર ઊંચો–નીચો થવા લાગ્યો.

અસગરમિયાંએ થોડા શબ્દોમાં બધી વાતનો ફોડ પાડયો. તેણે કહ્યું: 'હું મસીદમાંથી નીકળી ઘર તરફ જતો હતો ત્યારે રસ્તામાં વોંકળા પાસે મલેક અને નુરૂ બન્ને સામાં મળ્યાં. અમારા ને નજુ-

મિયાંના ઘર વચ્ચે પેલો વોંકળો આવ્યો છે ને ત્યાં બન્ને જણુ બરા-બરાબરનાં ફસાઇ ગયેલાં. નુરૂએ મલેકને કીધેલું કે નહેર સુકાઇ ગઈ છે, પણ ત્યાં હજી કેડ સમાણું પાણી હતું અને ચાર હાથનો પટ હતો. આ વોંકળા ઉપરથી જવા માટે પેલો વાંસનો પુલ બનાવ્યો છે ને એના ઉપરથી બન્ને જણુ જવા તૈયાર થયાં. પણ નુરૂની હિંમત ચાલી નહિ એટલે મલેકે પાસે એક માટીનો પહોળા મોંવાળો ઘડો પડેલો તેમાં નુરૂને બેસાડીને પોતે એક હાથમાં વાંસ ને બીજા હાથમાં દોરડું ઝાલી પુલ ઓળંગવા લાગ્યો. આમ તો બધુંય સમું ઊતરી જાત ને એ બન્ને જણુ સામે કિનારે પહોંચી જાત, પણ અર્ધે રસ્તે પહોંચ્યાં એટલામાં નહેર ખૂબ કાંપવાળી હોવાથી મલેકનો વાંસ ખૂંચી ગયો. મલેકે એને બહાર ખેંચી કાઢવા ખૂબ બળ કર્યું પણ વાંસ જલદી પાણીમાંથી નીકળ્યો નહિ. વાંસને છોડી દેવાનો વિચાર કર્યો તો એય પોસાય નહિ, કારણુ વચ્ચે પાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે વાંસનો ટેકો છોડી દે તો પેલો ઘડો પાણીમાં તણાઇ જાય ને સાથે નુરૂ પણ તણાઇ જાય.

પહેલવહેલાં તો આ લોકોને આવી રીતે ફસાયેલાં જોઈ મને ખૂબ હસવું આવ્યું. તેમને ટેકો દઇ જલદીથી પાણીમાંથી બહાર કાઢી સામે કાંઠે લઈ આવ્યો ને પછી બન્નેને મોઢેથી આ કહાણી સાંભળી. મેં મલેકને કહ્યું: 'તું પાણીમાં ખાબકીને સામે કાંઠે કેમ ન આવ્યો ?' તો ઠાવકો થઇને કહે: 'પાણી બહુ ઠંડુ હતું ને શિયાળુ હવામાં ધુમ્મસ ચડવા માંડયું હતું ને બીજું મને પોતાને જ બીક લાગે કે વાંસની પેઠે હું પોતે કાદવમાં ખૂંપી જાઉં તો ?' આ સાં-ભળીને મારું હસવું તો માય જ નહિ, પણ ઈ છોકરાના મોઢા ઉપ-રની ઠાવકાઈ એવી ને એવી રહી.'

વાત કહેતાં અસગરમિયાંનો પોરસ માતો ન હતો. અને બધી વાત સાંભળીને બશીરથી પણ હસ્યા વગર રહેવાયું નહિ. વાત સાંભળતો

જાય ને વચ્ચે વચ્ચે ખડખડાટ હસતો જાય. પણ મલેક તો હજી પેલા માણસના ખભા ઉપર બેઠો બેઠો આ હાસ્યની કેમ જાણે ગણના ન કરતો હોય એમ મોઢું ભારેખમ રાખીને મોટાઇનો ભાવ ધારણ કરીને બેઠો હતો. તે ઘડીક બશીર સામું ને ઘડીક અસગરમિયાં સામું જોતો હતો અને બન્નેને મોટેથી ખડખડાટ હસતા નિહાળીને તેને થતું હતું કે આ લોકો કેવા સાવ છોકરા જેવા છે ને ખડખડ દાંત કાઢે છે !'

પણ એટલામાં કુલસુમ આવતાં જ એનું ગાંભીર્ય તૂટી ગયું. મોઢે પડદો ઢાંકીને એ ઉતાવળી ઉતાવળી આવી. તુરત જ મલેક ખભા ઉપરથી નીચે કૂદીને એની પાસે દોડી ગયો. તેણે એને તેડી લીધો અને કંઇ પણ બોલ્યા સિવાય તુરત જ ત્યાંથી ઘરમાં ચાલી ગઇ. બીજાને હજી કાંઇ ખબર પડે એ પહેલાં તે ત્વરાથી આવી અને ત્વરાથી ચાલી ગઇ.

અસગરમિયાંએ બશીરને કહ્યું કે 'પછી તો હું એને મારે ઘેર લઇ ગયેલો, આવા અંધારામાં એને એકલો ઓછો જવા દેવાય ? મને થયું કે હવે શી ઉતાવળ છે ? નિરાંતે વાળુપાણી કરાવીને હું પોતે જ મૂકી આવીશ. પણ વાળુ કરવામાં થોડું મોડું થયું, મને થયું–ચાલ બશીર ને બીજાં ઘરનાં માણસો ચિંતા કરશે. એટલે સીધો અહીં મૂકવા આવ્યો એટલું તો મારે કરવું જોઇએ ને !' ને પછી ભાર દઇને છેલ્લું વાક્ય ઉમેર્યું. 'નજીુમિયાં કંઈ નહિ તોયે એક વખત તો મારો દિલોજાન મિત્ર હતો ને !'



[૧૪]

અસગરમિયાંને ઘેર

આખરે ગુલાબી અને કુલસુમ સાથે ફરીને નજુમિયાંની જમીન સંબંધી શું કરવું તેની ચર્ચા કરી જોઇ. આનો નિર્ણય કરવો મુશ્કેલ હતો, છતાં છેવટ એ માટે બીજો કોઇ ઉપાય નહોતો. ગણોતિયાઓ ગણોત આપતા નહોતા અને તેમની પાસેથી દબાવીને ગણોત લેવાની તેનામાં શક્તિ નહોતી. હવે તેને ઘડપણ આવ્યું હતું અને નજુમિયાંના અવસાન પછી તો વળી વિશેષ દેખાવા લાગ્યું હતું. આવા જૈફ અને અશક્ત માણસને ગણોતિયાઓ શી રીતે ગાંઠે? હવે તો જમીનનું મહેસૂલ એક જ રીતે મળી શકે એમ હતું અને તે ગામના પંચાયત દ્વારા. એને વચ્ચે પાડયા સિવાય બીજો છૂટકો જ નહોતો.

આથી તેણે મનમાં પાકો નિશ્ચય કરી લીધો અને એક દિવસ સવારે તે અસગરમિયાંને ઘેર ગયો. આ ઘર તેણે દૂરથી ઘણીવાર જોયું હતું પણ આ પહેલાં કદી તે ત્યાં ગયો ન હતો. મકાન બરાબર નહેરનું મુખ નદીને મળતું હતું એ ખૂણા ઉપર જ હતું. મકાનમાં બે મોટા ઓરડા હતા, બાકીના નાના નાના ફૂબાઓ હતા. નદી તરફના મકાનમાં એની બેઠક હતી અને તેને મળવા આવનાર સાથે અહીં બેસીને વાતચીત કરતો. બહારથી મહેમાન--સેંમાન આવ્યા હોય એ પણ અહીં જ ઊતરતાં. એની જમીન માટીથી લીંપેલી--

ગુંપેલી સુંવાળી ને ચકચકિત હતી. એના મોટા ઓરડામાં વાંસનો એક બાંકડો મૂકવામાં આવ્યો હતો. વચ્ચે વાંસની ઊંચી બેઠક બનાવવામાં આવી હતી અને એના ઉપર સાદડીઓ પાથરવામાં આવી હતી. બાજુનાં બે નાનાં ઝૂંપડાંમાં એના સાથીઓ રહેતા અને વચ્ચેના એક કૂબામાં કોઠાર રહેતો અને એનું તળિયું વાંસના ખાંભા ઊભા કરીને ઊંચું બનાવવામાં આવ્યું હતું. નહેર તરફ ગાયને બાંધવાનાં એકઢાળિયાં હતાં અને કોઠારની પાછળના ભાગમાં બૈરાંઓને રહેવાનો ઓરડો હતો.

અસગરમિયાં ફળિયામાં ખાટલા ઉપર બેઠા બેઠા તડકો ખાતો અને અને હાથમાં હુક્કાની નાળ રાખી હુક્કો ગડગડાવતો હતો. સામે એક-ઢાળિયામાં એક ગાય માંદી પડી હતી. એની સારવાર તેના સાથીઓ કરતા હતા. એનું ધ્યાન પણ રાખતો હતો. ગાય જમીન ઉપર પડી હતી. એના પગ બાંધી દીધા હતા. કેટલાક માણસોએ એને દબાવી રાખી હતી અને એક માણસ એની પૂંઠ પાસેના ભાગ ઉપર લાલ-ચોળ ચીપિયો તપાવીને ડામ દેતો હતો. એ આર્તસ્વરોથી બરાડા પાડતી હતી અને એના બરાડામાં માણસોના અવાજ ડૂબી જતા હતા.

બશીરે અસગરમિયાંને સલામાલેકુમ કર્યા ને કહ્યું: 'ગાયને શું થયું છે, પંચાયત?'

અસગરમિયાંએ મોઢામાંથી હુક્કો બહાર કાઢ્યો અને 'માલેકુમ સલામ' કહી જવાબ આપ્યો: 'ખાસ કશું થયું નથી. ગાય હમણાં જરા માંદી રહેતી'તી તે થયું એને ડામ દઈ દેશું એટલે સાજી થઈ જશે...હં...તમારું કેમ આવવું થયું છે?'

બશીર પછી સીધો વાતના મુદ્દા ઉપર આવ્યો. તેણે કહ્યું: 'હું તમારી સલાહ લેવા અને બની શકે તો મદદ માગવા આવ્યો હતો.'

'શી બાબતમાં?'

'મલેક બાબતમાં.' બશીરે કહ્યું અને જવાબની રાહ જોતો થોભ્યો.

પણ અસગરમિયાં તો કંઇ બોલ્યો નહિ અને હજીયે કંઇ ઇંતેજારી ન હોય તેમ પહેલાંની જેમ મૌન રહી હુક્કાની ઘુંટ ખેંચી.

બશીર એના આ જાતના વર્તનથી ખંચકાયો. એ કંઇક અસ્વસ્થ થયો. તેને પોતાના મનની વાત જલદી બહાર કાઢી બોજો હળવો કરવો હતો એટલે જરા પણ રાહ જોયા વિના જ તે બોલ્યોઃ 'નજુ-મિયાંના અસવાન પછી એની મિલકતની હું દેખરેખ રાખું છું. મલેક તો બીચારો નાનું છોકરું કહેવાય અને હું ઘરડો થવા આવ્યો, પરિ-ણામે એની જમીનનું મહેસૂલ ખેડૂતો પાસેથી ઉઘરાવવું દિવસે ને દિવસે મુશ્કેલ થતું જાય છે. ખેડૂતો દાદ દેતા નથી. તમે જો આમાં મદદ કરો તો જ કાંઇક માર્ગ નીકળી શકે એવું છે, નહિ તો મને તો બીજો ઉપાય કાંઇ સૂઝતો નથી.'

કંઇ પણ બોલ્યા વિના અસગરમિયાં એની વાત સાંભળી રહ્યો. તેણે હુક્કો ગડગડાવવાનું ચાલુ રાખ્યું. માત્ર હુક્કાના ગડગડાટ ચાલુ શાંતિનો ભંગ કરતા હતા. બશીર ઊંચો-નીચો થતો હતો, પણ અસ-ગરમિયાં હવે કેવું વલણ લે છે એ જાણ્યા સિવાય આગળ કાંઇ પણ બોલવાની તેની હિંમત ચાલી નહિ. છેવટે અસગરમિયાંએ મૌન તોડ્યું અને એકસરખા ગંભીર અને સ્વસ્થ અવાજે તેણે કહ્યુંઃ

'નજુમિયાં મને એનો કટ્ટો દુશ્મન ગણતો હતો. હવે એના મરી ગયા પછી જો હું એના દીકરાની મિલકતના ઝઘડામાં વચ્ચે પડું અને એનો કારભાર સંભાળવા લાગું તો લોકો શું માને? તમને પોતાને પણ એ કેવું લાગે?' અસગરમિયાંએ એની સામે તીર જેવી સીધી દૃષ્ટિ ફેંકી અને બશીરને લાગ્યું કે અસગરમિયાં બરાબર પોતાની આર-પાર જોઇ રહ્યો છે.

'અમે તો તમને એક સાચા અને પ્રમાણિક માણસ તરીકે ઓળ-ખીએ છીએ, અને સાથે એટલું પણ જાણીએ છીએ કે તમે એક

અનાથને કદી દગો નહિ દો કે એની મિલકતના સંબંધમાં છેતરપિંડી નહિ કરો.' બશીરે મહાપરાણે આટલા શબ્દો કહ્યા.

આ શબ્દો કેમ જાણે અસગરમિયાંના માન્યામાં ન આવતા હોય તેમ તેના મુખ ઉપર આછું સ્મિત ફરકી રહ્યું. આમ છતાં અવાજમાં કોઇ પણ જાતનો ફરક કર્યા સિવાય બોલ્યો: 'સાચેસાચ તમે એમ માનો છો ?' તેણે પૂછયું. 'કે હવે પછી કહેવું જોઇએ એટલા ખાતર કહો છો ?'

અસગરમિયાં એની પાસેથી શું વાત કઢાવવા માગતો હતો એ બશીર સમજી શકયો નહિ. પણ તેણે તુરત જ જવાબ આપ્યો. 'માન્યા વિના કહેતો હોઈશ, પંચાયત ? તમે ગામ આખામાં કોઇ પણ માણસને પૂછી જોજો અને સૌ તમને એક જ વાત કહેશે કે બશીર જે માને છે તે જ કહે છે. પેટમાં એક વાત અને બહાર બીજી એમ મને આવડતું નથી. હું કદાચ મૂરખ હોઉં એમ બને, પણ જુઠ્ઠાબોલો કદી હતો નહિ ને છું નહિ.

અસગરમિયાં હસ્યો: 'પણ આ બધું અચાનક ઉતાવળું થતું હોય એમ નથી લાગતું ?' તેણે કહ્યું. 'નજુમિયાં આખી જિંદગી સુધી મારી સાથે લડયો અને હું એની સાથે લડયો. હવે એ જ્યારે મરી ગયો ત્યારે તમે એકાએક મારી પાસે આવો છો અને એના દીકરાને મદદ કરવાનું કહો છો. હું આ બધી વાતની ઘડ કેવી રીતે બેસાડું ? તમારો પોતાનો ઇરાદો અને હેતુ શું છે ? મને તો કંઇ સમજ પડતી નથી. છતા એક વાત પૂછું છું કે તમે આ બાબતમાં ખરેખર ગંભીર છો ? તમે ખરેખર મલેકને મદદ કરવાની ઇચ્છા અને ઇરાદાથી આ બધું કરી રહ્યા છો કે પછી એની મિલકત ઉપર નજર છે ?'

બશીરના ચહેરા ઉપર લોહી તરી આવ્યું. મહાપરાણે ગુસ્સાને કાબૂમાં લાવવાનો પ્રયત્ન કરતાં એના કપાળ અને લમણા ઉપરની

નસો ઊપસી આવી. પણ એનો અવાજ સ્પષ્ટ અને નિશ્ચયાત્મક હતો. દૃઢતાથી અને ભારપૂર્વક કહ્યું: 'મારા મનમાં કોઇ ખરાબ હેતુ નથી. મારા પેટમાં પાપ નથી. જો એવું હોત તો હું ધોળે દિવસે બધાના દેખતાં તમારી પાસે ન આવ્યો હોત, અને ખરી રીતે તમારી પાસે પણ આવવાની કશી જરૂર ન હતી. એના કામદારે તો અને ત્યાં સુધી વચન આપ્યું હતું કે હું એને ફક્ત થોડું નજરાણું આપી દઉં તો એ બધી જમીન મારા નામ ઉપર ચઢાવી દે. પણ મારાથી એવું થાય ખરું ? હું કદી એવું ખોટું કામ કરું ! હવે તો મોતને કાંઠે બેઠો છું. આવું કરીને હું કે' ભવ છૂટું ?' પંચાયત, હું હવે બુઢ્ઢો થયો. મારા જેવા જઇફની મશ્કરી શું લાજમ છે ?'

અસગરમિયાંના ચહેરા પરનું સ્મિત હાસ્યમાં પલટાઈ ગયું. હસીને તેણે કહ્યું: 'પણ કોણ કહે છે કે તમે બુઢ્ઢા છો ! તમારામાં હજી એક જુવાન માણસ જેટલો જ ગુસ્સો ને જુસ્સો ભર્યો છે.' પછી જરા ગંભીર બનીને તેણે આગળ ચલાવ્યું: 'તમે મને મલેકને મદદ કરવાનું કહો છો, પણ હું એને કઈ રીતે મદદ કરી શકું ? હું એને મદદ કરવા માટે જે કંઈ કરીશ એ બધામાં લોકો તો હેત્વારોપણ કરશે. ભલેને હું તો ન્યાયનીતિ અને સચ્ચાઇથી વર્તવાનો પ્રયત્ન કરું, પણ લોકો માનશે ખરા ? એને મારામાં ભરોસો બેસશે ? એવું ન બને કે ધરમ કરતાં ધાડ આવી જાય અને આ બાબતમાં સારું કરવા જતાં મારું પોતાનું સુખીપદ ખોઇ બેસું ?'

બશીરે કહ્યું: 'લોકો ભલેને ગમે તે માને. આવી ઝીણી-મોટી વાતનો ખોટો ભય રાખીને તમે એક ન્યાયી પગલું ભરતાં અટકશો ? મલેક અનાથ છે, મલેકનું કોઇ નથી એ તો તમે જાણો છો. અને હું સિત્તેર વરસનો ઘેર બેઠેલ ઘરડોખખ આદમી છું, એટલે તો ખેડૂતો મને કે એને ગણકારતા નથી, મહેસૂલ ભરતા નથી.'

અસગરમિયાંએ પૂછ્યું: 'આ બાબતમાં મારી આગળ તમારે શું કરાવવાનું છે?'

બશીરે સાવચેતીપૂર્વક જવાબ આપ્યો: 'હું આ સંબંધમાં એક સૂચના કરવા માગું છું. એ તમને ગળે ઊતરે તો બાકીનું બીજું બધું પછી નક્કી થઇ જશે.'

અસગરમિયાં એની સામે જોઈ રહ્યો ને થોડીવાર થોભ્યો.

બશીરે આગળ ચલાવ્યું:

'તમે જો નજુમિયાંની બધી જમીન મલેક પાસેથી ભાડે રાખી લો અને પછી તમારી મરજી મુજબ ખેડૂતોને ખેડવા આપી દો તો પછી અમારે ફિકર કે ચિંતા કરવાની ન રહે. ખેડૂતો અમને જલદી ગાંઠે નહિ ને સાથ આપે નહિ, પણ જ્યારે તેમને ખબર પડે કે આમાં તો અસગરમિયાં સાથે કામ પાડવાનું છે ત્યારે વાત આખી જુદી જ બની જશે. તમારે બધી સાંથ ઉઘરાવી લેવી. એમાંથી ઉઘરાવવા અંગે જે કંઇ ખરચ–મહેનતાણું થયું હોય તે બધું કાપી લેવું ને બાકી જે રહે તે મલેકને આપવું.'

અસગરમિયાં આ સૂચનાથી થોડો સ્તબ્ધ બની ગયો. આમ છતાં પોતાનું આશ્ચર્ય એણે કળાવા દીધું નહિ. એને થયું કે કદાચ આ વ્યવસ્થા જ સૌથી સારી હોય. પણ એમાં રહેલા જોખમનું શું? પોતાની બધી આબરૂ જોખમમાં મુકાઇ જશે. આમ થાય તો ખેડૂતો સાથ ન આપે તોયે પોતાને તો મલેકને નુકસાની ભરી આપવી જ પડે, અસગરમિયાંને લાગ્યું કે બશીર પોતે ધાર્યો હતો એના કરતાંયે વધારે હોશિયાર નીકળ્યો.

બહારથી તેણે શાન્ત હોવાનો દેખાવ ધારણ કર્યો અને હુક્કો ગડગડાવવાનું ચાલુ રાખ્યું. હુક્કાના એકધારા ગડગડાટે શાંતિમાં ભંગાણ પાડ્યું અને ઉપર હવામાં ધુમાડાનાં રૂપેરી ગૂંચળાં તરવા લાગ્યાં.

બશીર અસગરમિયાં શું જવાબ આપે છે તેની રાહ જોતો એની સામે જોઈ રહ્યો.

છેવટ અસગરમિયાં બોલ્યો. એનો અવાજ એકધારો અને ઉષ્મા-હીન હતો. 'તમારી વાત જરા વિચારવા જેવી લાગે છે, હું તરત ને તરત એનો જવાબ આપી શકું તેમ નથી. જો હું તમારી વાત કબૂલ કરું તો હું ઈચ્છું છું એ કરતાંયે મારે કદાચ વધારે જવાબદારી ઉઠાવવાની રહેશે. આવી જવાબદારી એક વખત સાંભળ્યા પછી જો એમાં કાંઇ ભૂલચૂક થાય તોપણ મારે તો ઇન્સાનને તેમ જ ખુદાને જવાબ આપવો પડશે. જો હું આ વાત કબૂલ ન કરું તો સંભવ છે કે લોકો મને એમાં ઠપકો નહિ દે, પણ હું ખુદાતાલાનો ગુનેગાર તો થઇ ચૂકીશ. એટલે સારી વાત એ છે કે આ બાબત અંગે વિચાર કરવાનો મને તમારે થોડો વખત આપવો જોઈએ.'

બશીરને થયું કે પોતે અસગરમિયાં સાથેની ચર્ચામાં જીતી ગયો છે અને પોતાના મનની મુરાદ બર આવી છે, એટલે તે જવા ઊભો થયો ને બોલ્યો. 'જરૂર, જરૂર, પંચાયત, તમે આ વાત ઉપર વિચાર કરો એની ના નથી, પણ એ બાબતમાં ફક્ત તમારું હૃદય જ જ્યાં દોરે ત્યાં જજો. બાકી બીજા-ત્રીજા શું કહેશે એવો વિચાર કરી તમારો નિર્ણય ફેરવતા નહિ.'

અસગરમિયાંએ જવાબ આપ્યો નહિ, પણ બશીરે એને સલામ કરી વિદાય લીધી એના સ્વીકારરૂપે તેણે પોતાનું મસ્તક નમાવ્યું. બશીર લાંબા લાંબા ડગલાં ભરતો ચાલ્યો અને પંચાયત ખાલી દૃષ્ટિએ બેધ્યાનપણે એને જતો જોઇ રહ્યો. એવામાં નુરુ ધીમેથી આવી અને એના ખોળામાં ગૂંચળું વળીને બેસી ગઈ. તેણે હુક્કો પીવાનું ચાલુ રાખ્યું અને હુક્કાની ઘૂંટમાંથી નીકળતા ધુમાડા જુદા-જુદા આકારોની જે ભૂતસૃષ્ટિ ખડી કરતા હતા તે જોઈ રહ્યો.

છેવટ બશીરે જે યોજના ઘડી હતી એ મુજબ જ બધું બન્યું.

અસગરમિયાંએ ગામના બુઝુર્ગ લોકોની સભા બોલાવી અને તેમને નજુમિયાંની જમીનના વહીવટ સંબંધી કંઇ વ્યવસ્થા કરવા કહ્યું.

બશીરે ખુલ્લા દિલે કબૂલ કર્યું કે 'મારાથી હવે આ જમીનની દેખરેખ રાખી શકાય તેમ નથી, કારણ હવે હું બુઢ્ઢો થયો અને ખેડૂતો ગાંઠતા નથી ને ? સાથ પણ આપતા નથી.'

એકઠા થયેલા ગામના મોટેરાઓ એકબીજાની સામું જોઇ રહ્યા. આમાં શું થઇ શકે એ બાબત તેઓ મૂંઝવણમાં પડયા. વાત એકની એક જરીપુરાણી હતી. એક માણસ મરી ગયો ને પાછળ વિધવા સ્ત્રી ને બાળકોને નિરાધાર મૂકતો ગયો. અહીંના નવા વસવાટમાં તો માણસ બળિયો હોય તે જ પોતે નિપજાવેલું બધું ધાન ઘર ભેગું કરી શકે. આ ઉપરાંત પદ્માનો ડર તો હમેશાં માથે જ લટકયા કરતો. કયે વખતે એમાં પૂર આવશે કે કયે વખતે એનો પ્રવાહ બદલી ઢોર-ઢાંખર, માલ-મિલક્ત ઝૂંપડા ને માણસ તાણી જશે એ કહેવાય તેમ ન હતું. આ ભૂખાળવી પદ્મા અત્યાર સુધીમાં તો અસંખ્ય માણસો અને ઢોરઢાંખરના જાન નહોતી ભરખી ગઇ શું ? આ સ્થિતિમાં કોઇના ઘરનો આદમી જાય એટલે તો આભ જ તૂટયો સમજવો. પછી વિધવા સ્ત્રીને કેમ જીવવું એ સવાલ. એમાંય જો એ જુવાન હોય તો તો ફરી વાર પરણે અને એનો નવો ધણી એની અને છોકરાંની સારસંભાળ રાખે ને એમનું ભરણપોષણ કરે. પણ મલેકનો પ્રશ્ન સાવ જુદી જ જાતનો હતો. એ અનાથ હતો. એને પોતાનું કહી શકાય એવું કોઇ સગું નહોતું. બુઢ્ઢો બશીર એનો કંઇ સગો થતો નહોતો. વળી કોઇ રીતે હવે તે જમીનનો વહીવટ કરી શકે તેમ નહોતો, ઘરમાં જે કામ કરવાવાળી બાઇઓ-કુલસુમ અને ગુલાબી-રાખવામાં આવી હતી એને પોતાને જ બીજાની દેખભાળ અને રક્ષણની જરૂર હતી. ત્યાં એ લોકો મલેકની દેખભાળ અને રક્ષણ શું કરે ?

એટલે બશીરે એકઠા થયેલા ગામના બુઝુર્ગોને વિનતિ કરીને કહ્યું:

'મને તો આ બધી વાતનો નિકાલ કરવાનો એક જ રસ્તો સૂઝે છે અને તે એ કે અસગરમિયાં આ જમીનનો વહીવટ સંભાળી લે અને સાંથ-બાંથ જે કંઇ ઉઘરાવવાની માથાકૂટ કરવાની હોય તે કરી મલેકને વરસે દા'ડે પોતે એકસામટી સાંથ આપી દે. મલેક અઢાર વરસનો થાય ત્યાંસુધી આ રીતની ગોઠવણ ચાલુ રહે. પછી એ મોટો થાય ત્યારે એને સૂઝે તો જમીનનો વહીવટ પોતે સંભાળી લે ને સૂઝે તો અસગરમિયાંને બધી જમીન વેચી નાખે.'

એકઠા થયેલા ઘરડા લોકો ફરી વિચારમાં પડી ગયા. તેઓ એકબીજાની સામું જોવા લાગ્યા, પણ આ બાબતમાં શું નક્કી કરવું એ તેમને સૂઝયું નહિ. એમને મનમાં સવાલ થતો હતો કે બશીરને સાથે રાખી મલેકની જમીન પડાવી લેવાનો અસગરમિયાંનો આ પેંતરો હશે કે પછી મલેકની જમીનનો વધારે સારો વહીવટ કરવા માટેની આ સાચા દિલની માગણી હતી? કાંઇ સમજાતું નહોતું.

અત્યારસુધી ચુપચાપ વાત સાંભળનાર બુઝર્ગો અસગરમિયાં તરફ જોવા લાગ્યા. કદાચ એના મુખના ભાવ એના મનની અંદર શું ચાલી રહ્યું છે એ બતાવી દેશે એમ તેમના મનમાં થયું. પણ અસગરમિયાનો ચહેરો શાંત અને અભેદ હતો. એને ભેદીને એના હૃદયની વાત જાણવી મુશ્કેલ હતી. એ તો હુક્કાની નળી મોઢામાં રાખી ગુડ ગુડ ગુડ ગુડ હોકો ગગડાવતો હતો. એ પોતાના વિચારો સહેલાઇથી વ્યક્ત કરી દે એવી જાતનો માણસ ન હતો. બુઝુર્ગો પણ મૂંઝાયા. આ બાબતમાં શું કરવું ને શું વિચારવું એ તેમને સૂઝયું નહિ. મલેકનું હિત જળવાઇ રહે અને એને ન્યાય મળે એમ તો સૌ કોઇ ઇચ્છતા હતા, પણ આ માટે એમાંથી કોઇ જવાબદારી માથે લઇને કામ પાડવા તૈયાર હતા કે કેમ એ કહેવું મુશ્કેલ હતું. ઇચ્છા ઘણી સારી હતી, પણ એ માટે તકલીફ કે મહેનત કરવા કોઇ રાજી નહોતું એ જાતની આશા તેમની પાસેથી રાખવી એ પણ વધારે પડતું હતું. કારણ, દરેકને પોતપોતાની જંજાળ જ એટલી બધી હતી કે સવારથી સાંજ

સુધી કોઈ એમાંથી નવરો પડતો નહિ. અને આમ વરસોનાં વરસ ચાલ્યા કરતું. ત્યાં પછી તેઓ બીજાની–એક અનાથ બાળકની જમીનના વહીવટની વધારાની જવાબદારી શી રીતે ઉપાડી શકે?

છેવટ એમાંથી એક જણ બોલ્યો: 'પંચાયત, તમને પોતાને આ બાબતમાં શું લાગે છે?' તેણે પૂછ્યું.

અસગરમિયાં જવાબ આપવા પહેલાં જરા થોભ્યો. થોડીવાર એ કંઈ બોલ્યો નહિ, પણ પછી કેમ જાણે શબ્દે શબ્દ તોળાઇ તોળાઇને આવતો હોય તેમ એનાં મુખમાંથી સીસાની ગોળીની પેઠે શબ્દો બહાર આવવા લાગ્યા અને શાંત વાતાવરણને ભેદવા લાગ્યા.

તેણે કહ્યું: 'શું કરવું એ મને સૂઝતું નથી. અલ્લાતાલા પોતે કોઈ રસ્તો સુઝાડે તો છે. મલેકની જમીન ભાડે રાખવી મારે માટે બહુ કઠણ કામ છે. મારી ને નજુમિયાંની (ખુદા એને શાંતિ આપે) વચ્ચે કેવા સંબંધો હતા એ તો તમે સૌ જાણો છો, પણ હવે તો એ મરી ગયો છે અને ઇન્સાનના મોત પછી ગમે તેવી દુશ્મનાવટ હોય એ પણ ભૂલી જવી જોઇએ. મોતની અદબ જાળવવી જોઇએ, પણ માણસનું મન બહુ ચંચળ ને નબળું છે. કઈ પળે એ ગોથું ન ખવરાવી દે એ કેમ કહેવાય. અને આપણે ભલેને કોઈનું સારું વાંચ્છતા હોઇએ ને સારું કરવા કોશિશ કરતા હોઇએ, પણ જે બૂરા માણસો હોય એની જીભે તાળું નહિ મરાય. એ તો ફાવે તેમ બોલશે. એટલે જ શું કરવું એ મને સૂઝતું નથી. જો હું બશીરની વાત કબૂલ રાખું તો તમારામાંના ઘણાયને થશે કે જોયું, મલેકની જમીન પડાવી લેવાનાં આ બધા કાવાદાવા. હું તો મારાથી થાય તેટલી બધી કોશિશ કરી મલેકને એની જમીનમાંથી વધુમાં વધુ નીપજ મળે એવી ગોઠવણ કરું. છતાંયે કેટલાકને તો મારા એ કામમાં પણ શંકા અને ગેરવિશ્વાસ રહેવાનાં. વળી કોઇ દુષ્ટ માણસ હશે તો જ્યાં ત્યાં બોલી પણ નાખશે. આપણે સૌ ખેડ કરીએ છીએ એટલે જાણીએ છીએ કે બધાંય વરસ કાંઇ એકસરખાં ન હોય. સારાં વરસ

આવે ને કોઇ વાર મોળાં પણ આવે. હું ભલેને ગમે તેટલો વધારે ભાગ મલેકને આપું તોયે લોકો તો ટીકા કરવાના જ કે મેં એને ઓછું આપ્યું. એટલે ઘણીવાર એમ થાય કે મૂક માથાકૂટ, આ પંચાતમાં મારે શાદને પડવું ? પણ બીજી બાજુ એમ પણ થાય છે કે જો હું આ વાત કબૂલ ન કરું તો મલેકની જમીન આસ્તે આસ્તે કરતાં એના હાથમાંથી ચાલી જશે, કારણ ખેડૂતો એને ગાંઠે નહિ ને એને અબુધ બાળક સમજી આસ્તે આસ્તે જમીન બધી દબાવીને બેસી જશે. આમ થાય તો લોકો તો મને કશો દોષ દેવાના નહિ, પણ અલ્લાતાલાના દરબારમાં આવી બેદરકારી બતાવવા બદલ હું ગુનેગાર ઠરીશ. એ મને માફ નહિ કરે. કયામતને દિવસે એને હું શો જવાબ આપીશ ? એટલે ખુદાના કસમ ખાઇને કહું છું કે તમારામાંથી કોઇપણ માણસ આ જમીનનો વહીવટ સંભાળવા કે ભાડે રાખવા તૈયાર હોય તો હું મારા હાથ ધોઇ નાખવા તૈયાર છું. મારા માથેથી તો મોટો બોજો ઊતરશે. મારા મનને શાંતિ થશે ને મારી પ્રતિષ્ઠા પણ સચવાઇ રહેશે.

એકઠા થયેલા ગામના મોટેરાઓ ઉપર આ શબ્દોની ઘણી સારી અસર થઇ. તેઓ અસગરમિયાંની ખુલ્લા દિલની વાતથી પ્રભાવિત થયા.

પણ કોઈ આનો નિકાલ લાવવા આગળ આવ્યું નહિ. અસગર-મિયાંએ વારાફરતી દરેક માણસ સામું જોયું, પણ બધા મુંગા રહ્યા. કોઇ માણસ મલેકની જમીન સંભાળવા તૈયાર હોય એમ લાગ્યું નહિ.

બશીર આ જાતનું મૌન વધારે વખત સહન કરી શકયો નહિ. તે બોલ્યો: 'હવે આ વાતનાં લાંબા ચૂથણાં ચૂંથવાં નકામાં છે પંચા-યત, સીધી વાત છે—કાં તો તમે આ કામ માથે લો, નહિ તો પછી અલ્લાને ભરોસે સોંપી દો. એ સિવાય ત્રીજો કોઇ રસ્તો નથી. જો તમે પોતે આ જવાબદારી માથે લેવા તૈયાર નહિ થાવ તો બીજું કોઇ થાય એમ મને તો દેખાતું નથી.

મોટેરાઓ હજી શાંત રહ્યા. અસગરમિયાંએ ફરીને બધાને સવાલ

પૂછ્યો : 'બોલો હજીયે કોઇને આ કામ સંભાળવાની ઇચ્છા છે ? ખુદા સાક્ષી છે કે આવો કોઇ માણસ મને આ પરેશાનીભરી ફરજમાંથી મુક્ત કરી આ કામ સંભાળી લેશે તો હું એનો હમેશને માટે આભાર માનીશ.'

છેવટે એમાંથી એક બુઢ્ઢો બોલ્યો: 'વાત તો તમે કહી છે તેવી જ છે પંચાયત. એક અનાથ બાળકની જમીનનો વહીવટ હાથમાં લેવો એ ઘણું કપરું કામ છે. આવા યતીમ બચ્ચાને છેતરનાર માણસને અલ્લા કદી માફ ન કરે. કામ એટલું મુશ્કેલ છે કે એને હાથ ધરવાની કોઈ હિંમત કરતું નથી. અમે તો તમને પણ કહીએ છીએ આ જવાબદારી માથે લેવાનું કબૂલ કર્યા પહેલાં તમે પણ આ વાત સો વખત વિચારી લેજો.'

અસગરમિયાંએ આછું સ્મિત કર્યું ને બોલ્યો: 'મેં તો આ સંબંધી શું કરવું એ વિચારી લીધું છે. કોઈ જો કબૂલ ન થતું હોય તો મારે સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. હું તમને ખાતરી પૂર્વક કહું છું કે મારું ચાલત તો આ જવાબદારી માથે લેવાનું ટાળી નાખત. ત્રણ દિવસ અને ત્રણ રાત મેં આ સવાલ ઉપર વિચાર કર્યો છે ને મનમાં ખૂબ જ ગડમથલ અનુભવી છે, પણ હવે આ કામનો બોજો મારે જ ઉઠાવવો એવી અલ્લાતાલાની મરજી હોય એમ દેખાય છે. હું ખુદાના અને પયગંબરના કસમ ખાઇને કહું છું કે આ બાબતમાં હું સચ્ચાઇથી અને ન્યાયનીતિથી વર્તવા કોશિશ કરીશ. જો હું આ યતીમ બચ્ચાની મિલકતમાંથી ગેરવાજબી રીતે એક સળી સરખી પણ ઓળવવાનો પ્રયત્ન કરું તો અલ્લા મને બાળીને ખાખ કરી દેજો. એનો ખોફ મારા પર ઊતરજો. દર વરસે વૈશાખી પૂર્ણિમાને દિવસે ગામના મોટેરાઓને ભેગા કરીને હું આખા વરસનો હિસાબ પાઇએ પાઇનો બતાવી દઇશ અને લેણદેણ ચૂકતે કરી દઇશ. એમાં મેં જે કંઇ ભૂલ કરેલી અથવા ખોટું પગલું ભરેલું માલમ પડે તો તમે સૌ ભેગા થઇને જે કંઇ સજા કરશો તે હું માથે ચડાવી લઈશ.'

[૧૫]

મલેકનું નવું જીવન

મલેકે નુરુની બાને પહેલવહેલી જોઇ ત્યારે તે ખૂબ જ આશ્ચર્ય પામ્યો. એ ખૂબસુરત હતી એ વાત તેણે સાંભળી હતી. કોઇએ એમ પણ કહ્યું હતું કે એ દુનિયામાં કોઇએ કદી ન જોઇ હોય એટલી બધી સુંદર છે. આમ એની સુંદરતાનાં વખાણ તો તેણે પહેલેથી જ ખૂબ સાંભળ્યા હતાં. છતાં પણ મલેકે જ્યારે તેને પહેલવહેલી જોઈ ત્યારે એ આશ્ચર્યચકિત થઇ ગયો. એ ખૂબ જ સુંદર હતી અને તેના કાળા કાળા વાળ એના ગોરા વદનને મનોહર છટા અર્પતા હતા. મલેકને તેણે છાતીસરસો લીધો અને મૂંગાં મૂંગાં લાંબા વખત સુધી એમ ને એમ ચાંપી રાખ્યો. મલેકને થોડી શરમ લાગી અને છતાં અત્યારે એ એટલું સુખ અને આનંદ અનુભવતો હતો કે તે પણ કશી આનાકાની કર્યા સિવાય ચુપચાપ એની બાથમાં પડયો રહ્યો. એટલામાં નૂરુ દોડતી આવી અને આશ્ચર્યચકિત થઇને કંઈ બોલી. એના બોલવાના અવાજે મલેકે માથું ઊંચું કરી એના તરફ નજર નાખી.

'મા, મા! તું શાદને રડે છે?' નુરુ મોટેથી બોલી ઊઠી અને તે પણ એની માતાની સોડમાં ભરાણી. મલેકના માથા ઉપર નુરુની બાનાં ગરમ ગરમ આંસુઓ ટપ ટપ ટપકતાં હતાં. એની ઉષ્મા મલેક અનુભવી રહ્યો હતો, પણ એ પણ આજે નવા અનુભવથી એટલો બધો ચકિત અને સ્તબ્ધ બની ગયો હતો કે તે એક પણ શબ્દ બોલી

શકયો નહિ. નુરુની સામે તે આશ્ચર્યથી પહોળી કરેલી આંખો ઠેરાવીને જોઇ રહ્યો.

અસગરમિયાં ઓરડામાં દાખલ થયો, પણ જ્યારે તેણે પોતાની સ્ત્રીને મલેકને છાતી સરસો ચાંપી આંખમાં આંસુ લાવીને મૂંગી મૂંગી રડતી જોઇ ત્યારે એ એક શબ્દ પણ બોલ્યા વિના ચુપચાપ બહાર ચાલ્યો ગયો. નુરુએ તેને બહાર જતાં જોયો એટલે તે તેની પાછળ દોડી. 'બાપુ, બાપુ, જુઓ તો, મા રડે છે.' તેણે કહ્યું.

'હં બેટા.' અસગરમિયાંએ શાંતિપૂર્વક જવાબ આપ્યો.

'એ શું કામ રડે છે?' નુરુએ પૂછ્યું.

'મલેકના બાપુ અને અમ્મા બન્ને મરી ગયાં છે ને સાર-સંભાળ રાખનાર કોઇ નથી ને, એટલે બેટા, તારી મા રડે છે.' અસગરમિયાંએ જવાબ આપ્યો.

નુરુની માએ પોતાની આંખો લૂછી નાખી અને ધીમેથી મલેકને છાતીથી અળગો કરી ભોંય ઉપર મૂકયો. પછી નુરુને પોતાની પાસે ખેંચી એને પ્રેમથી છાતી સાથે દબાવી બોલી: 'નુરુ, જો આ તારો ભાઇ છે. તું એની સાથે રમજે અને સારી રીતે રહેજે હો કે બેટા!'

'અને મલેક, આ તારી બેન છે. એને પણ તું સારી રીતે રાખજે ને એની સાથે નરમાશથી વર્તજે હો.'

'હો.' કહીને મલેકે માથું નમાવ્યું. અત્યારે શું બોલવું ને શું કહેવું એની તેને કશી સમજણ પડી નહિ તેનું હૃદય આનંદ અને શોકની મિશ્ર લાગણીઓથી ભરપૂર બની ગયું હતું. એથી તેને એકી સાથે રડવાનું અને હસવાનું મન થઈ આવ્યું.

હવે મલેકનું નવું જીવન શરૂ થઈ ગયું. તે અસગરમિયાંની સાથે રહેવા લાગ્યો અને થોડા વખતમાં જ તેણે એના દીકરાનું સ્થાન લઇ લીધું. અસગરમિયાં ખેતરે કામ કરવા જતો અને મલેક પણ એની

સાથે જતો. અસગરમિયાં ગાડી હાંકતો ત્યારે તે ગાડાના ઠાઠામાં બેસી જતો. અસગરમિયાં કામ કરીને થાકી જતો અને વડલાની છાંયડામાં થાક ખાવા બેસતો ત્યારે મલેક અસગરમિયાંનો હોકો ભરી આપતો અને હોકાને ચેતવીને તૈયાર પણ કરી આપતો. બપોરે જ્યારે સૂરજ માથા ઉપર આવતો ત્યારે તે ઘેર જઇ અસગરમિયાં માટે ભાત પણ લઈ આવતો. ઘટાટોપ વડલા નીચે છાંયડામાં તેઓ બપોરા કરવા બેસતા. દોણીમાંથી ઊના ફળફળતા ભાત કેળના પહોળા પાંદડામાં પીરસાતા. ખેતરમાં કામ કરતા સાથીઓ પણ સાથે જ ભાત ખાવા બેસી જતા. આમ માલિક ને એના કામ કરનારા સાથીઓ સૌ એક સાથે જ ખેતરને શેઢે બેસીને શિરામણ કરતા. જમી લીધા પછી મોટેરા સૌ પોતપોતાનાં ફાળિયાં પાથરીને બપોરની નમાજ પઢતા. બપોરના સખત તાપમાં બાંગ પોકારનાર મુલ્લાનો અવાજ કંપતો અને નમાજ પઢાવનાર ઈમામ અલ્લાહુ અકબરનો એકધારો ઊંડો અને લાંબો ઘાંટો તાણી નમાજ પઢાવવાનું શરૂ કરતો.

નમાજ પછી કેટલાક માણસો થોડો આરામ લેતા. બપોર પછીની આડે પડખે પડી થોડી ઊંઘ લેવાનું મોટા ભાગના લોકોને માટે તો અજાણ્યું અને નવીન જ હતું, કારણ બપોર પછી આરામ લેવાનું તેમને પોસાય તેમ જ ન હતું. છતાયે કામ કરીને થાકેલા હાથપગ થોડો આરામ માગી લેતા. ખેતરમાં સવારથી જમવાટાણા સુધી તનતોડ મહેનત કરીને પરસેવો પાડ્યા પછી બપોરે ઘડી બે ઘડી આડે પડખે પડવાનું કેવું મીઠું લાગતું! અસગરમિયાં પોતે સૂતા નહિ, પણ જમ્યા પછી બેઠાં બેઠાં નિરાંતે હુક્કો ગડગડાવવામાં ખૂબ જ આનંદ આવતો. હુક્કાની લાંબી ઘૂંટો એક પછી એક તે તાણ્યે જતો અને એ ઘૂંટો એના શ્રમિત થઈ ગયેલા મગજને અને હાથપગના સ્નાયુઓ તેમજ જ્ઞાનતંતુને ખૂબ જ આરામ આપતી. ધીમે ધીમે એની આંખમાં ઊંઘનું ઘેન ભરાતું અને એની ઘેઘૂર આંખો વડે તે

વિશાળ ખેતરો ઉપર નજર નાખતો અને કૂણા કૂણા અંકુરોને જમીનમાંથી ફૂટતા જોતો. મલેક એની બાજુમાં જ બેસતો અને ફાટી આંખે એ ધરતીનું રૂપ જોતો. હજી એ નાનો હતો અને કેટલાક મોટેરાંને ધરતી જેવી નીરસ અને કંટાળા ભરેલી બની જતી એવું હજી તેને થયું નહોતું. એની કુમાર દૃષ્ટિને માટે ધરતીના અવનવાં રૂપ હજી એવાં ને એવાં આકર્ષક હતાં.

ધીમે ધીમે કેટલાક માણસો ફરી પાછા કામે ચઢતા. ઘણી વખત મલેક પણ મદદ કરતો. ખાસ કરીને કામ હમેશના કરતાં વધારે હોય અને સાથીઓ ઓછા હોય ત્યારે એ પણ વહેલો વહેલો કામે લાગતો, પણ ઘણીવાર તો એ વડના છાયા નીચે બેસીને સાથીઓનું ધ્યાન રાખતો અને બેઠાં બેઠાં એકાદ વાંસનો બડીકો કાપી એની છોયો કાઢતો ને એમાંથી જાતજાતનાં રમકડાં બનાવતો. નુરુને પોતે આ નવાં રમકડાં આપશે ને એને ખુશ કરશે એવો વિચાર આવતાં જ એનો ચહેરો આનંદથી ઝળકી ઊઠતો.

ધીમે ધીમે બપોરનો આંજી નાખતો પ્રકાશ અને બાળી નાખતો પ્રખર તાપ ઓછો થતો અને બપોર ઢળવા માંડતા. સૂરજ જ્યારે આકાશમાં બરાબર માથે આવ્યો હોય ત્યારે એના બળબળતા તાપના પ્રકાશમાં વસ્તુઓ ચોખ્ખી અને સુરેખ દેખાતી નહિ. દૂર દૂર બધું ઝાંઝવાના જળ જેવું લાગતું, પણ બપોર નમ્યા પછી દૂરદૂરનાં ઝાડ, પાન, વનસ્પતિ અને ચીજ-વસ્તુઓ વધારે સ્પષ્ટ આકાર ધારણ કરતાં અને જોનારને ચોખ્ખાં દેખાતાં. ધીમે ધીમે પડછાયા લાંબા થતાં જતા આખી પૃથ્વી કેમ જાણે થાક ખાવા બેઠી હોય એમ નિરાંતે સંતોષનો શ્વાસ લેતી. અને સાંજનો સમય નજીક આવતાં જ માણસો અને પશુઓ વધાર ઉત્સુકતાથી હરતાં-ફરતાં. અસગરમિયાં જેવો લાંબાં ડગલાં ભરતો ભરતો ખેતરમાંથી આ તરફ આવતો કે તુરત જ મલેક પણ પોતાની વિખરાઇ પડેલી ચીજ-વસ્તુઓ ભેગી કરી લેતો. અસગરમિયાં હવે શું શું કામ કરવાનું બાકી રહી ગયું છે એ

જોવા ખેતર ઉપર છેલ્લી નજર નાખી લેતો. કોઇને અમુક સારા કામ બદલ ભલકારા દેતો તો કોઇને ઢીલ બદલ ઠપકો પણ દેતો. ને 'હાં મારા ભાઇ કરું, કહી દે ઝપાટો ને આટલું પૂરું કરી નાખ' વગેરે સૂચનો આપતો. પછી કામ પૂરું થઇ જાય અને સાંજના ગરમી ઓછી થતી ત્યારે ઠંડીહવાની આછી લહરમાં એ ઘેર જવા નીકળતો અને મલેક પણ એની બાજુમાં જ ડગલાં ભરતો ભરતો એની સાથે જતો. એ વખતે ખેતરમાંથી આછું ધુમ્મસ ઉઠતું અને ધીમે ધીમે ખેતર ઉપર થઈને આસપાસ બધે ફેલાઇ જતું. સંધ્યાનો ધૂંધળો પ્રકાશ ઝળમળ ઝળમળ થતો અને ચારે તરફ પોતાની લાલિમાં પાથરી દેતો. પછી એકાએક આ લાલિમા અદૃશ્ય થતી અને અંધારાનો પડદો કશી ચેતવણી આપ્યા વિના જ એક ઝપાટે આકાશ અને પૃથ્વીને આવરીને કાળુંધબ્બ બનાવી દેતો.

ગામડાં ગામનાં વૃક્ષોના લાંબા પડછાયા વચ્ચે થઇને અસગરમિયાં ઘર ભણી પાછો ફરતો. ગામમાં થઇને જ્યારે તેઓ નીકળતા ત્યારે મલેક સાવ મૂંગો રહેતો અને અસગરમિયાંની બાજુમાં ચુપચાપ ડગલાં ભરતો ચાલતો. જેવા તેઓ ઝાડની ઘટામાંથી બહાર નીકળતા અને નહેરની બન્ને બાજુનાં ખેતરો તબકતાં, એ વખતે તેનાં પગલાં ઝડપથી ઊપડતાં. પોતાની ચાલ તેજ કરી ઉતાવળો ઉતાવળો સૌથી પહેલો ઘેર પહોંચી જવા ઉત્સુક બનતો. ઘરના વાડામાં નુરુ એની વાટ જોતી ઊભી રહેતી અને એને જોતાંવેંત જ હસતે ચહેરે એને આવકાર આપતી આનંદથી બૂમ પાડી ઊઠતી:

એ મલેકભાઈ આવ્યા, મલેકભાઇ આવ્યા !' ભાઇ, આજે મારે માટે શું લાવ્યા એ આતુરતાથી પૂછતી.

કેટલીકવાર મલેક પાસે કશું ન હોય એવું પણ બનતું. એ વખતે તે ફક્ત આછું સ્મિત કરીને ચૂપ રહેતો, પણ ઘણીવાર એ કાંઈ ને કાંઇ લઇ આવતો. કોઇ દિવસ વાંસમાંથી બનાવેલી એકાદ પૂતળી તો

કોઇવાર આંબલીના કાતરા કે વડના ટેટાનું ઝૂમખું લઈ આવતો. એ વખતે તે મોઢું ભારેખમ બનાવી દેતો અને પોતાનું મહત્ત્વ વધારવા ઘણી વખત સુધી કંઇ બોલતો નહિ.

નુરુ તે શું લાવ્યો છે એ શોધી કાઢવા ઉત્સુકતાથી તેની પાસે ઊભી રહીને જોયા કરતી, પણ મલેક કંઈ પણ બોલ્યા વિના ઠંડે કલેજે ધીમે ધીમે પોતાના હાથપગ મોઢું ધોતો. નુરુની ધીરજ થોડીવારમાં જ ખૂટી જતી અને ગુસ્સાથી છણકો કરી પોતાના ગૂંચળાંવાળા વાળને હવામાં ઝુલાવી 'કાંઈ નહિ, મારે કોઈની પાસેથી કાંઇ નથી જોઇતું' કહી અંદરના ઓરડામાં રિસાઈને ચાલી જતી. હવે એ મનાવવાનો વારો મલેકનો આવતો. એ તેને મીઠા શબ્દોથી મનાવતો.. એના વાંસે હાથ ફેરવતો અને પોતે લાવેલી કીમતી ભેટ–સોગાદ એને પ્રેમથી આપતો. આ રીતે નુરુ માની જતી. એની રીસ ક્યાંય ઊડી જતી અને મલેકને પાવા માટે કુંજામાંથી ઠંડુ પાણી લાવી આપતી. અને બીજી અનેક રીતે મલેકે આપેલી બક્ષિસની કદર કરતી.

અસગરમિયાં અંદરના ઓરડામાં બેસીને વાળુ કરતો, પણ પોતે જમ્યા પહેલાં પોતાના સાથીઓને જમાડવામાં આવતા તેની તે દેખરેખ રાખતો. કાંસાની મોટી તાંસળીમાં ઊના ફળફળતા ભાત આવતા અને સુંદર રીતે સમારેલું ને વઘારેલું રીંગણા અને પતકાળાનું શાક આવતું. વાટકા ભરીને દાળ પીરસાતી. આદમી બહારના ઓરડામાં વાંસના પાટલા ઉપર બેસતા. ભોજન શરૂ થયા પછી તેઓ ધરાઇને જમી રહે ત્યાં સુધી થોડી વારે ભાત અને દાળ ફેરવવામાં આવતાં, જેથી જેને જે વસ્તુ જોઇએ તે લઈ શકે. વાળુ કરી લીધા પછી તેઓ નિરાંતે બહારની ઓસરીમાં બેસતા અને લહેરથી હુક્કાની ઘૂંટ ખેંચતા. પછી નાની નાની મંડળીઓ અહીંતહીં જામીને ગપ્પાં મારતી, જ્યારે ગામના મોટેરા અને ગલઢેરાઓ સાંજની નમાજ પઢવાની તૈયારી કરી વજુ કરતા. કોઇ વખત ચાંદની રાતે કોઈ જુવાનિ-

યાઓ નદી-કિનારે સરકી જતા અને રાતના શાંત અને નીરવ વાતાવરણને ભેદી વાંસળીના મીઠા સૂરો છેક ગામ સુધી પહોંચી જતા.

સાથીઓએ વાળુ કરી લીધું એટલે અસગરમિયાં અંદરના ઓરડામાં ગયો. પછી હાથપગ ધોઇ નુરુએ પાથરેલી સાદડી ઉપર બેઠો. મલેક એની બાજુમાં જ બેઠો અને પછી થાળીઓ પીરસાણી. જ્યારે જ્યારે અસગરમિયાં ઘેર વાળુ કરતો ત્યારે નુરુ પણ એની સાથે જ જમવા બેસતી. આજે એ પણ પોતાની નાની થાળી લાવી અને પોતાના પિતાની બાજુમાં જમવા બેઠી ગ્યાસતેલના દીવાના ઝાંખા અજવાળામાં નુરુની માએ તેઓને ગરમાગરમ અને સ્વાદિષ્ટ ભોજન પીરસ્યું. તે ગરમાગરમ વરાળ નીકળતા ઊના ભાત અને તેલમાં ભૂંજેલા રીંગણાનાં પતીકાં લઇ આવી. મરચાં ને લસણની ચટણી બનાવી તેને ભૂંજેલા રીંગણા પર લગાડવામાં આવી હતી.

આવું સુંદર મસાલેદાર ભોજન ખાતાં ખાતાં મલેકની જીભ દાઝી ગઇ અને એની આંખમાં પાણી આવી ગયાં. છતાંયે એને ગરમાગરમ ભોજન જ ભાવતું. જેમ એ વધારે ગરમ એમ એને એ વધારે પસંદ પડતું. આ ઉપરાંત કાચી ડુંગળી અને લસણ તેલમાં જરા આઘાં પાછાં કરી પીરસવામાં આવતાં, એથી ખાણાંની લહેજત વધી જતી. ભોજનની સાથે જ તે શેડકઢા દૂધની તાંસળીઓ અને તાડગુળના રસમાં ઝબોળેલ મીઠી પુરીઓ મૂકવામાં આવી.

મલેક જ્યારથી અસગરમિયાંને ઘેર આવ્યો ત્યારથી ગુલાબ્બી તો બાજુના જ ગામમાં રહેતી પોતાની કાકી સાથે રહેવા ચાલી ગઇ. તેણે કહ્યું કે, ' હવે હું ઘરડી થઇ, મને આયશાબાઇ સાથે પહેલેથી ફાવી ગયેલું. એની રીતભાત અને ટેવોથી હું માહિતગાર એટલે એની સાથે મને ફાવે, પણ આયશા તો હવે મરી ગઇ અને નુરુની મા ઘરનો કારભાર કેમ ચલાવે છે એ તો હું જાણતી નથી. એટલે હવે આટલે જાતે દિવસે એ બધી નવી રીતભાત હું ક્યાં શીખવા જાઉં ? ... પણ નથી. '

કુલસુમ એના ઉપર ખૂબ ચિઢાણી. તેને એ વઢી પણ ખરી અને છેવટ હસીને મશ્કરી કરવા લાગી. પણ તે પોતાના નિશ્ચયમાંથી ચળી નહિ. એક દિવસ પોતાનો થોડોઘણો સરસામાન હતો તે એકઠો કરી સૌની રજા લઇ મલેકને ઘેરથી અને એના જીવનમાંથી ચાલી ગઇ.

ગુલાબી ગઇ એની મલેકના મન ઉપર ખાસ કંઈ અસર થઈ નહિ, પણ કુલસુમ સાથે જુદા પડવાની વાત ઘણી જ દુઃખદાયક નીવડી.

કુલસુમ પોતે પણ મલેકને છોડવા રાજી નહોતી, એટલે તે પણ મલેકની સાથે જ અસગરનિયાંને ત્યાં રહેવા આવી. થોડા દિવસમાં જ તેણે જોઈ લીધું કે નુરુની માને પોતે ગમતી નથી. એની નવી શેઠાણી તેને કદી વઢતી નહિ કે ધમકાવતી નહિ તેમ કોઇવાર પણ આકરાં વેણ સંભળાવતી નહિ કે ઠપકો દેતી નહિ. આયશાથી તે સાવ જુદા જ પ્રકારની હતી. તેને કાંઇ કહેવું હોય તો ધીમેથી કહેતી અને એનું હલનચલન પણ ધીમું હતું. એની રીતભાત અને વર્તાવમાં પણ કહેવા જેવું કશું નહોતું છતાં પણ થોડા દિવસમાં જ કુલસુમ જાણી ગઈ કે આ ઘરમાં તેનું આગમન આવકાર–પાત્ર નહોતું.

કોઇ પણ જાતની બોલચાલ કે ધમાલ સિવાય તેને એવું કામ સોંપી દેવામાં આવ્યું કે જેથી આવતાંવેંત જ એને મલેકથી દૂર રહેવું પડયું, કારણ એની નવી શેઠાણીને બીજી કોઈ પણ વસ્તુ કરતાં એના મલેક તરફના પ્રેમ પ્રત્યે વધારે અણગમો અને વિરોધ હોય એમ દેખાયું. કુલસુમને મલેક પાસે હવે એક ક્ષણભર પણ ભાગ્યે જ સાથે રહેવા મળતું. અને જ્યારે જ્યારે એ મલેક પાસે જવા કોશિશ કરતી ત્યારે ત્યારે તુરત જ નવી શેઠાણી એક યા બીજું કામ સોંપી તેને દૂર મોકલી દેતી.

મલેક એકદમ દોડતો દોડતો ઘરમાં આવ્યો ને મોટેથી બૂમ પાડી બોલ્યો : ' કુલસુમ કયાં ગઇ ? પાણીનો પ્યાલો લાવ. મને ખૂબ તરસ લાગી છે.' પણ કુલસુમ ત્યાં હતી નહિ... એ પહેલાં જ

નુરુની મા આવી પહોંચી ને મલેકને પોતાની પાસે બેલાવી તરબૂચ ખાવા આપી એની તરસ છિપાવી. વળી અવારનવાર તે નવરી હોય ત્યારે મલેકને પાસે બોલાવી પરીની અને રાજકુમારની તેમજ શાહજાદા અને પાદશાહોની અને ભૂતપલિત તથા રાક્ષસોની વાર્તાઓ કરતી. મલેક તો પહોળી આંખો કરીને ધીમા રણકાભર્યા સ્વરે એ જે જે વાર્તાઓ કહેતી તે સ્તબ્ધ બનીને સાંભળી રહેતો.

નુરુ એની માના ખોળામાં બેઠી બેઠી એક ધ્યાનથી અને રસપૂર્વક વાર્તાઓ સાંભળતી. વચ્ચે કોઈ કોઈવાર એ એકાદ બાળબુદ્ધિને સહજ એવો છોકરવાદી સવાલ પૂછી બેસતી ત્યારે નુરુની માને હસવું આવી જતું અને મલેક સામે તુરત જ નજર કરી કેમ જાણે– 'જોયું, કેવો અબુધ સવાલ'–એમ કહેતી હોય એમ આંખ વતી મીચકારો મારતી. મલેક પણ એની સામે જોઇ ને હસતો અને પોતાની સાથે એ બરોબરિયા જેવો અને મોટેરા જેવો વર્તાવ રાખે છે એ જોઇ મનમાં રાજી થતો અને નુરુની મા પ્રત્યે એની આભારની લાગણી ઊભરાઇ આવતી. કુલસુમ એટલામાં આજુબાજુ માથે ઝઝૂમીને ઊભી રહેતી અને એ લોકોની મંડળીમાં શામેલ થવા ઉત્સુકતા દાખવતી. પણ નુરુની મા જેવી એને જોતી કે તુરત જ એને સવાલ પૂછી કંઇક ને કંઇક કામ ચીંધી એને ત્યાંથી રવાના કરવા પ્રયત્ન કરતી. એ કહેતી :

'કાલના ભાત માટે ડાંગર ખંડાવી રાખી છે?'

કુલસુમ જવાબ દેતી કે મને ખબર નથી, ત્યારે નુરુની મા એને જઇને તપાસ કરવાનું કહેતી. થોડા વખતમાં કુલસુમ તુરત પાછી આવીને કહેતી કે કામવાળીઓએ ડાંગર ખાંડવાનું ક્યારનું શરૂ કરી દીધું છે. ત્યારે નુરુની મા એને કહેતી કે 'જા, જઇને એના કામમાં મદદ કર. ભલી થઇને ઝટ જજે ને નકામી અહીં ઊભી રહીને વખત બગાડતી નહિ. સપાટામાં ડાંગર ખંડાઈ જાય એનું ધ્યાન રાખજે. બીજાં ઘણાં કામ હજી કરવાનાં બાકી છે.'

કુલસુમના હૃદયમાં વિરોધભાવ ભભૂકી ઊઠતો. મનમાં ને મનમાં એ ઘણી ધૂંવાંપૂવાં થતી, પણ એક શબ્દ પણ બોલ્યા સિવાય મૂંગી મૂંગી એ ધાન ફૂટવા ચાલી જતી અને નુરુની મા છોકરાંઓ આગળ અધૂરી રહેલી વાર્તા પૂરી કરતી.

એક દિવસ કુલસુમે બશીરને ઊભો રાખીને કહ્યું: 'મારાથી હવે આ રીતે ચલાવી નહિ શકાય.'

'કેમ? વળી શું થયું છે?' બશીરે આશ્ચર્ય પામીને પૂછ્યું. હમણાં હમણાં ઘેર તે ભાગ્યે જ રહેતો. એનો દિવસનો લગભગ બધો વખત ખેડૂતો પાસેથી ગણોત ઉઘરાવવાના આંટા ફેરામાં વહી જતો. એટલે ઘરમાં શું ચાલે છે એની તેને બહુ ખબર ન રહેતી.

'કોઇ થયું નથી એ જ મોટી મુસીબત છે ને?' કુલસુમે કહ્યું. એની આંખમાં ગુસ્સો હતો અને તે ખૂબ ઉશ્કેરાયેલી જણાતી હતી.

'આમ બધી મોઘમ વાત ન કર.' બશીરે કહ્યું. 'જે હોય તે જલદી ફોડ પાડીને કહે.' બશીરે અર્ધું રમૂજમાં અને અર્ધું અધીર બનીને કહ્યું.

'તમારે અહીં રહેવું નહિ અને અમારું શું થાય છે એ જોવું નહિ!' કુલસુમે કહ્યું, 'ભલેને અમે...'

બશીરે એને અધવચ્ચેથી બોલતી અટકાવીને કહ્યું: 'કેમ? નુરુની મા તને કોઇ બાબતમાં અહકી રીતે રાખે છે. તારી સાથે ખરાબ વર્તાવ રાખે છે?'

તુરત જ તે ભભૂકી ઊઠી: 'એમ કરત તો સારું હતું ને? એમ નથી કરતી એ જ મોટું દુ:ખ છે. મને ખરાબ રીતે રાખત તો તુરત એને મારા મનની વાત કરત, પણ આ તો મીઠો માર છે. જીભ એટલી બધી મીઠી છે કે ન પૂછો વાત. પણ એ મીઠી જીભમાં હળાહળ ભર્યું છે. એટલે ઝેરીલી નાગણની પેઠે એની ઇચ્છા થાય ત્યારે મીઠો ડંખ મારે છે.'

'આ તું શું બકે છે છોકરી ?' બશીર એની વાત પૂરી ન સાંભળતાં અધવચ્ચેથી બોલી ઊઠયો. 'તારી તે અક્કલ ગુમ થઇ છે ? તને ભાન–બાન રહ્યું લાગતું નથી, જેથી તારી શેઠાણી વિષે જેમ ફાવે તેમ બકે છે. બધાં તો એના સ્વભાવના ખૂબ વખાણ કરે છે. મલેક પણ એના વખાણ કરતાં ધરાતો નથી...'

પણ કુલસુમ એને પૂરું બોલવા દે ત્યારેને ? એની વાતને અધ-વચ્ચેથી કાપીને તે બોલી:

'હા, મલેક એના વખાણ કરતાં ધરાતો નથી.' તેણે બશીરના ચાળા પાડયા અને ગુસ્સાથી ભભૂકી ઊઠીને વિરોધી સ્વરે બોલી: 'આ તુરુની મા તો ચૂડેલ છે ચૂડેલ ! તેણે મલેક ઉપર ભૂરકી છાંટી છે નહિ તો મલેક, જેને મારા ઉપર પ્યાર હતો, મારા પાસેથી કદી અળગો થતો નહિ એ આજે એક પળ પણ પાસે ઢૂકતો નથી એ કેમ બને ? નક્કી એણે કાંઈક કામણ–ટૂમણ કર્યું છે. એ તેને પોતાથી અળગો જ ક્યાં થવા દે છે? જ્યારે જ્યારે મલેક ઘેર આવે છે ત્યારે ત્યારે એ મને એક યા બીજું બહાનું બતાવીને ત્યાંથી આઘી મોકલી દે છે. કુલસુમ આ કર, ને કુલસુમ તે કર ! એનો ટકટકાટ ચાલુ જ થઇ જાય છે. કેમ જાણે હું એની લુચ્ચાઇ અને કારસ્તાન સમજતી ન હોઉં. હું તમને સાચું કહું છું બશીરચાચા, મલેક ઉપર એણે ભૂરકી નાખી છે ભૂરકી !'

બશીરથી હસ્યા વગર રહેવાયું નહિ.

'હં. સમજ્યો. તારા દુઃખનું મૂળ ત્યાં છે એમને ? મલેકને હવે તારા કરતાં એ વધારે ગમે છે ખરું ને ? પણ એમ હોય તો તો વધારે સારું. એમાં ડરવા જેવું શું છે. તારા મૂર્ખાઇભરેલા ખ્યાલ દૂર કરીને વિચાર કર કે, જો તુરુની આ ઉપર મલેકને એટલી મમતા જાગે તો એથી તો આપણે ઊલટા રાજી થવાનું હોય. જો તુરુની માએ મલેક ઉપર [illegible] હોત

તો કેવું ખરાબ પરિણામ આવત એનો વિચાર કર. અલ્લાતાલાનો અહેશાન માન, એને મલેક ઉપર પ્રેમ છે. એ પ્રેમ બરબાદ થાય એવી મૂર્ખાઈ તારી અદેખાઈમાં ને અદેખાઈમાં તું કરી બેસતી નહિ. એ બંને વચ્ચેના મીઠા સંબંધમાં તારી કમઅક્કલ અદેખાઇને વચ્ચે લાવતી નહિ.'

'કમ અક્કલ, અદેખાઇ ?' છંછેડાયેલી કુલસુમ બોલી ઊઠી. 'મેં તો પહેલેથી જ ધારી લીધું હતું કે તમે બધાય એ રૂપાળી છે એટલા ખાતર જ એના ગાડામાં બેસી જશો અને એની પ્રશંસાના પુલ બાંધવા અને એનાં ગીત ગાવા મંડી જશો. રૂપને માન છે ને ભાઈ!'

બશીર ખડખખડાટ હસી પડયો: 'જો. હવે આપણાં બેમાંથી કોણ મૂરખ અને હઠીલું છે એ કહે જોઇએ, મૂરખ છોકરી! મેં તો કદી એના ઉપર નજર સરખી પણ કરી નથી. એને જોઇ હોય તો ખબર પડે ને કે એ રૂપાળી છે કે કરૂપ, ગોરી છે કે કાળી? જોયા વગર શી રીતે ખબર પડે? અને માની લે કે તેં કહ્યું હોય એવી તે રૂપાળી હોય તો તેનું શું છે? હું તને ગંભીરતાથી કહું છું કે બોલવામાં તું જરા ધ્યાન રાખ. એટલું સારું છે કે આવો બકબકાટ ફક્ત તેં મારી આગળ જ કર્યો છે. જો મારે બદલે બીજા કોઇને મોઢે તેં વાત કરી હોત અને તારી શેઠાણીને ચૂડેલ ને રાક્ષસી કહી હોત તો શું થયું હોત એનો વિચાર કર. તારે હવે થોડી ધારજ રાખતાં શીખવું જોઇએ, અને વધારે સમજદાર થવું જાઇએ, કુલસુમ!'

કુલસુમ રડી પડી: 'ત્યારે હું જ સાવ અણસમજુ અને હઠીલી છું એમ ને?' ડૂસકાં ભરતાં ભરતાં તે બોલી. 'બીચારા મલેકને એની ભૂરકીમાંથી બચાવી એ રાક્ષસીના હાથમાં જતો રોકું છું એટલે તમેય મને હવે ધમકાવવા મંડયા! ખરું ને? પણ મારા નસીબ જ એવાં [illegible] હવે હું એક

અક્ષર પણ નહિ બોલું બસ. મારે બીજું કાંઈ નથી, ફક્ત મારા પ્યારા નાના શેઠ ઉપર કોઇ આફત ન આવે એટલું જોજો.'

તે રીસ કરીને બશીરને છોડીને ચાલી ગઇ અને એની સાથે ફરીને બોલી પણ નહિ. થોડા વખતમાં તો સૌએ એનામાં થયેલો આ ફેરફાર જોયો, કારણકે ત્યારથી તે ગુસ્સાબાજ, ઝઘડાળુ અને ચિડિયણ બની ગઇ. નુરુની માએ પણ તેનામાં થયેલો આ ફેરફાર દીઠો. એથી એક દિવસ તેણે અસગરમિયાંને કહ્યું:

'કુલસુમ હજી સાવ જુવાન વિધવા છે એટલે એનાં ફરી લગ્ન થાય એ વાજબી અને જરૂરી છે. અત્યારસુધી તેણે મલેક સામે નજર રાખીને એને દીકરાની પેઠે રાખ્યો છે, ને એના આધારે જિંદગી વિતાવી છે, પણ એ હવે લાંબો વખત ચાલુ રહે તે બરાબર નથી અને શક્ય પણ નથી. પહેલાંની પેઠે જ મલેકને હજીયે તે લાડ લડાવ્યા કરે અને છોકરાને બગાડ્યા કરે એ તેના માટે સારું નથી. મલેકને માટે પણ સારું નથી. એ કરતાં આપણે તેને યોગ્ય અને લાયક માણસ સાથે પરણાવી દઈએ એ જ વધુ સારું. એમ થાય તો એને પોતાનો વર મળે, ઘર મળે ને કદાચ છોકરાંછૈયાં પણ થાય ને એ સુખી થાય.'

અસગરમિયાંએ એની રીત મુજબ આછું સ્મિત કર્યું ને બોલ્યો: 'તારે મલેકને કુલસુમ પાસે રાખવો નથી એટલી જ વાત છે ને?' તેણે પૂછ્યું.

એની સ્ત્રી કંઇ બોલી નહિ, પણ નીચું જોઈને મૂંગી બેસી રહી.

'ભલે, તારી ઇચ્છા મુજબ બધું થઇ જશે.' અસગરમિયાંએ થોડીવાર અટકીને પછી કહ્યું. 'અઝીઝની વહુ ગયે વરસે જ ગુજરી ગઇ છે. એને અત્યારે પાંત્રીસ વરસ થયાં. કુલસુમ માટે એ બધી રીતે યોગ્ય વર છે. હું બશીરની સાથે આ બાબતમાં વાતચીત કરીશ

અને અઝીઝની શું મરજી છે એ જાણી લેવા એને કહીશ. તું પણ કુલસુમ સાથે વાત કરી લેજે અને તે રાજી છે કે નહિ તે જાણી લેજે.'

'એમાં જાણવાનું શું હોય. રાજી જ છે. દુનિયામાં એવી કઇ સ્ત્રી છે કે જેને પોતાને ઘર ને વર મળે એ ન ગમે. ?'

તુરુની માએ એ જ દિવસે સાંજે કુલસુમ સાથે વાત કરી લીધી. તેણે કહ્યું: 'જો કુલસુમ, તારી કાંઇ હજી ઉંમર નથી થઇ ગઇ. તું હજી જુવાન કે'વા તું પરણ ને તારે પોતાનાં ઘર ને વર થાય એ જ યોગ્ય ગણાય, અમે તારે માટે એમ નક્કી કર્યું છે કે તારે અઝીઝની સાથે પરણવું, તે પોતે પણ જુવાન છે. એને પોતાને વહુ નથી ને તારે વર નથી. વળી બન્નેમાંથી એકેયને છોકરાં નથી, એટલે બન્નેની જોડી ઠીક જામશે.'

કુલસુમે બશીર સાથે તે દિવસે વાત કરેલી ત્યારથી એ રખેને કંઈ અજુગતું થશે એના સતત ભયમાં જ રહેલી, પણ એ ભય આ જાતનું રૂપ લેશે એવો તો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. આ વાત સાંભળી તેણે એકાએક જમીન ઉપર પોતાના શરીરને ફેંક્યું ને એની શેઠાણીના પગ પકડી આજીજી કરવા લાગી. મહેરબાની કરીને મને આ ઘરમાંથી ધક્કો મારી દૂર મોકલશો નહિ.' તે રડતાં રડતાં બોલી, 'મારે પરણવુંય નથી ને મારે ઘર કે વર જોઇતો પણ નથી.'

'અરે આ શું ? મૂરખ ન થા.' એની શેઠાણીએ શાંત સ્વરે જવાબ આપ્યો. 'તું કાંઈ નાનું બચ્ચું નથી કે આમ કાગારોળ કરી દેખાવ કરે છે. હોય, જુવાન દીકરીઓ લગ્ન પહેલાં ઘણીવાર ધમાધમી કરે છે, પણ પરણ્યા પછી તો તેઓ પોતાના વરથી એક દિવસ પણ અળગી રહેવા ઇચ્છતી નથી. તું તો અગાઉ એક વખત પરણી હતી એટલે તને તો આ બાબતની જાણ હોવી જોઇએ.'

કુલસુમ રડતી રડતી બોલી: 'મારે પરણવું નથી, મારે પરણવું

નથી.' એ ડૂસકાંઓ ભરતી ગઇ ને વચ્ચે વચ્ચે એ એક જ વાત કરતી ગઈ.

એની શેઠાણી જરા સખત થઇને એને ઠપકો આપતી હોય એમ બોલી: 'આમ નકામો ભવાડો ન કર. તું જુવાન સ્ત્રી કહેવા અને તારાથી કાયમ માટે આ ઘરમાં બેસી રહેવાય નહિ. સાચું પૂછ તો તારે આ કરતાંય ઘણા વહેલાં પરણી જવું જોઇતું હતુ.'

આટલું કહી કુલસુમને જમાન ઉપર પડ્યાં પડ્યાં ડૂસકાં ભરતી એકલી છોડીને એ ત્યાંથી ચાલી ગઇ. થોડી મિનિટ પછી એ પાછી આવી ને એને સમજાવતી હોય એમ ધીમા માયાળુ સ્વરે બોલી:

'મલેકને છોડીને જવું પડશે એ વિચારથી તને દુઃખ થાય છે નહિ? પણ તારે સમજવું જોઇએ કે મલેક હવે જુવાન થયો. એ હમેશાં તારી સાથે જ રહે એવી આશા તારે રાખવી નહિ.' વળી તેણે કહ્યું, 'જો એનાથી જુદા પડવાનું હોય તો અત્યારથી જ એમ કરવું વધું સારું. ખુદાની મરજી હશે તો તારા ખોળામાંય તારો પોતાનો દીકરો રમતો હશે.'

કુલસુમ બશારને શોધી એની પાસે પહોંચી ગઈ ને રડતી રડતી બોલી: 'મારે પરણવું નથી બશાર ચાચા, ને મારે મલેકને છોડીને ક્યાંય જવુંયે નથી.'

બશારે ધીમેથી તેને ઠપકો આપ્યો ને શિખામણ આપતો હોય એમ બોલ્યે: 'તું સમજી જા, બેટી! અઝીઝ ઘણો સારો માણસ છે, અને એની સાથે રહીને તું સુખી થઈશ. અસગરમિયાંએ એને ઘર બાંધવા જમીનનો કટકો કાઢી આપવાનું વચન આપ્યું છે. લગન કર્યા પછી પણ આજ ગામમાં રહેવાનું થશે અને ઇચ્છા થાય ત્યારે તું મલેકને જોઇ શકીશ. એટલે હું તો તને ભાર દઇને કહું છું કે આ લગનને નકારતી નહિ.'

કુલસુમે પોતાની હઠ છોડી નહિ. લગ્નનો દિવસ આવ્યો અને

ઘરની સ્ત્રીઓ એને લગનનો પોશાક પહેરાવી શણગારવા માંડી ત્યારે પણ કુલસુમના મુખ ઉપરથી ક્રોધ અને દુ:ખ દૂર થયાં નહોતાં. એનું ધૂંધો ચઢાવેલ મુખ જોઈ સ્ત્રીઓ એને ઠપકો આપવા લાગી: 'એ તો એના વરને મળવા અધીરી થઇ રહી છે એટલે ધૂંધો ચડાવ્યો છે.' એમાંની કોઇ વળી મશ્કરી કરવા લાગી અને એથી તો કુલસુમનું ચિડાયેલું મુખ ગુસ્સાથી વધુ કાળું થઈ ગયું.

અઝીઝનો આનંદ આજે ક્યાંય માતો ન હતો. પોતાનાં આજે લગ્ન થવાનાં હતાં એ વિચારે એનું હૈયું હરખાતું હતું. શરીરે તે અલમસ્ત જુવાન હતો અને એક વરસથી તેણે પોતાની સ્ત્રી ગુમાવી હતી. એથી જ્યારે તેણે સાંભળ્યું કે કુલસુમ રૂપાળી છે અને વીસ વરસની જુવાન છે ત્યારે એ પોતાના તકદીરને ધન્યવાદ આપવા લાગ્યો ને જેવી એની પાસે કુલસુમ સાથે લગ્ન કરવાની દરખાસ્ત મૂકવામાં આવી કે તુરત જ તેણે આનંદથી વધાવી લીધેલી. આજે તેણે પોતાનો સારામાં સારો ઊંચો પોશાક પહેર્યો હતો. એનો હરખ ક્યાંય સમાતો નહોતો. પ્રયત્ન કરવા છતાંયે એના મુખ ઉપર હાસ્ય આવી જતું હતું અને જેમ જેમ એ ગંભીર દેખાવાનો પ્રયત્ન કરતો હતો તેમ તેમ તો ઊલટાનું એનાથી વધારે જલદી હસી પડાતું હતું. તે લગનની વિધિ જ્યાં થવાની હતી એ બહારના ઘરની ઓશરીમાં સાદડી ઉપર બેઠો હતો. અસગરમિયાંએ શાદી વખતે કાજી બનવાનું કબૂલ્યું હતું અને અત્યારે તે કુલસુમના પ્રતિનિધિ તરીકે આવનાર માણસની રાહ જોતો હતો. કુલસુમે હજીયે પોતાની હઠ છોડી નહોતી. તે શાદીના મંડપમાં આવવા હજીયે તૈયાર નહોતી, એટલે એના વતી બશીર હાજર રહેવાનો હતો. અત્યારે એ કુલસુમ પાસે એને સમજાવવા અને પોતે એના પ્રતિનિધિ તરીકે કામ કરે એમાં એની સંમતિ લેવા ગયો હતો. એની સંમતિ સાચી છે કે નહિ એ જાણવા માટે બે સાક્ષીઓ પણ એની સાથે ગયા હતા. એમને બધાને પાછા આવતાં વાર થઇ હતી અને મોડું થવાથી અઝીઝ ખૂબ અધીરો થયો હતો.

લગ્ન વખતે વર ઉઠીને પોતે બોલે એ સારું ગણાય નહિ, છતાંયે તે એટલો આકળો ને અધીરો થયો હતો કે પોતે ખડખડાટ કરવા લાગ્યો હતો. અસગરમિયાંએ આંખમાં ચમક લાવીને તેને કહ્યું: 'એમ આકળો ન થા, ધીરજ રાખ, જરી ધીરજ.'

ખેતરમાં કામ કરનારા સાથીઓ બધા એની મશ્કરી કરતા હતા. એક જણ હળવે રહીને તેને શિખામણ આપતો હોય એમ મોઢું ભારેખમ રાખીને કહેવા લાગ્યો: 'વરરાજા, જરી ધીમા પડો ધીમા. એમ હમચી કાં ખૂંદવા મંડયા? ચિંતા કરોમા. આટલા લાંબા વખતથી ધીરજ રાખી તે હવે ઘડી-બે-ઘડી વધારે ધીરજ નથી રખાતી શું? બહુ ઉતાવળા થયા તો કયાંક છેલ્લી ઘડીએ બાજી બગાડી બેસશો.'

આ સાંભળીને સૌ એક સાથે ખડખડાટ કરતા હસી પડયા. અસગરમિયાંથી પણ જરા હસી જવાયું. બશીરને આવતાં ઠીક ઠીક વાર લાગી એ તરફ બધાનું ધ્યાન ખેંચાયું એટલે એક જણ બોલ્યો:

'કદાચ કન્યાને વરનો દેખાવ જોઇને ડર લાગ્યો એટલે કયાંય ભાગી ન ગઇ હોય!'

આ સાંભળી અઝીઝ ઝંખવાણો પડી ગયો. એ જોઈ સૌ વળી ફરીને ખડખડાટ હસી પડયા.

છેવટે બશીર આવ્યો. એ ખૂબ જ ચિંતાતુર અને મૂંઝાયેલો લાગતો હતો. તેણે અસગરમિયાંને એકબાજુ બોલાવીને કહ્યું: 'કુલસુમ, હજીયે માનતી નથી. તે પરણવા ના પાડે છે.'

અસગરમિયાં ગુસ્સાથી ધૂંવાંપૂવાં થઈ ગયો. હવે છેલ્લી ઘડીએ લગ્ન અટકે તો મોટો ભવાડો થાય. આ રીતે એક સ્ત્રીના મૂર્ખાઈભરેલા તરંગને લઇને આખો પ્રસંગ ઊલટપાલટ થઇ જાય એ ચલાવી લેવાય નહિ. 'આટલી બધી તૈયારીઓ કરી એ હવે શું ફોગટ જવાની?

ચાલો, હું તમારી સાથે આવું છું. એ હા કેમ ન પાડે ? એણે હા પાડવી જ પડશે.'

અસગરમિયાં બશીરની સાથે ધબ ધબ કરતો લાંબાં ડગલાં ભરતો અંદરના ઘરમાં ગયો અને તેની સાથે સાક્ષીઓ પણ ગયા. બારણામાં જ સામે નુરુની મા ઊભી હતી. તેને તેણે ગુસ્સે થઇને કહ્યું: 'આ હું શું સાંભળું છું. મેં તને પહેલેથી જ કહ્યું હતું કે કુલસુમને પૂછીને એની સંમતિ મેળવી લેજે. હવે છેલ્લી ઘડીએ લગન કાંઈ ટાળી શકાય નહિ. એક વખત બધી તૈયારી કરી એટલે હવે તો લગ્ન પતાવી જ દેવાં જોઇએ.'

નુરુની મા ગુસ્સાથી ઝંખવાણી પડી ગઇ. એ બોલી: 'હા, હા, તેની કોણ ના પાડે છે ? કુલસુમ શું ના પાડશે ! એક વખત પરાણે હાથ ઝાલીને બેસારી દો એટલે પત્યું. વિધિ સમાપ્ત થઈ જાય પછી આઝીઝ છે ને એ છે. એ એને મઝાની ઠેકાણે લાવી દેશે.'

ત્યાંથી બન્ને જણ, કુલસુમ લગ્નનો પોશાક પહેરીને જે ઓરડામાં બેઠી હતી ત્યાં ગયાં, કુલસુમ ત્યારે પણ માથું ઢાળીને ગુપચુપ બેઠી હતી. એના મુખ ઉપર લગ્નનો ઉલ્લાસ નહોતો.

'કુલસુમ આ હું શું સાંભળું છું ?' અસગરમિયાંએ ગુસ્સે થઇને કહ્યું, 'અઝીઝ ઘણો સારો માણસ છે ને એની સાથે લગન કરીને તું સુખી થઇશ. તુ તારી જાતને ભાગ્યશાળી માન કે તને અઝીઝ જેવો વર મળે છે–બોલ, તું એની સાથે લગ્ન કરવા ખુશી છે કે નહિ !

કુલસુમે જવાબ આપ્યો નહિ, એ મૂંગી રહી. અસગરમિયાંથી તે હમેશાં શરમાતી અને એનો તેને સંકોચ થતો. અને અત્યારે એના ગુસ્સાથી તે સાવ ડઘાઇ ગઇ. કંઇ પણ બોલ્યા વિના શરમ, સંકોચ અને બીકથી માથું નીચું રાખી તે મૂઢની જેમ બેસી રહી.

'જુઓ તે હા પાડે છે.' નુરુની માએ જીતમાં આવીને કહ્યું.

'પણ તે હજી મોઢેથી ક્યાં હા ભણે છે.' અસગરમિયાંએ શંકા દર્શાવતાં કહ્યું.

નુરુની મા હમીને બોલીઃ 'તમેય ઠીક લાગો છો, કોઇ છોકરી પોતે પરણવા ઈચ્છે છે એમ મોઢે ચઢીને કહે ખરી! આવે વખતે દરેકને સંકોચ થાય. એમ આને બિચારીને સંકોચ થાય છે એટલે બોલતી નથી ને મૂંગી રહે છે. પણ મૂંગા રહેવું ને હા પાડવી એ બન્ને સરખું.'

બશીરે ત્રણ વખત એને એકનો એક સવાલ પૂછ્યોઃ 'કુલસુમ, તું અઝીઝને પરણવા રાજી છો ને?'

ત્રણે વખત કુલસુમ કંઈ બોલી નહિ. પણ હાજર રહેલી સ્ત્રીઓએ દરેક વખતે તેનું માથું નીચું નમાવી 'હા' પડાવી.

'જુઓ, તેણે હા પાડી દીધી છે.' નુરુની માએ કહ્યું.

બસ વાત પતી ગઇ. આદમી બધા બહાર આવ્યા ને લગ્નની વિધિ શરૂ થઈ. અસગરમિયાં કાજી થયો ને તેણે બશીરને પૂછ્યું: 'કુલસુમ વતી તમને બોલવાની સત્તા મળી છે ને?'

બશીરે તરત કહ્યું: 'હા.'

અસગરમિયાંએ ત્રણ વખત એકનો એક સવાલ પૂછ્યોઃ 'તમે જેના વતી બોલો છો એ કુલસુમ અઝીઝને વર તરીકે સ્વીકારવા કબૂલ છે?' બશીરે ત્રણે વખત કહ્યું: 'હા.' ફરીને સવાલ-જવાબ ત્રણ ત્રણ વખત બોલાયા. પછી અસગરમિયાંએ નવા પરણેલા દંપતીને આશીર્વાદ આપતી એક બેત કુરાનમાંથી પઢી અને એમ કુલસુમની શાદીનો વિધિ પતી ગયો.

તે દિવસે શાદીની રાત્રે કુલસુમ મોડેથી ઝબકીને જાગી ગઇ ત્યારે અઝીઝ તેની બાજુમાં ઘસઘસાટ ઊંઘતો હતો અને તેણે પોતાનો એક હાથ એના બદન ઉપર નાખ્યો હતો. લગ્નના આખા પ્રસંગની

હારમાળા યાદ કરતાં જ એના આખા શરીરમાં વિરોધનું એક મોજું ફરી વળ્યું. અને તે અણગમા અને રોષથી કંપી ઊઠી. પણ આખર તો તે જુવાન હતી. એટલે તેના શરીરે એના પતિના કામાવેશને મારગ આપ્યો. એના પતિના વહાલ અને લાડપ્યાર યાદ આવતાં જ એ શરમાણી. અને વખત જતાં ધીમે ધીમે એનો બધો વિરોધ શમી ગયો. થયું ત્યારે, ખુદાએ જેમ ધાર્યું હોય એમ જ છેવટ થાય છે. જેવી એની મરજી.' એમ કહીને તેણે વિરોધનો છેલ્લે ભાવ પણ દૂર કરી પોતાની જાતને પતિના ચરણમાં સમર્પિત કરી દીધી અને સવળી બાજુ પડખું ફરીને સૂઇ ગઈ.



[૧૯]

દુકાળના ખપ્પરમાં

અસગરમિયાંના મુખ ઉપર ચિંતાની રેખાઓ દેખાણી. સવારમાં એ પોતાના ઓરડામાંથી બહાર આવ્યો અને બહુ જ ધ્યાનપૂર્વક પૂર્વ તરફના આકાશ સામે નજર માંડી.

'ના, ના, વાદળાંનું તો નાનું ધાબુંય દેખાતું નથી.' તે માથાને ઝટકો મારીને મનોમન ઉપરના શબ્દો બોલ્યા.

નાખી નજર પહોંચી શકે ત્યાં સુધી આકાશ વાદળી રંગથી છવાયેલું હતું. એ વખતે પ્રભાતનો વખત હતો, છતાં પ્રભાતની શોભા કે એના રંગો ભાગ્યે જ નજરે પડતા હતા. સૂર્ય આકાશમાં ઊંચે ચઢવા માંડયો હતો અને તાપયુક્ત આકરાં કિરણબાણ ફેંકતો હતો. સુકાયેલી અને તરસી ધરતી બળીને ભૂરીભક્ક થઈ ગયેલી દેખાતી હતી. સૂર્યનાં બાળી નાખતાં પ્રખર કિરણોને મળવા ધૂળની ડમરી ચડી હતી. ખેતરો સૂકાંભઠ્ઠ બની ગયાં હતાં અને ભૂખથી વરાળું કાઢતાં પડયાં હતાં. પદ્માનો પ્રવાહ તલવારના પાનાંની પેઠે ચમક ચમક થતો હતો.

અસગરમિયાં બળતા આકાશની નીચે ઉઘાડે માથે ઊભો. અષાઢ માસ બેસી ગયો હતો પણ હજી સુધી વરસાદનું એક બિન્દુ પણ પડયું ન હતું અને વરસાદ વિના જમીનને ખેડી-કરીને વાવણા માટે તૈયાર પણ શી રીતે કરી શકાય ! ચોમાસાના એ કીમતી મહિનાઓ

તો લગભગ વીતવા આવ્યા હતા. હવે એકાદ–બે દિવસમાં વરસાદ ન થાય તો ખેડૂતોને આ વરસ પણ કોરું જાય એમ હતું. આવી શકયતાનો વિચાર આવતાં જ અસગરમિયાં ધ્રૂજી ઊઠયો. છેલ્લાં બે વરસો અછતનાં વરસો હતાં, બધાં ખેડૂતોને ભૂખ અને દુઃખનો ઠીક ઠીક અનુભવ થઇ ચૂકયો હતો. હવે આ વખતે પણ વરસ માઠું જાય તો તો સીધો દુકાળ અને ભૂખમરો જ આવે. વરસાદના અભાવને કારણે અત્યારથી નાની નાની ચોરીઓ વધવા માંડી હતી. અને એમાં લોકોને જો ખાવાનું ન મળે એવી સ્થિતિ ઊભી થાય તો આ કરતાંયે હજારગણી સંખ્યામાં ચોરીઓ થાય એ ચોક્કસ હતું.

આ સ્થિતિમાં માણસો ચોરી કરે એને અસગરમિયાંનું હૃદય દોષ દઈ શકતું નહિ. કારણ એ જાણતો હતો કે ચોરી કરનાર માણસ કંઈ દુનિયામાં બીજે ઠેકાણે હોય છે તેવા ખરેખર ચોર-બદમાસ ન હતા. પણ પૂરેપૂરા પ્રમાણિક, મહેનતુ અને ખંતીલા માણસો હતા. પહેલે વરસે વરસાદ ઓછો પડયો અને પાક નિષ્ફળ ગયો ત્યારે તેઓ કામ શોધવા માટે આસપાસના પ્રદેશમાં ગયા હતા. એનાં બાળબચ્ચાં અને સ્ત્રીઓ અહીંતહીંથી મૂળિયાં અને પતાં વીણી લાવતાં જેથી કરીને ગમે તે રીતે એમનાં ભૂખ્યાં પેટમાં કંઇ નાખવા થાય અને પોતે ખાધું છે એવો સંતોષ લઇ શકે. તે વરસે ઘણા માણસો એની પાસે કામ માટે આવેલાં, પણ એ કયું કામ આપી શકે તેમ હતો? એનું ખેતર પણ સુકકું ભઠ્ઠ અને ઉજ્જડ પડયું હતું, છતાં તે બીજા ઘણા કરતાં પ્રમાણમાં વધારે નસીબદાર હતો. કારણ એનાં કેટલાંક ખેતરો નદીના કિનારા ઉપર હતાં જેથી કરીને એ પાણી ખેંચી ખેતરને પાઈ શકતો હતો. આ ખેતરોમાં નદીના પાણીથી નાના નાના અને નબળા લીલા છોડ ઊગ્યા હતા. સારાં વરસોમાં અહીં જેવી વાડીઓ ફૂલતી–ફાલતી એની સરખામણીમાં તો આ પાંખો મોલ સાવ મશ્કરીરૂપ જ લાગે.

પહેલું વરસ નબળું ગયું તેમાં મુસ્કેલી તો ઠીક ઠીક આવી,

છતાં જેમ તેમ કરીને સામે વરસે પહોંચી શકાયું. નદીમાંથી ખેતરમાં પાણી પુગાડવા માટે નહેર બનાવવામાં માણસોએ રાત-દિવસ ગુલામની માફક કાળી મજૂરી કરી. નદી પાસે તેઓ વાંસના ઢીંકવા ઊભા કરી એ દ્વારા પાણી ખેંચી ધોરિયામાં નાખતા અને ધોરિયા દ્વારા ખેતરને પાણી પાતા. નાની નાની હોડીઓના તેમણે કોસ બનાવ્યા અને એ રીતે એકસામટું વધારે પાણી ખેંચવાની તરકીબો કરી. માથે ઉનાળાનો સૂરજ અગ્નિ વરસાવતો તપતો હતો અને એમનાં કૃશ થઈ ગયેલાં કાંસાવરણાં શરીર ઉપરથી પરસેવો રેબઝેબ નીતરતો હતો. આ બધા કાળજાતૂટ પ્રયત્નો અને મહેનત પછી એમને સામાન્ય વરસોમાં થાય એ કરતાં માંડ ચોથા ભાગની નીપજ થઈ. એટલામાં શું પૂરું થાય? આવતા વરસના બિયારણ માટે દાણા રાખી લીધા પછી બે મહિના માંડ ચાલે એટલું ધાન બાકી રહ્યું.

ઘરના પુરુષવર્ગે આવતું વરસ સારું આવશે એ આશામાં ને આશામાં કાળજાતૂટ મહેનત કરી હતી અને છતાંયે સામાન્ય વખતમાં ખાય તેના કરતાં ચોથા ભાગનું અન્ન ખાઇને તેઓ ગુજારો કરતા હતા. આદમીની જ્યાં આ દશા હોય ત્યાં બૈરાંનું તો પૂછવું જ શું! સ્ત્રીઓ શું ખાઇને દિવસ ગુજારતી એ તો એ જાણે ને એમનું મન જાણે એવી સ્થિતિ હતી. તેઓ હાંડલું ભરીને પાણીમાં મૂઠી ભાત ઓરી સાવ રાબડી બની જાય ત્યાં સુધી ઉકાળતી અને ગરમ ગરમ રાબડીની તાંસળીઓ પહેલાં છોકરાઓને આપતી પછી વધ્યું-ઘટ્યું પોતાના પેટમાં પધરાવતી. આવી આછી-પાતળી મીઠું નાખેલ રાબથી છોકરાનાં પેટ પણ પૂરાં ભરાતાં નહિ. ભૂખનું દુઃખ શમાવવા તેઓ વધુ રાબ માગતાં, પણ હાંડલામાં હોય તો આપેને! જેમ તેમ કરીને માતાઓ પોતાનાં બાળકોને સમજાવતી-પટાવતી. હમેશાં અધભૂખ્યા રહેવાને કારણે કૃશ થઈ ગયેલા પુરુષો ચામડે મઢ્યા હાડપિંજરો જેમ અહીંતહીં આંટા મારીને દિવસ પૂરો કરતા. તેઓ પોતાના નસીબને

દોષ દેતા ને એના ઉપર ફિટકાર વરસાવી આવતે વરસે વરસાદ મોકલવા ખુદાને પ્રાર્થના કરતા.

પણ બીજું વરસ તો આગલા વરસ કરતાંયે વધુ નપાવટ નીકળ્યું. ભૂખમરાનો ભોગ બનેલા દુકાળિયા લોકો ખેતરમાં દૂબળા-પાતળાં અંગોથી થાય તેવી મહેનત કરતા હતા. વૈશાખની શરૂઆતમાં થોડો વરસાદ પડ્યો હતો એથી તેમને આશા બંધાણી હતી ને એ આશામાં ને આશામાં ખેડૂતો ખેતરમાં જમીન ખેડવા માટે પહોંચી ગયા હતા. પોતાનાં દૂબળાં ઢોરની મદદથી તેઓ ખેતર ખેડવા માંડયા અને વાવણીના વરસાદની રાહ જોવા લાગ્યા, પણ વરસાદ આવ્યો જ નહિ ને જમીન ફરીને સુક્કી અને ધૂળવાળી બની ગઇ. એમની આ બધી દુ:ખભરી હાલતની મશ્કરી કરતાં હોય તેમ રોજ આકાશમાં વાદળાં દેખાતાં અને થોડો વખત ખોટો મેઘાડંબર રચીને વરસાદનું એક ટીપું પાડયા સિવાય પાછાં વિખરાઇ જતાં. પછી તો પશ્ચિમના સખત ઊના ઊના વાયરા વાયા અને એની સાથે સાથે હવામાં જે જરીતરી ભીનાશ બાકી રહી હતી એ પણ કુલ-ઝપટ ઉપાડી ગયા. થોડા વખતમાં ઘાસની પણ તંગી પડવા લાગી અને પશુઓ ગરમીમાં ભૂખ્યાં તરફડિયાં મારીને ગડથલિયાં ખાવા લાગ્યા.

ખેડૂતોમાં જે લોકો વધુ મરણિયા અને ઝનૂની બન્યા હતા તેઓ દુકાળના વખતમાં પોતાનાં ઢોરને મારીને ખાઇ ગયા અને પોતાના આ કાર્યને વાજબી ઠરાવવા માટે તેઓ નીચે પ્રમાણે દલીલ કરતાં: 'અમારી પાસે નથી પોતાને ખાવા રાબ કે નથી ઢોરને ખવરાવવા ઘાસ, ઢોર તો ઘાસને અભાવે મરવાનાં જ છે ને અમને ખાવા નહિ મળે તો અમે પણ મરીશું, તો પછી અમે ઢોર ને માણસ સૌ ભૂખ્યાં મરી જઇએ એ કરતાં એમનો ખોરાક તરીકે ઉપયોગ કરી અમારી જિંદગી બચાવીએ એ વધારે સારું નહિ ?'

અસગરમિયાંને પહેલે વરસે બહુ સહન કરવું પડ્યું નહિ. કારણ

પૈસે-ટકે એ સુખી હતો. અને બીજા કરતાં પ્રમાણમાં એની સ્થિતિ ઘણી સારી હતી. એક વરસ તો એણે અગાઉના સંઘરી રાખેલા અનાજમાંથી ચલાવ્યું. વધ્યું-ઘટ્યું પૈસાથી ખરીદીને પૂરું કર્યું, પણ બીજે વરસે તો એને પણ બીજાની જેમ જ સહન કરવું પડ્યું. ગયે વરસે તો તેણે ધુલડીની બજારમાંથી અનાજ વગેરે ખરીદ કરેલું, પણ આ વરસે તો આસપાસનાં ગામોમાં પણ દુકાળ પડયો હતો એટલે નજીકમાં ક્યાંય અનાજ થયું નહિ. વેપારીઓ દૂરના જિલ્લામાંથી અનાજ લાવી વેચવાની હિંમત કરતા નહોતા, કારણકે એમને રસ્તામાંથી જ માલ ચોરાઈ જવાનો કે લૂંટાઇ જવાનો ડર લાગતો હતો. એક વેપારી જરા હિંમતવાન અને પૈસાનો લાલચુ હતો. વધારે કમાવાના લોભમાં તેણે આઘેના ગામડામાંથી બોટ ભરીને ખરીદી કરી. પણ એ ચોખાભરેલી હોડી કદી ધુલડી પહોંચી જ નહિ. એ વેપારીનું ને એની હોડીનું શું થયું એની જ કોઇને ખબર પડી નહિ, પણ નદી-કિનારાના એક ગામડાના ચહેરા ઉપર પૂરતો ખોરાક મળવાને પરિણામે નૂર આવ્યું હોય એમ દેખાયું.

બીજું વરસ પણ જેમ તેમ કરીને વિતાવ્યું, પણ હવે ત્રીજું વરસ બેઠું હતું. બહુ જ થોડા માણસો પાસે હવે ઢોર બચ્યાં હતાં. ખેડ કરવા માટે કોઇની પાસે બળદ રહ્યા નહોતાં છતાં નસીબ સામે ઝઘડીને કાળ સામે બાથ ભીડીને જીવ્યા સિવાય છૂટકો ન હતો. એટલે પુરુષો પોતે બળદનું ધોંસરું કાંધ પર નાખીને સુક્કાંભઠ્ઠ ખેતર ખેડતા હતા! એમનાં કૃશ શરીરથી આવો ગજાઉપરવટનો શ્રમ હવે થઇ શકે એમ નહોતું એટલે હળ ખેંચતાં ખેંચતાં તેઓ ધ્રૂજતા હતા. આખે શરીરે પરસેવો વળી જતો હતો ને આંખે અંધારાં આવી જતાં છતાંયે ઘણીવાર સુક્કી જમીનમાંથી હળ આગળ જ ચાલતું નહોતું. સવારથી બપોર સુધી તેઓ યંત્રની માફક કામ કર્યે જતા ને પછી ધરતી ઉપર પગ માંડી ન શકાય એવા બપોર તપતા ત્યારે કામ મૂકી દેતા. ઘણાની પાસે તો વાવણી કરવા માટે બિયારણ જ નહોતું એમના

હૃદયના ઊંડાણમાં છાને ખૂણે એમણે કદાચ એવી આશા સંઘરી રાખી હતી કે કંઇક એવું થઇ જશે કે છેવટ તેમને બિયારણ મળશે.

જો કોઈ એને સવાલ પૂછે કે તમે શા ઉપરથી આવી ખોટી આશા રાખો છો તો એનું કારણ એ બતાવી શકતા નહિ, પણ કહેતા કે એની તો કંઇ ખબર નથી પણ મારો વા'લોજી કંઇક એવું કરશે કે છેક છેલ્લી ઘડીએ બિયારણની જોગવાઇ થઇ જશે. પણ તેમની આ આશા ઠગારી નીવડી.

આ સ્થિતિમાં એકાદ-બે મણ અનાજ માટે ખેડૂતો પોતાની જમીન-ખેતર વેચવા ઇંતેજારી બતાવવા લાગ્યા. પણ એને ખરીદનાર ક્યાં હતા? લોકો પોતાના ઠામ-વાસણ, ઢોર-ઢાંખર અને ઘરબાર અને કોઇ કિસ્સામાં પોતાના સ્ત્રી-બાળકોને સુદ્ધાં વેચી નાખવા તૈયાર થઇ ગયા. પણ એને લ્યે કોણ! ટૂંકામાં કહીએ, વેચનાર ઘણા હતા પણ એને ખરીદનાર કોઈજ નહોતું. ગામના લોકો અસગરમિયાંને ત્યાં ટોળે વળવા લાગ્યા ને એને મૂઠી ધાન આપવા આજીજી કરવા લાગ્યા. તે દુઃખિયા અને ભૂખ્યાં જનોને પોતાના કોઠારમાં લઈ ગયો ને ખાલીખમ્મ કોઠીઓ બતાવી, છતાંયે તેમને વિશ્વાસ બેઠો નહિ. તેઓ તો બૂમો મારવા માંડયા કે, ભલેને કોઠાર ખાલીખમ હોય, પણ બીજી જગાએ જરૂર ચોખા સંતાડ્યા હોવા જોઇએ. ત્યારે અસગરમિયાંથી ન રહેવાયું. તેણે કંઈ પણ બોલ્યા-ચાલ્યા સિવાય પોતાના અંગ ઉપરથી વસ્ત્ર ઉતાર્યું ને પોતાનું ઉઘાડું બદન બતાવ્યું. લોકો તો એને જોઇને આભા જ બની ગયા. એનું શરીર મલોખાં જેવું થઈ ગયું હતું. પેટમાં બખોલ જેવો વેંત એકનો ખાડો પડયો હતો અને છાતીનાં હાડકાં-પાંસળાં એક એક ગણી શકાય એવાં ચોખ્ખાં દેખાતાં હતાં. હાડપિંજર ઉપર ચામડું મઢીને કેમ જાણે ઊભું ખોડી દીધું હોય એવો તે દેખાતો હતો.

આ બધાં દુઃખો અને મુશ્કેલીઓ અને તંગી ભોગવતાં છતાં

અસગરમિયાંએ હજી પોતાના એક જોડી બળદને બચાવી રાખ્યા હતા. એના આવડા મોટા માલમાંથી ફક્ત આ બે બળદ જ બાકી રહ્યા હતાં. અને એને તે છેક અત્યાર સુધી વળગી રહ્યો હતો. ત્રણ વરસથી એ અછત, તંગી અને છેવટ દુકાળ સામે ઝૂઝતો આવ્યો હતો. પણ હવે એની બધી તાકાત ખૂટી ગઈ હતી. એણે સંઘરી રાખેલો અનાજનો જથ્થો અને પૈસા બધું ખલાસ થઈ ગયું હતું. એટલે છેવટે નિરુપાય થઇને લાચારીથી તેણે પોતાનાં ઢોરને કતલ થવાં દીધાં હતાં. આ બિચારાં મૂંગાં ગભરુડાં પશુઓના ભૂખના આંબરડા સાંભળીને દિલ થર રહેતું નહિ, પણ બીજો ઉપાય પણ શું હતો! લોકોને જ્યાં ખાવા મળતું નહોતું ત્યારે ઢોરને ખાવાનું કોણ આપે, ક્યાંથી આપે? ધીમે ધીમે એક પછી એક ઢોરને મારી નાખ્યાં હતાં અને હવે ફક્ત આ બે બળદની આ છેલ્લી જોડ જ બાકી રહી હતી. તેઓનાં પણ હાડકાં અને પાંસળા બહાર નીકળી આવ્યાં હતાં અને ભૂખથી સાવ હાડપિંજર બની ગયા હતા.

અસગરમિયાંએ ફરીને આકાશ સામે જોયું. કેમ જાણે એ પોતાની ઇચ્છાની તીવ્રતાથી વરસાદને આકાશમાંથી પરાણે ધરતી ઉપર ખેંચી લાવવા માગતો હોય એવી વેધક દૃષ્ટિ કરી, પણ છેવટે હતાશા અને નિરાશાથી તેણે માથું ધુણાવ્યું, કારણ નિર્મળ આકાશમાં વાદળાનું એક નાનું સરખું ધાબું પણ નજરે ચડતું નહોતું ત્યાં વરસાદની જુઠી આશા તો શી રીતે રાખી શકાય. એના દુઃખની અને પરિતાપની સીમા ન રહી.

'મલેક મલેક' કહીને નિર્જીવ અવાજે તેણે બૂમ મારી. સાંભળીને મલેક ઘરની બહાર આવ્યો. એ હવે ચૌદેક વરસનો છોકરો કિશોર અવસ્થામાંથી બહાર નીકળી જુવાનીને આંગણે પગલાં માંડતો હતો, પણ ખોરાકના અને પોષણના અભાવે તેનો વિકાસ અટકાવી દીધો હતો. અને તે પોતાની ઉંમર જેટલો મોટો ભાગ્યે જ દેખાતો હતો. એનું શરીર કૃશ થઇ ગયું હતું અને તંદુરસ્ત અને ભરાવદાર ચહેરો સાવ

ફિક્કો પડી ગયો હતો. ગાલમાં ખાડા પડ્યા હતા ને બહાર હાડકાં ઊપસી આવ્યાં હતાં. બન્ને બાજુ એના પાતળા સાંઠી જેવા હાથ નિર્જીવપણે લટકતા હતા. એના આ દિદાર જોઇને આ પહેલાંનો તંદુરસ્ત અને હષ્ટપુષ્ટ બદનવાળો તેજસ્વી છોકરો હશે એમ ભાગ્યે જ કલ્પી શકાતું હતું. અસગરમિયાં પાસે આવીને તે નિષ્પ્રાણ મડાની પેઠે ઊભો રહ્યો.

'વરસાદના તો હજીસુધી ક્યાંય વાવડ દેખાતા નથી.' અસગરમિયાંએ શુષ્ક અવાજે કહ્યું. અને પછી કંઇક વધારે રસ બતાવીને સવાલ પૂછ્યો : 'પછી બશીર પાછો આવી ગયો કે નહિ ?'

'ના.' મલેકે એટલી જ નિર્જીવતાથી જવાબ આપ્યો.

'હજી સુધી આવ્યો નથી ?' અસગરમિયાંએ કહ્યું. એના અવાજમાં થોડી કર્કશતા આવી ગઇ. ગુસ્સે થઇને તેણે કહ્યું. 'એને ગયે પણ દસ-બાર દિવસ થઇ ગયા ને છતાં હજી યે તે આવ્યો નથી ? ભારે કહેવાય !'

મલેકની સામે તેણે આશાપૂર્ણ દૃષ્ટિએ જોયું, પણ મલેક કંઇ પણ જવાબ ન આપતાં મૂંગો જ રહ્યો. ભૂખના દુઃખે એને એવો ઘેરી લીધો હતો કે અત્યારે નકામા શબ્દો બોલવા તેને સાવ નિરર્થક લાગતા હતા. એ તો ધૂંધો ચડાવીને કંઈ પણ બોલ્યા સિવાય ચુપચાપ ઊભો રહ્યો.

'તું કેમ કાંઇ બોલતો નથી ?' તે અર્ધો ગુસ્સામાં અને અરધો પશ્ચાત્તાપના આવેશમાં આવી જઇને બોલ્યો, અને પછી જવાબની પણ રાહ જોયા સિવાય કે બીજો શબ્દ ઉચ્ચાર્યા સિવાય તે જ્યાંથી એક વિચિત્ર ટોળું નીકળતું હતું તે રસ્તા તરફ ગયો.

ત્યાં નુરુ ગામની છોકરીઓના એક સરઘસને દોરતી હતી. તે હવે ઉંમરમાં મોટી થઇ હતી, પણ શરીર એવું ને એવું જ રહ્યું હતું. માથા ઉપર તેણે માટીનો ઘડો રાખ્યો હતો અને એની પાછળ

ગામની બીજી છોકરીઓ પણ માથે ઘડા લઈને ચાલતી હતી. તેઓ બધી એકીસાથે કોઈ ગીતની લીટી ગણગણ કરતી બોલતી હતી, પણ સૌના અવાજ ભૂખ અને પોષણના અભાવે નિષ્પ્રાણ બની ગયા હતા અને તેઓ શું ગાતી હતી એ ભાગ્યે જ સમજાતું હતું.

અસગરમિયાંના મુખ ઉપર એક અણગમાસૂચક હાસ્ય તરી આવ્યું. 'સ્ત્રીઓની મૂર્ખાઈ' તે અરધું પ્રગટ રીતે ને અરધું અપ્રગટ રીતે પોતાના મનની સાથે જ વાત કરતો હોય તેમ બોલ્યો.

નુરુને જોતાં જ મલેકનો ચહેરો ક્ષણભર પ્રકાશી ઊઠ્યો, પણ બીજી જ પળે તે સફેદ પૂણી જેવો થઈ ગયો. 'તેઓ મેઘરાજાને આવવા માટે વિનતિ કરી રહી છે.' કેમ જાણે અસગરમિયાંની છેલ્લી ટીકાનો જવાબ દેતો હોય તેમ બોલ્યો.

'જાણું છું, બેટા.' અસગરમિયાંએ કહ્યું. 'પણ એનો અર્થ શું છે? જો પ્રાર્થના અને બંદગીથી જ વરસાદ વરસતો હોય તો તો આ ત્રણ વરસમાં આપણને ઘણો વરસાદ મળી ગયો હોત. હવે જો વરસાદ ન જ પડવાનો હોય તો આ બિચારી છોકરીઓ પાસે નકામા રાગડા તણાવી એને શું કામ થકવી નાખો છો. ખાસ કરીને જ્યારે એને ખાવાનું મળતું નથી ત્યારે.'

આટલું કહી તેણે નુરુને બૂમ મારી બોલાવી. નુરુ ધીમે પગલે તેની પાસે આવી એટલે અસગરમિયાંએ એના માથા ઉપરથી ઘડો લઈ જોરથી જમીન ઉપર પછાડ્યો. છોકરીઓ બીકથી ધ્રુજીને ચીસ પાડી ઊઠી, પણ એમની ચીસમાં પણ હૈવત રહ્યું નહોતું.

'બસ.' તેણે પોતાના અવાજમાં ઘૂરકાટ લાવીને કહ્યું. 'આ તમારી વરસાદ માટેની પ્રાર્થના ને બંદગી બધી નકામી છે. એને હું જરાય લેખામાં લેતો નથી.' પછી નુરુના ચહેરા ઉપર દુઃખનો ભાવ જોતાં જ અવાજમાંથી કર્કશતા અને ગુસ્સો દૂર કરી ધીમેથી બોલ્યો: 'બેટી,

તું ખૂબ જ થાકી ગઈ છો અને પૂરું ખાવાતું નથી એટલે આવા નકામા રાગડા તાણીને નાહકની શક્તિ બરબાદ ન કર.'

'પણ બાપુ, આ રીતે કરવાથી આપણા ઉપર કુદરતનો કોપ ઊતરશે.'

'એની ચિંતા ન કરતી બેટી.' તેણે કહ્યું. 'આ બધાં ગીતો નકામાં છે. જો આ ગીતોનો કંઇક અર્થ હોત તો તો આપણને છેલ્લા બે વરસથી વરસાદ મળ્યો હોત. જો એનામાં સારું કરવાની શક્તિ ન હોય તો માઠું કરવાની શક્તિ પણ ન હોય. એ તે આપણને શું નુકશાન કરી શકવાના હતા.

તેણે પોતાનો હાથ પુત્રીના શરીર ફરતો વીંટાળી તેને વહાલથી પોતાના તરફ ખેંચી. તુરુએ એની છાતી ઉપર માથું મૂક્યું. એનાથી એક ધીમું અસહાય અને કરુણ ડૂસકું ભરાઈ ગયું. એ દર્દભર્યું દૃશ્ય જોઇ અસગરમિયાંનું હૃદય હલી ઊઠ્યું.

દરમિયાન બીજી છોકરીઓ તો બીકમાં ને બીકમાં ભાગી ગઈ હતી. અસગરમિયાંએ જેમ એની દીકરીનો ઘડો જમીન ઉપર પછાડીને ભાંગી નાખ્યો એમ એમના ઘડાંના પણ ચૂરેચૂરા કરી નાખશે એવી તેમને બીક લાગવાથી તેઓ ત્યાંથી રફુચક થઇ ગઇ હતી.

છેવટે કુદરતને કરવું'તું તે એ જ રાત્રે વરસાદ વરસ્યો. સમી સાંજથી આકાશમાં વાદળાંના ઘટાટોપ જામવા માંડયા હતા અને લોકો આશાભરી નજરે આ વાદળાંના થરને જોઈ રહ્યા હતા. ઘડીવારમાં તો આખું આકાશ કાળાં કાળાં વરસાદ ને વીજળી ભરેલાં વાદળાથી છવાઈ ગયું. થોડીવારમાં તો પવન બદલાઇ ગયો એની ગતિ ફરી ગઇ અને સૂ સૂ સુસવાટા કરતો તે જોરથી ફુંકાવા લાગ્યો. પદ્માના પાણી કેમ જાણે કોઈ રાક્ષસ દુઃખથી ચીસો પાડતો હોય તેમ ઊછળવા ને ઘુઘવાટ કરવાં લાગ્યાં. પાણી ઉપર આસમાનના કાળા પડછાયા પથરાવા લાગ્યા ને

પાણીનો રંગ પણ બદલી ગયો. ચારેબાજુ કાળાંકાળાં વાદળાંનો ઘેરો અંધકાર છવાઇ ગયો.

એવામાં એકાએક હડુડુડુ કરતો મેઘ ગાજ્યો અને આકાશને ચીરતી વીજળી સળવળાટ કરતી લાંબો લિસોટો તાણી ગઈ. પછી તો પવનના એક પછી એક સપાટા ઝડપથી પડવા લાગ્યા. આકાશનાં ઘટાટોપ વાદળાંમાં વીજળીની વેલો રચાવા માંડી અને તેના ચમકારા કાળી ડીબાણુ જેવી પૃથ્વી અને પદ્માનાં પાણીની સપાટી ઉપર પ્રતિબિંબ પાડવા લાગ્યા. પદ્માનાં પાણીમાં કેમ જાણે નવજીવનનો સંચાર થયો હોય એમ એની ગતિ વધી ગઇ. એના ઉછાળા વધી ગયા. સુકાયેલી અને તપેલી ધરતીમાંથી ધૂળના ગોટા ઊઠયા. આકાશમાં વંટોળિયા અને ધૂળની ડમરી ચડી અને વરસાદનાં ઝાપટાં એને વિખેરવા લાગ્યાં. વાદળાંના ગડગડાટ વધવા લાગ્યા અને પદ્માનાં પાણીમાં એના પડઘા જગાવવા લાગ્યા. વીજળી વધુ ને વધુ ચમકારા મારવા લાગી. છેવટ આખું આકાશ કેમ જાણે સળગતા અંગારાથી ભરાઇ ગયું હોય એવું તપેલી ભઠ્ઠી જેવું પ્રકાશમાન દેખાવા લાગ્યું. પછી ધીમે ધીમે આકાશમાંથી વરસાદનાં ફોરાં પડવા માંડયાં. પહેલાં કટકે કટકે અને પછી કેમ જાણે બળ એકઠું કરી રહ્યો હોય તેમ વરસાદ ધીમે ધીમે વધવા લાગ્યો. ધરતીને સજીવ વરસાદનો સ્પર્શ થતાં જ એના પેટાળમાંથી ઘાટા ધુમ્મસનો પડદો ઊઠયો. લોકો વરસાદમાં ભીંજાતાં ભીંજાતાં ઘરની બહાર આવ્યાં અને આકાશ સામે હાથ જોડીને કુદરતનો આભાર માનવા લાગ્યા.

તે દિવસે આખી રાત વરસાદ વરસ્યો. પૃથ્વી ઉપર પાણીના રેલા ચાલવા લાગ્યા. ખાડા-ખાબોચિયાં ભરાઇ ગયાં. નદીનાળામાં પાણી છલવાવા લાગ્યું. ધૂળ અને ગરમીનું નામનિશાન ન રહ્યું. બધે ઠંડક ઠંડક થઈ રહી. બાજે દિવસ થયો તોપણ વરસાદ અટકયો નહિ. બીજો, ત્રીજો અને ચોથો દિવસ—એમ ત્રણ ત્રણ દિવસ સુધી લાગલાગટ વરસાદ વરસ્યા જ કર્યો.

પહેલાં ધરતી તપી તપીને વરસાદની ઝંખના કરતી હતી, પણ હવે તો એ ધરાઇને તૃપ્ત થઈ ગઈ. અને જોઈતું'તું એના કરતાં પણ વધારે પાણી મળી ગયું અને જે લોકો વરસાદ આવતાં આનંદથી ઘેલા બન્યા હતા, તેઓ હવે વધારે વરસાદથી ડરવા લાગ્યા. જેમ જેમ વરસાદ વધતો ગયો અને ચારે બાજુ પાણી ઊભરાઇને ઊંચે ચઢવા માંડ્યું તેમ તેમ એમના આનંદ ભયમાં. ભય ગુસ્સામાં અને ગુસ્સો નિરાશામાં પલટાવા લાગ્યો. તળાવો ભરાઈ ગયાં, નદીનાળાં છલકાઇ ગયાં, ખેતરો પાણીમાં ડૂબી ગયાં અને હવે પાણીનો પ્રવાહ એમનાં ઘર તરફ આવવા લાગ્યો.

ચોથા દિવસની રાત્રે તો વરસાદનું જોર ઊલટું વધ્યું. પૂર્વ દિશામાંથી સખત પવનનું તોફાન ઊઠ્યું. પદ્માનાં પાણીમાં ઘૂમરીઓ વધી ગઇ અને પદ્મા છંછેડાયેલ નાગણની જેમ ફૂંફાડા મારવા લાગી. એના વધતાં જતાં પૂરનાં પાણીથી બન્ને કાંઠા છલી ઊઠ્યા ને પૂરનાં પાણી કાંઠા તોડીને બહાર નીકળી ગયાં. પાણીની સપાટી ધીમે ધીમે વધવા માંડી અને કેટલાંક ઘરોમાં પણ પાણી પ્રવેશ કરવા લાગ્યાં. લોકો પોતાની નિદ્રામાંથી જાગી ઊઠ્યા. જાગીને જોયું તો પથારીની આસપાસ પાણી ફરી વળ્યાં હતાં. માતાઓ ઉતાવળમાં ને ઉતાવળમાં ઘાંઘી થતી પોતાનાં બાળબચ્ચાંઓને લઇ પૂરના પ્રલયથી બચવા માટે ઘરની બહાર ભાગવા લાગી! પણ બહાર હવે ક્યાંય જવાય એવું રહ્યું નહોતું. વરસાદના ધૂંધળા વાતાવરણમાં નાખી નજર પહોંચે ત્યાં સુધી બહાર તો પાણીનો મહાસાગર બંધાઈ ગયો હતો. મોટાં મોટાં ઝાડો સિવાય બીજું કશું જ પાણીની બહાર દેખાતું નહોતું. પાણીના પથરાયેલા મહાસાગરમાં આ ઝાડો નાના ટાપુ જેવા લાગતા હતા. પાણીનો વેગ વધતાં માટીનાં ઘરો પડવા લાગ્યાં ને પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યાં. મકાનો પહેલો સપાટો ખમ્યા પછી ટકી રહ્યા હતાં તે પણ હવે ટપોટપ પડવા લાગ્યાં. લોકો જીવ બચાવવા મજબૂત મકાનના છાપરા ઉપર ચઢી ગયાં ને વરસા-

દમાં થરથરતા બેઠાં. જ્યારે બકરાં, ઘેટાં, ગાય-ભેંસ વગેરે પશુઓનાં મુડદાં પાણીમાં તણાવા લાગ્યાં. જેઓ હોડી સુધી પહોંચી શકે તેમ હતા તેઓ પોતાની થોડી ઘરવખરી હોડીમાં નાખી હોડીમાં ધ્રૂજતા ધ્રૂજતા કુદરતના આ કોપ સામે ટકી રહેવાનો પ્રયત્ન કરતા હતા.

ચોથા દિવસની રાત્રી ગઇ અને પાંચમાં દિવસનું પ્રભાત થયું ત્યારે આ જળપૂરમાંથી બચેલા લોકોએ એક નવી દુનિયા નિહાળી. ગામનાં બધાં જ જાણીતા સ્થાનો ધોવાઇને નાશ પામ્યા હતા. ગામનું નામનિશાન પણ લગભગ ભૂંસાઈ ગયું હતું. ફક્ત મકાનનાં થોડાંક પડી ગયેલાં છાપરાંઓના કારણે જ અસલ મકાન કયાં હતાં તેનાં ચિહ્ન દેખાતાં હતાં. આખા પ્રદેશમાં વિનાશનું તાંડવ ખેલાઈ ચૂકયું હતું. પાણીમાં અહીંતહીં કયાંક કયાંક થોડી હોડીઓ તરતી હતી. કુદરતના બળોની સામે માનવી કેવો અસહાય છે તેના પ્રતીક જેવી એ વિશાળ પાણીના પડથારમાં કાળા ધાબાની જેમ તે એકલી-અટૂલી છૂટીછવાઇ દેખાતી હતી.

આવી હોડીમાંની એક હોડીમાં નુરુ અને એની મા તેમ જ મલેક અને અસગરમિયાં ગૂછળાં વાળીને પડયાં હતાં. એના ઘરની તમામ ઘરવખરી અને સામાન તણાઇ ગયો હતો અથવા નાશ પામ્યો હતો. કારણ જલપ્રલયની પહેલી થપાટ એના ઘરને જ લાગી હતી. અસગરમિયાં હોડીમાં ઊભો ઊભો નિરાશાભરી દૃષ્ટિ ફેંકી આસપાસ જોઈ રહ્યો.

'આપણી જિંદગી બચી ગઇ એટલા આપણે નસીબદાર.' તેણે કડવાશથી કહ્યું અને એના નસીબને દોષ દેવા માંડયો.

નુરુએ એના બાપ સામે જોયું. એની આંખો આસપાસ ભયનાં કુંડાળાં ફરી વળ્યાં હતાં.

આખી રાતના ઉજાગરા અને દુઃખ અને બીકથી એનો ચહેરો ફ્રશ થઇ ગયો હતો. એની માતા પણ થાકીને લોથ થઇ ગઇ હતી. ઊંચી નજર કરવા જેટલી શક્તિ પણ એનામાં રહી નહોતી.

મલેકની સ્થિતિ પણ એવી જ હતી. તે થાકીને લોથપોથ થઈ ગયો હતો અને વધારામાં એને સખત ભૂખ લાગી હતી. એના શરીર ઉપરનો થાક જણાઇ આવતો હતો છતાં એની આંખમાં ઉશ્કેરાટની ચમક હતી. એની જિંદગીમાં આ એક એવો અસાધારણ બનાવ હતો જેની સ્મૃતિ એના મન ઉપરથી કદી ભૂંસાય એવી નહોતી. એને પોતાને એમાં મહત્ત્વ લાગ્યું. એની જુવાની એને નિરાશ થઈ જવા દે એમ નહોતું.

'અસગરચાચા, તમે જરાય ફિકર કરતા નહિ.' તેણે કહ્યું. 'આપણે ફરીને ઘર ઊભાં કરી દેશું. તમે અહીં ખાલી હાથે આવ્યા છતાં આખા ઉજ્જડ પ્રદેશને કેવી રીતે બગીચામાં ફેરવી નાખ્યો એ વાત કહેતા હતાને? અક વખત જે થઈ શક્યું એ ફરી વખત પણ થઈ શકશે.'

અસગરમિયાં શ્રમિત થયો હતો અને નિરાશ તેમ જ હતાશ થયો હતો છતાં મલેકનાં આવાં વચનો સાંભળી એના મુખ ઉપર સ્મિત ફરકી ગયું.

'મલેક, તું હજી જુવાન છો.' તેણે ધીમે અવાજે કહ્યું. 'તારી આ ઉંમરે હું પણ કશાથી ડરતો નહોતો, પણ હવે હું જુવાન રહ્યો નથી. જે દિવસો એક વખત ગયા એ ફરી પાછા આવવાના નથી.'

તેણે પોતાનાં વિનાશ પામેલાં ઘરબાર અને ખેતર ઉપર નજર નાખી. પદ્માનાં પાણી કાંઠા ઉપરથી છલી ઊઠયાં હતાં અને પોતાના ખેતર ઉપર પથરાઈ ગયાં હતાં. એનું મકાન પણ પદ્માના પાણી નીચે ડૂબી ગયું હતું અને એનાં ઢોર-ઢાંખર, માલ-મિલકત, બિયારણ, હળ કોણ જાણે કયાં બધું પાણીમાં તણાઇ ગયું હતું.

આપણે હવે આ ઘરબાર અને ભૂમિ છોડી બાજે જ્યાં નસીબ યારી આપે ત્યાં ચાલ્યા જવું જોઇએ.' તેણે કહ્યું.

આ સાંભળી નુરુની માતા ચમકી. આશ્ચર્યચકિત અને દર્દભરી દૃષ્ટિએ તે અસગરમિયાં સામે સ્તબ્ધ બનીને જોઇ રહી. પણ કશું બોલી નહિ.

એમની હોડી પાણીનાં મોજાંની સાથે જ ધીમે ધીમે આગળ ચાલી. સામે નિર્મળ આકાશમાં પ્રખર સૂર્ય ચમકી રહ્યો હતો.



[૧૭]

ગત જીવન પર દૃષ્ટિપાત

મલેક એક નાની ટેકરી ઊભો રહ્યો. તેણે સામે જ પથરાયેલા વિશાળ સાગર ઉપર નજર નાખી. વરસો વહી ગયાં હતાં અને હવે તે ઓગણીસ વર્ષનો જુવાન થઇ ગયો હતો. એના મુખ ઉપર આછાં દાઢી-મૂછ પણ ઊગી ગયાં હતાં. જે ભયંકર રેલ એના જૂના ઘરને ભાંગીને ભુક્કો કરી દરિયામાં તાણી ગઇ હતી અને જેને લીધે પોતાની જનમભોમકા છોડીને પોતાને દૂર ચાલ્યા જવું પડયું હતું એ રેલ તો હવે એના મનમાં આછી સ્મૃતિરૂપે જ રહી હતી. વળી એ વખતે એને જે દુઃખો અને તકલીફો ભોગવવાં પડયાં એનું ભૂતકાળનું સ્મરણ એને મન આનંદ-મિશ્રિત લાગણી જગાડતું હતું. એવો કયો છોકરો હશે જેને સાહસ ન ગમતું હોય? મલેક પણ પોતાના બાળપણને અને એ અવસ્થામાં ભોગવેલી મુશ્કેલીઓ અને ખેડેલાં સાહસોને આનંદની લાગણીથી સંભારતો હતો. એ બધી મુશ્કેલીઓને પાર કરીને પોતે જીવતરમાં સફળતા મેળવી એ વાતનો એને આનંદ અને ગર્વ હતો. એના હૃદયમાં પ્રેમાંકુર પ્રગટી ચૂક્યો હતો અને એના દિલમાં પડઘો પાડનારી પણ જડી ગઇ હતી.

મલેક અર્ધમીંચેલી આંખે વિશાળ સાગરની છાતી ઉપર રમતાં અગણિત ચમકતાં મોજાંઓને જોઇ રહ્યો. સવારનો વખત હતો. વાતાવરણ શાંત હતું અને પ્રભાતનાં સોનેરી કિરણો મોજાંઓની આ

સામી હારની હાર ઉપર આવેલા શીણના ગોટા ઉપર રંગબેરંગી ભાત પાડતાં હતાં. દૂર દૂર સૂર્યના તાપમાં નાની નાની હોડીઓના સઢ પંખીની પાંખ જેવા દેખાતા હતા. દરિયાઈ પંખી ગોળ-ચક્કર આંટા મારતું ઘડીક દેખાતું ઘડીક અદૃશ્ય થતું, ક્યાંયનું ક્યાંય ચાલ્યું જતું, પણ મલેક અત્યારે પોતાના વિચારોમાં એટલો બધો ડૂબેલો હતો કે એ ક્યાં જાય છે એ જોવા એની દૃષ્ટિ એની પાછળ ભમતી નહોતી. એવો પ્રયાસ કરવાની ઈચ્છા સરખી પણ આજે તેને થતી નહોતી.

અત્યારે તે પોતાના ભૂતકાળના દિવસો ઉપર આંતરદૃષ્ટિ કરી વિચારને ઝોલે ચડયો હતો. ઉંમરમાં જો કે તે હજી નાનો હતો છતાં આટલી નાની વયમાં પણ એને અનુભવનો ખજાનો સાંપડી ચૂકયો હતો.

કેમ જાણે ગઈકાલે જ બન્યો હોય એમ પેલા મગરના શિકાર-વાળો પ્રસંગ હજી એના સ્મૃતિપટ ઉપર એવો ને એવો જ તાજો અને સ્પષ્ટ દેખાતો હતો. તેનાં કલ્પનાચક્ષુ સમક્ષ એના અડીખમ બાપ તથા બુઢ્ઢી અમ્માના ચહેરા હતા. આ બધાં હવે પોતાથી કેટલા દૂર દૂર ચાલ્યાં ગયાં હતાં એ વિચારે મલેકનું મન ગ્લાનિ અને શોકથી ભરાઇ ગયું અને હૃદયમાં કેમ જાણે તીર વાગ્યું હોય એવી વેદના ક્ષણવાર તે અનુભવી રહ્યો. એનો પિતા તો ભૂતકાળના પડ-છાયાની પેઠે કેવળ સ્મરણરૂપે જ એના સ્મૃતિપટ ઉપર હતો. અને એની બુઢ્ઢી અમ્મા પણ ભુલાઇ ગયેલા ભુતકાળના પટ ઉપર એક આછા પડછાયારૂપે જ દેખાતી હતી. ફક્ત એના મૃત્યુનો છેલ્લો દિવસ હજીયે તે ભૂલ્યો નહોતો. એની પળેપળ એને યાદ હતી. એ મરી ગઈ તે દિવસે પદ્માને કિનારે હોડી પાસે ગૂંછળું વળીને તે કેમ સૂતી હતી એ પ્રસંગ પણ તેના કલ્પનાચક્ષુ સમક્ષ આબેહૂબ તરવરતો હતો. એના સ્મરણપટ ઉપર બશાનું ચિત્ર ખડું થયું. લાંબો, ઊંચો અને પડ-છંદ કાયાવાળો એ બુઝુર્ગ લાકડીને ટેકે ટેકે ચાલતો છતાં પાણીમાં

હોડી તરતી મૂકી હોય અને હાથમાં હલેસું હોય ત્યારે એ કેવો શોભી ઊઠતો ! જમીન કરતાં વધારે એ પાણીનો જીવ હતો, અને ત્યાં જ એનું સાચું સ્વરૂપ અને રંગ પરખાઈ આવતાં. પદ્મા ઉપર એને કેટલો પ્યાર, કેટલી મમતા હતી ! પણ એ ક્રૂર પ્રેયસીએ તો એના પ્યારનો જવાબ એને પોતાની છાતીમાં સમાવીને–એની જિંદગીનો ભોગ લઇને આપ્યો.

જળપ્રલયના એ ભયંકર દિવસો તો મલેકને બરાબર યાદ રહી ગયા હતા. તે દિવસે આકાશમાંથી કેવો અનરાધાર મેઘ તૂટી પડયો હતો ! પાણી ચડતાં ચડતાં તેમનાં ખેતરમાં અને ઘરમાં કેવાં ભરાઈ ગયાં હતાં તથા પાણીના સખત વહેણમાં પોતાનાં ઘરબાર ને ખેતર–પાદર બધું કેવું તણાઇ ગયું હતું એ બધું તેને અક્ષરે અક્ષર યાદ હતું. બિચારી નુરુ ! એનો વિચાર કરતાં જ મલેકનું રોમેરોમ આનંદથી પુલકિત થઇ ગયું—

એ વખતે તે બિચારી સાત વર્ષની નાની બાલિકા જ હતી. છતાં બધાં દુઃખો અને તકલીફોની વચ્ચે એ કેવી રીતે અડગ ઊભી રહી હતી અને કેવી સ્વસ્થતાપૂર્વક બધી મુસીબતોનો સામનો કર્યો હતો ! મલેકને તે દિવસે કરેલ પદ્માનો નીરસ અને શ્રમિત પ્રવાસ યાદ આવ્યો. તેમણે ઘરબાર, માલ–મિલકત જે કંઈ હતું એ સર્વસ્વ ગુમાવ્યું હતું. તેઓની આશા ફક્ત બશીર ઉપર જ હતી. બશીર વિદ્રોટી ઉઘરાવવા સામે કાંઠે ગયો હતો અને હજીયે એ પાછો આવ્યો ન હતો. તેઓ નિરાશ થઇને ભારે હૃદયે અને દુઃખપૂર્વક નદી ઓળંગી સામે પાર જતા હતા. બશીર વિષે ફક્ત એટલા જ સમાચાર મળ્યા હતા કે તોફાનને આગલે દિવસે એ નદીને સામે પાર ગયો હતો. એ પછી એને વિષે કંઈ સમાચાર સાંભળવા મળ્યા ન હતા. એ પદ્માનો જીવ હતો અને પદ્માએ જ એને પોતાની ગોદમાં સમાવી લીધો હતો.

મલેકથી શોક અને પશ્ચાત્તાપનો એક નિસાસો મુકાઇ ગયો.

જળપ્રલય પછીના દિવસો એને યાદ આવી ગયા. જે વખતે વર્તમાન દુઃખ અને મુસીબતોથી ભરપૂર હતો અને ભવિષ્ય પણ અંધકારમય દેખાતું હતું. વિનાશના તાંડવ પછીના દુઃખ અને શોકઘેર્યા દિવસો એના માનસપટ ઉપર તરવા લાગ્યા. હોડીમાં લબાચા લઇને તેઓ એક જગાએથી બીજી જગાએ ભટકવા, પણ ક્યાંય ઠરીને ઠામ બેસવા જેવું નહોતું. કોઇ એને આવકાર આપે એવું નહોતું. બિચારી તુરુની માનાં દુઃખ અને સંકટનો તો પાર જ ન રહ્યો. એ બિચારી સાવ સુંવાળી હતી અને આ જાતની સખ્ત અને પરિશ્રમભરી જિંદગીથી કદી ટેવાયેલી ન હતી. આ પ્રકારના રખડપાટભર્યા જીવનથી એની નાજૂક તબિયત લથડી. એની જીવનશક્તિ છિન્નભિન્ન થઇ ગઇ. પહેલેથી જ તે નબળા બાંધાની અને સુંવાળી હતી. એ આ સખ્ત મુસાફરી અને હોડીના રઝળપાટથી થાકીને લોથ થઇ જતી અને દિવસે દિવસે એનું શરીર ઘસાવા લાગ્યું. થોડા દિવસોમાં જ એ સાવ અશક્ત બની ગઈ અને માંદગીને બિછાને પડી તે પડી. એમાંથી કદી બેઠી થઇ શકી નહિ. માંદગી દરમિયાન પથારીમાં સૂતી સૂતી તે પોતાના આ કડવા અનુભવોને યાદ કરી રડી પડતી. એના મુખ ઉપર ખારાં ખારાં આંસુઓ, દુઃખો અને મુસીબતોએ ઠીક ઠીક ઉઝરડા પાડી દીધા હતા.

આ બધા ગ્લાનિમય અને શોકભરપૂર વિચારોના ઘટાટોપ અંધકારમાં તુરુના ખ્યાલની વિચાર–વીજળી મલેકની નજર સામે ચમકારા મારી રહી હતી. એ એક જ ખ્યાલ એનાં બધાં દુઃખને ભુલાવી દેતો હતો. પોતે તુરુને પહેલવહેલો મળ્યો ત્યારે તે કેવડી હતી એનો ચોક્કસ ખ્યાલ પણ આજે તો એને રહ્યો ન હતો. પોતાનું જીવન તુરુના જીવન સાથે એટલું બધું તાણાવાણાથી ગુંથાઈ ગયું હતું કે તુરુના સંસર્ગ અને સહવાસ વિનાનો સમય પણ આજે તે યાદ કરી શકતો નહોતો. પોતે એને ન જાણતો હોય એવો કોઈ વખત આજે તેને યાદ આવતો નહોતો. એ વખતે એ બહુ બહુ તો સાત–

આઠ વરસની હશે. અને છતાં તેણે એના દુ:ખી પિતાની કેવી માની પેઠે સંભાળ રાખી હતી. એક રાતમાં જ જાણે ઘરની તે કર્તાહર્તા બની ગઈ હતી. અને એક કુશળ ગૃહિણીની પેઠે રાંધવું-ચીંધવું, સાફસૂફી રાખવી વગેરે ઘરનાં નાનાં-મોટાં તમામ કાર્યો કુશળતાથી તે બજાવતી હતી.

છેવટ જે કે એમના દુ:ખ-શોકના કાળા દિવસો પૂરા થયા અને એમના રઝળપાટનો અંત આવ્યો. અસગરમિયાંએ પદ્માના મુખ આગળ સમુદ્રની નજીકમાં આવેલા બનચર નામના નાનકડા ટાપુ વિષે સાંભળ્યું હતું. એ ભોં હજી સાવ કુંવારી હતી અને સાવ મફતમાં મળે એવી હતી. ત્યાં જમીનદારને નજરાણું આપવું પડે તેમ ન હતું. ઊલટાનું ત્યાં ખેડૂતોને ખેંચી લાવવા માટે એમને મફત બિયારણ અને બળદની સગવડ આપવામાં આવતી હતી.

'હું તો જાણે ત્યાં જ જવાનો.' અસગરમિયાંએ કહ્યું: 'એ જગા મારે માટે એકદમ અનુકૂળ છે. નહિ ત્યાં કોઈની ઓળખાણ-પિછાણ કે નહિ પૂર્વાપરના સંબંધો. તદ્દન નવેસરથી જ અને નવા વાતાવરણમાં તદ્દન અજાણ્યા માણસો વચ્ચે જ જિંદગી શરૂ કરવાની. મલેક તું મારી સાથે આવવાનો કે પછી તારી મેળે જ તારો કામ-ધંધો ખોળી કાઢવાનો?'

મલેક શું જવાબ આપે તેનું અનુમાન સહેલાઈથી કરી શકાય એવું હતું. એ આ કુટુંબમાં ધીમે ધીમે એટલો બધો ઓતપ્રોત થઈ ગયો હતો કે કેમ જાણે તે અસગરમિયાંનો લગભગ દીકરો જ હોય એમ લાગતું હતું.

'હું તો તમે જ્યાં જશો ત્યાં જ જવાનો અસગરચાચા.' મલેકે કહ્યું.

અસગરમિયાં ઉપર આફતના તો ડુંગરા ખડકાયા હતા, પણ એનો છેલ્લો ઘા હજી બાકી હતો. તે પોતાના નાનકડા કુટુંબને લઈને બનચરમાં રહેવા આવ્યો. જંગલ સાફ કરીને ત્યાં ઘર બનાવ્યું. નાના

એવા ઝૂંપડામાં રહેવું ને આખો દિવસ આ નવા વસવાટમાં કામ કરવું એ તેનો વ્યવસાય થઇ પડયો. તુરુની મા, એના નસીબમાં જે આ ફેરફાર માંડયો હતો તેની સાથે બરાબર ગોઠવાઈ શકી નહિ. એક સવારે એ પથારીમાંથી બેઠી થઇ શકી નહિ. તુરુએ એને મા મા કહીને ખૂબ જોરથી બોલાવી, પણ એ સાદ જ્યાં ન સંભળાય એવે સ્થળે એનો આત્મા ઊડી ગયો હતો. તુરુને આ વાત સમજાઇ જતાં એણે મૃત માતાના શરીર ઉપર પડતું મૂકયું અને હૈયાફાટ રુદન કર્યું.

આ બધા ભૂતકાળના વરસોનાં સંસ્મરણો મલેકને માટે કડવાં હતાં અને એ યાદ આવતાં જ દિલમાં દર્દ પેદા થતું હતું. આજનો વખત જુદો હતો. સવારનું ખુશનુમા પ્રભાત હતું અને પોતે જુવાન હતો અને બતકની પીઠ પરથી જેમ પાણીનાં બિંદુ સરી જાય એમ જુવાનોના દિલ ઉપરથી દુઃખદર્દ સરી જતાં હોય છે. મલેકનું પણ એમ જ બન્યું. જો આમ ન હોય તો તો માણસ દુઃખના ભાર તળે એટલો ચગદાઈ જાય કે જીવતો જ રહી શકે નહિ.

બનચરમાં શરૂઆતમાં પોતે કેવું જીવન વિતાવ્યું એનો વિચાર કરતાં જ મલેક મનોમન હસી પડયો. કામ કેટલું સખત હતું છતાં એનું હૃદય આનંદ અને ઉલ્લાસથી તરબોળ હતું. પોતે અસગરમિયાં સાથે વહેલી સવારે કામે જતો અને જંગલ કાપી-કૂપી જમીન સાફ-સૂફ કરી એને પોચી પોચી રૂ જેવી ખેડવાલાયક બનાવતો. આ ટાપુ હજી હમણાં જ સમુદ્રમાંથી બહાર નીકળ્યો હતો એટલે અહીં ખાસ ગાઢ જંગલ નહોતાં, પણ નાના-મોટા છોડવાઓ અને બાવળનાં ઝાડાં ઊગ્યાં હતાં. વહેલી સવારથી છેક બપોર સુધી તેઓ ખેતી અંગેનું કામ કરતા અને તુરુ તેમને માટે રસોઈ કરતી અને બીજું પરચુરણ ઘરકામ કરતી. જ્યારે સૂરજ બરાબર ઊંચે માથા ઉપર આવતો ત્યારે એ ભાત દેવા જતી અને તેઓ જમી રહે ત્યાં સુધી રાહ જોતી ખેતરમાં બેસી રહેતી. એ લોકો જમી રહે એટલે તુરુ ઠામ-વાસણ માથે મૂકીને પાછી ઘેર આવતી. એનું રૂપ, એનો તરવરાટ, એની

ધમધમાટભરી ચાલ વગેરે લોકો એકીટશે જોઇ રહેતા. છેવટ તે રસ્તા ઉપરના એકાદ વૃક્ષની ઓથે અદૃશ્ય થઇ જતી ત્યારે પાછા પોતપોતાને કામે વળગતા.

અસગરમિયાંનું નસીબ ફરીને ઉઘડયું હતું અને જ્યાં જ્યાં તે હાથ મૂકતો ત્યાં ત્યાં સમૃદ્ધિની છોળો ઊછળતી. પહેલે જ વરસે એની જમીને પુષ્કળ પાક આપ્યો હતો. વળી જંગલ કાપી-કૂપીને સાફ કર્યું તેમાંથી જે ઘાસ મળ્યું એની ઘણી સારી હિંમત ઊપજી હતી. ઘર બાંધવામાં એને ખાસ ખરચ થયું નહોતું, કારણકે થાંભલા એ જંગલમાંથી ઝાડ કાપીને લાવ્યો તેમાંથી ઉભા કર્યા હતા અને છેયાંની દીવાલ બનાવી હતી. ઉપર ઘાસનું છાપરું છવરાવ્યું હતું. જે ઘાસ પણ તેને મફતમાં જ પડયું હતું. ઘર ઉભું કરવા માટે બીજાં હાડિયાં-દપાડિયાં પણ તેણે રાખ્યાં નહોતાં, પણ પોતે મલેક અને નુરુએ મળીને મહેનત કરી હતી.

આ રીતે વરસો વીતી ગયાં હતાં અને અસગરમિયાં ફરીને એક સુખી અને સમૃદ્ધ ખેડૂત બની ગયો હતો. મલેક પણ એની સાથે રહીને સમૃદ્ધ બન્યો હતો, કારણ જમીન ઉપર માલિકી બંનેનાં નામની સાથે હતી. એમનાં વાડી-ખેતર એટલાં બધાં હતાં કે પોતે એકલા હવે તેને ખેડી શકે તેમ નહોતું. બધી જમીનને પહોંચી વળવા એમને સાથી રાખવા પડે એવું હતું. અસગરમિયાં સાથે અગાઉ કેટકેટલાકે કામ કરેલું એવા જાણીતા મહેનતુ અને પ્રમાણિક સાથીઓ અસગરમિયાંને મળી ગયા. તેઓ પોતાના અગાઉનાં રહેણાક છોડીને બનચર આવ્યા અને ત્યાં અસગરમિયાંની જમીન ઉપર સાથી તરીકે કામ કરવા રહ્યા.

ઘરમાં તો નુરુનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ઘરની એ રાણી બની હતી. અસગરમિયાંએ પણ એનું નમ્ર શાસન કબૂલ્યું હતું. અને

મલેકનું તો પૂછવું જ શું ? તુરુની ઇચ્છા કે આજ્ઞા પૂરી કરવા તે પોતાની જિંદગી હોમી દેવા પણ તૈયાર હતો.

વિશાળ સાગરના તટ ઉપર આવેલી ડુંગરની ધારા ઉપર ઊભો ઊભો મલેક આ બધા વિચાર કરતો હતો અને દરિયામાં દૂર દૂર નજર નાખતો હતો ત્યારે એના હૃદયમાં કૃતજ્ઞતાની લાગણી ઊભરાઈ આવીઃ ' અલ્લાતાલા રહેમાને રહીમ છે ! ' તેણે કહ્યું અને ધીમે પગલે તેણે ઘર તરફ પ્રયાણ કર્યું.



[૧૮]

પહેલી પ્રીત

નુરુ એકલી પોતાના ઓરડામાં બેઠી હતી. તેને પંદર વરસ થઇ ગયાં હતાં અને હવે તે તારુણ્યમાં પ્રવેશ કરતી હતી. એનાં વિકસતાં જતાં અંગ પ્રત્યંગમાં યૌવનનાં લક્ષણો સ્પષ્ટપણે પ્રગટ થયેલાં દેખાતાં હતાં. પોતાના આ ફૂટતા યૌવન વિષે નુરુ સભાન હતી એટલું જ નહિ, પણ એના સંસર્ગમાં આવનાર હરેક વ્યક્તિને એની જાણ થઈ જતી. આ બાબતમાં એક અણજાણ હોય તો એનો બુઢ્ઢો બાપ. અસગરમિયાં પોતાની આ દીકરી નુરુ હજીયે બાળક છે અને એની મા મરી ગઇ ત્યારે એને જે લાડ લડાવતો અને હેતપ્રીત દાખવતો એ જ લાડ લડાવવા જેટલી ઉંમરની છે એમ તે માનતો અને એની સાથે એવી જ રીતે વર્તતો. એને પહેલાંની પેઠે જ લાડ લડાવતો, એના ઉપર પ્રેમ વરસાવતો. નુરુ બાળક હોવા છતાં એ મોટી હોવાનો ઢોંગ કરી રહી છે એ ખ્યાલથી એ નુરુ તરફ રમૂજભરી દૃષ્ટિથી કેટલીક વાર જોઈ રહેતો.

પણ અસગરમિયાં સિવાય બાકી બધાને નુરુના શરીરમાં થતા આ ફેરફાર દેખાતો હતો. પહેલાં કંઇ નજીવી વાત હોય તો તે વાત-વાતમાં ખડખડાટ હસી પડતી. કોઈ જાતનું બંધન એના મુક્ત દેહ અને મનની આડે આવતું નહિ. એના હલનચલનમાં, બોલચાલમાં, વાતચીતમાં એક પ્રકારની બેફિકરાઇ અને ગતિ-સ્ફુર્તિ રહેતા. હંમેશાં તે ગમે તેની મશ્કરી કરતી. કોઇ એની જાળમાં સપડાઇ જાય ત્યારે

હસી હસીને ઢગલો થઇ જતી. પણ આજે તેના શરીરમાં. મનમાં, બોલવાચાલવામાં વાણી–વર્તનમાં એક પ્રકારનો ફેરફાર થઈ ગયો હતો. એની ગતિ મંદ બની હતી. એને ખબર ન હોય તેમ એનાં સુગોળ અંગોની પેઠે એનો અવાજ પણ મુલાયમ, મધુર અને સુમેળયુક્ત બન્યો હતો. એના મુખ ઉપર પહેલાં જે બેપરવા, મુક્તહાસ્ય અને નિર્મળ આનંદ ચમકતાં હતાં એને બદલે આજે એક પ્રકારનો ક્ષોભ અને લાગણીવશતા દેખાતાં હતાં. વાતવાતમાં અગાઉ તે હસતી તેમ અત્યારે જરા જેટલું કારણ મળતાં જ એ લાગણીવશ બની જતી અને એની આંખમાં જળજળિયાં આવી જતાં.

તુરુના દેહમનમાં થઈ રહેલાં આ ફેરફારોની જાણ મલેક જેટલી બીજા કોઇને ન હતી. કારણ તે હવે યુવાન બન્યો હતો. એનું હૃદય તુરુના પ્રેમ અને સાનિધ્યને માટે તલસાટ અનુભવતું હતું. એક તરફથી એની ઝંખના તીવ્ર બની હતી અને બીજી તરફ યૌવનસુલભ શરમ અને સંકોચ હતાં. આ બે લાગણીઓ વચ્ચે એનું હૃદય ઝુલતું હોવાથી જ્યારે જ્યારે તુરુ એની પાસે જતી ત્યારે તે ઠીક ઠીક સંકોચ પામતો અને એનો આત્મવિશ્વાસ ડગી જતો હોય એમ તેને લાગતું. એ બંનેના બાળપણની પ્રીતના દિવસો હજીયે એવા ને એવા શરદઋતુના વાદળાં જેવાં નિર્મળ અને સ્પષ્ટ જણાતાં હતાં. એ દિવસોમાં મલેક એની સાથે પ્રસંગોપાત કેવી સખ્તાઈથી વર્તતો એ યાદ આવતાં આજે તેને આશ્ચર્ય થયું. પણ આજે? આજે શું પોતે એ રીતે વર્તી શકે એમ હતો? એની જરા સરખી વાતમાં, એના શબ્દમાં, એની નજરમાં પોતે ઉકેલી શકે એ કરતાંયે વધારે અર્થ સમાયેલો જણાતો હતો. પોતે અમુક કહેશે અથવા કરશે તો તુરુને શું લાગશે, અથવા એના પ્રત્યાઘાત એના મન ઉપર કેવા પડશે એ પોતે જાણી શકતો હતો. પણ આજે હવે કઈ વાત એના મન ઉપર કેવી અસર કરશે એ કહી શકાય એમ નહોતું. પોતાને સ્વપ્ને પણ ખ્યાલ ન હોય એવે વખતે પણ

તેને માઠું લાગી જતું અને એની આંખમાં જળજળિયાં આવી જતાં. વળી બીજે વખતે ઘણીવાર એના હોઠ ઉપર મૃદુ હાસ્યરેખા ફૂટી ઊઠતી. ક્યાં આ યુવાવસ્થામાં પ્રવેશ વખતની ધીર ગંભીર પ્રકૃતિ અને ક્યાં બાળપણનો તોફાની અને આનંદી સ્વભાવ! નુરુ અને પોતે બન્ને જણ તદ્દન નાના અને બેફિકર બાળકો હતાં અને ખડખડાટ હસતાં; એવું મુક્ત હાસ્ય તો નુરુના મુખ ઉપરથી કોણ જાણે ક્યાંયે ઉડી ગયું હતું. નુરુ બાળક મટીને હવે તરુણી બની હતી.

અત્યારે તે ઓરડામાં બેઠી બેઠી શરદઋતુના નિર્મળ પ્રકાશમાં આકાશ સામે જોઈ રહી હતી. કાપણીની મોસમ ચાલતી હતી, અને પોતે ઘેર એકલી હતી. આદમી સૌ ખેતરે ગયા હતા અને બૈરાંઓ પણ એમને મદદ કરવા સાથે ગયાં હતાં. આદમીઓ સોનેરી પાક વાઢતા હતા અને સ્ત્રીઓ એના ભારા બાંધી એના ઢગલા કરતી હતી. ઘેર નુરુ એકલી જ હતી છતાં એને એકલતા કે ઉદાસીનતા લાગતી નહોતી. એ તો શરદઋતુના સ્વચ્છ આકાશની નિર્મળ શોભા જોઇ રહી હતી. આકાશમાં બરફની પાટ કે રૂના પોલ જેવાં શ્વેત વાદળાંઓ તરતાં હતાં એને આ વાદળાંનો દેખાવ જોવાનું ગમતું હતું કારણ કે તેઓ અનેક પ્રકારના ચિત્રવિચિત્ર આકારો ધારણ કરતાં હતાં અને પલ પલમાં અનેક રૂપ પલટી હજી તો ખબર પડે એ પહેલાં અદૃશ્ય થઇ જતાં હતાં. આ વાદળાંમાંથી વરસાદ ત્રાટકી પડવાનો ભય કદી ઊભો થતો નહોતો. કોઈવાર વીજળીનો સબાકો આકાશને ચીરીને વાદળાંને ચમકાવી જતો ખરો. પણ એની સાથે મેઘના ગડગડાટ ન હોવાથી તોફાનની કે વરસાદની કશી જ બીક ન રહેતી. નુરુ આકાશ સામે જોઈ ધીમા સ્વરે કોઈ ગીત ગણગણવા લાગી. એને ગીતોના શબ્દો કે લીટીઓ કશું યાદ નહોતું, પણ સ્વરમાં એક વિચિત્ર જાતનું દર્દ ઘુંટાઈ ઘુંટાઇને નીકળતું હતું અને એ ગીતનો સૂર છેક આજ દિવસ સુધી એના મનમાં સ્મૃતિરૂપે વળગી રહ્યો હતો.

અત્યારે તે રજાઇ ભરતી હતી. આ રજાઇ જૂનીપાની સાડીઓ-માંથી સાંધીસુંધીને બનાવેલ હતી. અને એના ઉપર તે અત્યારે ભાત-ભાતની આકૃતિઓ ભરતી હતી. એની પાસે રાતા અને કાળા દોરાનાં રીલ હતાં અને આ બે રંગોની જાતજાતની મીલાવટ કરી એની કલ્પનાની સુંદર આકૃતિઓ એ રજાઈના પડ ઉપર કુશળતાપૂર્વક ઉતા-રતી હતી. આકૃતિઓની વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક તે ચિત્રો પણ ભરતી. પણ આ પ્રકારનાં ચિત્રો ભરવાનું કામ વધારે અઘરૂં હતું. વળી પોતાની જિંદગી અને આસપાસના વર્તુળ સિવાય બીજું એને ભરવાનું પણ શું સૂઝે તેમ હતું? ભરવાની વસ્તુ સાવ સાદી જ હતી. એનાં માતપિતા, મલેક, પોતે અને પોતાના ગામનાં કેટલાંક સ્ત્રી–પુરુષો: આ તેના ચિત્રની વસ્તુઓ હતી.

તેણે પોતાના બાળપણના જીવનનું એક ચિત્ર ભર્યું હતું. એ ચિત્રમાં તે પોતાના બાપની એક બાજુએ બેઠી હતી જ્યારે મલેક બીજી બાજુએ બેઠો હતો. એની મા એમને ખાવાનું પીરસતી હતી. જ્યારે જ્યારે મલેકની આકૃતિ દોરવાનું કામ આવતું ત્યારે એ શર-માતી અને છતાં જો મલેકનું ચિત્ર એ ન દોરે તો પોતાના જીવનને પણ એ આબેહૂબ કેવી રીતે વર્ણવી શકે? એટલે જ તેને માટે ચિત્રો કરતાં એ કામ સહેલું હતું અને વળી વધારે સારું દેખાતું હતું.

પોતે એકલી હોવા છતાં રજાઇ શાને માટે બનાવવામાં આવતી હતી એ યાદ આવતાં જ એનું મુખ લજ્જાથી લાલ લાલ થઇ ગયું. પોતે પોતાના પરણ્યાને આણે લઇ જવા માટે એ બનાવી રહી હતી અને લગ્નની પહેલી રાતે જ એ પાથરવાની હતી. બધી ઉંમર–લાયક છોકરીઓની પેઠે તેને પણ પોતાના લગ્નનાં વિચારો અને સ્વપ્નો આવતાં હતાં. તેના મનમાં પ્રશ્ન ઊઠતો હતો: પોતાનો વર કોણ હશે? કોની સાથે પોતાની જિંદગી જોડાશે? અને તુરત જ એનું અંતર પડઘો પાડતું: મલેક. આ વિચાર આવતાં જ એના શરીરમાં એક લજ્જાન્વિત આનંદની લહર દોડી જતી અને એનો દેહ ફડક ફડક

ફડકી ઊઠતો. અચાનક તેના મનમાં એક બીજો વિચાર આવતાં તેની આ આનંદબહાર તૂટી ગઇ. એના મનમાં થયું કે ધારો કે મારા બાપુ મને બીજા કોઇ સાથે પરણાવવા માગતા હોય તો ? આ સંભવનીય વિચાર આવતાં જ એનો ડર ઓછો થયો. એને થયું કે બાપુ પોતા ઉપર કેટલો પ્યાર રાખતા હતા અને મલેક ઉપર પણ એમની કેટલી પ્રીતિ હતી ! એટલે બન્નેનાં જીવન બરબાદ થાય એવું પગલું એ શા માટે ભરે ? પણ ધારો કે મલેક પોતે જ મને નહિ પરણે તો ? ધારો કે એની તરફ પહેલાં પોતે સાવ નાની છોકરી હતી ત્યારે જેવી રીતે વર્તતો તેવી જ રીતે અત્યારે પણ વર્તતો હોય તો ? મારે કેમ માની લેવું કે એ મને આ રીતે જ ચાહે છે ? મલેકનું વલણ સાચે જ કેવું હતું એ જાણવા-તપાસવાનો પ્રયત્ન કરતાં એના હૃદયમાં જરા આંચકો લાગ્યો. પણ તુરત જ તેને થયું : મલેકે પોતે જ એનાં હજારો સંકેતો, અભિવ્યક્તિઓ અને વલણો દ્વારા એમ નહોતું બતાવી આપ્યું કે પોતે એના માટે જેટલી ચિંતા અને કાળજી સેવતી હતી એ કરતાંયે તે પોતાને માટે વધારે ચિંતા અને કાળજી સેવતો હતો ?

પોતાને રાજી કરવા એ કેટલો ઓછો ઓછો થઇ જતો હતો ? કદાચ એવું પણ ન હોય કે પોતે એના ઉપર જેટલો પ્યાર કરતી હતી એ કરતાં તે પોતા ઉપર વિશેષ પ્યાર કરતો હતો ? પણ ના, એ વાત અશક્ય હતી. પોતાના હૃદયમાં જેટલો છલાછલ પ્રેમ ભર્યો હતો એટલો પ્રેમ બીજા કોઈ પણ માનવદેહધારીમાં સંભવી જ શી રીતે શકે ?

તેની આ વિચારમાળા રજાઈ ઉપર કોઇ પુરુષની છાયા પડતાં જ તૂટી ગઇ. તે એકદમ ચમકી ગઇ, કારણ તેણે કોઇનાં પગલાંનો અવાજ પણ સાંભળ્યો નહોતો. તેણે એકદમ ઊંચે જોયું અને તે સગી આંખે જે જોયું તે માની જ શકી નહિ ! કેમ જાણે એના હૃદયમાં ઉઠેલા સ્વપ્નનો જવાબ આપતો હોય તેમ મલેક પોતે જ એની સામે ઉભો હતો. એ ધીમે પગલે ઘરમાં દાખલ થયો હતો અને તુરુ

વિચારમાં એટલી બધી ડૂબી ગઇ હતી કે એ ધીમે ધીમે છેક પોતાની પાસે આવી ગયો ત્યાંસુધી તેને ખબર જ પડી નહિ. એના હોઠ ઊપર આછું સ્મિત ફરકતું હતું અને પોતાના હાથ એણે પાછળ રાખ્યા હતા. દેખીતી રીતે જ તેણે હાથમાં કંઇક સંતાડયું હતું.

'એ શું છે?' તુરુએ તેને પૂછયું. તેના અવાજમાં કંપ હતો.

એ જ રીતે અચાનક ચોંકી ઊઠી અને તેને અચંબો થયો એને લઇને તેના મુખ ઉપર લોહી તરી આવ્યું અને સંકોચ અને લજ્જાથી એ લાલ લાલ થઇ ગયું. મલેકને તે આ રૂપમાં ઊલટી વધારે સુંદર દેખાણી.

'તું ધાર જોઇ શું હશે?' તેણે મરક મરક હસતાં અને આનંદને વ્યક્ત કરતાં કહ્યું.

'હું શી રીતે ધારી શકું?' તેણે કહ્યું. તેના અવાજમાંથી હવે સ્વસ્થતા ચાલી ગઇ હતી.

'પ્રયત્ન તો કર. જો એમાં સફળતા મળશે તો હું તને કંઈક આપીશ.' મલેકે કહ્યું. એની આંખ આનંદથી ચમકતી હતી.

'મારે કંઈ ધારવુંયે નથી અને મારે કંઈ જોઇતું પણ નથી.' તુરુએ છણકો કરીને કહ્યું.

'પણ એ શું છે એ જાણીશ ત્યારે તું એ લેવા ઊંચી-નીચી થઇશ હો!'

'તું તો કેમ જાણે મારા વિષે મારા કરતાંયે વધારે જાણતો હો એવી વાત કરે છે!' તુરુએ કહ્યું. તેણે પોતાના હોઠને વળાંક આપી મોં કચકાડી ખિન્નતા પ્રદર્શિત કરતી હોય એવો દેખાવ કર્યો પણ એની આંખો તો હસતી હતી.

'ધારો કે એ વાત સાચી હોય તો? હું તારા અંતરને તારા કરતાંયે વધારે જાણુતો હોઉં તો?' ઇરાદાપૂર્વક તુરુની આંખ સામે આંખ માંડી સ્થિર દૃષ્ટિથી મલેક જોઈ રહ્યો.

નુરુ તેની આ ઉત્કંઠિત દૃષ્ટિનો ભાર ઝીલી શકી નહિ અને તુરત જ આંખો ઢાળી પોતાની નજર નીચી કરી દીધી અને તેના ગાલ ઉપર શરમના શેરડા ફરી વળ્યા.

'અલબત્ત, એ વાત સાચી છે કે હું તારા હૃદયને તારા કરતાં વધારે ઓળખું છું અને એ વાત તું પોતે જાણે છે.' મલેકે કહ્યું અને પછી સહજ રીતે જ તેણે ઉમેર્યું. 'નુરુ તું કેટલી બધી સુંદર લાગે છે!'

નુરુ વધુ ને વધુ લજ્જિત બની ગઈ અને એના મુખ ઉપર, ગાલ ઉપર, હોઠ ઉપર, હાથ ઉપર લાલી ફરી વળી.

'નુરુ, તું આટલી બધી સુંદર કેવી રીતે બની ગઇ? જેમ જેમ મોટી થતી જાય છે તેમ તારી સુંદરતા પણ વધતી જ જાય છે.' મલેકે લાગણીભર્યા સ્વરે કહ્યું.

નુરુની વાચા જ જાણે બંધ થઇ ગઈ. એની જીભ તાળવે ચોંટી ગઈ. તે નજર ખસેડી લઇ માથું નીચું કરી દાંત વતી નખ ખોતરવા લાગી. જે રજાઇ ઉપર તે ભરત ભરી રહી હતી એ તેના ખોળામાંથી નીચે જમીન ઉપર પડી ગઇ. તે એકદમ રજાઇને ઊંચકી લેવા વાંકી વળી પણ મલેક એના કરતાં વધારે ઝડપી હતો. એક પલકારામાં તેણે વાંકા વળી જમીન ઉપર પડેલી રજાઇ ઊંચકી લીધી અને હાથ વતી ઊંચે કરી એની સામે જોઇ રહ્યો.

'આ વળી શું છે, નુરુ?' તેણે પૂછ્યું. એના અવાજમાં જિજ્ઞાસા હતી.

'રજાઇ મને પાછી આપી દે!' નુરુએ ગુસ્સાથી લાલ થઈને કહ્યું.

'હું હમણાં જ આપી દઉં છું.' મલેકે અચંબો પામીને કહ્યું. 'ફક્ત એ શું છે એટલું તો કહે!'

'હું નહિ કહું, જા!' નુરુએ કહ્યું અને એના બન્ને હાથમાં પોતાનું મુખ છુપાવી દીધું.

'પણ કહેવામાં વાંધો શું છે?' કંઈ સમજ ન પડતાં મૂંઝાઇને મલેકે ખુલાસો કરવા આગ્રહ કર્યો.

'હું નથી કહેવાની તે નથી જ કહેવાની, જાવ!' એટલું કહી તેણે એકદમ રુમાઇ જોરથી ખેંચી લેવા પ્રયત્ન કર્યો.

'અને જ્યાં સુધી તું ખુલાસો નહિ કર ત્યાં સુધી હું તને આપવાનો નથી!' મલેકે કહ્યું અને દૃઢતાથી તેણે રુમાઇને વધુ ઊંચે પકડી રાખી.

'જેવી તારી મરજી!' નુરુએ એકાએક સ્વસ્થ થઇને ગૌરવપૂર્વક કહ્યું. 'મારે એ પાછી નથી જોઇતી. તું તારે તારી પાસે રાખજે!' એટલું કહીને કેમ જાણે એ જવા માટે પગલું ઉપાડતી હોય એવો દેખાવ કર્યો.

અંતે મલેક હાર્યો. તેણે એનો હાથ પકડી એને રોકી રાખી ને કહ્યું: 'બહુ સારું, નુરુ, તું જીતી–હું હાર્યો. લે આ તારી રુમાઇ પાછી, બસ?' આટલું કહીને તેણે રુમાઇ એના હાથ ઉપર નાખી દીધી.

નુરુના મુખ ઉપર દુઃખની કાળી વાદળી છવાઇ ગઇ અને તેની આંખમાં આંસુ આવી ગયાં. મલેક મૂંઝાયો. અત્યારે તેણે શું કરવું કે કહેવું એની તેને સૂઝ પડી નહિ.

'માઠું લાગી ગયું? મેં એવું શું કર્યું કે જેથી તને માઠું લાગ્યું, નુરુ?' તેણે ઢીલા થઇને કહ્યું.

નુરુએ કંઈ જવાબ આપ્યો નહિ પણ તેની સામે જોયું. એની આંખોમાં આંસુ ઊભરાયાં હતાં. પણ વરસાદ પછીના સૂર્ય–પ્રકાશની પેઠે એના ઊંડાણમાં હાસ્ય રમતું હતું.

મલેક પોતાનો સવાલ ભૂલી ગયો અને એની સામે નજર માંડીને જોઇ રહ્યો.

'તું નજર ખોડીને શું જોઈ રહ્યો છે?' શરમથી લાલ થઇને તેણે મલેકને પૂછ્યું.

'તારું મુખ!' મલેકે કહ્યું.

એકાદ–બે મિનિટ આમ ને આમ પસાર થઇ ગઇ. પૃથ્વી અને આકાશની ગતિ બંધ થઈ ગઇ હોય એમ ક્ષણભર સ્તબ્ધ બની ગયાં. આકાશના આસમાની ગુંબજમાંથી ચારે બાજુ પ્રકાશ ઊભરાવા લાગ્યો. એવામાં બાજુની ઝાડીમાંથી પંખીઓએ કલકલાટ કરી મૂક્યો. તેના અવાજે વાતાવરણમાં ફેલાઇ ગયેલી સ્તબ્ધતામાં ભંગાણ પડ્યું.

નુરુ એકદમ ચમકી ગઇ. તેણે પૂછ્યું: 'બાપુ ક્યાં છે?'

'એ તો હજી ખેતરમાં છે.' મલેકે કહ્યું અને અર્થપૂર્વક ઉમેર્યું: 'અને બીજા બધાય હજી ખેતરમાં જ છે. અહીં તો તારા અને મારા સિવાય બીજું કોઇ જ નથી.'

'પણ તું અત્યારે શું કામ આવ્યો?' નુરુએ દબાયેલા અવાજે કહ્યું.

'શું કામ આવ્યો? તને ખબર નથી તે પૂછે છે કે હું શું કામ આવ્યો?' મલેકે નુરુના પ્રશ્ન સામે સામો પ્રશ્ન કર્યો.

'અત્યારે કોઇ આવી ચડે અને આપણને દેખી જાય તો......' નુરુ પોતાનો સવાલ પૂરો કરી શકી નહિ.

'તો શું થઇ ગયું?' મલેકે બેફિકરાઇથી માથાનો ઝટકો મારીને પોતાનાં વાંકડિયાં જુલફાં હવામાં ઝુલાવતાં કહ્યું. 'આપણે નાનપણથીજ સાથે ખેલ્યાં–કૂદ્યાં છીએ, સાથે જીવ્યાં છીએ અને હવે તો સૌ જાણે છે કે તું મારી વહુ બનવાની છે!'

નુરુના ચહેરા ઉપર શરમની લાલી છવાઇ ગઈ અને બીજી જ

ક્ષણે શરમની લાલી ગુસ્સાની લાલીમાં પલટાવા લાગી, કેમ જાણે હમણાં જ એની આંખોમાંથી ભડકો ઊઠશે એમ એનું સમસ્ત મુખમંડળ ગુસ્સાથી લાલ લાલ થઇ ગયું. પણ મલેકને કેમ જાણે એની સાથે કંઈ સંબંધ જ ન હોય તેમ વાતને આગળ લંબાવી: 'અલબત્ત એવા કેટલાક મૂર્ખાઓ છે ખરા જેઓ આપણુને ભાઇ–બહેન સમજે છે!'

નુરુ નીચું જોઇ ગઇ. સારી દુનિયાની શરમના ભારથી એનું માથું નમી ગયું. ધીમા–અત્યંત ધીમા સ્વરે તેણે કાનમાં કહ્યું: 'મહેરબાની કરીને મને મૂકીને અહીંથી ચાલ્યો જા!'

મલેકના મુખ ઉપર લોહીનો છાંટો ન રહ્યો. એનો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો. લાગણીભર્યા તીવ્ર સ્વરે તે બોલી ઊઠયો: 'ત્યારે તને મારા પ્રત્યે કશી જ લાગણી નથી? મારી કશી જ દરકાર નથી? હું પોતે જ શું મૂરખ કે એમ ને એમ બધું ધારી લીધું?'

નુરુએ કંઇ જવાબ આપ્યો નહિ, પણ ધીમેથી ફક્ત માથું ધુણાવ્યું.

'હું તો કંઈ સમજી શકતો નથી. કંઇ સમજણ પડતી નથી.' દુઃખ અને વેદનાથી તીવ્ર બનેલા સ્વરે તે બોલી ઊઠયો. 'મારી આશા બધી વ્યર્થ જવાની હોય તો ભલે, પણ ભલી થઇને અત્યારથી જ ચોખવટ કરી દેજે, નુરુ!'

છતાંયે નુરુએ કશો જવાબ આપ્યો નહિ તેમ મુખ ઊંચું યે કર્યું નહિ. મલેક આ જાતની અનિશ્ચિત દશાની વેદના ભોગવતો ઊભો રહ્યો. છેવટ કંઇ જવાબ ન મળતાં જવા માટે પગ ઉપાડયો.

'થયું! મારા નસીબનો ફેંસલો થઇ ગયો!' તેણે તદ્દન નિર્જીવ સ્વરે કહ્યું. 'સલામાલેકુમ, નુરુ! આ છેલ્લા સલામ છે! હવે હું તને ફરીને હેરાન કરીશ નહિ!'

'નુરુએ એકદમ પોતાનું મુખ ઊંચું કર્યું ને બોલી: 'જતો નહિ.' આટલા શબ્દો જો કે તે ખૂબ જ ધીમેથી બોલી. છતાં એનો

અક્ષરે અક્ષર મલેકના કાનમાં ગુંજી ઉઠયો. એટલું જ નહિ, પણ એનો ધ્વનિ ઉંચે ઉઠતો ઉઠતો સમસ્ત પૃથ્વી અને આકાશને ભરી દેતો હોય એમ તેને લાગ્યું. સાનંદાશ્ચર્ય પામીને તેણે તુરુ તરફ દૃષ્ટિ કરી. તુરૂ પોતાનું મુખ ઊંચું કરીને એની સામું જોઇ રહી, એને શબ્દો દ્વારા ખુલાસો કરવાની જરૂર રહી નહિ, કારણ એની અસ્રુ-ભરી આંખો જ મલેક પ્રત્યેના એના મૂક પ્રેમની જાહેરાત કરતી હતી. મલેક સામે એક ક્ષણ પૂરતું જ એણે જોયું. બીજી જ પળે તેણે પોતાની નજર સંકેલી લીધી. મલેકને એની આંખો બે પ્રવાહી તારા સમી લાગી. આ તારાઓ એના ઉષ્માભર્યા અંતરપટરૂપી ગગનમાં પ્રકાશી રહ્યા હતા. એનું તેજ કદી ત્યાંથી ભૂંસાય એમ નહોતું.

મલેકના આનંદનો–સુખનો પાર રહ્યો નહિ. એક ક્ષણ એ પણ પોતાનાં નયનો વતી તુરુનું પ્રેમભર્યું મુખ નિહાળી રહ્યો અને પછી તુરત જ એના મુખ ઉપર હાસ્ય ફૂટી ઊઠયું.

'હું કેવો મૂર્ખ કે આટલુંય ન સમજી શકયો !' તેણે હસતાં હસતાં કહ્યું. તુરૂ પણ અચાનક હાસ્યથી ચકિત થઇ ગઇ અને તેણે મલેક સામે ઊંચી નજર કરીને જોયું.

એની પ્રશ્નભરી દૃષ્ટિનો જવાબ આપતાં તેણે કહ્યું: 'હું તો ભારે ભૂલકણો છું, તુરુ ! જે કામે અહીં આવ્યો હતો એ વાત જ ભૂલી ગયો ! પણ તુરુ તેં આજે મને જેટલો સુખી બનાવ્યો છે એટલો સુખી હું આ અગાઉ કદી નહોતો !'

આટલું કહી મલેકે ધીમેથી પોતાના હાથ ઊંચા કર્યા અને ડાંગરની ઉંબીઓમાંથી બનાવેલી માળા એના કંઠમાં આરોપવા ધરી રાખી. પાકા ધાનની ઉંબીઓમાંથી બનાવેલી આ માળા સોના જેવી ચકચકતી હતી. અને તેણે એટલી સુંદર રીતે બનાવી હતી કે કેમ જાણે એ સાત સેરનો સોનાનો હાર જ હોય એવી લાગતી હતી.

'અહા ! કેવી સુંદર માળા છે !' નુરુએ આશ્ચર્યચકિત થઇને કહ્યું. એના હોઠ—એની આંખો હસી ઊઠી.

મલેકે પણ હાસ્યનો જવાબ હાસ્યથી વાળ્યો ને બોલ્યો: આ તારા માટે જ લાવ્યો છું !'

આટલું કહી તેણે તે માળા નુરુના કંઠમાં આરોપી દીધી.

નુરુએ નીચા નમી નમન કર્યું અને એના પગની ધૂળ લઇ પોતાના મસ્તકે લગાવી.

મલેક કાંઇ પણ બોલે એ પહેલાં તો તે વીજળીની જેમ ઝડપથી સરકી ગઇ અને અંદરના ઓરડામાં જઇ એક ક્ષણ એની તરફ ફરી પોતાની તોફાની આંખો નચવતી એની સામે જોઈ રહી.

મલેક પણ એની સામે સ્તબ્ધ બનીને જોઈ રહ્યો. પણ બીજી જ ક્ષણે એ તેની નજર આગળથી ખસી જતાં જ એ મનોમન બોલી ઊઠ્યો: 'હવે અસગરચાચાને વાત કરી જ નાખું. લાણીટાણું પતી જાય કે તરત જ—એમાં હવે રાહ શું જોવી ?'



[૧૯]

મલેક પ્રત્યેની મમતા

બપોર પછીનો સૂર્યનો પ્રખર તાપ પૃથ્વી અને આકાશમાં છવાઇ ગયો હતો અને દૂર દૂર સમુદ્રમાં વિલીન થઇ જતો હતો. અસગરમિયાં એના ઘરની ઓસરીમાં એકલો બેઠો બેઠો હુક્કો ગડગડાવી રહ્યો હતો અને ત્યાં જે માણસો કામ કરી રહ્યા હતા એના ઉપર દેખરેખ રાખતો હતો. ખેતરમાં હવે તે ભાગ્યે જ જતો, કારણકે મલેક એનો જમણો હાથ બની ગયો હતો અને ખેતરનું તમામ કામકાજ તે સંભાળતો હતો. અસગરમિયાં તો ઘેર બેઠો બેઠો હુક્કો ગગડાવ્યા કરતો. પોતાના ભૂતકાળના જીવનને યાદ કરતો ધુમાડાના ગોટેગોટા કાઢયે જતો ને કામ કરનારા ઉપર રખાય એટલી દેખરેખ રાખતો.

કામ કરનારા દાડિયા, મજૂરો વગેરેને એની ચોક્કસ નજર એમના ઉપર મંડાયેલી જ છે એનું ભાન રહેતું. આથી તેઓ એને ખુશ રાખવા બરાબર કામ કરતા. માણસ રહમદિલ અને દયાળુ હતો એ વાત સૌ જાણતા હતા. પણ સાથે સાથે એણે ખૂબ મહેનતભરી જિંદગી વિતાવી છે અને તેને આળસુ લોકો પસંદ નથી એ વાત પણ તેઓ જાણતા હતા. ભૂતકાળમાં અનેક મુશ્કેલલીઓ સામે લડીને તે આ સ્થિતિએ પહોંચ્યો હતો એનો તેમને ખ્યાલ હતો અને એટલે જ આ બુઝર્ગ આદમી પ્રત્યે તેમને આદરભાવ અને માન હતાં. એના શરીરનો અને ચહેરા–મહેરાનો દેખાવ પણ એમ જાણે તે માનનીય

અને પૂજનીય પુરુષ હોય એવો બની ગયો હતો. છેલ્લાં થોડાં વર્ષમાં એ જઈફ બની ગયો હતો. ઘરડો બન્યા છતાં તે જો કે હજીયે ટટ્ટાર ઊભો રહી શકતો હતો, પણ એના ભૂખરા વાળ હવે સાવ ધોળા બની ગયા હતા. એની લાંબી શ્વેત દાઢી કેમ જાણે એ ટોળીનો આગેવાન અને કુટુંબનો વડો હોય એવાં ગૌરવ અને છટા અર્પતી હતી.

'મલેક ક્યાં છે?' તેણે કામ કરતા દાડિયામાંથી એક માણસને પૂછ્યું.

'હજી સુધી એ ખેતરમાંથી આવ્યા નથી.' પેલા માણસે જવાબ આપ્યો.

'છોકરો હમણાં ઘણી વધારે પડતી મહેનત કરે છે!' અસગરમિયાં મનમાં ગણગણ્યો અને ધીમે ધીમે ટટ્ટાર થઈને ઊભો થયો. દાડિયા બધા એક ક્ષણ કામ થંભાવી એની સામે જોઈ રહ્યા. પછી માથું હલાવીને તેણે તેમને કામ ચલાવ્યે રાખવાનો હુકમ કર્યો અને પોતે ધીમે પગલે અંદરના ઓરડામાં ગયો.

'નુરુ, ઓ નુરુ!' તેણે બારણા પાસે ઊભા રહીને નુરુને બોલાવી અને પાતળી સોટા જેવી તરુણ કન્યા એની નજીક આવી. એની આંખો પોતાની આ વહાલસોયી દીકરી ઉપર અમી વરસાવી રહી. ધીમેથી તેણે વહાલપૂર્વક એના માથામાં થપકી મારી ને એવા જ વહાલભર્યા સ્વરે કહ્યું: 'અત્યાર સુધી શું કરતી'તી, બેટી?'

'મારે તો હજી ઘણુંયે કામ કરવાનાં છે.' નુરુએ માથાનો સહેજ ઝટકો મારીને કહ્યું. એની બાળપણાની નિર્મળ સુંદરતામાં હજી કશો જ ફરક પડ્યો ન હતો અને હવે તેમાં ફૂટતી યુવાનીએ ઉમેરો કર્યો હતો. એનું હૃદય પહેલાં કરતાંયે વધુ મૃદુ અને વધુ મુલાયમ બનતાં એના સૌંદર્યમાં એક નવી છટા ઉમેરાણી હતી.

'બેટી, તારે વધારે-પડતું કામ કરવાનો લોભ કદી રાખવો નહિ. ગમે તેટલાં કામ હોય તો પણ બપોરે તો થોડો આરામ લેવો જ જોઈએ.'

'પણ બાપુ, આખા ઘરનું કામ કરવાનું હોય ત્યાં હું આરામ રીતે લઇ શકું? લોકો ખેતરમાં કામ કરી રહ્યા છે. એ બધાને ટાણાસર ભાત તો પહોંચાડવા જોઇએને? કામવાળી છોકરીઓ અત્યારે ડાંગર ખાંડી રહી છે. વધારે નહિ તોયે રાતનાં વાળુ ને કાલનાં શિરામણ થાય એટલા ચોખા તો ડાંગર ખાંડીને તૈયાર રાખવા જ પડશે. વળી તમારે માટે રોજ કંઈ ને કંઇ જુદું કરવાનું હોય, અને મલેકભાઈનું ધ્યાન રાખવું એ વળી વધારામાં. હમણાં હમણાં તો એ એટલા બધા બેધ્યાન થતા જાય છે કે જો એને યાદ કરાવી ન દઇએ તો ખાવાનું પણ ભૂલી જાય છે!'

આટલું કહેતાં જ તુરુના મોં ઉપર શરમની આછી લાલી ફરી વળી. અથવા સંભવ છે કે બપોરના સૂર્યની આભા એના મુખ ઉપર પડી હોય ને એવી દેખાતી હોય, પણ એનું મુખ આછું લાલ થઇ ગયું. આમ છતાં અસગરમિયાંને એના મુખ ઉપર થયેલા કોઇ ફેર-ફારની ખબર પડી નહિ. તુરુના શબ્દોએ એના મનમાં વળી વિચારની જુદી જ હારમાળા જગાડી હતી.

'હા હા, હું પણ અહીં એટલા જ માટે આવેલો.' તેણે કહ્યું. 'હું પણ એ જ પૂછવા જતો'તો કે મલેકે જમી લીધું કે નહિ?'

'ના, બાપુ!' તુરુએ કહ્યું. 'એ હજી સુધી જમવા આવ્યા જ નથી.'

'મેં પણ એમ જ સાંભળ્યું, પણ તુરુ, આમ એ રોજ ને રોજ મોડું કરે એ ઠીક નહિ. તારે એ બંધ કરાવી દેવું જોઈએ. તારે એને કંઇ નહિ તોયે તબિયતને ખાતર પણ વખતસર ખાવા આવે એમ કહી દેવું જોઇએ. હજી એ જુવાન છે એટલે ટાણે-કટાણે ગમે ત્યારે ખાશે એની અત્યારે ખબર નહિ પડે, પણ એનું નુકસાન પાછળથી ખમવું પડે છે. જો અત્યારથી જ એ ખાવાપીવામાં બરોબર ટાણાસર પતાવશે તો મારા જેવડા બુઢા થશે ત્યારે એને

વાંધો નહિ આવે. અત્યારે તો ભલે એને શિખામણ આકરી લાગે, પણ બુઢાપામાં એ આપણને બરાબર સંભારશે.'

અસગરમિયાં બહાર જતો હતો. પણ થોડાં ડગલાં ચાલ્યા પછી બારણામાં અટકી ગયો ને વળી પાછો ફર્યો.

'કોઇને અહીંથી ખેતરે મોકલ કે એને જમવા બોલાવી લાવે. અત્યારે ઘણું મોડું થઇ ગયું છે અને હજી કોઇને મોકલશું નહિ તો વધારે મોડું થશે.'

'તમે જ કોઇને મોકલો એ વધારે સારું, નહિ બાપુ?' નુરુએ કહ્યું. મલેકને બોલાવવા માટે કોઇને જવાનું કહેતાં શરમ થતી હતી. એના મનમાં થતું હતું કે હું પોતે જ કોઇને મોકલું તો એ લોકો શું ધારશે? અને જો એમ કરું તો મલેકને પણ મૂંઝવણ નહિ થાય શું?'

'ભલે ભલે!' અસગરમિયાંએ એના મનમાં ઊઠેલી વિચારમાળા તોડી નાખી. 'એ તો ખેતરમાં કોઇ સ્ત્રીને મોકલવા માટે તને કહેવા જેવી વાત થઈ!' તે હસી પડયો ને બોલ્યો. 'તારે હવે તારા આ બુઢા બાપની ભૂલચૂક માફ કરવી જોઇએ, કારણ વરસો જેમ જેમ જતાં જાય છે એમ એમ એની યાદદાસ્ત ઓછી થતી જાય છે!'

'એમ કાં કહો, બાપુ; તમારી યાદદાસ્ત તો ઘણાખરા જુવાનો કરતાંયે વધારે સારી છે!' નુરુએ હસતાં હસતાં જવાબ આપ્યો.

અસગરમિયાં એની સામે ગૌરવ અને વહાલભરી નજરે જોઈ રહ્યો. 'સારું! સારું! મલેકની થાળી તૈયાર કર. હું એને બોલાવવા માણસ મોકલું છું. હમણાં જ એ આવી પહોંચશે.'

આટલું કહી અસગરમિયાં બહાર નીકળ્યો અને ત્યાં ઘર આગળ કામ કરતા હાડિયા અને સાથીઓમાંથી એકને બોલાવી કહ્યું: 'અઝીઝ, જલદી વાડીએ જા અને મલેકને બોલાવી લાવ. કહેજે કે અસગરચાચા જલદી બોલાવે છે.'

અઝીઝ અસગરમિયાંની સાથે અગાઉના રહેઠાણથી છેક અહીં બનસર સુધી આવ્યો હતો. કુલસુમ સાથે શાદી થયા પછી બે વરસમાં કુલસુમે તેને બે છોકરાં આપ્યાં હતાં અને ત્રીજાની કુલસુમ તૈયારી કરતી હતી. જ્યારે જળપ્રલય થયો ત્યારે જ એને મહિના જતા હતા. પૂરતા ખોરાકને અભાવે તેમ જ વારંવાર સુવાવડને લીધે એનું શરીર કથળી ગયું હતું. એ હવે વધારે ભાર ઝીલી શકે તેમ ન હતું. એમાં ત્રીજે વરસે જ ત્રીજી વાર એને મહિના રહ્યા અને જે દિવસે જળપ્રલય થયો એ જ દિવસે રાત્રે તેણે એક મરેલી બાળકીને જન્મ આપ્યો. એ પછી થોડા જ કલાકમાં એ પોતે પણ મરી ગઈ. મા વિનાના અઝીઝના બે છોકરાઓ પણ સંભાળને અભાવે મરી ગયા. આ રીતે પોતાનાં સ્ત્રી–બાળકો બધું ગુમાવતાં અઝીઝનું મન ઉદાસીન થઈ ગયું. દુઃખનો આ બોજ માથે ઉપાડી એ નિરર્થક જિંદગી વિતાવ્યે જતો હતો એટલામાં તેણે અસગરમિયાં અને એના નવા વસવાટની વાત સાંભળી એટલે એ સીધો એની સાથે જ કામ કરવા ને રહેવા આવી ગયો. દુનિયામાં આ સિવાય બીજે ક્યાંય એને જવા જેવું હતું નહિ. આ રખડપાટમાં તેને જે હેરાનગતિ ભોગવવી પડી તેને લીધે તથા પત્ની અને બાળકોનાં મૃત્યુને લીધે થતા દુઃખથી તે અર્ધો પાગલ જેવો બની ગયો હતો. કુલસુમ મરી ગઈ હોવા છતાં એ એને ભૂલી શકતો નહોતો. એ મરી ગઈ છે એમ જ એનું મન કદી કબૂલ કરતું નહોતું–કેમ જાણે એ તેની રાહ જોઈને ઊભી જ હોય એમ એ તેના વિષે વાત કરતો. એ ગમે તે કામ કરતો હોય તો પણ કામની વાતોમાંથી તુરત જ એ કુલસુમની વાત ઉપર ચડી જતો અને એની સાથે આ થોડાં વરસો કેવાં સુખમાં ગાળ્યાં તેને સંભાર્યા કરતો. એક જ બાબત એવી હતી, જેના વિષે એ સ્થિરતાથી વિચાર કરી શકતો ને પોતાના ચિત્તને એ મુદ્દા ઉપર ચોંટાડી શકતો અને તે બાબત હતી મલેક પ્રત્યેનો પ્યાર. મલેક ઉપર

એને ખૂબ જ પ્રીતિ હતી અને એની તરફની વફાદારી પણ એટલી જબરદસ્ત હતી કે એને માટે એ માથું ફૂલ કરવા પણ તૈયાર હતો.

અઝીઝ ઉતાવળો ઉતાવળો ખેતરે ગયો. પણ ત્યાં મલેક મળ્યો નહિ. ખેતરે ખેતરે ફરીને એણે શોધ કરી પણ મલેકનો કંઇ પત્તો લાગ્યો નહિ. માણસો ખેતરમાં કામ કરતા હતા એમાંથી એક માણસને ઉદ્દેશીને અઝીઝે મોટેથી પૂછ્યું :

'મલેકમિયાંને તમે ક્યાંય જોયા છે ?'

પેલા માણસે એક ક્ષણ કામ પડતું મૂકીને મોટેથી બૂમ મારી : 'કોણ, મલેકમિયાં ! એ તો હજી થોડીવાર પહેલાં જ અહીંથી ગયા. કે'તા'તા કે ઘેર જાઉં છું.'

અઝીઝ ઉતાવળો ઉતાવળો ઘેર આવ્યો. પણ મલેક ઘેર આવ્યો નહોતો.

અસગરમિયાંને હવે થોડી ચિંતા થવા લાગી.

'આ તો ભારે નવાઈની વાત કહેવાય !' તેણે કહ્યું. 'મલેક જો ખેતરેથી થોડીવાર પહેલાં ઘેર આવવા નીકળી ગયો હોય તો તો અત્યાર પહેલાં તે અહીં આવી જ જવો જોઈએ.'

તેણે અઝીઝને ફરીને સીમમાં જઈ મલેકની ભાળ કાઢવા કહ્યું. અઝીઝ ફરીને સીમમાં ગયો ને મલેકને શોધવા તે ખેતરે ખેતર ખૂંદી વળ્યો, પણ ક્યાંય તેનો પત્તો લાગ્યો નહિ. છેવટ રખડતાં રખડતાં એક માણસ મળ્યો તેણે સમાચાર આપ્યા કે ખેતરમાં કામકાજની દેખરેખ રાખવાનું પૂરું કર્યા પછી મલેક એક હોડી લઈ પોતાના ખેતર પાસેથી જ નદીમાં સહેલગાહ કરવા ગયો હતો અને હેવાસ લગભગ ગાઉ–દોઢ ગાઉ દૂર, જ્યાં નદીનું મુખ અને દરિયો ભેગો થાય છે, ત્યાં સુધી પહોંચ્યો હતો. આવું તો એ ઘણીવાર કરતો એથી આસપાસનાં ખેતરમાં કામ કરતા માણસોનું ધ્યાન એના તરફ દોરાયું નહિ. ઘણીયે વાર તેમણે મલેકને હોડીમાં બેસી દરિયા અને

નદી વચ્ચે એક તરફ જે ટેકરી હતી ત્યાં જઈ ટેકરીની ટોચ ઉપર બેઠાં બેઠાં દૂર દૂર નજર નાખતો જોયો હતો. ઘણીયે વારે એ સવારે જતો તે છેક સાંજના ઘેર પાછો આવતો. ટેકરી ઉપરથી ઊભાં ઊભાં સમુદ્રનાં પાણીમાંથી બહાર નીકળી અગ્નિના ગોળાની પેઠે ડોકિયું કરતાં કે મોજાં ઉપર આરામ કરી ધીમે ધીમે દરિયાના પાણીમાં ડૂબી જતા સૂર્યને જોવાનું એને બહુ જ ગમતું. આમ હોવાથી આજે પણ મલેક એ બાજુ ગયો ત્યારે કોઈએ એ વાત તરફ ખાસ ધ્યાન આપેલું નહિ.

અઝીઝે ઘેર આવી અસગરમિયાંને મલેક સમુદ્ર પાસેની ટેકરી ઉપર ગયો હોવાની વાત કરી અને પછી માથું હલાવી તેણે ઉમેર્યું :

'મલેકમિયાંનો સ્વભાવ જ પહેલેથી એવો છે ! કુલસુમ પણ કહેતી'તી કે એ નાના હતા ત્યારે ઘણીવાર ઘેરથી રખડવા ચાલ્યા જતા અને કલાકો સુધી કોણ જાણે ક્યાંય ભટકતા તે ઘેર દેખાતા જ નહિ. નાનપણમાં એકવાર એ હોડી લઇને ઘણે દૂર દૂર રખડવા ગયેલ.

અસગરમિયાંએ એને વચ્ચેથી અટકાવી કહ્યું: ' હવે અમે તારી કુલસુમ ને મલેક વિષેની બધી વાતો જાણીએ છીએ ! પણ આ કંઇ સહેલગાહે જવાનો વખત છે ? નથી એણે ખાધું–પીધું કે નથી નાહ્યો–ધોયો. અને સૂરજ તો આથમણી દશે નમતો જાય છે.'

એ પછી કામ કરનાર હાડિયા ને પોતાના માણસો તરફ ફરીને એણે કહ્યું: ' હવે ચોંપ રાખો, ભાઇઓ, ચોંપ રાખો. સૂરજ આથમણી કોર ઢળવા માંડયો છે ને શિયાળાના દી કેટલા ટૂંકા હોય છે એ તમે જાણો છો. તમને ખબર ન પડે એમ ઘડી–બે–ઘડીમાં સૂરજ આથમી જશે ને અંધારું જામી જશે. માટે હવે ચોંપ રાખી કામ પૂરું કરી નાખો.'

એની સૂચના કબૂલ કરતા હોય એમ માણસોએ માથાં નમાવ્યાં અને કામની ગતિ વધારી દીધી. અસગરમિયાંએ પણ ફરી પોતાનો

હુક્કો હાથમાં લીધો અને નળી મોઢામાં નાખી ગુડગુડાવવા લાગ્યો. એની નજર હજીયે ચૂપચાપ ઊભા રહેલા અઝીઝ ઉપર હતી.

'કેમ અઝીઝ, તારા મનમાં વળી શું છે? જે હોય તે કહી નાખ!' તેણે કહ્યું. આ બુઢ્ઢો અને વિશ્વાસુ વફાદાર સાથી કામમાં કદી દિલચોરી કરતો નહિ એ વાત અસગર મિયાં બરાબર જાણતો. ખાસ કારણ ન હોય તો તે આમ મૂંગો મૂંગો કામ છોડીને ઊભો રહે નહિ. એટલે એના મનમાં શું ચાલી રહ્યું છે એ જાણવા અસગરમિયાંએ તેને ઉપરનો સવાલ પૂછ્યુયો.

'હું ટેકરીની ધારે જઇને મલેકમિયાંને બોલાવી આવું?' અઝીઝે પૂછ્યું.

'શા માટે?' અસગરમિયાંએ કહ્યું. 'આ ટાપુઓમાં બીવા જેવું કશું નથી.'

'સાંજ પડવા આવી છે અને હું જઇને મલેકમિયાંને ન બોલાવી લાવું તો નાહક નુરુ ગુસ્સે થશે.'

'કદાચ એમ બને પણ ખરું!' અસગરમિયાંએ આંખમાં ચમક લાવીને કહ્યું. 'પણ તું જેવો નુરુથી ડરે છે એવા અમે ડરતા નથી. મલેક ગયો હશે તો જરૂર એની પાછળ કંઈક કારણ હશે. આ ટાપુઓમાં જંગલી જનાવરો છે નહિ એટલે ડરવા જેવું કંઈ નથી.'

'પણ' અઝીઝે વાંધો ઉઠાવ્યો. 'ઘણીવાર વાઘ અને હાથીઓ પણ પાણીમાં તરીને આ ટાપુ ઉપર ખોરાકની શોધમાં આવે છે અને ખુદા ન કરે ને મલેકમિયાંને કાંઇ થાય તો નુરુ શું કહેશે?'

અસગરમિયાં ફરીને હસી પડ્યો. તેણે કહ્યું: 'અઝીઝ, ઉંમર વધવાની સાથે તું વધારે ને વધારે બુદ્ધુ બનતો જાય છે, નહિ તો વાઘની ને હાથીની કપોલ–કલ્પિત વાત ન કરે! અમે તો આટલાં બધાં વર્ષો અહીં ગાળ્યાં છે એ દરમિયાન વાઘ, વરુ ને ચિત્તો ક્યાંય

કદી ભાળ્યાં નથી કે એની વાત પણ સાંભળી નથી. મલેક હવે કંઈ નાનું બાળક નથી. એ હવે પોતાની સારસંભાળ પોતે જ લઇ શકે એટલો મોટો થઇ ગયો છે. ઊલટાનું આપણે એની હિલચાલ ઉપર અંકુશ મૂકવા જશું અને એની આડે આવશું એ એને નહિ ગમે.'

અઝીઝે કંઈ જવાબ આપ્યો નહિ પણ એકાદ મિનિટ મૂંગો મૂંગો ઊભો રહ્યો ને પછી અંદરના ઓરડામાં જવા પગ ઉપાડયો.

'અઝીઝ!' અસગરમિયાંએ કરડાકીભર્યા સ્વરે કહ્યું.

આ જોઇ અઝીઝ એકદમ સ્તબ્ધ બનીને હતો ત્યાં ને ત્યાં જ ઊભો રહી ગયો અને અસગરમિયાં સામે જોઇ રહ્યો.

અસગરમિયાંને પણ પોતાના અવાજમાં કટુતા અને કરડાકી લાવવા બદલ ક્ષોભ થયો. તે બોલ્યો: 'જો, સાંભળ. બીજું તો કંઇ નહિ પણ તું નુરુ પાસે જઇને એની આગળ તારી વાઘ, વરૂ ને હાથીની કપોળકલ્પિત વાતો કરી એને નાહકનો બિવરાવતો નહિ!'

'બુઢ્ઢા માણુસો અને બધી સ્ત્રીઓ એક બાબતમાં સરખાં હોય છે.' તેણે પોતાના અવાજમાં ચમકાર લાવીને કહ્યું. 'તણુખલું જોઇને ડરી જાય અને પડાછાયાથી ભડકી જાય!'

એટલામાં એક બુઢ્ઢી નોકરાણી બાઈ ઉતાવળી ઉતાવળી ઘરમાંથી બહાર આવીને અસગરમિયાંને કહેવા લાગી: 'નુરુબીબી આપને બોલાવે છે.'

અસગરમિયાં પોતાની પ્રચંડ અને રુક્ષ કાયા હલાવીને ઊભો થયો. તેણે અઝીઝ સામે અર્ધ ગુસ્સાભરી અને અર્ધ પરેશાનીભરી નજર નાખી અને ધીમે ધીમે ઘરમાં પ્રવેશ કર્યો.

'મલેકભાઈ કયાં છે?' નુરુએ અદ્ધર શ્વાસે પૂછયું.

'જરા ધીમી પડ. અને આવી બાબતમાં ફરફેરાઇને પાયા વગરની જુનવાણી વાતો માનીને નકામી હાંફળી-ફાંફળી થા મા! ને ખોટી

બીક ન રાખ !' અસગરમિયાં તેને સમજાવતો પટાવતો હોય એ રીતે સાંત્વન આપવા લાગ્યો.

તુરુના હૃદયના ધબકારા ક્ષણવાર થંભી ગયા. તેણે કહ્યું: 'તમે કઈ વાતો વિષે બોલો છો, બાપુ ? મેં તો તમને કોઈ જાતની વાતો કરી નથી કે ડરવાનું નામ લીધું નથી.'

અસગરમિયાંએ પોતાની થઇ ગયેલી ભૂલ ઢાંકી લેતાં કહ્યું: 'હું કશી વાતનું નામ લેતો નથી, બેટી, પણ સ્ત્રીઓ હમેશાં કંઈક વાતો કલ્પી લેતાં હોય છે, અને આપણો આ ગધેડો પેલો અઝીઝ...'

તેણે વાત વાળી લેવાનો પ્રયત્ન કર્યો. પણ હવે ઘણું મોડું થઇ ગયું હતું. તુરુ ખૂબ જ ભયભીત બની ગઇ હતી. એના મનનો વહેમ સજ્જડ બની ગયો હતો. એવી ભયભીત દશામાં એ અસગરમિયાં પાસે આવી ને એનાં ઘૂંટણ ઉપર હાથ મૂકીને બોલી: 'બાપુ, મારાથી કશું છુપાવશો નહિ. મલેકભાઈને શું થયું એ કહો. તમે શા માટે નકામી વાત માની લ્યો છો ?'

અસગરમિયાં પોતાની ભૂલથી જરા ગૂંચવાયો અને ક્ષોભ પામ્યો. પછી એ ભૂલને ઢાંકવા માટે મુખ ઉપર કૃત્રિમ ગુસ્સો ધારણ કરીને બોલ્યો: 'મલેકને કાંઇ થયું છે એમ વળી તને કોણે કહ્યું ? તું શા માટે આવી બેતુકી વાતો તારા મનમાંથી ઊભી કરે છે !'

'પણ એમાં મારો શો વાંક છે બાપુ ?' તુરુએ કહ્યું. 'તમે પોતે કહ્યું કે મલેકનું ભાણું તૈયાર કર, ને મેં તૈયાર કરીને રાખ્યું. એ પછી ક્યારની વાટ જોઇને બેઠી છું, પણ એનો કશો પત્તો નથી. તમે કહ્યું'તું કે હું હમણાં એને બોલાવી મંગાવું છું. પણ હજી સુધી એ આવ્યા નથી. મને થયું તમે માણસ મોકલવો ભૂલી ગયા હશો એટલે મેં તમને બોલાવ્યા. આમાં મેં શું ખોટું કર્યું ?'

'એ બરાબર છે. પણ હું એ વાત આટલી જલદી ભૂલી જઈશ એમ તેં કેમ માની લીધું ? તને શું એમ છે કે તારો બાપ સાઠ

વરસનો થઈ ગયો એટલે હવે એની બુદ્ધિ નાસી ગઇ ?' અસગર-મિયાં કેમ જાણે રમત કરતો હોય એમ તેણે હસતાં હસતાં કહ્યું. એ તેનું ધ્યાન બીજી તરફ દોરી જવા ઇચ્છતો હતો, પણ તુરુ એમ છેતરાય એવી નહોતી.

'એટલે તમે મલેકભાઇને બોલાવવા માણસ મોકલ્યો હતો અને છતાંયે એ આવ્યા નહિ એ ખરું ને ?' તેણે આટલા શબ્દો કેમ જાણે મહાપરાણે ખેંચતી હોય એમ દુઃખ અને શ્રમપૂર્વક પોતાના મુખ-માંથી ઉચ્ચાર્યા.

અસગરમિયાંએ મૂંગા મૂંગા માથું હલાવીને હા પાડી.

'તમે કોને બોલાવવા મોકલ્યો તો ?' તુરુએ ફરી પૂછ્યું.

'અઝીઝને.' અસગરમિયાંએ ટૂંકામાં પતાવ્યું.

'પછી અઝીઝચાચાએ શું કહ્યું ?' તુરુએ બીકથી આંખો પહોળી કરીને પૂછ્યું.

'એવા ઘરડાખચ્ચર અને મૂરખ માણસ શું કહે છે એના ઉપર ભરોસો રાખવાની કે ધ્યાન આપવાની જરૂર નથી.' અસગરમિયાંએ મૂંઝાઇને કહ્યું.

'પણ એ કહે છે શું એ તો મને કહો.' તુરુએ આગ્રહપૂર્વક કહ્યું. પછી પોતાના બાપુના ઘૂંટણ ફરતા હાથ વીંટાળીને આજીજીભર્યા સ્વરે બોલી: 'કહ્યા વિના નહિ ચાલે, તમારે કહેવું જ પડશે, બાપુ !'

અસગરમિયાંની જરા પણ ઇચ્છા ન હતી છતાં પરાણે બડબડાટ કરતાં કરતાં તેણે વાત કરી: 'પેલો મૂરખ, ઘરડો ખચ્ચર અઝીઝ, વાઘની અને હાથીની વાતો કરે છે.' અને પછી તુરુના મોં ઉપરનો રંગ ઉડી જતો જોતાં જ તેણે ઉમેર્યું: 'મૂરખ ન થા, એ હમેશાં એની કુલસુમ શું ધારે એની જ વાત કરે છે. તુરુ, આ ટાપુમાં વાઘ અને હાથી ... કોઈએ કદી સાંભળ્યું છે ખરું ?'

પણ આ વચનોથી નુરુના દિલને સાંત્વના મળી નહિ. એ તો રડવા લાગી. ડૂસકાં ભરતાં ભરતાં તેણે કહ્યું: 'પણ બાપુ, આ ટાપુ આપણે માટે તો સાવ નવો અને અજાણ્યો છે, અહીં કઇ જાતનાં જનાવર રહેતાં હશે એની કોને ખબર છે? આપણે જાણતાંય ન હોઇએ એવાં કાળનો કોળિયો કરી જનારાં રાની પશુઓ રહેતાં હોય એ બનવાજોગ નથી?'

અસગરમિયાં એના માથા ઉપર થપકી મારતો અને આશ્વાસન આપતો હોય તેમ બોલ્યો: 'રડ મા, બેટી, હું હમણાં જ આપણા માણસોને એની ભાળ કાઢવા મોકલું છું. મને ખાતરી છે કે એ દરિયાકિનારે ટેકરી ઉપર જ ગયો હશે. ત્યાં એ ઘણીવાર જાય છે અને કલાકો ગાળે છે.'

નુરુએ આંસુભરી આંખે એમના તરફ આભારભરી દૃષ્ટિ ફેંકી.

'એને એક વખત અહીં આવવા દે, પછી હું એને બરાબર ખખડાવીશ.' અસગરમિયાંએ કહ્યું. 'અને તું પણ એને હવે પછી ધ્યાન રાખવાનું કહેજે.'

નુરુ કશું બોલી નહિ, પણ એનો ચહેરો આનંદિત થયો. એની પાંપણો હજી ભીની હતી, પણ આંખોની કીકીઓમાંથી તો પૂરતો પ્રકાશ ફૂટતો હોય એવી ઉજ્જવળ લાગતી હતી.

અસગરમિયાંએ ફરીને એના માથા ઉપર વહાલભરી થપકીઓ મારી અને પછી વિચારમગ્ન સ્થિતિમાં ત્યાંથી બહાર ગયો. સાચું પૂછો તો હવે એને પોતાને પણ ચિંતા પેઠી હતી. બપોર તો લગભગ નમવા આવ્યા હતા અને સાંજ પડવા આવી હતી. શિયાળાનો સ્વચ્છ નિર્મળ ધવલ પ્રકાશ ધીમે ધીમે સુવર્ણરંગ ધારણ કરી રહ્યો હતો.

અઝીઝ ચિંતાતુર બનીને બારણા પાસે ઊભો હતો

અસગરમિયાંને જોતાં જ એ બોલ્યો: 'હું મલેકમિયાંની ભાળ કાઢવા જાઉં ?'

અસગરમિયાંએ માથું નમાવીને હા પાડી, અને જેવો અઝીઝ જવા ઊપડયો કે તુરત તેણે કહ્યું: 'એકલો જા મા, સાથે એકાદ બે માણસોને લેતો જજે.'

અઝીઝે ફળિયામાંથી બે માણસોને બોલાવ્યા અને એને સાથે લઇ મલેકને શોધવા માટે બહાર ગયો. અસગરમિયાં નજર પહોંચે ત્યાં સુધી એમને જતા જોઈ રહ્યો અને જ્યારે એ અદૃશ્ય થયા ત્યારે ત્યાંથી ધીમે ધીમે ડગલાં ભરતો તે અંદરના ઘરમાં આવ્યો. નુરુ તો હતી ત્યાં ને ત્યાં જ ઊભી હતી. એનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને એના કાળાભોજ જેવા વાળ એ ફિકાશને વધારે ઘેરી બનાવતા હતા.

પગલાંનો અવાજ સાંભળતાં જ તેણે આશાભરી આંખે ઊંચે જોયું અને તેનો ચહેરો પ્રકાશી ઊઠયો પણ જ્યારે તેણે પોતાના પિતાને એકલા આવતા જોયા ત્યારે એનો ચહેરો સફેદ પૂણી જેવો બની ગયો અને એની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

'ચિંતા ન કર, બેટી!' તેણે કહ્યું 'મેં અઝીઝ અને બીજા બે માણસોને મલેકની ભાળ કાઢવા મોકલ્યા છે. એને અબઘડી આવ્યો જ સમજ ને! આપણા આ ટાપુઓ કેટલા નાના છે, અહીં કોઇ જાતનો ભય રાખવા જેવું નથી. અત્યારસુધીમાં કોઇ રાની પશુએ એકાદ જણને પણ મારી નાખ્યો હોય એવું સાંભળ્યું નથી. તારો ભાઇ હમણાં જ સહીસલામત પાછો આવી જશે.'

બે કલાક પછી અઝીઝ એના બે સાથીદારોને લઇને પાછો આવ્યો. પણ મલેકનો પત્તો મળ્યો નહોતો. તેમ એની હોડી પણ ક્યાંય મળી નહોતી. તેઓ નદીમાં હેઠવાસ છેક નદીના મુખ સુધી હંકારવાની લગાલગ પહોંચ્યા હતા, પણ મલેકનો ક્યાંય પત્તો લાગ્યો નહોતો. તેઓ

આખી ટેકરી ખૂંદી વળ્યા. ઘાંટા તાણી તાણીને થાકી ગયા. એનાં ગળાં બેસી ગયાં. છતાં કોઇએ જવાબ આપ્યો નહિ. ફક્ત એમના સાદના જ પડઘા કેમ જાણે એનાં ચાંદુડિયાં પાડતા હોય તેમ એમના સાદના જવાબરૂપે સંભળાતા હતા.

હવે અંધારું જામવા લાગ્યું હતું. આથમતા સૂર્યનું વિશાળ આભામંડળ મોજાંની શગમાં સોનેરી રંગ પૂરતું હતું અને મોજાંની સાથે જ દરિયામાં સમાઇ જતું હતું. ફક્ત પશ્ચિમમાં ડૂબતા સૂર્યની લાલ આભા બળી જતા કોલસાની જેમ પ્રસરી ગઇ હતી અને પૃથ્વી ઉપર એક વિચિત્ર પ્રકારની શાંતિ ઊતરી હતી.

અસગરમિયાંના ઘરમાં શાંતિ નહોતી. બૂરામાં બૂરી કલ્પના પણ હવે સાચી પડતી હોય એમ જણાતું હતું. એથી અસગરમિયાં મૂંગો બની ગયો હતો, અને એના મુખ ઉપરની રેખાઓ તંગ બની હતી. નુરુ પણ હવે રોતી નહોતી, પણ એનું મુખ પરાણે રોકી રાખેલાં આંસુને લીધે ભારે બન્યું હતું. તે એટલી બધી ઉદાસીન અને હતાશ દેખાતી હતી કે અસગરમિયાં એની સામે જોઇ પણ શકતો નહોતો.

તેણે પોતાના તમામ માણસોને ટુકડીઓવાર વહેંચી તેમને ટાપુની જુદી જુદી દિશામાં મલેકની શોધ કરવા મોકલ્યા. તેઓએ પોતાની સાથે વીજળીબત્તીઓ લીધી અને ટીનના પતરાનાં ઢૂમ લીધાં. જેથી કરીને જંગલમાં ભટકતાં રાની પશુઓ ડરીને ભાગી જાય અને તેમને ઇજા પહોંચાડે નહિ. તેઓએ આખા ટાપુનો નકશો દોરી લીધો અને દરેક ટુકડીને ટાપુના અમુક અમુક ભાગમાં શોધખોળ કરવાનું કામ સોંપી દીધું. અસગરમિયાં પોતે પણ પોતાના અરધો ડઝન સર્વોત્તમ માણસોને લઈને હોડી લઇ મલેકની શોધ કરવા નીકળી પડયો. તેણે કહ્યું કે તમે સૌ ટાપુની અંદર જંગલમાં તપાસ કરો. હું ટાપુને ફરતું ચક્કર મારી લઈશ.

મલેકની શોધ કરવા નીકળેલી આ બધી ટુકડીઓએ આખી રાત

જંગલમાં ભટકી ભટકીને તપાસ કરી. રાત્રીના ઝાંખા પ્રકાશમાં પાછલે પહોર વાતાવરણમાં હળવું ધુમ્મસ ફેલાઇ ગયું. આકાશમાં ચંદ્રમા નહોતો અને તારોડિયાંનો ઝાંખો પ્રકાશ ધુમ્મસવાળા વાતાવરણને ભેદીને અજવાળી શકે તેમ ન હતું. અંધારામાં માણસો આગળ વધતા હતા અને તેમની વીજળીબત્તીઓ તબક તબક કરતી અંધકારનો પડદો ચીરતી રસ્તામાં આછી રોશની પાથરતી હતી. આ આછી રોશનીના ઝાંખા અજવાળામાં નાના–મોટા પડછાયા પડતા હતા અને એથી વનવૃક્ષ, લતા અને વેલોએ અકુદરતી દેખાવ ધારણ કર્યો હતો. રાત્રીના સૂનકારમાં લોકો એકબીજાને સાદ કરતા ત્યારે જંગલમાં સામસામા વિચિત્ર પ્રકારના પડઘા ઊઠતા હતા અને સાંભળનારને ભુલાવામાં નાખતા હતા.

એમ કરતાં કરતાં ભળકડું થવા આવ્યું ત્યારે એક પછી એક માણસો ઘેર પાછા ફર્યા. આખી રાત ભટકી ભટકીને તેઓ થાકી ગયા હતા. વહેલી સવારના ઝાંખા અજવાળામાં એમના ચહેરા ઝાંખાઝપટ અને ફિક્કા લાગતા હતા અને આંખો ઉજાગરાને લઇને સૂજીને ભારે થઈ ગઈ હતી.

તુરુ ઘરના ઓરડામાં પેઢલી ઉપર બેઠી હતી. એની આંખો ફાટેલી અને સ્થિર દેખાતી હતી, પણ આસપાસ શું બની રહ્યું છે તે કેમ જાણે પોતે કશું દેખતી તેમજ સાંભળતી ન હોય એમ શૂન્યચિત્ત બની ગઇ હતી. એકાદ–બે વખત નોકરબાઇઓએ તેને ખાવાનું લાવવા માટે કહ્યું હતું, પણ એનું મૌન એટલું ગંભીર હતું કે ફરી પૂછવાની કોઇની કશી હિંમત ચાલી નહિ. શરૂઆતમાં તેઓ ધીમે અવાજે અંદરોઅંદર ગણગણ વાતો કરતી હતી, પણ અત્યારે તો તેઓ પણ ચુપચાપ બેઠી હતી.

પાછી ફરેલી ટુકડીઓનાં પગલાં કે વાતચીતનો અવાજ જેવો તુરુને કાને પડયો કે તુરત જ તે દરેક વખતે ઊઠીને બહાર આવતી.

પણ ત્યાં કોઇને ન જોતી અથવા બહારનો કોલાહલ શાંત થઇ જતો કે તુરત જ પાછી તે એકદમ પથ્થર જેવી મૂંગી બની જતી અને આંખોના બે દીવડા તગતગાવતી મલેકના આગમનની રાહ જોતી સજાગ થઇને બેસી રહેતી. આખરે તેણે પોતાના પિતાનો અવાજ સાંભળ્યો. તે બહાર કોઇપણ માણુસ સાથે વાત કરી રહ્યા હતા અને તેમને સૂચના આપી રહ્યા હતા પણ એના શબ્દો સ્પષ્ટપણે સંભળાતા કે સમજાતા નહોતા. તે એકદમ કૂદીને ઊભી થઇ ગઇ ને ઉતાવળી ઉતાવળી બહાર જવા નીકળી. પણ બારણામાં પગ મૂકતાં જ એના પિતા સામે મળ્યા.

એની પ્રશ્નસૂચક દૃષ્ટિના જવાબમાં એના પિતાએ દુ:ખપૂર્વક માથું ધુણાવ્યું. બીજી ક્ષણે તે મૂર્છિત થઇને એના પગમાં ઢળી પડી.



[૨૦]

મલેકનું પુનરાગમન

આ રીતે અનિશ્ચિતતા, ચિંતા અને ભયમાં દિવસો એક પછી એક પસાર થવા લાગ્યા પણ અસગરમિયાંએ આશા છોડી નહિ. તે હમેશાં મલેકના આગમનની રાહ જોતો ચિંતામાં ને ચિંતામાં દિવસો ગુજારવા લાગ્યો. રોજ સવારે તે સમુદ્ર–કિનારા પાસેની ટેકરીએ જતો અને ઉપર ચઢી દરિયામાં દૂર દૂરથી કોઈ વહાણ, શઢ કે કાંઈ દેખાય છે કે નહિ એ જોતો. મલેક થોડા વખતમાં જ પાછો ફેર આવશે એવી આશાને તે છેક સુધી વળગી રહ્યો.

એના માણસો એની સાથે એકાદબે દિવસ ગયા, પણ દિવસો જતાં તેમને પણ ખાતરી થઈ ગઈ કે મલેક કદી પાછો આવશે નહિ. તેમણે અસગરમિયાંને હવે રોજની આ નકામી મજલ ન કરવા સમજાવી જોયું પણ બુઢ્ઢો એમ ઝટ માને એમ ન હતો. એ અટલ હતો. એના નિશ્ચયમાંથી કોઇ એને ડગાવી શકે તેમ નહોતું. તેનો મિજાજ હમેશાં જરા ગરમ રહેતો એટલે આ વાત પડતી મૂકવા તેને સમજાવવું મુશ્કેલ હતું. મલેક હવે કદી આવવાનો નથી અને એની આશા મૂકી દો એમ જો કોઇ કહેતું તો તુરત જ એનો ગુસ્સો ભભૂકી ઊઠતો.

તેના હૃદયમાં અટલ વિશ્વાસ હતો કે મલેક જરૂર પાછો આવશે. આ વિશ્વાસમાં બીજાં બે જણ પણ ભાગીદાર હતાં: એક તો તુરુ. મલેક ઉપર કોઈ આફત આવી હતી ... એવું ... થાય

એવું તે માની શકતી જ નહિ. તે હમેશાં એના પિતાની ટેકરીએથી પાછા ફરવાની રાહ જોતી. એ આવી ગયા પછી જમવાનો વખત થતો ત્યારે એના બાપુની થાળીની સાથોસાથ મલેકની થાળી પણ પીરસતી. આમ કરવાનું કારણ દર્શાવતાં એ કહેતી કે ધારો કે એ બરાબર જમવાટાણે જ આવી જાય ને એની થાળી પીરસેલી ન જુએ તો એને કેવું માઠું લાગે? મલેકભાઈને હું બરાબર ઓળખું છું એ એવા તો ચોક્કસ છે કે પાછી એ વાત કદી ભૂલે નહિ.

અને બીજો અઝીઝ. જેને મલેકના પાછા ફરવા વિષે અટલ શ્રદ્ધા હતી. ખેતીનું કામ કરનારા તેને અરધો પાગલ માનતા. એના ઉપર પડેલાં કષ્ટોને કારણે એ જરા વિચિત્ર બની ગયો હતો, છતાં અસગરમિયાં, તુરુ અને મલેક પ્રત્યેની એની ભક્તિમાં કશો જ ફરક પડયો ન હતો. જે લોકો મલેક પાછો આવશે નહિ એમ કહેતા એની સાથે એ બરાબર વિવાદ કરતો. મલેક તો હવે મરી ગયો હશે એવી કોઈ વાત કરતું તો તે એનું માથું જ ભાંગી નાખતો. મૂળ તો એનામાં રાક્ષસી બળ હતું જ, એમાં લોકવાયકાઓએ અનેકગણો વધારો કરી દીધેલો, એથી લોકો એનાથી ડરતા ને એને માન આપતા, એને ગુસ્સે કરવાની કોઈની હિંમત ચાલતી નહિ. જ્યારે લોકોએ જોયું કે મલેકની સહીસલામતી વિષે શંકા પ્રદર્શિત કરવાથી તો એ રાની પશુની જેમ ઘૂરકે છે ત્યારે એની હાજરીમાં સૌએ મલેકનું નામ લેવું જ છોડી દીધું. બાકી તેમને સૌને તો ખાતરી જ થઈ ગઈ હતી કે મલેક કાં દરિયામાં તણાઈ ગયો હશે અથવા તો એ મરી ગયો હશે. હવે એ કદી પાછો ફરશે નહિ. દિવસો જતાં અઠવાડિયાં ગયાં ને અઠવાડિયાં વીતતાં મહિના ગયા પણ મલેક પાછો ફર્યો નહિ. હવે તો અસગરમિયાંની પણ હિંમત અને ધીરજ ખૂટી. એને પણ મલેકના આવવા વિષે શંકા લાગવા માંડી. આમ છતાં રોજ ટેકરીએ જવાનું તો તેણે ચાલુ જ રાખ્યું. ત્યાં જવાની હવે તેને એક પ્રકારની આદત જ પડી ગઈ હતી. શ્રદ્ધાને બદલે આદતને જોરે જ હવે

તો તે ત્યાં જતો હતો એ સ્પષ્ટ હતું. છેવટે એક દિવસ સવારે તેણે અઝીઝ આગળ પોતાની શંકા પ્રકટ કરી ને કહ્યું કે હવે ટેકરીએ જઈ એની રાહ જોવી નકામી છે.

નુરુ બાજુમાંથી જ પસાર થતી હતી. તેણે ઉપરના શબ્દો સાંભળ્યા. આંખમાં આંસુ લાવીને તે પોતાના પિતા પાસે આવીને ભારે હૃદયે બોલી: 'બાપુ, આજે સવારે તમે ટેકરીએ નહિ જવાના શું?'

અસગરમિયાંએ માથું ધુણાવી શોકપૂર્ણ સ્વરે જવાબ આપ્યો: "બેટી! હવે ત્યાં જવાથી શું અર્થ સરે એમ છે? એક મહિના કરતાંયે વધારે વખતથી હું રોજ ત્યાં ધક્કા ખાઇ રહ્યો છું, પણ મલેકનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. જો એનાથી આવી શકાય એમ હોય તો તો એ ક્યારનોયે આવી ગયો હોત.'

નુરુના શરીરમાંથી એક કંપારી પસાર થઇ ગઇ. 'બાપુ તમે એમ માનો છો કે એ કદી પાછા આવશે નહિ?' બોલતાં બોલતાં એનો શ્વાસ અદ્ધર ચડી ગયો.

એના અવાજમાં રહેલો કંપ જોઇને અસગરમિયાં ઝબકી ઊઠયો. તેણે ઊંચું જોયું. પોતાની ચિંતામાં જ એટલો બધો ડૂબી ગયો હતો કે દિવસે દિવસે નુરુ ચિંતાથી કેટલી દૂબળી પડતી જતી હતી એના તરફ તેનું ધ્યાન જ ગયું નહોતું. આજે પ્રથમવાર ધ્યાન જતાં જ તે કેટલી દૂબળી, ફિક્કી અને નિર્જીવ બની ગઈ હતી એનો તેને ખ્યાલ આવ્યો. એના મુખ ઉપર ચિંતાની રેખાઓ ફરી વળી હતી અને ચહેરો પીળો તેમજ ફિક્કો બની ગયો હતો. આખું શરીર એવું પાતળું સળેકડા જેવું થઇ ગયું હતું કે સામે નજર માંડવી પણ મુશ્કેલ થઇ પડી.

'નુરુ, અહીં આવ!' તેણે કહ્યું. અને જેવી નુરુ પાસે આવી કે તુરત જ એના શરીર ફરતો હાથ વીંટાળી વહાલથી એને પોતા તરફ ખેંચી લીધી. નુરુ પણ એની બાજુમાં ભરાઈ ગઇ. એની દુઃખી

અને શોકાતુર અવસ્થામાં પિતાએ બતાવેલાં આ વહાલ અને પ્રેમ એને બહુ જ ગમી ગયાં. તેણે પોતાનું મુખ એના હાથમાં છુપાવી દીધું અને આંખમાથી દડ દડ દડ કરતાં આંસુ સરી પડયાં. એનું આખું શરીર કેમ જાણે નિઃસાસા મૂકતું હોય એમ કંપવા લાગ્યું. અને અત્યાર સુધી પરાણે રોકી રાખેલું રુદન તેણે છૂટું મૂકી દીધું. હમણાં જાણે તેનું હૃદય ભાંગી જશે એવી રીતે હીબકે હીબકે એ રડવા લાગી.

'તુરુ, તુરુ, આ શું, બેટી!' અસગરમિયાંએ વહાલથી એને પંપાળતાં અને થબકીઓ મારતાં કહ્યું. 'આમ રડ નહિ. તારા બાપુનાં વચનમાં વિશ્વાસ રાખ. જા, હું કહું છું ને કે મલેક આવશે–જરૂર આવશે!'

તોય તુરુનાં ડૂસકાં શમ્યાં નહિ.

અઝીઝ એકદમ ગંભીર બની ગયો અને ભારેખમ મોઢું કરીને બોલ્યો: 'પંચાયત, ભલે એ રડે. એને અટકાવો નહિ. મોકળે મને એને રડી લેવા દો. એના હૃદયનો બોજ હળવો થઇ જશે. સ્ત્રીઓ હમેશાં એમ જ કરતી હોય છે–બહુ દુઃખ પડે ત્યારે રોઇને મન હળવું કરી લે.'

અસગરમિયાં શોક મગ્ન અને દુઃખી હોવા છતાં અઝીઝની વાત સાંભળી હસ્યા સિવાય રહી શકયાં નહિ. આછું સ્મિત કરીને તેણે અઝીઝને કહ્યું: 'તું વળી સ્ત્રીઓનો સ્વભાવ કે દિવસનો જાણતો થઇ ગયો છે?'

અઝીઝે જરા પણ અચકાયા સિવાય જવાબ આપ્યો:

'જ્યારથી તમે મને કુલસુમની સાથે પરણાવ્યો ત્યારથી! એ ડહાપણનો દરિયો હતી અને તેણે જ મને એનું થોડું ડહાપણ ઉછીતું આપ્યું છે!'

અઝીઝ પોતે કેમ જાણે પોતાના આ હાસ્યમય કટાક્ષથી આનંદિત થયો હોય એમ ખડખડાટ હસી પડયો. તે નુરુને કંઈ વાત કહેવા જતો હતો પણ એનું હસવું જ મા'તું નહોતું એથી તે શબ્દો બોલી શકયો નહિ.

એ પછી હસવું ખાળવા ઠીક ઠીક પ્રયત્નો કર્યા પછી તેણે પોતાની જાતને કાબૂમાં લીધી અને મહામુશ્કેલીએ આટલું બોલ્યો: 'મારી નાની મા, તું રડ નહિ! મલેકમિયાં જરૂર પાછો આવશે, કારણ એને કોઇ ચીજ ઝાઝીવાર રોકી રાખશે નહિ. કુલસુમ પોતે જ કે'તી'તી ને એ તોફાની બારકસ છે. અને એ તો જાણે જ ને? કારણ મલેકના બાપુ અને દાદીમા મરી ગયાં પછી એણે જ બિચારીએ તેને ઉછેરીને મોટો કરેલો!'

અસગરમિયાંને મનમાં થયું કે એક વખત જો આને કુલસુમની વાતે ચડવા દીધો તો પછી કલાકો સુધી એનો અંત નહિ આવે. એટલે કુલસુમની વાત નીકળતાં જ અસગરમિયાંએ તેને વચ્ચેથી અટકાવીને કહ્યું:

'જરૂર જરૂર, કોણ એમ કહે છે કે મલેક નહિ આવે?'

નુરુનો ચહેરો એક ક્ષણભર પ્રકાશી ઊઠયો. પણ બીજી જ ક્ષણે તેણે કહ્યું: 'તમે મને દિલાસો આપવા કોશિશ કરો છો એ ઠીક છે, પણ હું તો ખરી હકીકત શું છે એ જાણવા માગું છું. બાપુ, એ આવશે કે નહિ એ મને કહો. તમને ખરેખર એમ લાગે છે કે એ આવશે?'

અસગરમિયાંએ મૂંગા મૂંગા માથું નમાવીને હા પાડી. પણ એના હૃદયમાં ઉંડે ઊંડે તો નિરાશા જ ભરી હતી.

દીકરીનું લક્ષ્ય આ દુઃખમાંથી બહાર કાઢી બીજી તરફ વાળવા તેણે કહ્યું: ... હવે ... ... સોળમાં જઈ-

મારા માટે તરની પુરીઓ બનાવી લાવ. હમણાં તો ઘણા દિવસથી મેં ખાધી નથી !'

'હમણાં જ જાઉં છું, બાપુ !' તેણે કહ્યું. 'પણ તમે આજે સવારે ટેકરીએ નહિ જાવ શું ?'

'ત્યાં જ જાઉં છું, બેટી !' અસગરમિયાંએ કહ્યું. 'પણ તું પુરી બનાવવાનું શરૂ કરી દે, જેથી હું ત્યાંથી ફરીને પાછો આવી જાઉં ત્યાં સુધીમાં ખાવાનું બધું તૈયાર થઇ જાય.'

તુરુએ એના પિતા તરફ આભારભરી દૃષ્ટિ ફેંકી અને રસોડામાં જવા ઊભી થઇ. અસગરમિયાંએ અઝીઝ તરફ ફરીને કહ્યું: 'અઝીઝ, મારી સાથે ટેકરીએ ચાલ.'

થોડો વખત સુધી તેઓ બંને જણ મૂંગા મૂંગા ચાલ્યા. એમનો રસ્તો ધાનથી લચી પડતાં ખેતરોમાં થઈને જતો હતો. ડાંગરની ઉંબીઓ પવનમાં ઝૂલી રહી હતી. અત્યારે કાપણીનું કામ એટલું જોરથી ચાલી રહ્યું હતું કે માથું ઊંચું કરવાની કોઇને ફુરસદ ન હતી. અસગરમિયાંની આદત સૌથી વધુ દૂરના ખેતરથી કામ શરૂ કરવાની હતી. પણ મલેકના ગયા પછી એના કામકાજની ગોઠવણ ઊલટપલટ થઇ ગઇ હતી. નહિ તો અત્યારે દૂર ખેતરનું કામ પૂરું કરતાં કાપણી કરનારા છેક ઘર નજીકના ખેતર સુધી આવી પહોંચ્યા હોત.

અસગરમિયાં અને અઝીઝ ધીમે ધીમે કરતાં છેલ્લે છેલ્લે જે ખેતરોમાં મલેક કામ કરતો દેખાયો હતો એ ખેતરોને પણ પાછળ રાખી દઇ ક્યાંયના ક્યાંય દૂર નીકળી ગયા.

એ પછી નદીકિનારે આવતાં જ અસગરમિયાંએ નિસાસો નાખ્યો ને બોલ્યો: 'અલ્લાતાલા એને સહીસલામત પાછો મોકલે !'

'આમીન !' અઝીઝે કહ્યું ને એક ક્ષણ ચમકયા પછી ઉમેર્યું: 'જો એ જીવતો હશે તો જરૂર પાછો આવશે. પંચાયત, તુરુબાબાથી અલગ પડી એ લાંબો વખત દૂર રહી શકશે નહિ !'

'હા, હા, જરૂર !' અસગરમિયાંએ કહ્યું. 'બન્ને છોકરાંને એક-બીજાં પર એટલું હેત છે કે જુદાં રહેવું ગમે નહિ. અને હેત કેમ ન હોય ? નાનપણથી જ તેઓ સાથે ઊછર્યાં છે અને કેમ જાણે એક જ માબાપનાં છોકરાં હોય એવાં લાગે છે. એના ગયાથી નુરુને બહુ જ આઘાત લાગ્યો છે. એનું દુઃખ એનાથી ભૂલાતું જ નથી.'

'નુરુબીબીને આઘાત થાય અને જુદાઇનું દુઃખ ન વિસરાય એ સ્વાભાવિક છે' અઝીઝે કહ્યું. 'કુલસુમ કહેતી કે આ બન્નેની કેવી સુંદર જોડી બનશે ! ખુદાતાલાએ જાણે એ બંનેને એકબીજાં માટે જ સરજ્યાં હોય એમ લાગે છે !'

'આ તું શું બકે છે ?' અસગરમિયાંએ જરા ગુસ્સે થઇને કહ્યું. 'તેઓ તો બન્ને ભાઇ-બહેન જેવાં છે, અને બન્ને એ રીતે જ ઊછર્યાં છે.'

'નહિ, પંચાયત !' અઝીઝે માથું ધુણાવ્યું. 'તમે કદાચ એ બન્નેને ભાઇબહેન સમાન ગણ્યાં હશે અને એ રીતે એની સાથે વર્તતા હશો, પણ એ બન્ને જણ એમ માનતાં નથી, એ વિષે મને સો ટકા ખાતરી છે. કુલસુમ કહેતી'તી'

અસગરમિયાંનો મિજાજ હાથથી ગયો. ગુસ્સાથી ભભૂકી ઊઠીને એ બોલ્યો. 'જરી જરી વાતમાં તારી કુલસુમને વચ્ચે ન લાવ. મલેક અને નુરુ ભાઇ-બહેન સમાન છે. ફક્ત તારા જેવા મૂરખ માણસો જ બીજું કશું ધારી બેસે છે.'

અઝીઝને ખૂબ જ માઠું લાગ્યું. તેણે ઘણા જ નમ્રતાસૂચક સ્વરે કહ્યું. 'ભલે તમને એમ હોય, તો મારે કશું કહેવું નથી. પણ એક વાત સમજી લેજો પંચાયત, કે નુરુ એના ભાઇ માટે આટલો અફ-સોસ ગુજારી રહી છે એમ તમે માનતા હો તો ભૂલ ખાઓ છો. તમે એના સામું તો જોજો—આટલા થોડા દિવસોમાં તો એ કેટલી ફિક્કી અને દૂબળી પડી ગઈ છે !'

અસગરમિયાંએ તિરસ્કારપૂર્ણ સ્વરે કહ્યું. 'શું એક બહેન એના ભાઈ પાછળ ઝૂરી ઝૂરીને ફિક્કી–દૂબળી ન બને એમ કોઈએ સાંભળ્યું છે ખરું ?'

અઝીઝે દઢતાપૂર્વક જવાબ આપ્યો: 'હું તમારી સાથે ઝાઝી દલીલ નહિ કરું, પંચાયત ! પણ એટલું કહું છું કે નુરુબીબી ભાઈ માટે શોક કરતી નથી પણ પ્રેમી માટે શોકાકુળ બની છે. અને કુલસુમ તો કહેતી...'

અસગરમિયાં આકળો અને અધીરો થઈ એને બંધ રહેવા સૂચવતો હતો, પણ અઝીઝ એમ બંધ થાય એમ નહોતો.

'મહેરબાની કરીને મારી વાત સાંભળો !' તેણે કહ્યું. 'મેં કુલસુમ પાસેથી બધી વાત સાંભળી છે, અને તે એ કે મલેક જ્યારે પહેલવહેલો તમારે ઘેર રહેવા આવ્યો ત્યારે એના અને બશારના મનમાં આ ખ્યાલ પડયો જ હતો. એ વખતે પણ નુરુબીબી અને મલેક વચ્ચે ગાઢી દોસ્તી હતી અને કુલસુમ તેમજ બશાર બન્નેએ એવી આશા રાખી હતી કે આ રીતે બન્ને જણ હેતપ્રીતથી સાથે મોટાં થશે પછી તમે પણ એમનાં લગ્નની હા પાડશો. જો આમ ન હોય તો તેઓ મલેકમિયાં કે જે તમારા સૌથી કટ્ટર દુશ્મનનો દીકરો થાય તેને તમારે ઘેર શા માટે રહેવાને મોકલે ?' કેમ જાણે પોતાની વાત ગળે ઉતરાવવા કોશિશ કરતા હોય તેમ તેણે ભારપૂર્વક કહ્યું.

અસગરમિયાંએ કશો જવાબ આપ્યો નહિ, પણ એકદમ ગંભીર બની ગયો અને વિચારમાં ઊંડો ઊતરી ગયો હોય એમ દેખાયું. તેણે પોતાની શંકા દઢ કરે અથવા નિર્મૂલ કરે એવા કેટલાયે પ્રસંગો યાદ કરવા પ્રયત્ન કર્યો. બુઢ્ઢા અઝીઝની વાતોએ સ્વપ્ને પણ ખ્યાલ ન હોય એવા વિચારો એના મગજમાં પેદા કર્યા હતા. તેણે નુરુ અને મલેકને પોતાની નજર સામે જ ઊછરતાં જોયાં હતાં. તેણે બન્ને કેમ જાણે પોતાનાં જ બાળક હોય એ રીતે વર્તાવ રાખ્યો હતો અને તેમનુ

લાલન-પાલન કર્યું હતું. પોતાની પત્નીએ પણ એ રીતે જ આ બન્ને બાળકોને ઉછેર્યાં હતાં. આ બન્ને છોકરાંનાં મનમાં ભાઈબહેન સિવાયનો કોઈ બીજો જ ખ્યાલ હોય એવો વિચાર એમના મનમાં કદી ઊઠયો જ ન હતો. પણ અઝીઝે આજે જે વાત કરી તેણે એની દૃષ્ટિ જ ફેરવી નાખી. પોતાના મનની શંકાને દૃઢ બનાવે એવા કેટલાયે પ્રસંગો અઝીઝે કરેલા સૂચન પછી એની નજર આગળ નવી જ રીતે તરવરવા લાગ્યા.

તેને અચાનક યાદ આવ્યું કે નુરુ મલેક સાથે સીધી વાતચીત ભાગ્યે જ કરતી હતી અને છતાંયે એ જે કંઈ બોલતી તેમાં સીધા યા આડકતરી રીતે મલેકનો ઉલ્લેખ આવેલો જ હોય. વળી મલેકને ભાવતી ચીજો એ કેટલી કાળજીપૂર્વક અને ધ્યાન દઈને બનાવતી એ પણ તેને યાદ આવ્યું. ગયે જ વરસે જ્યારે તેણે મલેકને વિદ્યોટી ઉઘરાવવા સામે કાંઠે મોકલેલો ત્યારે નુરુ કેટલી ચિંતાતુર અને આકુળ-વ્યાકુળ બની ગઈ હતી! જો કે સીધી રીતે તે કશું બોલી ન હતી છતાં એની વાતોમાં અને હાવભાવમાં તથા રીતભાતમાં બધાંમાં મલેક જણાતો હતો. એની ચિંતા અને દુઃખ કેવાં વ્યક્ત થતાં હતાં! મલેક નક્કી કરેલા સમય પહેલાં એક દિવસ અચાનક વહેલો આવ્યો એ જોઈ તે કેવી શરમથી લાલ લાલ થઈ ગઈ હતી એ વાત એને યાદ આવી. વળી મલેક ખોવાઈ ગયો છે અને એનો પત્તો મળતો નથી એ વાત સાંભળી તેને કેવી મૂર્છા આવી ગઈ હતી અને એ પછી દિવસે દિવસે તે કેવી ફિક્કી, પીળી અને દૂબળી પડતી જતી હતી એ બધા પ્રસંગોની હારમાળા તેના સ્મરણપટ ઉપર આવવા લાગી. અને અત્યારે પણ મલેક પાછો આવતો નથી એ કારણે એની પોતાની નજર સામે જ એ કેટલી શોકાકુલ, વિહ્વળ અને દુઃખી થાય છે એ નજરે જોતો હતો.

આ બધું તેણે નહોતું જોયું એમ નહિ. પણ અત્યાર સુધી

એને તે એક બહેન, ભાઇ માટે શોક ગુજારી રહી છે એમ માનતો હતો. નુરુ સ્વભાવે જ પ્રેમ અને લાગણીથી ભરપૂર હતી એ વિષે કોઇ શંકા નહોતી. જે જે લોકો એના સંસર્ગમાં આવતા એ તેનો મધુર સ્વભાવ, પ્રેમ અને લાગણીભર્યો વર્તાવ ભૂલતા નહિ. એના મીઠાશભરેલા વર્તનની અસર સામા માણસ ઉપર બરાબર થતી. આથી નુરુએ મલેક પ્રત્યે અત્યાર સુધી જે લાગણી બતાવી હતી એ બહેન ભાઇ પ્રત્યે બતાવે એવી નહિ પણ એક માશુક આશકની પ્રત્યે બતાવે એવી હતી એ પોતે શી રીતે જાણી શકે ?

આ જાતના વિચારો અસગરમિયાંના મનમાં આવતાં જ તે ચિડાઇ ને અવાજમાં કડવાશ લાવીને અર્ધું મનમાં અને અર્ધું પ્રકટપણે બોલ્યો :

' હું પોતે જ મૂરખ બન્યો...બીજું શું ? '

અઝીઝે કાન સરવા કર્યા. તેને થયું કે પોતે જે શબ્દો સાંભળ્યાં એ બરાબર સાંભળ્યા છે કે નહિ ? કારણ પંચાયત લાગણીવશ બની પોતાના મનની વાત ઝટ દઇને પ્રગટ કરી દે એવો માણસ નહોતો. એ વાત પોતે જાણતો હતો, અને છતાંયે પંચાયતનો શબ્દે શબ્દ તેણે બરાબર સાંભળ્યો હતો. પંચાયત પોતાની અક્કલને જ દોષ દેતા હતા, છતાં પાકું કરવા તેણે પૂછ્યું :

' તમે હમણાં શું કહ્યું, પંચાયત ? '

અસગરમિયાં એક ક્ષણ પણ આત્મસંયમ ગુમાવી પોતે ન બોલવાનું બોલી ગયો એ બદલ શરમિંદો બની ગયો હતો. હવે સ્થિર બનીને તેણે મશ્કરીભર્યા સ્વરે જવાબ આપ્યો:

' હું એમ કહેતો'તો કે તું સાવ મૂરખ છે.'

અઝીઝ જરા પણ પાછો પડ્યા વિના સ્વસ્થતાથી બોલ્યો : ' અલબત્ત, હું મૂરખ છું અને એ વાત હું જાણું છું, પણ બીજા

કેટલાક એવા માણસો હોય છે કે જે મૂરખ હોય છે છતાં એ વાત તેઓ જાણતા હોતા નથી !'

'તું શું કહેવા માગે છે ?' અસગરમિયાં એના તરફ ફરી ગુસ્સો પ્રકટ કરીને બોલ્યો.

'કંઈ નહિ.' અઝીઝે મુખ ઊપર લુખ્ખું હાસ્ય લાવીને કહ્યું. 'હું મૂરખ છું અને મૂરખ માણસ જે કંઇ બોલે તેના ઉપર કોઇ ધ્યાન જ આપતું નથી. કુલસુમ પણ કહેતી'તી...'

'હવે તારી આ કુલસુમની વાતથી તો અલ્લા–તોબા !' અસગરમિયાંએ અધીર બનીને કહ્યું.

'પણ કુલસુમ કેટલી શાણી છે એ જાણો છો ? એ કંઈ મૂરખ નથી.' અઝીઝ તો ધોકો ને ધડકી લઇને મંડયો જ રહ્યો. 'અને તેણે મને કહ્યું છે કે તમારે બીજો કોઇ બોલાવે નહિ ત્યાં સુધી અમથી અમથી વાત કદી ન કરવી.'

'આ એક બાબતમાં તો એ સાચી !' અસગરમિયાંએ કહ્યું. 'જો એણે તને આવી સલાહ આપી હોય તો મારે કહેવું જોઇએ કે મેં ધાર્યું'તું એ કરતાં એનામાં વધારે સમજણ નીકળી.'

કુલસુમની પ્રશંસા સાંભળી અઝીઝનું મોં આનંદથી ચમકી ઊઠયું. તેણે ઉત્સાહિત થઇને કહ્યું: 'તમે ખરું કહો છો. પંચાયત ! એની એક નાની આંગળીમાં જેટલી અક્કલ ભરી છે એટલી મારા આ આખા શરીરમાં નથી ભરી.'

અસગરમિયાં ખૂબ ચિડાયેલો હોવા છતાં હસી પડયો. તેણે હસતાં હસતાં કહ્યું:

'તું ઘણો ભલો માણસ છો, અઝીઝ ! પણ તને કળ–વકળની જરાય ખબર નથી. ક્યારે મૂંગા રહેવું ને ક્યારે બોલવું એ જાણે તું સમજતો જ નથી ને મનમાં જે આવ્યું તે જલદી ભખભખા

નાખે છે ! તું વારંવાર શાદને ઉચ્ચાર્યા કરે છે? મેં તને એક વખત સાફ સાફ કહી દીધું છે કે એ વાત નકામી છે અને અશક્ય છે. પછી એને વારંવાર આગળ લાવવાથી શું લાભ ?'

પણ અઝીઝ એમ સહેલાઇથી લીધી વાત મૂકે એવો ન હતો. તેણે કહ્યું:

'પણ શા માટે એ વાત તમને અશક્ય અને નકામી લાગે છે, પંચાયત? શું મલેકમિયાં નજુમિયાંનો–તમારા કટ્ટા દુશ્મનનો–દીકરો છે એટલા માટે!'

'નજુમિયાંને આ નિર્ણય સાથે કશી જ નિસબત નથી. વળી નજુમિયાં તો બિચારો અત્યારે હયાત પણ નથી.' અસગરમિયાં જે અત્યારે પોતાના ગુસ્સાને કાબુમાં રાખવા મથી રહ્યો હતો તેણે પરાણે શાંતિ જાળવી રાખીને કહ્યું. ને પછી પોતાનો સ્વર તીણો કરીને ઉમેર્યું: 'અસગરમિયાંને મરી ગયેલા માણસ પર દુશ્મનાવટ નથી. છતા હુ તને કહું છું, અઝીઝ, કે તું જે વાત કરે છે એ કદી બનનાર નથી–બની શકે એમ નથી. એટલે આ વાતનો બંધ તું અહીં જ વાળી લે એમાં જ સૌનું ભલું છે. આવી વાત જેટલી ઓછી થાય એટલું સારું. મેં કહ્યું એટલી વાતમાં સમજી જા.'

'પણ મેં કહ્યું એ વાત હું એકલો જ ધારું છું એમ નથી, પંચાયત!' અઝીઝે કહ્યું. 'અરે, નુરુબાબા અને મલેકમિયાં પણ મારા જેમ જ ધારે છે.'

અસગરમિયા ગુસ્સાથી લાલચોળ થઇ એના ઉપર એવો તાડૂકી ઊઠ્યો કે અઝીઝ પણ ઘડીભર આશ્ચર્યથી ચકિત બની ગયો ને ડેલા-ઇને ઊભો'તો ત્યાંથી સહેજ પાછો હટી ગયો.

'તેં તો આ વાત નુરુને કીધી નથી ને?' અસગરમિયાંએ એને ધમકાવીને કહ્યું.

'મારે તુરુઆીઓને શા માટે એવું કંઇ કહેવું જોઇએ ?' અઝીઝે વાંધો ઉઠાવ્યો. પછી થોડીવારે તેણે કહ્યું: 'પણ તુરુઆઓ અને મલેક-મિયાંએ શાદી શા માટે ન કરવી એ વિષે તો તમે મને કંઇ ખુલાસો જણાવ્યો નહિ ?'

'હું જેટલી જેટલી વાતો વિચારું છું અને કરું છું એ બધાના ખુલાસા મારે તારી આગળ કરવા જ જોઇએ એવું શું લખી આપ્યું છે ?' અસગરમિયાંએ કેમ જાણે વાત પૂરી કરતો હોય એ રીતે દૃઢતાથી કહ્યું. 'દરેક વાતના ખુલાસા હોય નહિ. હું કહું છું કે એ વાત કદી બનશે નહિ, અને એટલું તારે માટે બસ છે.'

અઝીઝને એથી સંતોષ થયો નહિ છતાં અનિશ્ચિત દશામાં માથું ખંજવાળતા ખંજવાળતાં ડોક નમાવી અણે હા ભણી. એ કંઈક પૂછવા જતો હતો પણ અસગરમિયાંનો મિજાજ બગડી ગયેલો જોઈ વધારે પૂછવાની તેની હિંમત ચાલી નહિ. અસગરમિયાં ઊંડા વિચારમાં ડૂબી ગયો હતો અને હવે બન્ને જણા મૂગા મૂંગા ટેકરી તરફ જઇ રહ્યા હતા. તેઓએ દૂર દૂર ક્ષિતિજમાં તાકીને જોયું અને અઝીઝ એકાએક આનંદથી પાગલ બનીને કૂદકો મારી બોલી ઊઠ્યે:

'જુઓ જુઓ પે...લો શઢ દેખાય !'

'ક્યાં ? કઇ તરફ ?' અસગરમિયાંએ દરિયા તરફ નજર નાખી આતુરતાથી પૂછ્યું.

થોડા વખતમાં જ શઢ ફરી દેખાયો. હવે શંકાને જરા પણ સ્થાન ન રહ્યું. દૂર દૂર પંખીના પાંખ જેવા શઢ પવનમાં ફફડાટા મારતા હતા અને વહાણ ઊપરથી ખલાસીઓનાં ગીતોના અવાજ પણ સંભળાતા હતા. ખલાસીઓ દરિયાઈ જીવનના, સાહસ અને શૌર્યના, પ્રેમ અને મહોબ્બતના મસ્ત ગીતો લલકારતા હતા. વહાણ જેમ જેમ નજીક આવતુ ગયું તેમ તેમ એના શબ્દો સ્પષ્ટ રીતે સંભળાતા હતા.

'અહેશાન ખુદાનો કે એ લોકો આપણા દોસ્તો છે—દુશ્મનો નથી !' અસગરમિયાંએ છુટકારાનો દમ ખેંચતાં કહ્યું.

વહાણ નજીક આવતું જતું હતું. પણ અંદરના માણસોની આકૃતિઓ અને ચહેરાઓ સ્પષ્ટ રીતે ઓળખાતાં ન હતાં સૂર્યના પ્રચંડ તાપના પડછંદ પૃષ્ટ ઉપર કેમ જાણે કાંસાનાં પૂતળાં ઊભાં હોય એવા તે લાગતા હતા. એમાંથી એક આકૃતિ તૂતક ઉપર સૌથી આગળ ઊભી હતી અને ટેકરી ઉપર ઊભેલા અસગરમિયાં તેમજ અઝાંઝને જોઈ એના તરફ પાગલ બનીને હાથ હલાવતી હતી.

'જુઓ, જુઓ, એ જ મલેકમિયાં !' અઝાંઝે આનંદથી ઉન્મત્ત બનીને કહ્યું. એટલામાં વહાણ નજીક આવી પહોંચ્યું. મલેકે વહાણમાંથી પાણીમાં કૂદકો માર્યો અને મોટા મોટા શેલારા દઈ ઝડપથી પાણી કાપતો કિનારા તરફ આવ્યો.



[૨૧]

મલેકની આપવીતી

અસગરમિયાંના ઘરમાં આજે આનંદનો દિવસ ઊગ્યો હતો. ખરી રીતે કહીએ તો એ આનંદનો દિવસ માત્ર એ એક જ ઘરમાં નહિ પણ આખા ટાપુમાં ઊગ્યો હતો. મલેક પાછો ઘેર આવ્યો છે એવા સમાચાર આખા ટાપુમાં વીજળી-વેગે પ્રસરી ગયા હતા અને મલેકને જોવા માટે લોકોનાં ટોળે ટોળાં અસગરમિયાંના ઘર પાસે ભેગાં થયાં હતાં. મલેકની આજુબાજુ અનેક પ્રકારની વાતો પણ ફેલાણી હતી. આમાંથી મોટા ભાગની કપોલકલ્પિત દંતકથાઓ જ હતી અને તે મલેકનાં પરાક્રમ અને અસાધારણ સિદ્ધિઓનાં ગુણગાનથી જ ભરેલી હતી. નાનાં બાળકો એના તરફ આશ્ચર્ય અને પ્રશંસાની દૃષ્ટિથી જોઇ રહેતાં, કારણ એમની નજરમાં મલેક દૂરદૂરના કંઇક અજાણ્યા અને અદ્‌ભુત દેશમાંથી મુસાફરી કરીને પાછો આવેલો વીરપુરુષ હતો.

અસગરમિયાં પણ ખૂબ ખુશી થયા. એના ચહેરા ઉપર આનંદની ઝલક દેખાતી હતી. અઝીઝના આનંદની તો કોઈ સીમા જ ન હતી. જેવો મલેક પાણીમાં કૂદી પડયો કે તુરત જ તે પણ પાણીમાં કૂદી પડયો. તેણે મલેકને પોતાની પાસે ખેંચી છાતી સરસો ચાંપ્યો, અને મલેક જો કે હવે ખડતલ જુવાન આદમી બની ગયો હતો, છતાંયે કેમ જાણે નાનો બાળક હોય તેમ તેણે એને ઉપાડીને ઊંચો કરી લીધો અને ફરી ફરીને એને હૃદય સાથે ચાંપવા લાગ્યો. : જો મલેકે

તેને એની મરજી મુજબ કરવા દીધું હોત તો તે એને તેડીને છેક કિનારા સુધી મૂકી આવ્યો હોત, પણ મલેક હસતાં હસતાં એની બાથમાંથી છૂટો થયો અને ચાલીને અસગરમિયાં પાસે ગયો. જઈને તુરત એ બુઝર્ગના પગમાં પડી ગયો અને એની ચરણરજ માથે ચડાવી. અસગરમિયાંએ વાંકા વળી એને બેઠો કર્યો અને બથ ભરીને ભેટયો. ઘણી વાર સુધી આ સ્થિતિમાં બંને જણ રહ્યા. અસગરમિયાં કશું બોલ્યો નહિ પણ એની આંખમાંથી દડદડ કરતાં આનંદાશ્રુ સરી પડયાં.

બાજુમાં જ અઝીઝ ઊભો હતો. મલેક જેવો અસગરમિયાંને ભેટીને છૂટો પડયો કે તરત જ ફરીને અઝીઝ એને ભેટી પડયો. અને એણે માત્ર મલેકને જ ભેટીને સંતોષ માન્યો નહિ, પણ ખબાક ખબાક પાણી ઉડાડતો હોડી-વાળાઓ પાસે પહોંચ્યો અને મલેકને અહીં સુધી સાજો-નરવો પહોંચાડી લાવવા બદલ એમને પણ ભેટયો. ટૂંકામાં જે જે માણસો એને સામા મળ્યા એ બધાને એ ભેટવા લાગ્યો અને મલેકના આગમનની ખુશીમાં મસ્ત બનીને તે અસગરમિયાંને પણ ભેટી પડયો અસગરમિયાંએ કશી આનાકાની કર્યા શિવાય આજે એને ભેટવા દીધો અને હસતાં હસતાં બોલ્યો: 'આજે એકવાર તારી કુલસુમની ભવિષ્યવાણી સાચી પડી. એ તો અમારા બધા કરતાંયે મોટી ભવિષ્યવેત્તા નીકળી !'

અઝીઝ ઉત્સાહિત થઈને હરખાતો હરખાતો બોલ્યો: 'ના ના, પંચાયત, આ એક વખતે જ એની વાત સાચી પડી એમ કહીને તો તમે એને અન્યાય કરો છો ! કુલસુમ એક વખત નહિ પણ હમેશાં જે કહે તે ખરું જ પડે છે. ખોટું પડતું હોય તો તે ફક્ત આપણું જ.'

મલેક નિર્વિઘ્ને પાછો આવ્યો. એના માનમાં અસગરમિયાંએ મોટી મિજબાની આપી. હોડીવાળાઓ પણ એક દિવસ રોકાઈ ગયા. તેઓ

તો મોંઘેરા મહેમાન બન્યા હતા. એમને માટે એક ખાસ પસંદ કરેલો હૃષ્ટપુષ્ટ ઘેટો હલાલ કરવામાં આવ્યો. મચ્છીના કકડાને ભૂંજીને એમાં ગરમાગરમ મસાલો નાખી ચટાકેદાર બનાવવામાં આવી. નુરુએ પોતાના પ્રેમી માટે જાતજાતની વાનગીઓ બનાવી. એને જાતે પીરસવાનું ન બનતાં એ થોડી નિરાશ થઇ. મલેક તો બીજા મહેમાનો સાથે બહાર ઓસરીમાં જમવા બેઠો હતો. માત્ર પોતે અવારનવાર કોઈ ને કોઇ બહાને પોતાના ઓરડામાં જઇ બારીમાં ઊભી ઊભી એ નજર નાખી લેતી.

ઓસરીમાં સાદડીનાં આસનો પાથરી દીધાં હતાં. અને આગળ લુગડાના લાંબા કટકા ઉપર થાળીઓ ગોઠવવામાં આવી હતી. જમનારા એટલા બધા હતા કે થાળીઓ પણ ખૂટી પડી, એથી ઘણાને કેળનાં પાંદડામાં જમવું પડયું. બધા જમવા બેસી ગયા એટલે એક જણ આવીને મોટા કટોરામાંથી દરેકની થાળીમાં થોડું થોડું નિમક પીરસી ગયો. પછી ભાત પિરસાયા અને કઠોળ સાથે પકાવેલું ગોસ્ત પિરસાયું. એ પછી કચુંબર, દહીંના વાટકા, મલાઇ અને મચ્છીની કઢી વગેરે પિરસાયું જમનારાઓએ એ પેટ કરીને ખાધું કારણ કે આવું સરસ ભોજન એમને હંમેશ કાંઈ મળતું નથી હોતું. વળી ભોજનમાં જે જે ચીજ-વસ્તુઓ વાપરવામાં આવી હતી એ પણ ઊંચા પ્રકારની હોવાથી જમવાનું બધું ખૂબ જ સ્વાદિષ્ટ બન્યું હતું અને ખાવામાં ખૂબ જ લહેજત પડતી હતી.

બધા જમી રહ્યા એટલે થાળીઓ ઉપાડી લીધી. કપડાના પટા સંકેલી લીધા અને ઓશરી વાળીચોળીને સાફ કરી નાખી. એ પછી બધા માણસો ટોળે વળીને પાસે પાસે બેઠા ને મલેક કયાં ગૂમ થયો હતો અને કેવી રીતે પાછો આવ્યો એ વાત સાંભળવા અધીરા બન્યા. અસગરમિયાંએ પોતાને માટે પોતાનો હુક્કો મંગાવ્યો ને બીજા મહેમાનો માટે બીજા હુક્કા મંગાવ્યા. ગુડગુડાટ કરતાં હુક્કાની પાંચ-સાત ઘૂંટ ખેંચ્યા પછી મલેક તરફ ફરીને પૂછ્યું: [illegible] કાં, હવે ચલાવ તારી

વાત.' એક ક્ષણ અટકયા પછી તેણે ઉમેર્યું: 'તેં તો અમને સૌને ભારે ચિંતામાં નાખી દીધાં'તાં !'

મલેક જરા ગુંચવાયો. એની ઇચ્છા તુરુ પણ આ કહાણી સાંભળે એવી હતી. અસગરમિયાંએ મલેકના મોં ઉપર મૂંઝવણ જોઇ અને એના કારણનું અનુમાન કરી લીધું. તુરત જ એણે મલેકને ઉદ્દેશીને કહ્યું: 'એમાં અચકાય છે શા માટે?'

મલેકે અર્ધ-મને જવાબ આપતાં કહ્યું: 'આજે રાત્રે નિરાંતે જ આખી વાત કહું તો એ વધારે ઠીક નહિ થાય?'

'એમ શી રીતે ચાલે?' અસગરમિયાંએ તુરત જ જવાબ આપ્યો. 'બધા માણસો તારી વાત સાંભળવા માટે તો અહીં એકઠા થયા છે. તેઓ અત્યારે જ સાંભળવા ઉત્સુક છે. રાત સુધી એ લોકો રાહ જોઇ શકે નહિ. સાંજ પહેલાં તો પોતપોતાને ગામ ચાલ્યા જવું જોઇએ. અને ધાર કે એ અહીં રાત સુધી રોકાય તો એને ખવરાવશે કોણ?' અસગરમિયાંએ આંખનો સનકારો મારી હસતાં હસતાં કહ્યું.

છતાંયે મલેક હજી સુધી અચકાતો હતો. પણ એકઠા થયેલા લોકોએ એના ઉપર ખૂબ જ દબાણ કર્યું અને અત્યારે જ વાત કહેવા ધમાધમી કરવા લાગ્યા.

'બસ, ચાલો હવે, બહુ થયું! અસગરમિયાંએ કહ્યું. બધા લોકો અત્યારે જ વાત સાંભળવા માગે છે. હવે તું એને નિરાશ ન કર. વળી આ માછીમારો, જે તને હોડીમાં લઇ આવ્યા છે, એને પણ તારી વાત સાંભળવામાં મઝા પડશે.'

'પણ એમણે તો બધી વાત ક્યારની સાંભળી લીધી છે.' મલેકે વાંધો ઉઠાવ્યો.

'બસ હવે, બહુ થયું, મલેક!' અસગરમિયાંએ ધૈર્ય છોડી

અવાજ સહેજ ગંભીર બનાવીને કહ્યું. 'છોકરમત કરમા. અને વાત શરૂ કરી દે. આ બધા માણસો અહીં તને મળવા અને સાંભળવા એટલા માટે આવ્યા છે ને એમને તારા તરફ લાગણી છે–માન છે. હવે જો તું એમની તરફ આ રીતે વર્તે એ ઠીક કહેવાય ? અત્યારે વાત કરવામાં તારું શું જાય છે ? '

મલેક કેમ કરીને સમજાવે કે એનું શું જાય છે ? એના મોં ઉપર મૂંઝવણ હતી.

બાજુમાં જ અઝીઝ ઊભો હતો. તેણે વાંકા વળી ધીમેથી મલેકના કાનમાં ' કહ્યું: ' તમારે આ વાત પહેલાં નુરૂબીબીને કરવી છે ને ? તે ભલેને ! જુઓ એ પેલી બારી પાછળ ઊભાં છે. ત્યાં ઊભાં ઊભાં સાંભળશે. જરાક મોટેથી વાત કરશો તો અક્ષરે અક્ષર એને કાને પડશે.'

મલેકે અઝીઝ સામે આભારની લાગણી દર્શાવતી દષ્ટિ ફેંકી ને બીજી જ પળે તેણે બારી સામે જોયું. બારીના પડદા પાછળ એક આછો સંચાર એના કાને પડતાં જ એને ખાતરી થઇ ગઈ કે નુરુ ત્યાં જ ઊભી છે અને એની વાત સાંભળવા ઉત્સુકતાથી રાહ જોઈ રહી છે.

અસગરમિયાંએ વચ્ચે વચ્ચે થયેલી આ ગુસપુસ અને સાથે સાથે મલેકના ચહેરા ઉપરનો બદલતો રંગ અને એની આંખની ચમક નિહાળ્યાં.

મલેક જરા અસ્વસ્થ બનીને પોતાની બેઠકમાં જરા આઘોપાછો થયો. આટલી બધી આંખો એના એક ઉપર આજે મંડાયેલી હતી એથી તે જરા ક્ષોભ પામ્યો. તેણે આ રીતે બધા લોકોની સભા આગળ વાત કરવી પડશે એમ ધાર્યું નહોતું. એના મનમાં તો એમ હતું કે અસગરમિયાં ને નુરુ બે જ જણને તેણે પોતાની વાત સંભળાવવાની હતી. એક બાજુ અસગરમિયાં આંખ મીંચીને એનો હુક્કો

ગડગડાવતો હશે અને બીજી બાજુ વાતો સાંભળતાં સાંભળતાં નુરુની આંખો ચમકતી હશે અને પોતાના ઉપર અમી વરસાવતી હશે. એને બદલે અત્યારે તેને પોતાથી અચાનક અજાણ્યા બની ગયેલા લોકોના ટોળાને ઉદ્દેશીને વાત કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

છેવટે ખોંખારો ખાઈને તેણે પોતાની રામકહાણી શરૂ કરી.

'મને યાદ છે ત્યાં સુધી હું આશરે ચાલીસેક દિવસ પહેલાં સવારે અહીંથી ખેતરે ગયો હતો. એ વખતે સૂરજ નાડા-વા ઉપર આવ્યો હતો. હેમન્ત ઋતુનો શીતળ વાયુ મંદ મંદ વહેતો હતો. લાણીટાણું શરૂ થઈ ગયું હતું અને ખેતરમાં સૌ પાક વાઢવા લાગ્યાં હતાં. હું તો અહીંતહીં ફરતો ફરતો બધાં ખેતરોમાં કામકાજ બરાબર ચાલે છે કે નહિ તેની દેખરેખ રાખતો હતો. જો કે મારે દેખરેખ રાખવાનું નહોતું-બધા માણસો ઉમંગથી કામ કરતા હતા, કારણ અસગરચાચાના કામમાં સૌને પૂરી દાડી મળતી, એટલે માણસો દોડીને કામે આવતા. જો કે અસગરચાચા આપેય એટલું તે કામ કઢાવેય એટલું. કોઈ વાતમાં કમીના ક્યાં રાખે એવા છે?' લોકો આ વાત સાંભળી હસ્યા અને અસગરમિયાંથી પણ સહેજ હસી પડાયું.

મલેકે આગળ ચલાવ્યું: 'જ્યારે મેં જોયું કે સૌ માણસો પોતપોતાનું કામ બરાબર કરી રહ્યા છે ત્યારે મને મનમાં થયું કે લાવ જરા હોડી લઈને નદીમાં થોડી સફર મારી આવું અને દરિયાકિનારે પાસેની ટેકરીમાં આંટો મારી આવું. આ જગા ઉપર મને મૂળથી જ પ્યાર-એમાંય તે જ્યારથી ચાચીમાને ત્યાં દફનાવ્યાં છે ત્યારથી તો એ ભૂમિ મારે મન પાક બની ગઈ છે. વાતની વિગત સમજાવતાં તેણે કહ્યું અને તરત જ તેણે નુરુવાળી બારી તરફ ઝડપથી દૃષ્ટિ ફેંકી. પડદાવાળી બારી પાછળ જે સંચાર થયો તેણે તેને બતાવી આપ્યું કે નુરુ ત્યાં જ હતી અને એની વાત બરાબર સાંભળતી હતી. એ પછી તેણે અસગરમિયાં તરફ જોયું. અસગરમિયાં

આંખો મીંચીને બેઠો હતો અને મલેકની વાત સાંભળી પોતે પણ કેમ જાણે એના અભિપ્રાય સાથે સંમત હોય તેમ હકારમાં માથું ધુણાવ્યું. પોતાની પત્નીનો કોઇ ઉલ્લેખ કરતું ત્યારે એનું હૃદય હલી ઊઠતું. આવે વખતે રખેને પોતે આટલા બધા માણસોની હાજરીમાં લાગણીવશ બની જશે એનો તેને પોતાને પણ ડર લાગતો.

મલેકે પોતાની કહાણી આગળ ચલાવી: 'જેમ જેમ હું સમુદ્રની નજીક આવ્યો તેમ તેમ મને લાગ્યું કે પ્રવાહ વિશેષ ને વિશેષ ગતિ પકડતો જાય છે અને એ ગતિમાં હોડીને આગળ ને આગળ ઘસડી જાય છે. મેં એની તરફ ખાસ લક્ષ્ય આપ્યું નહિ, કારણ કે મારી પાસે હલેસાં હતાં અને મને ઇચ્છા થાય ત્યારે હું પાછો આવી શકું તેમ હતું. અગાઉ ઘણી વાર આ રીતે હું નદીના વેગીલા પ્રવાહમાં ગયેલો અને હલેસાં મારીને પાછો આવેલો, એથી મને જ્યારે હું પોતે ઇચ્છું ત્યારે પાછો આવી શકું એવી મારી શક્તિમાં ખૂબ ખૂબ વિશ્વાસ હતો. પણ જેવો હું ખુલ્લા દરિયામાં આવ્યો કે તુરત જ અચાનક બે-ત્રણ સઢો મારી નજરે પડ્યા. બપોરના ભાગમાં આમ ભાગ્યે જ બનતું, કારણ માછીમારો અહીં સુધી આવતા ખરા પણ એ તો વહેલી સવારે, જાળ નાખી માછલાં પકડી પોતાનું કામ પુરું કરી સૂર્ય હજી માંડ બે નાડા-વા ઉપર ગયો હોય ત્યાં તો પાછા ચાલ્યા જતા. કેમ, હું કહું છું તે ખરું છે ને?' ત્યાં બેઠેલા માછીમારો તરફ જોઇને તેણે પૂછ્યું.

'તમે ખરું કહો છો, ભાઇ!' એક બુઝર્ગ માછીમારે માથું હલાવીને હા પાડી. 'સૂરજ દરિયામાંથી ડોકું કાઢીને બહાર કૂદકો મારે એ પહેલાં તો અમારે અમારું કામ ખતમ કરી નાખવું જોઇએ. એક વખત સૂરજ આકાશમાં ઊંચે ચઢવા લાગ્યો પછી ખલાસ. માછલાંઓ ઊંડે દરિયાને તળે જઇને એવાં બેસી જાય કે પછી હાથ પડવાં મુશ્કેલ. પછી તો સાંજ પડે ત્યાં સુધી નીચે જ રહે અને સૂરજ જ્યારે ડૂબે પછી જ ઉપર આવે.'

મલેક એની વાતો સાંભળીને હસ્યો ને પોતાની આપવીતી ચાલુ કરી: 'સઢ જોઇને મને નવાઇ લાગી ને મનમાં થયું કે અત્યારે આ કટાણે અહીં કોણ આવ્યા હશે? પહેલાં તો એમ થયું કે બિચારો કો'ક માછીમારો હશે અને આજે સવારમાં બહુ માછલાં હાથ નહિ આવ્યાં હોય એટલે વધારે મેળવવા માટે રોકાઇ ગયા હશે. પણ મારી ધારણા ખોટી ઠરી.'

'તમે પોતે જો માછીમાર હોત તો તમને જરૂર એટલી ખબર હોત કે એક વખત સૂરજ ઊગ્યા પછી માછીમાર કદી જાળ પાણીમાં નાખે જ નહિ.' પેલા વૃદ્ધ માછીમારે ટકોર કરી. આસપાસ બેઠેલા લોકો એકબાજુની વધુ પાસે પાસે સરવા લાગ્યા, કારણ તેમને લાગ્યું કે આખી વાતનો કટોકટીવાળો ભાગ હવે આવી ગયો છે અને મલેક હમણાં જ એની વાત કરશે.

મલેકે પણ એમની ઉત્સુકતા અને રસની તીવ્રતા વધતી જોઇ એટલે તેણે જરા અટકીને વાત આગળ ચલાવી:

'મેં ધાર્યું કે એ લોકો માછીમારો હશે. એટલે હું હલેસાં મારતો મારતો એમની પાસે ગયો. અસગરચાચાને દરિયાની માછલી બહુ ભાવે એટલે મને થયું કે અહીં સુધી આવ્યો છું તો લાવ થોડી લેતો જાઉં—જો મળતી હોય તો. આમ વિચાર કરી હું હલેસાં મારતો મારતો એ લોકોની નજીક ગયો. અરધોએક માઇલ કાપ્યો એટલામાં તો સામેના કિનારા ઉપરનાં વૃક્ષો સાવ નાનાં દેખાવા માંડ્યાં. એ પછી થોડો આગળ વધ્યો એટલામાં એક વહાણ મને સરકતું દેખાયું. આ લોકો પાછા ચાલ્યા જાય છે કે શું? એમ ઘડીભર મારા મનમાં થયું. પણ મારે હવે વધુ વખત અનુમાન બાંધવાપણું હતું નહિ, કારણ કે એ વહાણ ઝપાટાબંધ મારા તરફ આવતું દેખાયું અને ઘડીકમાં તો એ સાવ ચોખ્ખેચોખ્ખું નજરે પડવા લાગ્યું. મને ખાતરી થઇ ગઇ કે આ માછીમારોની

હોડી નથી. આ તો મોટું જંગી વહાણ છે. એની બન્ને બાજુ ઊંચી હતી અને એની સાથે હલેસાં બાંધેલાં હતાં જેથી કરીને પવનનો લાભ મળે ત્યારે સઢ દ્વારા અને પવન પડી જાય ત્યારે હલેસાં દ્વારા એને ચલાવી શકાય એવી ગોઠવણ હતી.

થોડીવાર તો હું મૂંઝાઈ ગયો. આ શું હશે એનો ચોક્કસ ક્યાસ બાંધી શકયો નહિ. કારણ કે આવી જાતનાં જંગી વહાણ મેં અગાઉ કદી જોયેલાં નહિ. પણ થોડા વખતમાં જ મારા દિલમાં ઊઠતી શંકાઓ શમી ગઇ, કારણ કે એ વહાણમાંથી એક નાની હોડી બહાર કાઢવામાં આવી અને એમાં બેસીને થોડા લોકો મારી પાસે આવવા લાગ્યા. એમાંથી અમુક માણસો હલેસાં મારતા હતા જ્યારે બીજા અરધો ડઝન જેટલા માણસો વચ્ચે ઊભા હતા. એમણે પોતાના હાથ ઊંચા કરેલા હતા અને હાથમાં પકડેલાં ભાલાના પાનાં સૂર્યના તાપમાં સમવળળક સમવળળક થતાં હતાં એ તરફ મારું ધ્યાન ખેંચાયું. મને થોડો ડર લાગ્યો એટલે સુકાન ફેરવીને હું કાંઠા તરફ જવા લાગ્યો. હજી માંડ બે-એક હલેસા માર્યાં હશે એટલામાં તો સામેની હોડીમાંથી એક સામટા ઘણા માણસોની બૂમ સાંભળી. હું એમાંનું કશું જ પૂરું સાંભળી કે સમજી શકયો નહિ. માત્ર 'થોભી જા. થોભી જા.' એ એક શબ્દ સમજી શકયો. આ સાંભળીને તો હું ઊલટાનો વધુ ઝડપથી હલેસાં મારી કિનારા તરફ નાસવા લાગ્યો. પણ સામી બાજુ આટલા બધા માણસો જ્યાં એકી સાથે હલેસાં મારીને હોડી ચલાવતા હતા તેની સામે મારા એકલાનું શું ગજું? થોડીવારમાં જ એની હોડી મારા નજીક ને નજીક આવતી ગઇ ને મેં ફરીને એમને બૂમ પાડીને મને કહેતા સાંભળ્યા કે, 'ખબરદાર, હવે આગળ વધ્યો છે તો! જ્યાં છે ત્યાં જ થોભી જા, નહિ તો અમે તને ભાલે વીંધી નાખશું!' એ જ ક્ષણે એક ભાલું સણુસણાટ કરતું આવ્યું તે ખચ્ચ કરતુંક મારી હોડીનાં પાટિયામાં ખૂંચી ગયું. મારી હોડી ઘાયલ થયેલા પક્ષીની માફક [illegible] મેં

જોયું કે હવે નાસી જવાની કોશિશ કરવી નકામી છે, એટલે પછી હલેસાં મારવાનું બંધ કરીને હું ત્યાં જ અટકી ગયો.

બે મિનિટમાં તો તેઓ મારી પાસે આવી પહોંચ્યા. અને એમાંથી એક જણ ભાલો ઊંચો કરીને મારી હોડીમાં કૂદી પડયો.

'એ લોકો કોણ હતા ?' વાત સાંભળનારાઓમાંથી એક જણે ઉત્સુકતાથી પૂછ્યું.

'એ લોકો સમુદ્રમાં ભટકતા માણસખાઉ હરમદ હતા કે શું ?

મલેકે આછું સ્મિત કરી માથું ધુણાવી ના કહી. ને આગળ સમજાવતાં બોલ્યો: 'જો તેઓ માણસ ખાઉ હરમદ હોત તો હું અહીં પાછો જીવતો શેનો આવત ને તમારી સાથે કદિ વાત કરવાનો પ્રસંગ પણ શેનો મળત ? સમુદ્રના આ કાળજાળ યમદૂતોને તમે પુરા જાણતા નથી લાગતા. એ લોકો તો કાળાંપાણી પાર કરીને આવે છે. અને તેઓ દયા કે ડર એમાંથી કશાને જાણે ઓળખતા જ નથી. મરવું અને મારવું એને મન રમત વાત છે. તેઓ જેમ પોતાની જાતને બચાવતા નથી તેમ દુસ્મનને પણ બચવા દેતા નથી, એ લોકો હરમદ હોત તો હું અહીં જીવતો પાછો જ શી રીતે આવી શકયો હોત ?' તેણે પ્રશ્નના જવાબમાં સામી પ્રશ્નોની પરંપરા ચલાવી.

'આ બધા મુર્ખાઇ-ભર્યા સવાલ તરફ લક્ષ આપ્યા સિવાય તમ-તમારે તમારી વાત ચલાવ્યે રાખો.' અઝીઝે ગંભીરતાથી જવાબ આપ્યો. 'પછી તમારૂં શું થયું એ કહો. એ જ અમારે તો જાણવું છે.'

મલેકે પોતાની વાત આગળ ચલાવી:

'એ લોકો હરમદ નહોતા. પણ આરાકાન જિલ્લાના મગ લોકો હતા. એમાંથી કદાચ એકાદ હરમદ જાતિનો હોય તો નવાઈ નહિ. બાકી બધા જ 'મગ' જાતિના હતા. આ હરમદનું શરીર ચાક જેવું સફેદ ને વાળ મેંદીના રંગ જેવા લાલ હતા. એનો આગેવાન મગ જાતિનો

હતો. અને તે જ મારી હોડીમાં સૌથી પહેલો કૂદીને આવ્યો હતો. એનું શરીર પ્રચંડ હતું. હું પોતે કંઈ નાનો ન કહેવાઉં પણ એના રાક્ષસી કદ આગળ હું ઊભો રહ્યો ત્યારે ઘણો જ વામણો દેખાતો હતો. એને જાણે આંખો નહોતી પણ આંખોની જગાએ લાંબી ચીરાડ હતી અને એમાંથી બિલાડીની આંખ જેવા પીળા ડોળા તગતગ કરતા ચળકતા હતા. એના વાળ કાળા સીધા અને અણીદાર હતા. અને એને દાઢીમૂછ તો જરાય ઉગ્યાં જ નહોતાં. એનું પીળચટું શરીર ઉઘાડું હતું અને છાતી પર કે વાંસા પર પણ જરાય વાળ ઉગ્યા નહોતા. શરીર ઉપરના સ્નાયુઓ દરિયા ઉપરના મોજાંની જેમ ઊંચાનીચા થઈ વિવિધ આકાર ઉપજાવતાં હતાં. એને જોઈને હું તો એવો ડઘાઈ ગયેલો કે હું એક અક્ષર પણ બોલી શક્યો નહિ. મારી જીભ જાણે તાળવે ચોંટી ગઇ. કેમ જાણે એ બીજી દુનિયાનો આદમી આવું ખવીસ જેવું અમાનુષી રૂપ લઈને ધરતી ઉપર આવ્યો હોય એમ મને લાગ્યું.

'ડોળા ફાડીને તું મારી સામે શું તાકી રહ્યો છે?' તે ખીજાઈને કૂતરાની જેમ હાઉ હાઉ કરવા લાગ્યો. એનો અવાજ તીખો અને ધારદાર હતો. એ આપણી ભાષામાં વાત કરતો હતો છતાં એની બોલચાલમાં અમુક ખાસિયત જણાઇ આવતી હતી. હું એની વાત તો બરાબર સમજી શકતો હતો. પણ એના વિચિત્ર ઉચ્ચારો અને એવી જ વિચિત્ર ઢબછબને લઇને જાણીતા શબ્દો પણ અજાણ્યા જેવા લાગતા હતા.

'તું કોણ છો?' એણે મને ઘુરકતા અવાજે કહ્યું અને કેમ જાણે હું બાળક હોઉં એમ એક હાથે ઉંચકીને મારી સામું ડોળા ફાડી જોઈ રહ્યો. એ પછી તુરત જ તેણે મને તેની હોડીમાં નાખ્યો ને મારી નાની હોડી એની મોટી હોડીને ઠાંઠે બાંધી દીધી. પછી પોતે પણ કૂદકો મારી પોતાની હોડીમાં જઇ ચડયો અને એના માણસોને હોડી ચલાવવા આજ્ઞા આપી.

એની હોડીએ સમુદ્રમાં ઊભા રાખેલા વહાણ તરફ પ્રયાણ કર્યું.

હું તો સાવ જ સ્તબ્ધ બની ગયો હતો. મારી જીભ તાળવે ચોંટી ગઇ હતી. અને હું એક નિર્જીવ લાકડાની જેમ હોડીને તળીએ પડયો રહ્યો. તેઓએ પણ હોડી એના વહાણ સુધી પહોંચી ત્યાં સુધી મારી તરફ ખાસ ધ્યાન આપ્યું નહિ. વહાણ આવ્યું એટલે પેલા સરદારે આવીને મને ગાળો આપી ને લાત મારીને કહ્યું 'ચાલ જલદી ઊભો થા અને આ વહાણમાં આવી જા. હું એના હુકમ પ્રમાણે ઊભો થયો અને વહાણમાં ચઢવા લાગ્યો. તો પણ એની લાતોનો માર તો ચાલુ જ રહ્યો.'

'અમથા અમથા લાત શા માટે મારો છો?' મેં જરા ગુસ્સે થઇને વિરોધ કર્યો. જવાબમાં એણે 'હો હો હો' કરતાં એક ભયંકર અટ્ટહાસ્ય કર્યું અને ફરી એકવાર મને લાત મારી.

'હું તમને કહું છું કે મને લાત મારો નહિ.' મેં ફરીને ગંભીર બનીને કહ્યું. એટલે તેણે ફરી મને બે ચાર ચોપડાવી. 'સાલો, રાસકલ પાછો તીનપાસ કરી મિજાજ બતાવવા જાય છે.' તેણે પોતાના માણસોને ઉદ્દેશીને કહ્યું ને પછી મારી તરફ ફરીને બોલ્યો. 'મને નાખુશ કરનાર અથવા મારી સામે ચું ચા કરનાર માણસના શા હાલ થાય છે એ જાણે છે?' તેણે મને આ શબ્દો એવા જંગલી સ્વરે અને ક્રૂર રીતે કહ્યા અને બોલતી વખતે મોઢું એવું બિહામણું અને કરડું બનાવ્યું કે મારી નસોમાં લોહી થીજી ગયું. પણ હવે હું મરણિયો બન્યો હતો. એટલે એની ક્રૂરતા અને ભયંકર સીના તરફ તદ્દન બેદરકાર રહી બહારથી કેમ જાણે કશું બન્યું જ નથી એમ સ્વસ્થ બનીને ઊભો.

મેં જોયું કે તેઓ દરિયાઈ ચાંચીઆઓ હતા. હું એની જાળમાં બરાબર સપડાયો હતો. હવે આમાંથી છૂટવાની આશા ક્યાંય દેખાતી નહોતી. એ લોકો હવે મને કોઈ દૂરના મુલકમાં જઈને ગુલામ તરીકે વેચી આવશે અથવા તો મને મારી નાખશે એ વિષે મન શંકા ન રહી. બેમાંથી જે કંઈ કરે તોપણ મારી જિંદગી તો બરબાદ થઈ

ચૂકી હતી. મનમાં થયું કે હવે હું ફરી આ અનચર ભૂમિના દર્શન કદિ નહિ કરી શકું કે ન મારા સગાવહાલાં મિત્રો કે ગામના માણસનું મોઢું જોઈ શકું. મારી આખી જિંદગી એક ઝબકારામાં આંખ સામેથી પસાર થઈ ગઈ. મારી આંખ સામે આ મકાનો અને ખેતરો અને બનચરના સ્ત્રીપુરુષો તરવરવા લાગ્યાં. મને અસગરચાચાનો પણ ખ્યાલ આવ્યો. આ રીતે હું મારી જીંદગીથી હાથ ધોઇ બેસીશ અને એને કદી ફરી મળીશ નહિ એનું એને કેવું દુઃખ થશે એનો પણ વિચાર આવ્યો. પણ મારે મોત સિવાય બીજો તો વિચાર જ કરવાનો ન હતો. મને થયું કે પરદેશમાં દૂર ગુલામ તરીકે જીંદગી વીતાવી ધીમે ધીમે મરવા કરતાં તો તત્કાળ મૃત્યુને ભેટવું એ જ વધારે સારૂં.

આવા આવા વિચારો મગજમાં ઊભરાતા હોવાને લીધે હું પેલા લુંટારાના સરદાર સામે ફરીને બોલ્યો: 'હું તને ઓળખતો નથી અને ઓળખવાની દરકાર પણ કરતો નથી. તારાથી થાય તે કરી લે.'

ફરી લુંટારાના સરદારે મને ગાળો આપી. ઘુરકાટ કર્યો. પણ ન તો મને લાત મારી ન થપ્પડ. આ જોઇ એના સાથીદારોના અચંબાનો તો પાર જ રહ્યો નહિ. ગુસ્સાના આવેશમાં ફક્ત તેણે પોતાના માણસોને કહ્યું કે 'આના હાથ પાછળ રાખીને બાંધી દો.' ને મારી સામે એક વધુ ડાચિયું કરી ત્યાંથી ઝપાટાબંધ ચાલ્યો ગયો.

થોડીવાર પછી એ ફરી પાછો આવ્યો. આ વખતે તે લોઢાનો ધગધગતો લાલચોળ ચીપિયો લાવ્યો. અને મારી સામે ધર્યો. આ ચીપિયો તેણે એટલો બધો પાસે ધરી રાખ્યો કે તેની ગરમી મારા મુખ ઉપરના ચામડીને દઝાડવા લાગી. આમ છતાં મેં મન સાથે ગાંઠ વાળીને મૃત્યુને ભેટવાની તૈયારી કરી હતી. મનમાં નક્કી કર્યું હતું કે મરવું છે પણ કાયરની માફક મરવું નથી. મુખની એક પણ રેખા બદલ્યા સિવાય હોઠ બીડીને હું આ ધગધગતા ચીપિયાની ગરમી સહન કરતો ઊભો રહ્યો.

આ જોઇ એ મનમાં રાજી થયો હોય એમ લાગ્યું. જરા હસીને તેણે ચીપિયો ખસેડી લીધો અને વહાણના એક લોઢાના પતરાં ઉપર મૂકી દીધો.

એ પછી તે મારી તરફ ફર્યો અને પછી દાંતિયા કરીને બોલ્યો. 'છોકરા, તું ભારે હઠીલો લાગે છે. મને થાય છે કે તને હું મારૂં નહિ ને મારી ટોળીમાં સામેલ કરું.'

મેં એનો કંઇ જવાબ આપ્યો નહિ ફક્ત દૃઢતાથી એની સામે જોઈ રહ્યો.

'હવે મને તું તારા મનમાં જેવો હોય એવો સીધો જવાબ આપ. જો તું સાચું બોલીશ તો તારો વાંકો વાળ પણ નહિ થાય જો જુઠું બોલ્યો છે ને તો......આ જોયોને?......'એમ કહીને તે આંખમાં ખૂન્નસ લાવી મને ડરાવવા–ધમકાવવાનો પ્રયાસ કર્યો.

'તમારે મારી પાસેથી શું જાણવું છે એ કહોને?' મેં ખિન્ન બની ચીઢાઇને પૂછ્યું.

લુંટારૂના સરદારે મને કહ્યું 'પહેલાં તું કોણ છે અને આ બેટનું નામ શું છે એ મને કહે, એ બેટમાંથી ધન મળશે? સ્ત્રીઓ મળશે? ત્યાંના આદમી કેવાક બહાદૂર છે? એનો જવાબ આપ.'

મારૂં હૃદય ઉદાસીન અને ભારે બની ગયું હતું પણ મારૂં મન વીજળીના ઝબકારાની પેઠે ત્વરાથી કામ કરતું હતું. મને થયું કે જો હું જવાબ આપવાની ના પાડીશ અને મુંગો જ રહીશ તો એ લોકો મને લોઢાના ધગધગતા સળિયાથી રીબાવી રીબાવીને મારી નાખશે. અને પછી આ ટાપુ ઉપર હલ્લો કરશે. અને જો હલ્લો કરશે તો આ ટાપુનું શું થશે એનો વિચાર આવતાં જ આંખે અંધારા આવ્યાં. મારી કલ્પના સમક્ષ આગમાં ભસ્મીભૂત થતાં મકાનો, કતલ થયેલા પુરુષોના મુડદાં અને બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓ અને કાળી ચીસો નાંખતા બાળકો તરવરવા લાગ્યાં. આમ છતાં મનનો

ગભરાટ કળાવા દીધા સિવાય મુખ ઉપર હિંમતનો અને દઢતાનોભાવ લાવી કહ્યું :

'ઓહો ! તમે આ ટાપુનું નામ પણ જાણતા નથી ? ત્યારે તો અહીં રહેનારા માણસોને તો શી રીતે ઓળખો. તમે તલવારના એક ઝટકાથી ઓરમઝ નામના માણસખાઉ જંગલીનું માથું ઉડાડી દેનાર મુલ્કમશહુર અગસરમિયાંનું નામ સાંભળ્યું નથી ? એના જેવો પટાબાજ તલવારિયો તો આ પંથકમાં બીજો કોઇ નથી. તમને ન ખબર હોય તો હું કહું કે આ ગામનું નામ બનચર છે અને અસગરમિયાંનું એ ગામ છે. ગામમાં ઓરત અને બચ્ચાંઓ તો રહેતાં જ નથી ફક્ત બધા મરદ રહે છે. ઓરતો અને બચ્ચાં તો અહીંથી દૂર મુખ્ય ભૂમિ ઉપર રહે છે. આ બધા લોકોના ઘરબાર ત્યાં જ છે. અહીં તો બધા ઉનાળામાં આવે અને ચોમાસું ઉતરતા સુધી રહે. હું પણ અસગરમિયાંનો જ માણસ છું. અને મારા કરતાં તો ત્યાં કઇક બળીકા પડ્યા છે. વિશ્વાસ ન હોય તો ચાલો તમારી સાથે આવું પણ એટલું કહી દઉં કે ત્યાં ગયા પછી તમારામાંથી એક પણ માનો પૂત જીવતો પાછો આવશે નહિ.'

લુંટારૂ સરદારે કેમ જાણે તે હમણાં જ મારા હૃદયને આરપાર વીંધી નાખવા માગતો હોય એવી તીક્ષ્ણ અને વેધક દૃષ્ટિ ફેંકી. પણ હું જરાયે ચસ્યો નહિ. તેમ એની આંખ સામેથી આંખ ખસેડી નહિ. હું પણ એની સામે એટલી જ વેધક દૃષ્ટિથી જોઇ રહ્યો. સામ સામી આંખોમાંથી જાણે તણખા ઝર્યા. એટલામાં તે એકદમ મોટેથી ખડખડાટ હસી પડયો ને બોલ્યો. 'ઓ હો ! તું તો ભારે બડાઈ હાંકનારો નીકળ્યો. પણ એ બધું તો ઠીક. આ તારો અસગરમિયાં કોણ છે કે જે મંગ–પો અને તેના દરિયાઇ લુંટારૂ સાથીદારોની સામે લડવાની હામ ભીડી શકે છે ?'

'મંગ–પો !' અચાનક મલેકની વાતો સાંભળવા એકઠા થયેલા

ગામ લોકોના મુખમાંથી એકી સાથે ભય અને આશ્ચર્ય મિશ્રિત ઉદ્‌ગારો નીકળી પડયા અને અજાણપણે સૌ એકબીજાની લગોલગ આવીને સંકડાટાથી બેસી ગયા.

'મંગ–પો !' અસગરમિયાંએ પણ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું. 'શુક્ર ખુદાની કે તું એવા ભયંકર શયતાનના પંજામાંથી જીવતો ઘેર પાછો આવ્યો.

'હા. એ મંગ–પો ! પોતેજ હતો. મલેકે ભયથી લોકોના શ્વેત-પુણી જેવા ચહેરા તરફ નજર કરી કહ્યું. પછી તુરત જ એ નુર જ્યાં બેઠી હતી એ ચક વાળી બારી તરફ દૃષ્ટિપાત કરીને બોલ્યો. 'એનું નામ સાંભળતાં જ મારા શરીરમાંથી પણ એક ભયની ધ્રુજારી પસાર થઈ ગઇ. હું મનોમન બીકથી કમકમી ઉઠયો. પણ સાથે સાથે મને એ વિચાર પણ આવ્યો કે ગમે તેમ થાય તો યે અત્યારે મારે મુખના ભાવ બદલાવા ન દેતાં નિડર અને હિંમતવાન દેખાવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને એ લોકો બનચર ઉપર હલ્લો કરવાનું માંડી વાળે એ જાતની વાત એના મન પર ઠસાવી દેવી જોઈએ.

મંગ–પો મારા તરફ બહુ જ તીક્ષ્ણ દૃષ્ટિ કરીને જોઇ રહ્યો. મેં પણ જેટલા બહાદૂર દેખાવાય એટલા દેખાવાનો પ્રયત્ન કર્યો. અને કહ્યું ' તમે મંગ–પો હો કે ગમે તે હો એથી શું થઇ ગયું ? અમે તમારું નામ તો કે દહાડાનું સાંભળ્યું છે. અને સાથે સાથે એમ પણ સાંભળ્યું છે કે મંગપો નિર્બળ ઘરડાં બુઢ્ઢાં, અને અરક્ષિત સ્ત્રી બાળકો ઉપર હુમલા કરે છે પણ જ્યારે લડાઇનો પ્રસંગ ઊભો થાય છે અને ખરાખરીના ખેલ આવે છે ત્યારે તે ઊભી પૂંછડીએ નાસી જાય છે. તમારે લડાઇનો રંગ જ જોવો હોય તો ભલે તમે વનચર ટાપુમાં આવો. ત્યાંના આદમી કેવા પાણીવાળા હોય છે એની તમને બરાબર ખબર પડી જશે. અને સાચી લડાઇનો રંગ પણ જોવા મળશે. '

આટલું મારાથી સહજ રીતે જ બોલાઇ ગયું. એ હું પોતે જ મારી બુદ્ધિ ઉપર ખુશ થઇને હસ્યો ને મંગો તરફ ટટ્ટાર ગરદન રાખી સ્થિર દૃષ્ટિએ જોઇ રહ્યો. તે પણ મારી સામે એવી જ સ્થિર દૃષ્ટિએ જોઇ રહ્યો. આંખ સામે આંખ મંડાણી ને એમાંથી ફરી જાણે તણખા ઝર્યા. આમ એકાદ મિનિટ ચાલ્યું. પછી મંગ-પો એકદમ પોતાના માણસો તરફ ફર્યો અને એમાંથી એક જણને પૂછયું.

'વારુ, ત્યારે હવે શું કરવા વિચાર છે?'

એના માણસોએ જવાબ આપ્યો. 'ત્યાં જવામાં ખાસ માલ દેખાતો નથી. કારણ કે આ જુવાન પણ અસગરમિયાંનો જ માણસ છે. અત્યારે આ કેદીની દશામાં પણ જો તે આટલી બધી બડાશ હાંકતો હોય અને હિમ્મતથી સામે થતો હોય તો બીજા જેઓ છૂટા છે એ તો આ કરતાં ય આકરા હશે. અને એની સાથે લડાઈ લડવી મુશ્કેલ બની જશે અને બીજી વાત માનો કે લડાઈ તો આપણે બરાબર લડીને એમને જબ્બે કરી દઇએ પણ એમાં જીત મેળવ્યા પછી આપણને મળવાનું છે શું? ત્યાંથી નથી રૂપિયા મળવાના કે નથી ખૂબસુરત હસીન કોઈ ઓરત મળવાની પછી ત્યાં જવાનો અર્થ શો? આ માણસ તો કહે છે કે સ્ત્રીઓ બધી મૂલકમાં રહે છે ને નવો પાક હજી વેચાયો નથી. ના ના, ત્યાં જવાની વાત જરાય માલવાળી લાગતી નથી સરદાર.'

એ લોકો જો કે બહુ જ ધીમેથી સંતલસ કરતા હતા. પણ માથે ઝઝૂમી રહેલા ભયને લઇને મારી બધી ઇન્દ્રિયો એટલી સતેજ થઈ ગઈ હતી કે હું તેમની વાત અક્ષરે અક્ષર સાંભળી અને સમજી શકતો હતો. હું મોટેથી ખડખડાટ હસી પડયો અને બોલ્યો. 'અરે સરદાર સાહેબ તમે કેમ ઢીલા પડી ગયા. હવે વાટ કોની જુઓ છો. ચાલો આપણે સૌ બનચર જઇએ. અસગરમિયાંએ ત્યાં તમારા સૌના સ્વાગતની તૈયારી કરી રાખી છે. તમને એવી તો મિજબાની આપશે

કે જિંદગીભર યાદ રહી જશે. સમુદ્રમાં આટલે દૂર સુધી હું આવ્યો છું એ તમને લેવા આવ્યો છું. પધારો, એટલે બધી વાતનો નિકાલ થઇ જાય.'

મંગ–પો ગુસ્સાથી લાલચોળ થઇને મારા તરફ ફર્યો અને બોલ્યો. 'એ છોકરા તારી જીભ બહુ વધી ગઇ લાગે છે. ખાલી બડબડાટ કરમાં. પૂછીએ એટલી વાતનો જ જવાબ દે. વગર પૂછ્યે કાંઇ પણ બોલ્યો છે તો તારી જીભ ખેંચી......'

એટલું કહી વાકય પુરૂં કર્યા વિના જ એ પોતાના માણસો તરફ ફર્યો અને ફરી પાછો એ લોકો સાથે સંતલસ કરવા લાગ્યો. થોડી વાર સુધી આમ ગુફતેગો ચાલી, ને પછી મંગ–પો મારી પાસે આવીને બોલ્યો.

'તું સાચું બોલે છે કે જુઠું એની અમને કેમ ખબર પડે ? ને જુઠું નહિ બોલતો હો તેની ખાત્રી શી ? આવડા મોટા ટાપુમાં ઓરત રહેતી ન હોય ને સોનું રૂપું તથા રૂપિયા પૈસા ન હોય એમ બને ખરૂં ?'

'પણ તમને કોણ કહે છે કે મારૂં માનો !' મેં ગુસ્સે થઇને જવાબ આપ્યો. 'હું તો કહું છું કે એક વખત ત્યાં જઇ આવો ને મઝા ચાખી આવો...એક વખત ત્યાં પગ મૂકયો કે પછી આપણે છુટા....ટાપુમાં પહોંચ્યા પછી હું તમારો કેદી રહું એ વાતમાં માલ નહિ.'

મેં જે રીતે ખીજાઇને જવાબ આપ્યો એ જોઇને એમને મારા કથનમાં વિશ્વાસ બેઠો હોય એમ લાગ્યું. એ પછી તુરત જ મેં જોયું તો શઢ ચડાવવામાં આવ્યા ને વહાણ ત્યાંથી આગળ ચાલવા માંડયું. ધીમે ધીમે બનચર ટાપુને દૂર ક્ષિતિજમાં અદશ્ય થતો જોઇ મારી આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં. કેમ જાણે હું મારી બધી આશાઓ ને અભિલાષાઓ, મહત્ત્વાકાંક્ષાઓ અને સુખો–મારું જીવન સુદ્ધાં પાછળ મુકી જતો હોઉં એમ મને લાગ્યું. પણ આ પરાધીન દશામાં

હું ગમે તેટલું ઇચ્છું તોયે શું કરી શકું તેમ હતો ! તેઓએ મારા હાથ મારી પીઠ પાછળ બાંધી દીધા હતા અને મારા પગ લંગર બાંધવાના ખીલા સાથે સાંકળથી જકડી લીધા હતા. હું પૂરેપૂરો બંદીવાન બની ગયો હતો. સાંકળનો કટકો હું આઘોપાછો ફરી-હરી શકું એટલા પુરતો હાથ બે હાથ ઢીલો રાખ્યો હતો. બાકી મારું શરીર એ ખીલા સાથે સાંકળના છેડાથી બંધનમાં આવી ગયું હતું. હું એકી સાથે માંડ બે ચાર ડગલાં ફરી શકું તેમ હતું. મેં વનચર તરફ છેલ્લી મીટ માંડી. એનો કિનારો ઝાંખો થતો થતો છેક અદ્દશ્ય થવા લાગ્યો. ક્ષિતિજમાં એની પાતળી રેખા રહી ત્યાંસુધી એકીટશે હું એ તરફ જોઈ રહ્યો. એમ કરતાં કરતાં છેવટ એ આંખોથી સાવ અદ્દશ્ય થઈ ગયો. અને મારી નજર સામે આકાશ સુધી ઊંચે ઉછળતાં દરિયાનાં ક્રૂર મોજાં જ બાકી રહ્યાં. સંધ્યા નમી. રાત પડી અને આકાશના અંધારા નીચે ઉતરવાં લાગ્યાં ત્યારે એ લોકોએ મને જાડા રોટલાના ટૂકડા ને તાંસળી ભરીને પાતળી ઘેંશ ખાવા આપી. હું તો ભૂખનો માર્યો લગભગ બેભાન બની જવાની અણીપર હતો ત્યાં આટલું ખાવાનું મળ્યું, એટલે ભૂખ્યા વરુની જેમ એના પર તૂટી પડ્યો. ને થોડીવારમાં જ બધું ચટ કરી ગયો. હું ખાતો હતો એ દરમ્યાન મંગપો મારી પાસે આવ્યો ને ઊભો ઊભો મને મોટા મોટા કોળિયા ભરતો જોઇ રહ્યો. એ પછી અચાનક તેણે પોતાનો હાથ લાંબો કર્યો ત્યારે સહજવૃત્તિથી દોરાઇને હું બે ડગલાં પાછો હટી ગયો.

'શાબાશ,' કહીને તે હસ્યો. 'તારા જેવો બહાદુર નરવીર મારા ખાલી હાથથી પણ ડરી જાય છે.' તેણે વ્યંગમાં સંભળાવ્યું.

એની વાતનો કંઇ પણ જવાબ ન આપતાં હું મૂંગો રહ્યો. કારણ હું શો જવાબ આપી શકું તેમ હતું ? હું એના બંધનમાં હતો અને તે પોતાને મન ફાવે તેમ મારી સાથે વર્તી શકતો હતો. તે ફરી વાર મને ભોજન કરતો નજીકથી નિહાળી રહ્યો. ને ફરી તેણે પોતાનો હાથ લાંબો કર્યો. હું પણ ફરી પાછો હટ્યો

નહિ. પછી તેણે મારા છુટા હાથનું બાવડું પકડ્યું અને મારા કઠણ સ્નાયુઓ ઉપર હાથ ફેરવી એનું નિરીક્ષણ કરવા લાગ્યો. મારું લોહી ઉકળવા લાગ્યું ને એક ક્ષણ તો એને મુક્કો લગાવી એનું જડબું ખેડવી નાખવાની ઝનૂની વૃત્તિ એકાએક મનમાં ઉઠી આવી. પણ તુરત જ મને ખ્યાલ આવ્યો કે મારા પગ જંજીરથી જકડાયેલા છે ને મારો બીજો હાથ પણ બાંધેલો છે. વળી એના પંજાની પકડ કરચલાની પકડની જેવી એવી સખત હતી કે એના દબાણ નીચે મારાં હાડકાં પણ કળી રહ્યાં હતાં.

'શાબાશ,' ફરીને તેણે પોતાનું જંગલી અટ્ટહાસ્ટ કર્યું, 'તારાં બાવડાં ઘણા મજબૂત છે અને એને હજી યોગ્ય રીતે કેળવવામાં આવે તો લોખંડ જેવા બની શકે તેમ છે.'

આખરે તે મારા તરફ ફરીને બોલ્યો 'જુવાન તું ખુશનસીબ છે કે તારા ઉપર મારી ખુશી ઉતરી છે, તું મને ગમી ગયો છે એટલે તારા પ્રત્યે આટલી ઉદારતા અને છુટછાટ ભર્યો વર્તાવ દાખવવામાં આવ્યો છે. બાકી બીજા સાથે તો હું જુદી જ રીતે વર્તું છું. તેમના પ્રત્યે કદિ દયા બતાવતો નથી ને હું આ વહાણમાં કેદી તરીકે કોઇને રાખતો જ નથી. કેદી તરીકે રાખું તો એને ખવરાવવું પડે ને એની સંભાળ રાખવા માણસો રોકવાં પડે. એ કડાકૂટમાં હું ઉતરતો જ નથી. એના કરતાં સૌથી સહેલો ને સીધોસટ રસ્તો મારી પાસે છે અને તે એ કે આ જાતના માણસને સીધા દરિયામાં ફેંકી દઉં એટલે મગરમચ્છોનું પેટ ભરાય ને મારે કોઇ ઉપાધિ ન રહે. અથવા તારા જેવો કોઇ રૂષ્ટપુષ્ટ ને મજબૂત માણસ મળી ગયો તો એને સીધો સાંકળે બાંધી હલેસાં મારવા બેસારી દઉં, જેથી કામનું કામ થાય ને કોઇ પ્રકારનો ખટકો ન રહે. તારા તકદીરનો પાડ માન કે આમાંનું કશું મેં તારી સાથે કર્યું નથી.'

આ શબ્દોનું સીસું મારા મનમાં બરાબર રેડાય અને ઊંડું ને

ઊંડું ઉતરે એટલા માટે જાણે તે ઘડીભર થંભ્યો ને પછી તેણે આગળ ચલાવ્યું.

'હું તારા આગળ એક દરખાસ્ત મૂકું છું. સામાન્ય રીતે હું આમ કરતો નથી. જો એ દરખાસ્ત તું સ્વીકારે તો ઠીક છે અને જો ન સ્વીકારે તો તારાં નસીબ ! તારી ઈચ્છા તારા દેહથી મગર-મચ્છોને ખોરાક પુરો પાડવાની હોય તો ભલે એમ કરજે. એમાંથી તને જે પસંદ પડે તે.'

આટલું કહીને તે ભયાનક અટ્ટહાસ્ય કરી ઉઠયો. એના ખડખડાટ હસવાનો અવાજ એની ગાળો ને ધમકીઓ કરતાં યે વધારે ભય પમાડે તેવો હતો.

થોડી ક્ષણ તે મારા સામું જોઇ રહ્યો પણ હું કંઇ બોલ્યો નહિ એટલે તેણે કહ્યું.

'અરે યાર, તને તો તારા ભાવિ વિષે પણ જાણવાની ઇંતેજારી થતી નથી ?'

હું તેના મુખ સામું જોઇ રહ્યો. બન્નેની ધારદાર દ્રષ્ટિ એકબીજા સાથે જાણે આથડી રહી. પછી તે બોલ્યો.

'મને જીવવાની આશા નથી એટલે દિલમાં ભય પણ નથી. હું તો એક ખેડૂત માણસ છું. છેક આજ સવાર સુધી હું જ મારો ધણીરણી હતો ને મુક્ત જીંદગી ગુજારતો હતો. આજે હું તારા હાથે કેદી બન્યો છું ને તારા બંધનમાં છું. તું તને ફાવે તે કરી શકે છે અને કરી કરીને ય તું શું કરી શકવાનો છે ? વધારેમાં વધારે મને જાનથી મારી નાખીશ એટલું જ ને ? એ તું કરી નાખ એટલે છૂટકો પતે. પછી મારે બીજી ઇંતેજારી કે ચિંતા શું કામ રાખવી જોઇએ ?'

આ સાંભળી મંગ-પો એની લાક્ષણિક ઢબે વળી પાછો ખડખડાટ હસી પડયો.

'વારૂ, છોકરા! મારે એટલું તો કહેવું પડશે કે મને તારો આ જુસ્સાદાર સ્વભાવ ગમે છે. એટલા માટે તો બીજા કોઈ કેદી આગળ જે દરખાસ્ત કદિ મૂકતો નથી એ તારી આગળ મૂકું છું. તું અમારી ટોળીમાં જોડાઈશ ?'

આ સાંભળીને હું પળવાર તો સ્તબ્ધ જ બની ગયો. મેં મારની, મોતની અને મોત કરતાંયે ભયંકર રીબામણીની કલ્પના કરી હતી. પણ મંગપો આ જાતની માગણી કરશે એવો તો સ્વપ્ને પણ ખ્યાલ કર્યો ન હતો. હું મુંઝાયો. શો જવાબ આપવો તે નક્કી કરી શકયો નહિ. એટલે મુંગો રહ્યો.

એ જોઇ મંગપોની ધીરજ ખૂટી અને જરા ઉત્તેજિત થઇ તે બોલ્યો. 'બોલ મુંગો કેમ છો? જવાબ કેમ દેતો નથી? હું તારા તરફ ખાસ દયા બતાવું છું એ ભૂલતો નહિ. આવી દયા વારંવાર નહિ બતાવાય. જો મારું મન ફર્યું ને નિશ્ચય બદલ્યો તો તારું આવી બન્યું સમજજે. પછી એવી સ્થિતિ આવશે કે। તારા જન્મ ઉપર પણ અફસોસ વરસાવીશ.'

આ માણસને ના પાડવી એ કેવું ખતરનાક અને મુશ્કેલ કામ હતું તેનો મને પૂરો ખ્યાલ આવી ગયો. અને છતાંયે લુંટારાની ટોળીમાં ભળી લુંટારો બની જવા સામે મારો સમસ્ત આત્મા જાણે પોકાર પાડી ઊઠયો. મારા શરીરનું અણુ અણુ આ વિચાર સામે બળવો પોકારી ઊઠયું. હું મોતથી ડરતો નથી એમ મેં એને અગાઉ જણાવ્યું હતું. પણ જિંદગી કેટલી પ્યારી હતી એનો અનુભવ મને હવે થયો. મારા મન ઉપર જિજીવિષા સવાર થઈ બેઠી. મને થયું કે જો હું જીવતો રહીશ તો કોઇક દિવસ પણ વનચર પાછો જઈ શકીશ. પણ જો મરી ગયો તો પછી ખલાસ! પછી ગામ પાછા ફરવાની કે કોઇને હળવામળવાની તક રહેશે નહિ. પણ તો શું આ રીતે સ્વમાન વેચીને જીવવું? આત્માનો નાશ વહોરીને જિંદગી

ટકાવવી ? સ્વત્વ આપીને પ્રાણ બચાવવા ? અને તે શા માટે ? એક લુટારાની જિંદગી જીવવા ? એક વખત હું એ ટોળીમાં ભળ્યો ને લુટારૂ તરીકે જાહેર થયો પછી વનચર પાછો કેવી રીતે આવી શકું ?

આમ મારી વિચારમાળા ચાલી રહી હતી ત્યાં મંગપોના અવાજે એને તોડી નાખી. 'અચ્છા, તું તારી મેળે કંઈ નક્કી કરી શકતો ન હોય તો હું તારો માર્ગ નક્કી કરી નાંખીશ.' તે તિરસ્કારસૂચક સ્વરે બોલ્યો. એના અવાજમાં રહેલી ધમકી સાવ સ્પષ્ટ હતી. આથી માનવસહજ જિજીવિષાની વૃત્તિને વશ થઇ મેં જીવ બચાવવા નક્કી કર્યું.

'સરદાર, મારા પર મહેરબાની કરી જરા ધીરજ રાખો અને મને વિચાર કરવાનો થોડો સમય આપો.' બની શકે તેટલા નરમ અવાજે મેં કહ્યું, 'હું એક ગરીબ ગામડિયો છું ને આ રીતે લુટારાની ટોળીમાં જોડાવાનો વિચાર મેં સ્વપ્ને પણ કર્યો નથી.'

'કોણે કહ્યું. અમે લુટારાઓ છીએ ?' તેણે તલવારની ધાર જેવી વાણી ઉચ્ચારી મારી વાત કાપી નાખી. 'અમે કોઇ ધાડપાડુ કે ચોરલુટારા નથી પણ આ વિશાળ સાગરમાં ઘુમનારા સાહસવીર દરિયાખેડૂતો છીએ. અમે અમારા સિવાય બીજા કોઈના કાયદા કાનૂનને ઓળખતા નથી. અમારો આ જમણો હાથ એની તાકાતને જોરે જે કમાઇ આપે છે તે અમે લઇએ છીએ બાકી તો અમને ચોર લુટારા કહી વગોવનારા પોતેજ કાયર, બીકણ અને બુઝદિલ લોકો છે.'

'એટલે તો હું કહું છું સરદાર, કે તમારા ને મારા વિચારો વચ્ચે ઘણું અંતર છે. આપણા બન્નેના દ્રષ્ટિબિંદુઓ જ જુદાં છે. મને તો નાનપણથી જ રાજ આજ્ઞા પાળવાની અને તેને અધીન રહેવાની તાલીમ મળી છે. જ્યારે તમે તો તમારા પોતાના કાયદા સિવાય બીજા કોઇ કાયદાને ઓળખતા જ નથી. મહેરબાની કરીને મને થોડો વિચાર કરવાનો અને એ પછી કંઈ નક્કી કરવાનો વખત આપો.'

લુટારાનો સરદાર મૂંઝાયો ને બોલ્યો: 'મને ખબર નથી પડતી કે આજ મને શું થયું છે. મારો સ્વભાવ જ જાણે બદલાઇ ગયો છે ને કોણ જાણે કેમ મને તારા પ્રત્યે દયાની લાગણી થઇ આવે છે. ભલે હું તને થોડો વિચાર કરવાનો સમય આપું છું. પણ પછી જો મારા નિશ્ચયની વિરુદ્ધ તારો નિર્ણય આવ્યો તો યાદ રાખજે કે તારી ખેર નથી. મારા નિર્ણયની વિરુદ્ધ વિચારવાનું પરિણામ શું આવે છે તે તો તું જાણે છે, છોકરા!'

આટલું કહી તે મને છોડીને એકદમ ત્યાંથી ચાલ્યો ગયો. અને હું એકલો ઊભો ઊભો અણગમતા વિચારોમાં ડૂબી ગયો. એ વખતે સાંજ નમવા આવી હતી. સૂરજ દરિયાનાં પાણીમાં ડૂબી ગયો હતો. અને અંધારાની કાળી ચાદર પૃથ્વી પર પથરાઇ રહી હતી. મારી કલ્પના-ચક્ષુ સમીપ વનચર ગામના લોકો દિવસનું કામ પૂરું કરી હળ, બળદ અને ખેતીનો સંચ લઇ ઘર ભણી જઇ રહ્યા હતા. વન-ચરના ઘાસથી છવાયેલા માટીનાં ઘરોમાં નાના નાના દીવા ટમટમી રહ્યા હતા. આ ઘર, આ ખેતર, આ વાડી-વજીફા અને ઘરના પ્યારાં માણસોથી જુદા પડીને ક્રૂર મૃત્યુને ભેટવાનો ફેંસલો મારા માટે નિયતિએ લખી નાખ્યો હતો.'

આટલી વાત કહીને મલેક અટકયો ને તેણે પહાડ જેવડો નિસાસો નાખ્યો. તેને સાંભળનારા બધા માણસો પણ કેમ એના દુ:ખમાં સહાનુભૂતિ બતાવતાં હોય તેમ તેમણે પણ નિસાસો મૂકયો અને મલેકે તુરની બારી આડેના ચક તરફ એક છુપી દ્રષ્ટિ ફેંકી. પડદો લટકતા હોવા છતાં મલેક તુરની હાજરી અનુભવી શકયો. એના દુ:ખની વાત સાંભળતાં સાંભળતાં કેમ જાણે તુરનું હૃદય દ્રવી ઉઠતું હોય એમ એની છાતીની શ્વાસધમણ જાણે તે સાંભળી શકયો.

થોડીવાર વિસામો ખાઇને વળી તેણે પોતાની દુ:ખકથા આગળ ચલાવી.

'તે રાત મારી જીંદગીમાં કદાચ લાંબાંમાં લાંબી રાત હતી. એ અમંગળ રાત્રિએ નિદ્રા પણ મને છોડીને ચાલી ગઈ. એક એક પળ જુગ જેવડી થઈ પડી અને કેમ જાણે એના પગમાં લોખંડી બેડીઓ જડી હોય તેમ ધીમે ધીમે વીતવા લાગી. નિદ્રાહીન આંખો વડે હું આકાશ સામે જોઇ રહ્યો. આભા મંડળમાં તારકવૃંદનું સરઘસ ધીમે ધીમે આગળ વધતું જતું હું જોઈ રહ્યો. એમનો પ્રકાશ પણ મારાથી સહન થઇ શકતો ન હતો. અને કેમ જાણે મારા પર વેર વાળતા હોય તેમ આજે નક્ષત્રો વધારે તેજથી પ્રકાશતાં હતાં. આકાશ ખૂબ જ સ્વચ્છ હતું અને વાતાવરણમાં કાતિલ હવા ચાલતી હતી.

હું પ્રકાશને પલટાતો જોઇ રહ્યો. ધીમે ધીમે આપણને કળાય નહિ એ રીતે તે વધારે ને વધારે આંખો આંજી નાખે એવું ઉગ્ર તેજ ધારણ કરતો ગયો. એમ કરતાં કરતાં સવાર પડ્યું ને પૂર્વાકાશ ઉગતા રવિના તેજથી ઝળહળ ઝળહળ પ્રકાશી ઉઠ્યું પણ મને એ પ્રકાશમાં પણ ક્યાંય મંગળતાના દર્શન થયાં નહિ. ઉલટું કેમ જાણે એ વધારે મોટા અનિષ્ટની આગાહી આપતું હોય એવો દેખાવા લાગ્યો.

સવારે ઉજાગરાથી ઘેરી બનેલી લાલ આંખો ને ભારે મગજે માથું ભમવા લાગ્યું ત્યારે મારાથી રહેવાયું નહિ. હું મનોમન ચીસ પાડીને બોલી ઉઠ્યો. 'ધરતી ઉપર રાત્રે બધાય જીવ જંપી ગયા છે. ચોર ડાકુઓ ખૂનીઓ અને લુટારાઓ પણ રાત્રિને ખોળે પોઢીને મીઠી નિંદર લઇ રહ્યા છે. એક હું જ અભાગિયો જીવ છું તે મને જંપ મળતો નથી. મારા નસીબમાં ઊંઘ નથી, આરામ નથી.'

આમ ને આમ રાત વીતી ગઇ. સવાર પડી. આકાશમાંથી પ્રકાશનાં કિરણોનાં તીર ભાલા વરસવા લાગ્યા અને દરિયાના પાણીને રૂપેરી રસથી રસવા લાગ્યાં. સવાર પડતાં જ હવાની લેરખડી સમુદ્રના પાણી ઉપર થઇને આવવા લાગી. પણ મને તો કેમ જાણે એ વનચરના વહાલસોયા કિનારાથી આવેલા પ્યારાં જનોના નિસાસા હોય એવી ભાસવા લાગી.

ઉજાગરા, થાક, અને માનસિક યાતના અને નિરાશાને લઇને હું એવો તો થાકી ગયો હતો કે જરૂર હું ઘડી બેઘડી બેહોશ બનીને પડી રહ્યો હોઇશ. એમાંથી જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે મારા અંગે અંગમાં ભયંકર કળતર થવા લાગ્યું અને મારી આંખોના રતન કેમ અગ્નિ ઉપર મૂકયાં હોય એમ બળવા લાગ્યાં. મારી આંખે અંધારા આવવાં લાગ્યાં. એક વિચત્ર પ્રકારની ઝાંખપે મારી આંખને છાવરી લીધી ને મારૂં આખું મગજ ભમવા—ચક્કર ખાવા લાગ્યું. ફરી હું બેહોશીની પકડમાં પડવા લાગ્યો. મને જોરથી બૂમ પાડી ઉઠવાની કે મોટેથી ગીત ગાવાની તીવ્ર અને અદમ, ઇચ્છા થઇ આવી અને ખરે-ખર મેં મોટેથી બૂમ પાડી જ હોવી જોઇએ કારણુ તે વખતે મારી નજર સામે કાળા પડછાયાવાળાં અને વિચિત્ર રૂપ ધારણુ કરેલા જીવોની ભૂતાવળ જાણે નાચવા લાગી. એમાંથી એક જણુ આગળ આવી મારી સમક્ષ નીચો નમ્યો અને મારા પડખામાં તેણે એક સોય માર્યાનું અને નીચે મુજબ વાત કર્યાનું આછું આછું યાદ છે. 'આ બિચારો માણુસ મરી જશે. જુઓ તો ખરા એને તાવ કેટલો ધખધખે છે. શરીર આખું એટલું તો તપ્યું છે કે એના ઉપર હાથ મૂકતાં જ હાથ દાઝી જાય છે. આટલા શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા ત્યાં હું ફરીને બેભાન બની ગયો.

હું કેટલા દિવસ આ રીતે બેભાન દશામાં રહ્યો હોઇશ એની મને ખબર નથી પણુ એમ લાગે છે કે ઘણુા દિવસ આ રીતે જ પસાર થયા હશે. જ્યારે ફરીને હું ભાનમાં આવ્યો ત્યારે હું વહાણુની એક કેબીનમાં મેલાઘેલા ગોદડાંના ગાભા પર સૂતો હતો. મારો અવાજ પણુ એટલો બધો બદલી ગયો હતો કે હું પોતે તે ઓળખી શકયો નહિ. મારા કોઠામાં જાણે અગન ઉપડી હોય એમ થવા લાગ્યું. મારૂં ગળું સાવ સુકાઈ ગયું અને શરીરનું અણું અણું પાણી પાણીનો પોકાર કરવા લાગ્યું છતાં સુકાઇને નિષ્પ્રાણ થઇ ગયેલી જીભ 'પાણી આપો' એટલું યે બોલી શકી નહિ. નાનો સરખો શબ્દોચ્ચાર

કરવાની પણ એનામાં શક્તિ રહી નહોતી. મને થયું કે હું આમને આમ પાણી વિના તરસ્યો મરી જઇશ પણ સદ્‌ભાગ્યે થોડી ક્ષણ પછી કોઈ મારી પથારી પાસે આવ્યું. મેં આંખો ઉઘાડીને એની સામે નજર કરી એને ઓળખવા કોશીશ કરી. એ મંગપો હતો. મને ભાનમાં આવેલો જોઈ તે જરા હસ્યો ને બોલ્યો. 'આખરે તું ભાનમાં આવ્યો નહિ બેટા!' એના પ્રેમ અને ઉષ્મા ભર્યા શબ્દો અને કંઠસ્વરમાં રહેલી નરમાશ જોઇ મને પણ નવાઇ લાગી. જવાબમાં હું પણ ફિક્કું હસ્યો અને બહુ જ ધીમા અને અસ્પષ્ટ અવાજે મેં હાથની છાજલી કરી તેને સમજાવ્યું 'પાણી આપો.'

તુરત જ તેણે નીચા નમી ખાંકડા નીચેની સુરાહીમાંથી પ્યાલામાં પાણી કાઢ્યું ને પ્યાલો મારા હાથમાં આપ્યો. પણ હું એટલો બધો નબળો પડી ગયો હતો કે પાણી ભરેલો પ્યાલો ઝાલવા જેટલી પણ શક્તિ મારામાં રહી નહોતી. આથી પ્યાલો પકડતા જ મારો હાથ ધ્રૂજવા લાગ્યો એ જોઇ એ તુરત જ મારી પથારીમાં બેઠો અને મને ધીમેથી ટેકો આપી પથારીમાંથી બેઠો કર્યો ને એક હાથે મને ઓઠીંગણ આપી બીજે હાથે પ્યાલો પકડી મારા હોઠ આગળ ધર્યો. સડસડાટ કરતો હું પાણીનો આખો પ્યાલો પી ગયો. મારે બત્રીસ કોઠે જાણે દીવા થઈ ગયા. બીજી જ ક્ષણે મારા જીવમાં જીવ આવ્યો. પાણીનો આસ્વાદ આ આનંદ મારા જીવનમાં મેં કદિ ભોગવ્યો નહિ હોય. મને પુનર્જીવન પ્રાપ્ત થયું. એકાએક મને મારી દશા યાદ આવી ગઈ. મારાથી ઊંડો નિસાસો નંખાઇ ગયો અને હું થાક અને નિરાશાથી ઢગલો થઇ પથારીમાં પડયો.

મંગપોએ થોડી પળ મારી સામે એકીટશે જોયા કર્યું. પછી તેણે પૂછ્યું: 'કેમ હવે સારું છે ને? જવાબમાં મેં માથું નમાવીને હા પાડી. પછી મને વધારે આરામ મળે એ હેતુથી તેણે મારું ઓશિકું સરખી રીતે ગોઠવી દીધું. મારે અહીં એટલું કહેવું જોઇએ કે આ ભયંકર અને ઝનૂની લુટારાઓએ તેમની પાસેથી મેં કદી ધાર્યું ન

હોય એટલી કોમળતા, ઋજુતા અને પ્રેમથી મારી સેવા-સુશ્રુષા અને ચાકરી કરી. મારી આ માંદગી ન આવી હોત તો તો મેં તેમને રાની પશુ જેવા જંગલી પ્રાણીઓ જ ધારી લીધા હોત. પણ મારી માંદગીએ મને એમના જીવનનું એક બીજું જ પાસું જોવાની તક આપી. આને પરિણામે હું તેમને વિષે બહુ આકરી રીતે વિચારી શકતો નથી.

આ જાતની શ્રમિત મનોદશામાં દિવસો એક પછી એક વીતવા લાગ્યા. મારી શક્તિ, મારી ચેતના સાવ મંદ પડી ગયાં હતાં. મારા આત્માનો ઉત્સાહ પણ ઓસરી ગયો હતો. તન અને મન બન્નેને ખૂબ જ થાક લાગ્યો હતો. તબિયત સુધરતી જતી હતી એ ખરું પણ એનો માર્ગ ઘણો લાંબો, દુઃખદાયક અને કંટાળાભરેલો હતો. મારી દુઃખશય્યા પર પડયા પડયા મને મારા જીવનના ભૂત અને ભવિષ્યના અનેક વિચારોએ ઘેરી લીધો હતો.

મેં મારા સમસ્ત જીવનના પટ-વિસ્તાર ઉપર નજર નાખી. અને મારા મનમાં કડવા વિચારો ઉભરાવા લાગ્યા.

હું વિચારવા લાગ્યો. 'અલ્લાએ જ્યારે મને દુઃખ અને નિરાશા જ આપ્યાં છે ત્યારે તેને રહેમાને રહીમ-કરુણાનો સાગર કેમ કહી શકાય? મેં એમનું શું બગાડયું છે કે તેમણે મારા ઉપર આટલા બધા દુઃખના ડુંગર નાખ્યા? મેં જનમ ધારીને નથી મારી માને કદિ જોઈ. સાંભળ્યું છે કે હું સાવ ધાવણો બાળક હતો ત્યારે જ એ મરી ગઈ. પણ એની ખોટ મને વરતાણી નહિ. મારા બાપુએ વરતાવ દીધી નહિ. એ પોતે મારા મા અને બાપ બન્ને બન્યાં અને મને તેમણે ખૂબ સાચવ્યો. વળી મારા દાદીમાએ મને પ્રેમ અને લાડથી ઉછેર્યો ને કોઇ જાતની કમીના રહેવા દીધી નહિ. પણ એ સુખ પણ અલ્લા-તાલાએ ઝાઝો વખત રહેવા દીધું નહિ અને થોડા વખતમાં એક પછી એક બન્નેને તેમણે બોલાવી લીધાં. પહેલાં બાપુ મરી ગયા અને પછી

થોડા જ વખતમાં દાદીમાં પણ ગયાં. મારી સ્થિતિ કફોડી થઈ ગઈ. આ કરુણ પરિસ્થિતિમાં એક અજાણ્યો માણસ જે મારા બાપુનો દુશ્મન હતો તેમણે મને આશ્રય આપ્યો અને એ રીતે અસગરચાચાના ઘરમાં હું આશ્રિત બનીને રહ્યો ત્યારથી એ મારૂં નવું ઘર બન્યું. એ મારા બાપુ બનીને રહ્યા એટલું જ નહિ પણ એ ઘરમાં મને મા અને બહેન પણ મળી ગયાં. પણ હું આટલું બધું સુખ ભોગવું એ ક્રૂર વિધિને મંજૂર ન હતું, નસીબને મંજૂર ન હતું. અને એક રાત્રે મારા જીવનમાં ફરી વરસાદ અને વાવાઝોડું આવ્યું. અને તેણે મારા સુખના સ્વર્ગની ઈમારત તોડી પાડી. અનેક મુશ્કેલીઓ અને વિઘ્નો વચ્ચે વનચરમાં નવું ઘર બાંધવામાં આવ્યું. જીંદગી મારે માટે નવી આશાઓ અને રંગીન ભવિષ્ય ઉઘાડી રહી હતી એવામાં જ એકાએક આસમાનમાંથી આ વજ્જર પડયું અને મારું સુખ, મારી આશા, મારું ભવિષ્ય બધું રોળી ટોળી નાખ્યું. બેશક વિધાતા સામે ફરિયાદ કરવાનો મને હક્ક છે. કારણ કે એક બાજુ જ્યાં લુટારાઓ અને ધાડપાડુઓએ પણ મારા પ્રત્યે માયા અને મમતા દેખાડી છે અને મારા ઉપર મહેર કરી છે. ત્યારે આ આલમનો સરજનહાર અલ્લાતાલા આટલું કરવામાંથી ચૂકીને ઉલટો મારા પર ખોફ વરસાવી રહ્યો છે.'

આ પ્રકારના કડવા વિચારો મારા મનમાં ઊભરાવા લાગ્યા અને અને હું પોતે પાગલ બની જઈશ કે શું એવો ડર મનમાં પેસી ગયો.

આ રીતે થાક અને કંટાળાભર્યા લાંબા દિવસો ને રાત્રિઓ માંડ માંડ પસાર થતી હતી. ધીમે ધીમે મારામાં શક્તિ આવતી હતી પણ એકંદરે તબિયતમાં થતો સુધારો બહુ ધીમો હતો. મારી જીંદગીમાં આશા જેવું કંઇ રહ્યું નહોતું. અને એથી જીવવાની આશા પણ મરી ગઈ હતી. લુટારાઓ અને ધાડપાડુઓ મારા જેવા બિમાર માણસને સાચવીને કંટાળી ગયા હતા અને ધીરજ ગુમાવી તેઓ મને દરિયામાં ફેંકી દેવા તત્પર થયા હતા. પણ મંગપોએ તેમને તેમ કરતા રોકયા હતા.

એક દિવસ હું મારી પથારીમાં અર્ધજાગ્રત અવસ્થામાં અને અર્ધ નિદ્રાવસ્થામાં પડયો હતો ત્યારે મંગપો પોતાના બે માણસોને લઇને મારી પથારી નજીક આવ્યો. હું ઊંઘમાં છું એમ સમજીને એ ત્યાંથી પાછો ફરતો હતો. એવામાં એમની સાથે જે બે માણસો આવ્યા હતાં એમાં જે માણસખાઉ હરમદ જાતિનો હતો તેણે તેને જતાં અટકાવ્યો. તે મારા સંબંધમાં મંગ–પો સાથે કંઈક ઉકળી ઉકળીને વાત કરતો હતો. ધીરજ ગુમાવીને તે એને કહેતો હતો.

'મને ખબર નથી પડતી સરદાર, કે તમને આ થયું છે શું ? આવી નબળાઇ આ પહેલાં તમે બતાવી કદિ જાણી નથી. તમે એક માણસને પસંદ કર્યો છે ને અમને કહો છો કે તે આપણી ટોળીમાં ભળશે. સારી વાત છે. પછી એ માંદો પડે છે ને કેમ જાણે એ તમારો પોતાનો જ પુત્ર હોય એટલા વહાલ અને પ્રેમથી એની સારવાર કરો છો શામાટે ! શું કામ ? દુનિયામાં બીજા માણસો નથી શું ? આપણે જયાં જઇએ ત્યાં આ માંદા માણસને સાથે ને સાથે ફેરવીએ એ આપણને પોસાય તેમ છે ? દરિયાખેડુનું આ વહાણ શું બિમારોની સારવાર કરવાની ઇસ્પિતાલ થોડી છે ? '

હું અર્ધ જાગ્રતાવસ્થામાં પડયો હતો એથી હું એની વાત બરાબર સાંભળતો હતો. પહેલાં તો મેં કંઇ ધ્યાન આપ્યું નહોતું. પણ પછી જ્યારે જોયું કે મારા વિષે વાત થતી હતી ત્યારે મારી જિજ્ઞાસા વધી ગઇ. મને થયું કે હવે મંગ-પો આને શો જવાબ આપશે ? નવાઇની વાત તો એ હતી કે મને કોઇપણ પ્રકારનો ડર લાગતો ન હતો, કારણ કે વધારેમાં વધારે તેઓ મને મારી નાખી શકે તેમ હતા અને મોતને માટે તો હું તૈયાર જ હતો.

મંગ-પોએ થોડીવાર સુધી કંઇ જવાબ આપ્યો નહિ. પછી જ્યારે તે બોલ્યો ત્યારે તેનો અવાજ એકધારો હતો. છતાં એના અવાજમાં મક્કમતાનો એવો રણકાર હતો કે એનો ચહેરો હું જોઈ શકતો ન હતો છતાં એ રણકારનો અનુભવ હું કરી રહ્યો હતો. તે કહેતો

હતો, 'વાત સાચી છે કે દરિયાખેડુનું વહાણ એ કંઇ બિમારોની ઇસ્પિતાલ નથી. આમ છતાં દરિયાખેડુ કાંઇ માણસ મટી જતા નથી. એ લોકોમાં પણ ઇન્સાનિયત પડેલી જ છે. તમે એક માણસને પકડયો, કેદ કર્યો. એની આસપાસના સંબંધો કાપી એને તદ્દન નવા જ વાતાવરણમાં લઈ આવો છો. તેને તમારી ટોળીમાં ભળવાનું આમંત્રણ આપો છો. અને હજી એ ચોક્કસ જવાબ આપે એ પહેલાં તેને શાર્ક માછલીના મોંમાં ધકેલી દેવા તૈયાર થાવ છો! એને હા કે ના નો જવાબ તો આપવા દો. આટલા બધા ઉતાવળા કેમ થાવ છો? તે દિવસે જ એણે હા પાડી હોત તો એ તમારો સાથી–જોડીદાર હોત. અને તમારો જોડીદાર માંદો પડયો, બિમાર થયો તો તમે એને દરિયામાં થોડો ફેંકી દો છો? આપણા સાથીને, દોસ્તને, બિરાદરને એ માંદો હોય એટલે કદી આપણે દરિયામાં ફેંકી દઇશું ખરા? અને ભાઇ દોનપેન્ડો, ધારો કે તમે પોતે જ માંદા પડયા તો તમારી સાથે પણ તમારા જ શબ્દો પ્રમાણે વહેવાર રાખવો ઠીક થશે?'

આટલું કહીને મંગ-પો ખડખડાટ હસી પડયો. આખું વહાણ એના મર્દાનગીભર્યા ઘોઘરા હાસ્યથી ગાજી ઊઠયું. એના સાથીદારો પણ એના હાસ્યમાં ભળ્યાં અને હું મંગ-પોના વિશિષ્ટ હાસ્ય વચ્ચેથી દોનપેડોના ખડખડાટ હસવાનો અવાજ પારખી શકયો.

આમ કરતાં વળી બીજા કેટલાક દિવસ વીતી ગયા અને હું ધીમે ધીમે દરિયા–લુટારૂ બનવાના વિચાર તરફ ઢળતો જતો હતો. આ નિર્ણય કરવામાં જાન ગુમાવવાનો ભય એટલો કારણરૂપ નહોતો બન્યો જેટલી મંગપો પ્રત્યે મારી આભારની લાગણી કારણભૂત બની હતી. વનચર અને તેની સાથે સંકળાયેલી તમામ પ્યારી વસ્તુઓનો ખ્યાલ આવતાં જ મારા હૃદયમાં જાણે શૂળ ભોંકાતું હોય એવી વેદના થતી હતી. પણ ખુદાતાલાએ જ્યાં જુદું જ ધારી રાખ્યું હોય ત્યાં મારા હૃદયમાં ચાલી રહેલા મનોમંથનનું શું ગજું? ગમે તેટલા ઊંચા વિચાર કરું તો પણ એ શા ખપના? આમ છતાં આખરે નસીબે

જાણે યારી આપી હોય એમ દેખાયું. પૂર અને વાવાઝોડાંએ મારા સુખની ઇમારતનો એ વખત ભાંગીને ભુક્કો કરી નાંખેલો પણ હવે એ વાવાઝોડાં અને પૂરે જ મને દુઃખદ કમનસીબીમાંથી ઉગારી લીધો.'

મલેક અહીં થોભ્યો. સાંભળનારામાંથી કોઇ બોલ્યું, કોઈ બોલ્યું નહિ. કારણ બધાં અતિશય શાંતિથી એની વાત સાંભળી રહ્યાં હતાં. મલેક એક ક્ષણ પોતાની આંખો તુરૂ જ્યાં બેઠી હતી તેની બારીની ચક ઉપર નાખી અને ફરી તેણે વાત શરૂ કરી.

'હા, એ કુદરતી વાવાઝોડાંએ જ મને લુટારાની જીંદગીમાં કદમ મૂકતાં બચાવી લીધો અને સાથે અહીં તમારી સૌની વચ્ચે ફરી એકવાર લાવવાનો મોકો આપ્યો. હું ધારૂં છું કે આજથી લગભગ એકાદ અઠવાડિયા પહેલાં જ એ વાવાઝોડું શરૂ થયેલું. મારામાં હજી નબળાઇ હતી અને મોટે ભાગે પથારીમાં જ પડયો રહેતો. એટલામાં મંગપો દોડતો દોડતો આવ્યો ને મને મારી પથારી સાથે પટાથી બાંધી દીધો. તેણે પણ પથારી વહાણની કાઠી સાથે મજબૂત રીતે બાંધી દીધી.

હું એની સાથે આશ્ચર્યથી સ્તબ્ધ બનીને જોઇ રહ્યો. આ બધું શેની આગાહી આપતું હતું તે હું સમજી શકયો નહિ. મંગ–પોએ મારા ચહેરા ઉપર ઉઠેલી આશ્ચર્યની ચમક જરૂર જોઈ લીધી હશે. એટલે તો આંખમાં હાસ્ય લાવીને તેણે કહ્યું 'તને શાર્ક માછલીના પેટમાં કોળિયો થઇ જવા માટે દરિયામાં ફેંકી દેવાની મેં ઘણીવાર વાત કરી છે પણ હવે કદાચ તેનો અમલ કરવો પડશે.'

આટલું કહીને તે ખડખડાટ હસી પડયો ને વળી બોલ્યો 'કદાચ શાર્ક માછલીને મારો કોળિયો પણ કરી જવો પડશે.'

મને એક પણ શબ્દ બોલવાની તક આપ્યા સિવાય તે એકદમ ઉતાવળો ઉતાવળો બહાર દોડયો ગયો. કેબીનની મારી પથારીમાં પડયાં પડયાં વહાણની અંદર કેવી ઝડપી તૈયારીઓ થતી હતી તેની અટકળ

હું કરી શકયો. વહાણના માણસો ત્વરાથી આમ તેમ ફરતા હતા. અને વહાણના મિતાક્ષરી શબ્દોવાળા હુકમો એક પછી એક છૂટયે જતા હતા. એવામાં અચાનક વહાણને મેં ઘુમરિયું ખાતાં જોયું.

મેં સંરક્ષણની સહજ વૃતિને વશ થઇ એકદમ પથારી પકડી લીધી. કારણ મને પથારી સાથે બાંધ્યો છે એ વાત તો હું ભૂલી જ ગયો. એ પછી તોફાની વમળમાં વહાણ ઊંચુંનીચું થવા લાગ્યું અને ચક્રાવે ચડવા લાગ્યું. એની અસર મારા ઉપર ઘણી જ માઠી થઈ. મારૂં મગજ દુ:ખવા આવ્યું ને પેટ ચુંથાવા લાગ્યું. ઉલટી ઉપર ઉલટી એવી થવા લાગી કે છઠ્ઠીનું ધાવણ પણ નીકળી ગયું. હું દુ:ખ અને વેદનાથી જોરથી બૂમો પાડવા લાગ્યો. પણ એથી કશો અર્થ સરે તેમ ન હતું. મહાતોફાન ફાટી પડયું હતું. બોટના દરેક ખુણા અને તીરાડોમાંથી તોફાની પવનના સુસવાટા અને ચિચિયારીઓ સંભળાતાં હતાં. ખીલેથી છૂટેલો નવો વછેરો જેમ ચારે પગે કૂદકા મારે તેમ વહાણ ઘડી આગળ ને ઘડી પાછળ કૂદકા મારતું હતું તો ઘડી ઘુમરી ખાતું હતું. હું તો કેમ જાણે ગોળીમાં પડેલા રવૈયાની માફક ઘુમવા લાગ્યો. અથવા કહો કે ઉકળતા ચરૂમાં ઘુમરિયું ખાવા લાગ્યો. એક તો નબળો ને દૂબળો હતો એમાં ભૂખ્યો હતો; આથી વહાણના આ હડદોલા મારાથી સહેવાય તેમ નહોતા. મારી આંખે અંધારા આવ્યા ને હું થોડો વખત બેભાન બની ગયો. જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે પણ તોફાન એની ટોચે પહોંચ્યું હતું. કેમ જાણે હજારો રાક્ષસોને સંહાર કરવા છૂટા મૂકયાં હોય એમ દરિયાની સપાટી પર તાંડવ ચાલતું હતું. આ કુદરતી રાક્ષસો ચીસો પાડતા હતા, ગર્જના કરતા હતા અને વહાણને થપાટો ઉપર થપાટો મારી અહીંતહીં ગડથોલિયાં ખવરાવતા હતા. મારૂં શરીર આ પ્રહારોથી ખૂબ દુ:ખતું હતું. આથી ફરીને હું બેભાન બની ગયો.

આમને આમ બેભાન દશામાં કોણ જાણે હું કયાં સુધી રહ્યો. છેવટે જ્યારે ભાનમાં આવ્યો ને આંખ ઉઘાડીને જોયું તો હું આ

માછીમારોના ઝુંપડામાં સૂતો હતો. આ બિચારા ભલા ભોળા ને દયાળુ માછીમારોએ મને લુટારાઓના પંજામાંથી છોડાવ્યો હતો અને હવે તેઓ મને એમની હોડીમાં બેસારીને અહીં મારા સ્વજનો વચ્ચે લાવીને મૂકી દીધો છે.'

મલેક અહીં અટક્યો. પણ સાંભળવા એકઠા થયેલા સૌ એને કેવી રીતે મદદ મળી ને કેમ એ બચી ગયો તેની વધારે વિગતો જાણવા આતુર હતા. આથી મલેકે પોતાની બાજુમાં જ બેઠેલા માછીમારોમાંથી એકને ઉદ્દેશીને કહ્યું: 'ભાઈ, હવે અધૂરી વાત તું જ પૂરી કર. કારણ કે હું તો બેભાન બની ગયો હતો એટલે આગળ શું બન્યું ને કેવી રીતે, તે કંઈ જાણતો નથી.'

માછીમાર આ સાંભળી જરા અસ્વસ્થ થયો. અને સંકોચવશ થઈ વાત કરવાની આનાકાની કરવા લાગ્યો. પણ જ્યારે બધાનો આગ્રહ જોયો અને તેનો યજમાન સુદ્ધાં વાત સાંભળવા બહુ જ ઉત્કંઠા ધરાવતો હતો એમ જોયું ત્યારે તેણે ટૂંકામાં બધી વાત કહી સંભળાવી.

'અમે સૌ માછીમારો દરિયામાં મછવા હાંકતા હતા ને ફરતા હતા એટલામાં દૂરથી દરિયાઈ વાવાઝોડું દોટ મેલીને ધસી આવતું દેખાયું. આથી અમે સૌએ એક નાના રેતીના કિનારાની ખાંચમાં જઇને આશ્રય લીધો. આ અમારૂં જાણીતું અને માનીતું સ્થળ હતું ત્યાં અમે અવારનવાર મુકામ કરતા હતા. તોફાનને આવતું જોઈ અમે જલદી જલદી મછવાઓ હાંકીને આ રેતાળ કિનારાની ગોદમાં ચાલ્યા આવ્યા ને બોટને કિનારા સાથે બાંધીને એની આડશમાં બેસી ગયા. હમણાં વાવાઝોડું માથા ઉપરથી પસાર થઇ જશે પછી અમે નિરાંતે ઘર ભેગાં થઇ જશું એવી ગણતરી કરીને અમે બેઠા હતા.

એવામાં ખરેખરૂ તોફાન આવ્યું. દરિયો ગુસ્સામાં ને ગુસ્સામાં ઉફાંદે ચડ્યો ને પર્વત જેવડા મોજાં કિનારા ઉપર આવી આવીને

અથડાવા લાગ્યાં. અમારી જીંદગીમાં આવું તોફાન અમે કદિ જોયેલું નહોતું. અમે સૌ લપાઈને હોડીઓ આડે બેઠા હતા. એટલામાં ભયંકર તોફાનમાં કાળાં ભમ્મર પાણી વચ્ચે ઘુમરિયું લેતાં એક મોટા વહાણ ઉપર અચાનક અમારી નજર પડી. વહાણ તોફાનમાં પૂરેપુરૂં સપડાયું હતું. કિનારા ઉપર શરત દોડના ઘોડાની જેમ ત્વરિત ગતિએ ધસ્યું આવતું હતું. અમે વહાણના લોકોને ચેતવવા અને આ બાજુ જોખમ છે એવું સમજાવવા માટે ખૂબ જ કોશીશ કરી પણ પવનનો ઝપાટો એવો બળવાન અને વેગવાન હતો કે અંદરના ખલાસીઓ ગમે તેટલી મહેનત કરે તો પણ એની ગતિ રોકી શકે તેમ ન હતું. આથી અમે બધા તોફાનમાં સપડાયેલા એ વહાણના બધા મુસાફરોને મદદ કરવા આગળ આવ્યા ત્યાં તો અમારા ઉપર આફત વરસી પડી. ધરમ કરતાં જ માથે ધાડ આવી પડી. કારણ એ વહાણ સામાન્ય મુસાફરોનું કે કોઈ સોદાગરનું વહાણ ન હતું પણ ચાંચિયાઓનું વહાણ હતું. આથી તેઓએ અમારી ઉપર હુમલો કર્યો. ચાંચિયાઓના આ જાતના અચાનક હુમલાથી પહેલાં તો અમે સૌ ડઘાઇ ગયા. કારણ અમારી પાસે માછલાં પકડવાની જાળ અને હલેસા સિવાય બીજું કોઇ હથિયાર હતું નહિ. પછી આત્મરક્ષણ શેનાથી કરવું ? થોડીવાર તો શું કરવું એ જ કોઇને સુઝયું નહિ. પણ ભાગજોગે અમારામાંથી એક બુઢા અને અનુભવી આદમીને ચાંચિયાઓને સપડાવવાની તરકીબની એક જૂની વાત યાદ આવી. અને તેનો તેણે આ વખતે અખતરો કર્યો. તેની પાસે લાલ મરચાંના ભૂકાંની કોથળી હતી એમાંથી મુઠીઓ ભરીને મરચાં લીધાં અને ધડાધડ કરતા ચાંચિયાઓના મોઢા ઉપર ફેંકયા. આમ મિનિટ બે મિનિટમાં તે ગલાલની જેમ જ મરચાની ભૂકી છાંટતો ગયો. આથી ચાંચિયાઓ ગભરાઈ ગયા. એની આંખોમાં કાળી બળતરા ચાલી અને આસપાસ શું ચાલે છે તેની જ તેમને ગમ પડી નહિ. આ નવી જાતનો હુમલો સફળ નીવડયો. ચાંચિયાઓ હાર્યા. આથી અમે બધા ચાંચિયાઓને કેદ કરી

એમના હથિયાર–પડિયાર ઝૂંટવી લીધાં. ત્યારબાદ એમને વહાણના થાંભલા સાથે બાંધી એમના વહાણનો કબ્જો લીધો. અંદર ઝડતી લીધી ત્યારે મલેકને એની પથારી સાથે દોરડે બાંધેલી સ્થિતિમાં બેભાન દશામાં પડેલો જોયો. અમે એના બંધ ઢીલા કરી એને છૂટો કર્યો ને એ જ દશામાં તેને અમારે ત્યાં લઇ ગયા. ત્યાં એની સારવાર કરી ભાનમાં લાવ્યા. એ પછી જ્યારે તેનામાં હરવા–ફરવાની અને મુસાફરીનો હડદોલો સહન કરવા જેટલી શક્તિ આવી ત્યારે અમે તેને હોડીમાં બેસારીને વનચર લઇ આવ્યા.

'પછી પેલા મંગ–પોનું શું થયું?' અઝીઝે એકાએક પૂછ્યું.

'એની મને ખબર નથી, કારણ જે ચાંચિયાઓને અમે બંદીવાન બનાવ્યા હતા તેમાં એ નહતો. તોફાન બરાબર ટોચે પહોચ્યું ત્યારે કદાચ એ તૂતક ઉપર સુકાન સંભાળીને બેઠો હશે.' મલેકે કહ્યું 'શાર્ક માછલીને પોતાના દેહથ ધરવવાની એની આગાહી સાચી પડી.' તેણે ઉત્સાહિત અવાજે કહ્યું.

'તો પણ બંદીવાન ચાંચિયાઓની જે વલે થઇ એમાંથી તો એ આખરે બચી ગયો નહિ?' અસગર મિયાંએ કહ્યું.



[૨૨]

હૃદયમંથન

એક સપ્તાહ વીતી ગયું. અને ધીમે ધીમે બધું થાળે પડવા લાગ્યું. મલેકને તો કેમ જાણે પોતે કદિ બહારગામ ગયો જ ન હોય એમ લાગવા માંડયું. એના જીવનના આ કડવા અનુભવે નુરૂ પ્રત્યેના પ્રેમની લાગણીને ઉલટી વધારે તીવ્ર બનાવી હતી. નુરૂ પ્રત્યે એનો પ્રેમ વધતો જતો હતો અને નુરૂ પણ એનો જવાબ વાળી રહી હતી એમ તેની આંખમાં તે વાંચી શકતો હતો. તેઓ એક બીજાની હાજરીમાં શરમ સંકોચ અનુભવતા હતા અને છતાં એકબીજાના સંસર્ગ માટે ઝંખતા હતા! જીંદગી એક સ્વપ્નસમી બની ગઇ હતી. અને બન્ને વચ્ચેના લાંબા અને ભયાનક વિજોગના સ્વપ્ન પછી વળી પાછા બન્ને મળ્યા એથી એમના આનંદ અને સુખનો પાર નહોતો. તેઓ પોતાની આસપાસ સુખની તરંગાવલિ વિસ્તારતા જતા હતા અને અસગરમિયાં પણ એ ચક્કરમાં આવી ગયો હતો. એમને સુખી જોઈ એની ખુશીનો પણ પાર નહોતો. તેઓના હાવભાવ, બોલચાલ તેમજ ક્રિયામાં મોહમયી વૃત્તિના વીજ–ચમકારા થતા એ વિષે તે અણજાણ હોય એમ લાગ્યું. અને કદાચ એ વસ્તુ તે જાણતો હોય તોપણ તેના કશા બાહ્ય ચિહ્નો એના મુખ ઉપર પ્રગટ થતાં ન હતાં. બુઢો અઝીઝ મૂંઝવણભરી ચિંતાથી અસગરમિયાંને નિહાળી રહ્યો હતો. આ બન્ને જુવાનિયાં વચ્ચે પ્રીત બંધાતી જાય છે એ વાત તેણે શું

અસગરમિયાંને નહોતી કરી ? અને બન્ને વચ્ચે લગ્ન થઈ શકે જ નહિ એમ કહી અસગરમિયાંએ જ એને ચૂપ કરી દીધો નહોતો શું ?

મલેકની અધીરાઇ વધતી જતી હતી. એનું ચંચળ મન હવે છટપટાટ કરી રહ્યું હતું. એના મનની વાસના અને પ્રેમની તીવ્ર લાગણીનો તરફરાટ, તુરૂ વિષેની એની ઝંખના વધારી રહ્યાં હતાં છતાં તે એટલો શરમાળ હતો કે અસગરમિયાંને એ વાત કરવા માટે એની જીભ ઉપડતી નહોતી. તુરૂ સાથેના તેના લગ્નની વાત અસગરમિયાં પોતે જ તેની આગળ કાઢે એમ તે ઇચ્છતો હતો. પણ અસગરમિયાં આ બાબતમાં કંઈ બોલતો જ ન હતો. ઘણીવાર તુરુ પ્રત્યેની તીવ્ર લાગણી એટલું જોર કરી ઉઠતી કે આ વાત અસગરમિયાં આગળ કહેવા તે તત્પર થઇ જતો અને શબ્દો લગભગ હોઠ ઉપર આવી જતા. પણ શરમની લાગણી વળી પાછી તેના હૃદય ઉપર કબજો કરી બેસતી ને એ બોલી શકતો નહિ. જુવાન માણસ પોતાના લગ્નની વાત પોતાના વડીલ આગળ ઉચ્ચારે એ તેને મન બેહૂદી વાત હતી. આમ એક તરફ ઇચ્છા અને ઝંખના અને બીજી તરફ શરમ અને સંકોચની લાગણીના ચઢ–ઉતર મોજાં વચ્ચે એનું જીવન ઝુલી રહેતું અને આમ એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. પણ આવી તંગ અવસ્થા એમ ને એમ કયાં સુધી ચાલે ? આની અસર તેના આરોગ્ય ઉપર પણ પડવા લાગી. તેને થયું કે જો પોતે પોતાના મનની આ વાત કોઇને કહેશે નહિ ને મનમાં જ રાખશે તો ગુંગળાઇ જશે. આથી તેણે કોઇને કોઇ આગળ પોતાનું હૃદય ખાલી કરવાની પૂરી જરૂર જણાઇ અને છેવટે આ વાત તેણે અઝીઝને કહેવાનો નિશ્ચય કર્યો. અઝીઝ એ માટે સૌથી વધારે લાયક વ્યક્તિ હતો.

આથી એક દિવસ બપોર પછી તેણે અઝીઝને બોલાવીને કહ્યું:

'અઝીઝ ચાચા, તમે અમારી સાથે ઘણા વખતથી રહો છો ને ઘરના જ માણસ જેવા થઇ ગયા છો. એટલે તમારી આગળ આજે

મારા દિલની એક વાત કરી દઉં. અત્યાર સુધી મેં એ વાત દિલમાં ને દિલમાં જ સંઘરી રાખી. પણ હવે મારાથી રહેવાતું નથી ને સહેવાતું નથી. કારણ હવે પેટમાં પડી પડી એ મને કોરી રહી છે.'

અઝીઝે દશ શેરનું માથું નમાવીને કહ્યું 'મને તારી એ વાતની ખબર છે. કુલસુમે મને ઘણા વખત પહેલાં એ બધી વાત કહેલી. પણ પંચાયત કહે છે કે એ બનવા જોગ નથી.'

મલેકને હૃદયમાં જાણે આંચકો લાગ્યો. તુરત જ અધીરો થઇને એ બોલ્યો. 'શું બનવા જોગ નથી? અઝીઝચાચા! હું જે વાત કરવા માગું છું એ જ એ વાત છે?'

'અલબત્ત વળી એ જ વાત છે.' અઝીઝે માથું હલાવીને કહ્યું 'તું તુરુ સાથે શાદી કરવા માગે છે ને હું ધારું છું ત્યાં સુધી તુરુ પણ તારી સાથે શાદી કરવા માગે છે. એ જ વાત છે ને? કુલસુમે આ બધી વાત વરસો પહેલાં જ કરી દીધેલી. પણ પંચાયતે મને કહ્યું કે તું પાગલ છો. અને કુલસુમ તો બિચારી મરી ગઈ નહિ તો એ આ વાતની સાક્ષી પુરત.'

આટલું કહી તે એકાએક રડવા લાગ્યો અને તેની આંખમાંથી આંસુ સરી એના કરચલિયાળા મોંને ભીંજાવવા લાગ્યા. 'હું જાણું છું કે કુલસુમ મરી ગઇ અને હવે ફરી એનું મોઢું કદી જોવા નહિ પામું. હાય અફસોસ! હજારવાર અફસોસ! કુલસુમ બિચારી મરી ગઈ, હંમેશને માટે ગઈ.

આટલું કહી તેણે બે હાથે લમણા ઝાલી ગોઠણમાં માથું ઘાલી દીધું ને ડૂસકાં ઉપર ડૂસકાં ભરી એ રડવા લાગ્યો. ડૂસકાને કારણે એના દેહની સમસ્ત કાઠી ધ્રૂજી ઉઠી ને પોતે આમ ને આમ ગોઠણમાં માથું ઘાલી બેસી રહ્યો. મલેક ક્ષણ બે ક્ષણ ત્યાં ઊભો ઊભો રહી તેની સામે ફાટેલી આંખે જોઇ રહ્યો. પછી તુરત જ ઘરમાં તુરુને શોધવા દોડ્યો.

તુરૂ રાંધણિયામાં બીજી સ્ત્રીઓની સાથે બેઠી હતી અને રસોઇનું ધ્યાન રાખતી હતી. એટલામાં મલેક અચાનક આવીને તેના ઉપર જાણે તૂટી પડયો. તેણે કહ્યું 'તુરૂ મારે તારી સાથે થોડી અગત્યની વાત કરવી છે માટે મિનિટ બે મિનિટ તું તારા ઓરડામાં આવી જઇશ ?'

તુરૂ આ સાંભળીને નવાઇ પામી. તેણે મલેકને કોઇ દિવસ આ રીતે ધાંધો થતાં જોયો ન હતો. તેમ આ રીતે તેણે પોતાની સાથે કદિ વાત પણ કરી ન હતી. રાંધણિયામાં બેઠેલી બીજી સ્ત્રીઓ પણ આશ્ચર્યથી સ્તબ્ધ બની ગઈ કારણ કોઇએ મલેકને આ રીતે અચાનક આમ વાત કરતો જોયો ન હતો. આમ છતાં તેઓ મલેક અને તુરૂ વચ્ચે જે લાગણીનો સંબંધ હતો, પ્રેમનો સંબંધ હતો તેની અટકળ કરી શકી. તેઓ એક બીજાની સામું જોઇ હસી અને અર્થસૂચક ધોંકા મારવા લાગી. તુરૂ બહાર ગઇ એટલે એમાંની એક બોલી. અગ્નિ ઉપર ભલેને કપડું ઢાંકી એને સંતાડવા લાખ કોશિશ કરો પણ અગ્નિ એમાં ઢાંકયો ઢંકાઇને અછતો થોડો રહેવાનો છે !'

તુરૂ ઉતાવળી ઉતાવળી એના ઓરડામાં ગઇ. મલેક અસ્વસ્થ ચિત્તે ઓશરીમાં લાંબા લાંબા ડગલાં ભરતો આમ તેમ ફરી રહ્યો હતો. તુરૂએ જેવો પગ મૂકયો કે તુરત જ એ બોલી ઉઠયો. તુરૂ મેં શું ગુનો કર્યો છે કે મારે આ રીતે સહન જ કર્યે જવું ?

આ સાંભળી તુરૂ વધારે ને વધારે આશ્ચર્ય ચકિત બની અને મૂક પ્રશ્ન કરતી હોય તેમ એની સામે આંખોના પડદા ઉચકી મૂંગી મૂંગી ઊભી રહી.

મલેકે તો એની પોતાની રીતે પૂરપાટી દોડાવી દીધી ને શ્વાસ થોભાવ્યા વિના બોલ્યે જ ગયો. 'તુરૂ તારા પ્રત્યે મારા દિલમાં પ્રેમની જે ઉત્કટ લાગણી વહી રહી છે તેની તને ખબર લાગતી નથી. જો તને ખબર હોત તો તું આટલી શાંત અને મૂંગી બેસી રહેત નહિ.'

તુરુએ તેને અધવચ્ચે જ અટકાવીને કહ્યું: 'તું આમ શા માટે બોલે છે, મલેક? વાત શું છે? શું હકીકત બની છે એ તો કહે?'

મલેકની આંખમાં જળજળિયાં આવી ગયાં. કંપિત સ્વરે અને આંસુભરી આંખે તે બોલ્યો: 'અસગરચાચા મને તારી સાથે શાદી કરવા દેતા નથી. મારી અને તારી શાદીની વચ્ચે એ આડે આવે છે.'

આ સાંભળી તુરુના મુખ ઉપરથી રંગ ઊડી ગયો. તેનું મુખ સાવ ફિક્કું પડી ગયું. તે કંપિત કંઠસ્વરે બોલી: 'તે તેં કેમ જાણ્યું? તેં એની સાથે કંઈ વાતચીત કરી છે?'

મલેકે શોકપૂર્ણ ચહેરે માથું ધુણાવ્યું ને જવાબ આપ્યો, 'ના, મેં એની સાથે કશી વાત કરી નથી. પણ અઝીઝ ચાચાએ આ બાબતમાં વાત કરી હતી અને તેને તેમણે ના પાડી છે.'

કેમ જાણે ભૂત ભરખ્યું હોય તેમ એનો આખો ચહેરો દુ:ખથી વિકૃત અને ઉજ્જડ બની ગયો. એની આંખમાં ડોકિયાં કરી રહેલી વેદના તો દેખી દેખાય તેમ નહોતું. તે બોલ્યો: 'તુરુ, હવે આપણે શું કરીશું?'

તુરુની દુનિયા જાણે ચકરાવે ચડી ગઈ. તેને તમ્મર આવી ગયાં. તે ભાગ્યે જ જોઈ શકતી હતી, કારણ એની આંખમાં જળપડદા બંધાઇ ગયાં હતાં. ચક્કર ખાઇને એ ભોંય પર પડી જાત પણ એટલામાં તેણે બારણા પાસેની થાંભલીને પકડી લીધી. પછી જળપડદા સોંસરવી મલેક તરફ દૃષ્ટિ ફેંકીને જોઇ રહી. મલેક તુરુને આજે જેવી રૂડી દેખાઈ એવી ભાગ્યે જ કદી દેખાણી હશે. એનો ચહેરો આંસુથી ધોવાઇને સાફ થઇ ગયો હતો અને એમાં આભમાં ટમટમતા તારા ઝાકળમાંથી દેખાય તેના જેવી એની બે સુંદર આંખો આંસુના પડદામાંથી ઝબૂકી રહી હતી.

મલેકને ગળામાં જાણે ખરરાટી આવી ગઇ. તે એક ડગલું આગળ આવ્યો અને તુરુના હાથ એના હાથમાં લઈ લાગણીપૂર્વક બોલ્યો.

મારા પર વિશ્વાસ રાખીશ તુરૂ, ચાલ મારી સાથે. આપણે બન્ને અહીંથી દૂર દૂર ચાલ્યા જઇએ ત્યાં આપણે શાદી કરીને સાથે રહીશું. અહીં પેલો બુઢો માછીમાર છે ને? તેને મારા પર ઘણો જ પ્રેમ છે. એ આપણને એની હોડીમાં લઈ જશે.

તુરૂએ એની આંખો ફરી ઊંચી કરી. એની નજરમાં વિનવણી, આર્જવતા અને પ્રેમ ભર્યો હતો. આમ છતાં તેણે મલેકના સૂચનનો વિરોધ કર્યો. માથું હલાવી મરી ગયેલા માનવીના જેવા ફિક્કા અવાજે તેણે કહ્યું ના, ના, મલેક એ કદિ બની શકે નહિ. મને તારા પર પ્રેમ છે પણ સાથે સાથે મારા બાપુ ઉપર પણ પ્રેમ છે. એ બિચારા, મારી મા અને બાપ બનીને રહ્યા છે ને મને પ્રેમથી ઉછેરીને મોટી કરી છે. આમ કરીએ તો એનું હૃદય ભાંગીને ભૂક્કો થઈ જાય.

મલેકે ફરી ફરીને એને સમજાવી–વિનવી ઘડીક એના શબ્દોમાં પ્રેમની ઉત્કટ લાગણી દેખાતી. ઘડીક આજીજી–વિનતિ તો ઘડીક ઠપકો દેખાતો. ઘડીક એની આંખમાં આંસુ આવી જતા. ઘડીક એનું મુખ લાલચોળ થઈ જતું. ઘડીક હૃદયમાં કેમ જાણે શૂળ ભોંકાતી હોય એવી વેદના એના મુખ ઉપર તરી આવતી દેખાતી. આમ છતાં એની આજીજી વિનતિ, એની દલીલ વગેરે બધું વ્યર્થ ગયું. એકે ઉપાય તુરૂના નિશ્ચયને ફેરવી શકયા નહિ.

એટલામાં અચાનક એ ઓરડામાં એક ઊંચો અને કદાવર પડછાયો દેખાયો ને બીજી જ ક્ષણે બંનેએ ઊંચે નજર કરીને જોયું તો અસગરમિયાં તેમની સામે ઊભો હતો!

તુરૂએ એકદમ તેના પ્રિયતમના હાથમાંથી પોતાના હાથ ખેંચી લીધા ને દોડીને એ તેના બાપુના પગમાં પડી ગઈ. તેણે જોરથી અસગરમિયાંના બન્ને પગ ઝાલી લીધા ને હીબકે હીબકે રડતાં રડતાં આંસુથી એનાં ચરણ ભીંજાવવા લાગી. મલેક એક બે ડગલાં પાછો હટી ગયો. એની આંખમાં ગુસ્સો ને તિરસ્કાર ભર્યાં હતાં. એના

મનમાં હતું કે હમણા બુઢો અસગરમિયાં તેને સજ્જડ તમાચો ચોડી કાઢશે. આ વિચારે તેના મુખ ઉપર ગુસ્સો ને તિરસ્કાર ભભૂકી ઉઠયા હતાં પણ જેવી તેણે અસગરમિયાંના મુખ તરફ દ્રષ્ટિ ફેંકી કે તુરત જ તેનું મસ્તક શરમથી નીચું નમી ગયું. કારણ તેણે ધાર્યું હતું તેમ અસગરમિયાંના મુખ ઉપર ગુસ્સો, તિરસ્કાર કે ઠપકાનું ચિહ્ન સરખું નહોતું ઉલટું એના ચહેરા ઉપર વિવશતા અને ગ્લાની છવાયેલી હતી અને તેના તરફ એ પ્રેમ અને કરુણાભરી દષ્ટિએ જોઇ રહ્યો હતો !

અસગરમિયાં ધીમેથી નીચે નમ્યો ને તુરના માથા ઉપર પ્રેમથી થપકિયાં મારવા લાગ્યો ને બોલ્યો. ‘ બેટી મારી પ્યારી દુખિયારી બેટી ! ’

એટલા વખતમાં મલેકે પોતાની પૂર્વવત્ સ્વસ્થતા ફરી ધારણ કરી લીધી. પછી મહાપ્રયત્ને દબાવી રાખેલા કંપતા સ્વરે તે અસગર-મિયાંને ઉદ્દેશીને બોલ્યો.

‘ તુરૂ સાથેની મારી શાદીનો તમે શામાટે વિરોધ કરી રહ્યા છો ?’

અસગરમિયાંએ આછું સ્મિત કર્યું પણ એ સ્મિત નિર્જીવ મનુષ્યના સ્મિત જેવું નિસ્તેજ અને ફિક્કું હતું. મલેકના સવાલનો જવાબ તેણે સવાલ દ્વારાજ આપ્યો. ‘ બેટા મલેક તું એમ ધારે છે કે આ શાદીનો વિરોધ કરવાની મને ફરજ ન પડી હોત તો પણ હું કરત ?’

મલેકને એની વાતમાં વિશ્વાસ બેઠો નહિ. એટલે તે આછું હસ્યો. ને બોલ્યો ‘ કેવી વાત કરો છો અસગરચાચા ! આ બાબતમાં તમે પોતે જ તમારા માલિક છો અને ધારો તે કરી શકો છો. તમારે પોતાને વાંધો ન હોય તો તમને અટકાવનાર છે કોણ ?

અસગરમિયાંએ માથું ધુણાવીને કહ્યું, ‘ બેટા: તું ધારે છે તેટલી સહેલી એ વાત નથી. આપણે આપણા માલિક નથી. આ લગ્ન થઇ શકે તેમ નથી કારણ લોહીની સમાજનો કાનૂન એની આડો આવે છે. ’

મલેક ગુસ્સાથી ભભૂકી ઉઠયો. 'મેં પણ એમ જ ધાર્યું હતું. દુશ્મન હમેશા દુશ્મન જ હોય છે અને બાપનો દુશ્મન દીકરાનો દોસ્ત કદી થાય નહિ.'

અસગરમિયાંના હૃદયને જાણે એક જબ્બર ધક્કો વાગ્યો. એનાથી એક મોટો નિશ્વાસ નંખાઇ ગયો. એનો જર્જરિત દેહ ધ્રૂજી ઉઠયો. પણ એ કંઈ બોલ્યો નહિ. એ વખતે નુરૂએ પોતાના બાપના ચરણોમાં ઝુકાવેલું મસ્તક ઊંચુ કર્યું અને ઠપકાભરી આંખે મલેક તરફ જોઇ રહી. મલેક પોતે થોડો છોભીલો પડી ગયો. તેને થયું કે આ શબ્દો કયાંથી બોલાઇ ગયા! આમ છતાં તે લાગણીના પ્રવાહમાં એટલો તણાઈ ગયો હતો કે પોતાની વાતને વાજબી ઠરાવવાની આંધળી વૃત્તિને વશ થઇ તે બચાવ કરતો હોય તેમ આગળ બોલ્યો. 'તો પછી તમારા આ વિરોધનું બીજું કારણ શું હોઇ શકે? હું નજુમિયાંનો દીકરો છું એટલે તો તમે મને તમારી દીકરી સાથે શાદી કરવા દેતા નથી. એ વાત ખરી નથી શું?'

અસગરમિયાંએ પોતાનું માથું ઊંચું કર્યું. તેણે ઊંડા અને લાગણી ભરપુર સ્વરે કહ્યું: 'એક ખુદા જાણે છે કે તું જો ફક્ત નજુમિયાંનો જ પુત્ર હોત તો મેં જરૂર નુરુને તારી સાથે પરણાવી હોત.'

થોડી ક્ષણ તે અટકયો અને પછી વળી લાગણીના આવેશમાં તણાઇને એ બોલ્યો: 'તું એમ ધારે છે કે નજુમિયાં સાથે મારે દુશ્મનાવટ હતી એનું વેર હું તારા ઉપર વાળવા માગું છું અને તને દુઃખી કરવા માગું છું, ખરું? પણ એટલો તો વિચાર કર કે એમ કરીને હું મારી દીકરીને શું કામ દુઃખ આપું? મારી દીકરી તો મારી દુશ્મન નથી ને? તો પછી એનું તારી સાથેનું લગ્ન અટકાવીને હું એના હૃદયને ધક્કો નથી પહોંચાડતો?'

'તો પછી તમે અમારી શાદીનો શા માટે વિરોધ કરો છો? શા માટે અમારી વચ્ચે આવીને ઊભા છો?' મલેકે ગુસ્સે થઈને કહ્યું.

અસગરમિયાંએ દુ:ખિત બનીને ધીરા ને ઊંડા અવાજે જવાબ આપ્યો: 'મેં એનો ખુલાસો તો ક્યારનો આપી દીધો કે લોહીનો કાનૂન એની આડે આવે છે.'

મલેકે અધીરા બનીને કહ્યું: 'તમે આમ મોઘમ વાત કરો છો એમાં મને કંઈ સમજણ પડતી નથી. સ્પષ્ટ વાત કરો તો ખબર પડે.'

'તારે એનું કારણ જાણવું જ છે? હું તને કહું કે તારી અને નુરુની વચ્ચે શાદી થઈ શકે તેમ નથી એટલું જ બસ નથી? એથી વિશેષ સ્પષ્ટતા તારે જોઇએ છે?' અસગરમિયાંએ આખરે કંટાળીને દુ:ખી અવાજે પૂછ્યું.

મલેકે માથું ધુણાવીને કહ્યું: 'વાતનો ફોડ પાડ્યા વિના મને સંતોષ થાય તેમ નથી.'

નુરૂ તો બિચારી દીન વદને પિતાની ક્ષમા માગતી હોય તેમ સહાનુભૂતિપૂર્વક એમની સામે જોઈ રહી.

મલેકનો હઠાગ્રહ જોઈ આખરે અસગરમિયાંએ જવાબ આપ્યો: 'ભલે ત્યારે તારી ઇચ્છા પ્રમાણે બધું થાય.'

એટલું કહીને તે ઊભો થયો ને બોલ્યો: 'ચાલ મલેક, મારી સાથે ચાલ. અને નુરૂ, તું પણ માથે ઓઢણું નાખી લે. તારે પણ સાથે જ આવવાનું છે.'

અસગરમિયાં આગળ ચાલ્યો. મલેક અને નુરૂ પાછળ પાછળ ચાલ્યાં. વાતાવરણ સૂમસામ હતું. અસગરમિયાં દરિયા કિનારા પાસે ઊભેલી ટેકરી પાસે પહોંચ્યો ત્યાંસુધીમાં એક શબ્દ પણ બોલ્યો નહિ. નુરૂ અને મલેક બન્ને જણ પણ આશ્ચર્યથી સ્તબ્ધ બનીને મૂંગા મૂંગા તેની પાછળ ચાલતા હતા. એમના હૃદયમાં શંકા–આશંકાનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું.

બુઢ્ઢો અસગરમિયાં આખરે ચાલતો ચાલતો એની પત્નીની કબર પાસે પહોંચ્યો અને ત્યાં ઊભો રહી તેણે મહાન ભેવડો નિસાસો

નાખ્યો. પછી તેણે મલેક અને નુરૂને કબરની બાજુમાં ઘાસ ઉપર બેસવા ઈશારાથી સૂચવ્યું ને પોતે તો ત્યાં જ ઊભો રહ્યો. મલેક અને નુરૂ એની આજ્ઞાનું પાલન કરી ઘાસ ઉપર બેઠા ને પુતળાંની જેમ ઊભેલા એ બુઝર્ગ આદમી તરફ જોઇ રહ્યા.

અસગરમિયાં પોતાનો લાંબો હાથ આકાશ સામે ઊંચો કરી એની મૃત પત્નીને સંબોધતો હોય એમ બોલ્યો: 'પ્યારી જાન, એક ખુદા જાણે છે કે તારી યાદ ભૂલી જવા માટે મેં મારાથી બનતો બધો પ્રયત્ન કર્યો છે. પણ એમાં હું નિષ્ફળ નીવડયો છું.'

પછી તે ઝડપથી નુરૂ અને મલેક તરફ ફરીને બોલ્યો: 'તમારી બન્ને વચ્ચે લગ્ન થઇ શકે તેમ નથી. કારણ તમે બન્ને ભાઈ બહેન છો, એક માના જણ્યા ભાઈબહેન છો!'

આ શબ્દો સાંભળીને મલેક અને નુરૂ પથ્થરના પુતળાંની જેવા સ્તબ્ધ બની ગયાં. એમનાં મોં ઉપરથી રંગ ઉડી ગયો. થોડી વારે નુરૂએ એની ચકિત બનેલી આંખો ઊંચી કરી મલેક સામું જોયું. મલેક માત્ર ધીમે અવાજે એટલું જ બોલી શકયો, 'નુરૂની મા એ મારી મા થાય?'

અસગરમિયાંએ માથું નમાવીને મુંગી મુંગી હા ભણી.

મલેકે પૂછ્યું: 'ત્યારે આ મારી માતાની જ કબર છે?'

ફરીને અસગરમિયાંએ માથું નમાવી હા ભણી.

આ સાંભળી મલેક એકદમ કૂદીને ઊભો થઈ ગયો. એનો ચહેરો ગુસ્સા અને તિરસ્કારથી વિકૃત બની ગયો હતો. પછી મોટેથી બૂમ મારીને તે અસગરમિયાંને કહેવા લાગ્યો 'એ બની શકે નહિ, કદાપિ બની શકે નહિ. તમે જુઠું બોલો છો—નરદમ જુઠું બોલો છો.'

ધનુષ્યની પણછ ખેંચાય અને ધનુષ્ય તંગ થાય તેમ અસગરમિયાં એકદમ ટટ્ટાર થઇને તાડ જેવડો ઊંચો થયો. આસપાસની જમીન વૃક્ષો બધાં જાણે એની આગળ નાનાં દેખાવા લાગ્યા. સમસ્ત ભૂમિભાગ ઉપર કેમ જાણે પોતે સ્વામિત્વ ધરાવતો હોય તેમ ટાવરની જેવો ભવ્ય

રૂપ ધારણ કરીને તે ઊભો રહ્યો. એના મુખ ઉપર ગાંભીર્ય હતું પણ શબ્દમાં કે અવાજમાં જરાપણ ગુસ્સો ન હતો.

'મારે શામાટે જુઠું બોલવું પડે બેટા?' તેણે દુઃખપૂર્ણ અવાજે કહ્યું. તું દુઃખથી એટલો બધો આકુળ વ્યાકુળ થઇ ગયો છે કે બોલ-વાનું તને ભાન નથી રહ્યું...કોઇ બીજો પ્રસંગ હોત તો કોઈ અસ-ગરમિયાંને જુઠો કહે તે જીવતો રહે એવું બનત નહિ. હજી સુધી બન્યું પણ નથી.

અસગરમિયાંનાં આ ટાઢા શબ્દો મલેકના હૃદય ઉપર તલવારની ધાર જેમ ઊંડા ઉતરી જાય તેમ ઉતરી ગયા. એ અરધો બેભાન જેવો બનીને ઢગલો થઇ જમીન ઉપર પડી ગયો અને એના મુખ ઉપર આસુંનું વાવાઝોડું વરસી ગયું. વરસાદના તોફાનમાં વૃક્ષો જેમ કડાકા કરે તેમ એનો પહાડ જેવો દેહ હલી ઉઠયો.

પછી એકાએક તેણે પોતાનું મુખ ઊંચું કર્યું. તેણે ભાંગી ગયેલા સાદે તેને પૂછયું.

'તો શું હું નઝુમિયાંનો પુત્ર નથી?'

આ સવાલે અસગરમિયાંના હૃદય ઉપર ઊંડો ઘા કર્યો. એ હલ-બલી ઉઠયો. દુઃખથી કંપિત સ્વરે તે બોલ્યો. 'તારા ઉપર હું પુત્રનો દાવો કરવા માટે તો હું મારૂં સર્વસ્વ અર્પણ કરી દેત બેટા, પણ એ મારૂં ભાગ્ય કયાંથી? અલ્લા જાણે છે કે તું નઝુમિયાંનો જ પુત્ર છે.'

મલેકનું માથું ફાટવા લાગ્યું. કેમ જાણે હમણાં જ તેની માથાની કાચલીના કટકા થઇ જશે એમ તેને લાગ્યું. એની આંખોમાં અને અવાજમાં મૂંઝવણ હતી. તે બોલ્યો.

'મને તો આમાં કંઇ જ સમજણ પડતી નથી. એકવાર તમે એમ કહો છો કે હું નઝુમિયાંનો પુત્ર છું. બીજીવાર વળી એમ કહો છો, કે હું તુરૂનો ભાઇ છું અને આ મારી માતાની કબર છે. આમ કેમ બની શકે? કારણ મારા પિતાએ અને મારી દાદીએ મને હંમેશા કહેલું કે [illegible] ગઈ!'

'એ લોકોને મન તારી માતા મરી ગઇ હશે. પણ સાચું પૂછે તો તારી માતા મરી નહોતી ગઇ જીવતી જ હતી. અથવા એમ જ સમજ કે તેણે તારા પિતાનું ઘર છોડયું એ પછી જ એ સાચી જીવતી બની. ત્યાં સુધી તે જીવતા છતાં મરેલી જ હતી! અસગર-મિયાંએ લાગણી ભરપૂર કંઠે અને કંપિત સ્વરે જવાબ આપ્યો.

મલેક ફરી એકવાર આશ્ચર્યથી ચકિત થઇને બેઠો થઈ ગયો ને કાળજું કપાતું હોય એમ દુઃખિત સ્વરે બોલ્યો. 'તમે મને બધી વાત ફોડ પાડીને સમજાવો. અત્યાર સુધી તો મારી મા મરી ગઇ છે એમ માનીને એની પવિત્ર યાદને હૃદયના અર્ધ્ય ચડાવીને પૂજતો. વળી તુરૂની માતા મારા પ્રત્યે જે દયાભાવ અને મમતા રાખતી એ માટે પણ મારા હૃદયમાં એના પ્રત્યે ખૂબ જ માન અને પ્રેમ છે. ત્યારે હવે તમારા કહેવા પ્રમાણે જે તુરૂની તેમ જ મારી માતા થાય તેના વિષે ખરાબ ખ્યાલ બાંધવો, એના ચારિત્ર્ય વિષે શંકા લાવવી?'

અસગરમિયાં કેમ જાણે સખ્ત થઇને ઠપકો આપતો હોય તેમ એકદમ તેણે હાથ ઊંચો કરી તેને આવા શબ્દો બોલતો વાર્યો ને બોલ્યો 'બેટા, તારા મગજમાંથી બધા જ ખરાબ વિચારો દૂર કર. તારી માતા તો પવિત્રમાં પવિત્ર બાઇ હતી. જેઓ અવસાન પામ્યાં છે તેના વિષે એક પણ ગેરશબ્દ ઉચ્ચારાય નહિ કે ગેરભાવ વિચારાય નહિ. તેમાંયે તારી માતા જે સ્વર્ગની દેવી હતી તેને વિષે તો ખોટો ખ્યાલ બાંધવાની આવી ભૂલ કરાય જ શી રીતે?'

મલેક બધી લાગણીના બંધ મોકળા મૂકી કબર ઉપર ઢગલો થઇને પડયો અને ખૂબ છુટે સાદે રડતાં રડતાં સૂતેલી એની મૃત માતાને સંબોધીને કહેવા લાગ્યો. 'મા, મા, ઉઠ બોલ, એકવાર હોંકારો દે. તું ખરે જ મારી મા છે? એકવાર મારી સાથે બોલ ને આ બધી વાતનો ફોડ પાડ. કારણ મારું મગજ કામ કરતું નથી. શું કહેવું કે શું વિચારવું તેની જ મને કંઈ સમજણ પડતી નથી.

અસગરમિયાંની દૃષ્ટિ એની દીકરી ઉપર પડી. એની આંખમાંથી

આંસુની મૂક સરવાણી વહી રહી હતી, અને ગાલને ભીંજવતી હતી. ઠરી ગયેલા પુતળાની જેમ તે નિર્જિવપણે બેઠી હતી.

હમણાં જાણે પોતાનું હૃદય બહાર નીકળીને એની પાસે દોડી જતું હોય એમ અસગરમિયાંને લાગ્યું. તે તુરત જ એની પાસે જઈ પહોંચ્યો ને એને ખોળામાં લઈ આશ્વાસન આપતો હોય એમ બોલ્યો. ‘ ખમ્મા બેટી, મારી પ્યારી ગરીબ બેટી.’ તુરૂ ચૂપચાપ બાપના ખોળામાં માથું મૂકીને આંસુ વહાવવા લાગી.

એ પછી એકાએક તેણે પોતાનું માથું ઊંચું કર્યું અને આંસુથી ધોવાયેલા તેના નેત્રો વડે પિતા સામે નજર કરીને બોલી. ‘ મને બધી વાત વિગતથી કહો અબ્બાજાન.’ અને વળી પાછું તેના ખોળામાં માથું ઢાળી દીધું.

મલેકે પણ ઊંચું જોઇને કહ્યું. ‘ હા, હા અમને બધી વાત કહો.’

અસગરમિયાંએ પોતાનો એક હાથ દીકરીના માથા ઉપર રાખ્યો અને પછી તેણે વાત શરૂ કરી.

‘ તને ખબર નથી બેટા પણ એક વખત નજુમિયા અને હું બંને ગાઢ મિત્રો હતા. મારે નજુમિયાં કરતાં કોઇ વધારે સારો દોસ્ત નહોતો અને નજુમિયાં મારા પર સગાભાઇની જેમ હેત–પ્રીત રાખતો હતો. અમારી બન્નેની દોસ્તી એટલી બધી ગાઢી હતી કે ઘણીવાર લોકો અમારા ઉપર હસતા. આમ છતાં અમે તેની દરકાર નહોતા કરતાં કારણ અમારા બંનેના હૃદયમાં એક બીજા પ્રત્યે ખૂબ જ ઊંડો પ્રેમ અને વિશાળ આદર હતાં. અમે બંને જણે એકી સાથે ઘર છોડ્યુ. અને વતનને રામરામ કરી નસીબની શોધમાં અમે પદ્માને તીરે આવી પહોંચ્યાં. અમે બંને જણ સાથે સાથે આગળ વધ્યા. બંનેની પાસે કંઇ માયામુડી ભેગી થઇ અને સાથે સાથે જ અમે સંપત્તિવાન બન્યા. અમારૂં ગામ જોતજોતામાં એકદમ માલદાર બની ગયું. અલ્લા કરે ને એ જ વખતે અમારા બેમાંથી એક જણ મરી ગરો હોત તો કેવું સારૂં થાત !

અસગરમિયાએ ઊંડો નિસાસો મૂકયો ને વળી વાત આગળ ચલાવી.

'અમે જેમ જેમ દૌલતવાન થતા ગયા તેમ તેમ અમે લગ્નના વિચાર કરવા લાગ્યા અને એ માટે લાયક કન્યાની શોધમાં પડયાં. ત્યાંથી જ અમારા કમભાગ્યની શરૂઆત થઇ. કારણ કે એક સ્ત્રીના પ્રશ્ન ઉપર અમારી બન્નેની મિત્રતા તૂટી પડી. અને આખરે અમે બન્ને એક બીજાના કટ્ટર દુશ્મન બન્યા. ખુદાના રાહ ન્યારા છે. માણસને એક બીજા વચ્ચે જોડનાર પ્રેમ પોતે જ ઘણીવાર જુદાઇ, તિરસ્કાર અને દુશ્મનાવટનું કારણ બને છે. મેં હમણાં જ કહ્યું જે કે અમે બન્નેએ અમારી આસપાસ કન્યાની શોધ ચલાવવા માંડી. મારી વાત કરૂં તો મારે કન્યાની શોધ કરવાપણું હતું નહિ. કારણ નાનપણથી જ મને મારી ફુઇની દીકરી અમીના ઉપર ખૂબ પ્રેમ હતો અને ત્યારથી જ અમે એકબીજાની મહોબ્બત કરતા આવ્યા હતા.

'અમીના ?' નુરૂ આશ્ચર્યચકિત થઇને બોલી ઉઠી 'એ તો મારી માનું નામ !'

'હા બેટી, એ તારી માનો જ હું છોકરો હતો ત્યારથી પ્રેમ કરતો આવ્યો હતો. તારી દાદીમા જે મારી ફઈ હતી એ તો મને તે દિવસથી જ 'જમાઈ જમાઇ કહીને બોલાવતી હતી. હું પદ્મા નદીને કિનારે મારું નસીબ અજમાવવા આવ્યો હતો અને પરિશ્રમને અંતે જ્યારે નસીબે યારી આપી અને મારે ઘરની જમીન થઇ અને કંઈક ઢોરઢાંખર થયાં ત્યારે મેં વિચાર કર્યો કે હવે ઘેર પાછા જઇ લગ્ન કરવાનો સમય ભરાઇ ગયો છે અને છેવટ મન સાથે તે પ્રમાણે નક્કી કર્યું. નજુમિયાં પણ મારી સાથે પાછો ઘેર આવ્યો. કારણ તે પણ એક જ ગામમાંથી આવ્યો હતો અને તેને પણ પોતાનાં લગ્ન માટે કન્યા શોધવાની હતી. અમીના એ વખતે પંદર વર્ષની હતી અને સ્વર્ગની હુરી જેવી રૂપાળી હતી. મલેક, તમે સૌ નુરૂને રૂપાળી કહો છો અને ખરેખર મારી નુરૂ રૂપાળી પણ છે. છતાં જો તેં તારી માને એ પંદર વરસની હતી ત્યારે જોઇ હોત તો તારે પણ કબૂલ કરવું પડત કે નુરૂનું રૂપ એના રૂપ આગળ કંઇ વિસાતમાં નથી. વારૂ, એ પછી અમે બંને ઘેર આવ્યા ને હું મારી ફુઇની પાસે

ગયો ને એને કહ્યું. ફુઇ હવે હું અમીના સાથે લગ્ન કરવા આવ્યો છું. માટે હવે અમારા લગ્ન પછી હું એને ધુલડી લઈ જઈશ. લગ્ન કરાવી આપો.

આ સાંભળી મારી ફુઇ ઉપર કેમ જાણે વિજળી પડી હોય એમ એ આશ્ચર્યથી સ્તબ્ધ બની ગઇ હોય એવો દેખાવ કરીને બોલી.

'અમીના તારી સાથે લગ્ન કરવાની છે એમ તને કોણે કહ્યું ?'

'કેમ ફુઇબા ? અમે નાના છોકરાં હતાં અને ધૂળમાં રમતાં'તાં ત્યારથી જ તમે કહેતાં આવ્યાં છો કે અમે એક બીજા માટે સર્જાયા છીએ. તમે મને એ વખતે 'નાનો જમાઇ' કહીને બોલાવતા'તાં એ ભૂલી ગયાં ?'

મારી ફઇ ખડખડાટ હસી પડયાં અને મને નાનો ગણી હસી કાઢતાં હોય તેમ બોલ્યાં. 'તું તો સાવ નાનો ને નાનો જ રહ્યો અસગર, તારામાં કદિ સમજણ જ નહિ આવે ખરૂં ! એ બધી વાતો તો હસવાની હતી. એને તું ખરી માની બેઠો ? ખરી વાત અને મશ્કરી વચ્ચેનો ભેદ તું સમજી શકતો નથી ? તું એ વખતે નાનકડો રૂપાળો છોકરો હતો અને અમે તો તારી સાથે તે દિવસ હસવા રમવાનો ખેલ કરતા હતા.'

આમ કરી તે હસવા લાગી ને મારી મશ્કરી કરવા લાગી. પણ સાચું કહું તો તેણે અંદરખાનેથી બીજો જ નિર્ણય કરી લીધો હતો.

મેં એને હાથ જોડયા. એની આગળ લાચારી પ્રગટ કરી. અનેક આજીજી વિનતિ કરીને એનું દિલ પીગળાવવા કોશીશ કરી, પણ મારી એક વાત પણ તેણે ન માની. છેવટે હું ગુસ્સે થયો પણ મારો ગુસ્સો કામ ન આવ્યો. આજીજી વિનતિ, કાલાવાલા ગુસ્સો બધું જ વ્યર્થ ! મેં તેને એ પણ કહ્યું કે અમીનાને પોતાને મારા પર પ્યાર છે પણ મારી વાત એ સાંભળે તો ને ? તેણે તો કહ્યું. 'એની કોણ ના પાડે છે ? અલબત્ત, એને તારા ઉપર પ્રેમ છે પણ એ તો બહેનને ભાઇ ઉપર હોય એવો. અને કેવી નાખી દેવાની વાત કરે છે ? અમી-

નાને તારી સાથે પરણાવું ? એ કરતાં તો એને પદ્મા નદીના વહેનમાં પધરાવી દઉં !'

તે દિવસથી અમીના એકલી ન પડે એનું મારી ફઈ બરાબર ધ્યાન રાખતી. દિવસ રાત તે અમીનાનું ધ્યાન રાખતી અને એને એક પળ પણ આંખથી અળગી થવા દેતી નહિ. હું આકળો બન્યો હતો. ઉતાવળો બન્યો હતો. અને ઝનૂન ઉપર આવી ગયો હતો. પણ એક હતાશ અને હૃદયભગ્ન માણસ એક વિચક્ષણ અને ગણતરીબાજ તેમજ કાવતરાબાજ સ્ત્રી આગળ શું કરી શકે તેમ હતો ?

આટલું દુઃખ ઓછું હોય તેમ વળી દાઝયા ઉપર ડામ જેવો બીજો પ્રસંગ બન્યો. થોડા દિવસમાં જ મેં સાંભળ્યું કે અમીનાને નઝુમિયા સાથે પરણાવવાની વાતો થવા માંડી છે. પહેલાં તો મેં એને અફવા માનીને હસી કાઢી પણ પછી એમાં કંઈક વજુદ જણાયું ત્યારે ગુસ્સાના આવેશમાં આવીને ફઇ પાસે દોડી ગયો ને એ જ આવેશમાં તેને પૂછયું. 'ફઈ આ શી વાત હું સાંભળું છું ? તમે અમીનાને નઝુમિયાં સાથે પરણાવવાના છો એ વાત...'

તેણે મારી વાત પણ પુરી થવા દીધી નહિ. 'અરે ખુદા, તું તે કેવો મુરખ છોકરો છો !' હસતાં હસતાં તેણે કહ્યું, 'તું શું એમ ધારે છે અમીના આખી જીંદગી કુંવારી રહેવાની છે ? બેશક હું તેને પરણાવવા માગું છું. પણ કોઇ એવા માણસ પાસે જેની પાસે કંઇક માલ હોય. બાકી જેની પાસે પુરી પાંચ એકર પણ જમીન નથી એવા તારા જેવા મુફલીસ અને રખડેલ સાથે મારી દીકરીને પરણાવવા માગતી નથી.'

'પણ હું રખડુ કે મુફલીસ નથી.' મેં જોરથી બૂમ મારીને કહ્યું. 'હું પદ્માને તીરે ખાલી હાથે ગયેલો. પણ અત્યારે મહેનત અને પુરૂષાર્થથી પાંચ એકર જમીન મેળવી શક્યો છું. ઉપરાંત ગાય, બળદ વગેરે પશુધન તથા બીજો કેટલોક સામાન પણ વસાવી શકયો છું. ફૂઇબા, અમીનાને મારી સાથે પરણાવો. અને હું ખાત્રીપૂર્વક કહું છું કે મારે ઘેર એને કશી કમીના નહિ રહે.

'ઓ હો હો ! પાંચ એકર જમીન મેળવી એમાં શી મોટી ધાડ મારી.' ફઇએ ટોણો માર્યો. 'આ નજુમિયાં સામે જ જોને ! એ પણ તારી સાથે જ પદ્માને તીરે ગયેલો અને એટલા વખતમાં તો તેણે ૩૦ એકર જમીન તો ધરતી કરી લીધી. વળી એનામાં કોઇ જાતનું આછકલાપણું નથી. સ્વભાવે પણ ઠાવકો છે, કોઇ જાતના વાનરવેડા નથી. હાથમાં કામ લીધા પછી ધીમે ધીમે પણ દ્રઢતાથી આગળ વધતો જાય છે. આ રીતે એ કામ ચાલુ રાખશે તો થોડા વખતમાં જ સેંકડો એકર જમીનનો માલિક થશે. એટલું જ શું કામ ? એ તો આખા ગામનો મોટો જમીનદાર થશે.

મારી ખરાબમાં ખરાબ શંકા હતી એ જાણે સાચી પડતી હોય એમ લાગ્યું. એક બાજુ ઇર્ષ્યા અને બીજી બાજુ ગુસ્સાથી આકળા થઇને મેં જોરથી કહ્યું. 'ફઇ તમે અમીનાને નજુમિયાં સાથે પરણાવવાનો વિચાર કરો છો ?'

હું એવો ચંચળ ઝનૂની અને રાની પશુ જેવો બની ગયો હતો કે મારું આવું ગુસ્સાભર્યું વિકરાળ રૂપ જોઇને ઘડીભર તો એ પણ પાછી પડી ગઈ. પણ પછી તુરત જ સ્વસ્થતા ધારણ કરી બોલી 'ધાર કે એમ વિચારતી હોઉં તો પણ એમાં તારે શું છે ? નજુમિયાં તારાં કરતાં બધી બાબતમાં ચડિયાતો નથી શું ?'

ગુસ્સો કાબૂમાં લાવીને હું નરમ બની ગયો. મેં ફરી એને હાથજોડીને કાલાવાલા કરી સમજાવવા કોશિશ કરી કહ્યું 'તમે મારા કાકી છો ને અમીનાની મા છો. મહેરબાની કરીને અવળું પગલું ભરી અમારા બંનેનું જીવતર બગાડો નહિ ને બન્ને દોસ્ત વચ્ચે દુશ્મનાવટ ઊભી કરો નહિ.'

આની તેના ઉપર કશી અસર થઈ નહિ. તેણે તો મારી વાત તિરસ્કાર પૂર્વક હસી કાઢી ને બોલી. 'હું મારી દીકરીના લગ્ન નજુમિયાં સાથે કરીશ કે નહિ તે અત્યારે જાણતી નથી. પણ એટલું તો જરૂર જાણું છું કે એનો હાથ તારા જેવા રોતલ, નિર્બળ અને મુડદાલ માણસના હાથમાં તો સોંપીશ જ નહિ.

ફઇ સાથેની વાતમાં આખરે મેં હાથ ધસ્યા. ને હું નજુમિયા પાસે દોડી ગયો. એ વખતે તે ગામના બુઝર્ગ પટેલ સાથે વાત કરતો હતો. મેં તુરત જ તેને કહ્યું 'નજુ? આ હું શું સાંભળું છું? શું તું અમીના સાથે શાદી કરવાનો છે? એ વાત સાચી?'

'કેમ? એમાં ખોટું શું છે? અમીના સુંદર છોકરી નથી શું?' નજુમિયાંએ જવાબ આપ્યો 'એ છોકરીના વખાણ તો મેં તારા મોઢેથી અનેકવાર સાંભળ્યાં છે. હવે મેં એને જોઇ ત્યારે ખાત્રી થઈ કે ના છોકરી તો સરસ છે અને એ વહુ તરીકે એ મારા ઘરમાં બરાબર શોભશે.'

'પણ એ તો મેં પસંદ કરેલી કન્યા છે ને એ મારી વહુ થવાની છે.'

'તારી વહુ?' નજુમિયાંએ ઠંડા તિરસ્કારથી કહ્યું.

હું તો ગુસ્સાથી આકળો રાની પશુ જેવો બની ગયો. અને મારી જાતને કાબૂમાં રાખી શકયો નહિ. મેં જવાબ દીધો. 'અલબત્ત મારી જ વહુ છે અને તું એ વાત જાણે છે. શું તું મારી વહુ-રાણીને ચોરી જવા માગે છે?'

નજુમિયાંએ કાપી નાખે એવા ધારદાર વ્યંગાત્મક શબ્દોમાં કહ્યું. 'તારી પોતાની જ ફઇ પોતાના જમાઈ તરીકે તારા કરતાં મને જ વધારે પસંદગી આપતી હોય તો એમાં મારો દોષ છે શું?'

'તેં એને જાદુ કરીને આંધળી ભીંત બનાવી દીધી છે. એ પાગલ બની ગઇ છે અને પોતે શું કરી રહી છે એનો તેને ખ્યાલ નથી.

નજુમિયાંનો પિત્તો એકદમ ઉછળી આવ્યો. ગુસ્સાના આવેશમાં આવી તેણે કહ્યું, 'મારે હવે તારી એક પણ વાત વધારે વખત સાંભળવી નથી. મેં અમીનાને પોતે જોઈ છે અને હું એને પરણવાનો પરણવાનો અને પરણવાનો છું એ ચોક્કસ એમાં કોઇ મીન મેખ કરી શકે તેમ નથી. તારી ફઇએ પણ એમાં સંમતિ આપી છે અને તું એવો કોણ વચમાં પગ મુકવાવાળો?'

મેં તેને ધમકી આપી ને એમ પણ કહ્યું કે આ લગ્ન હું કોઈ-પણ ભોગે અટકાવીશ. પણ જવાબમાં તેણે ' તારે થાય તે કરી લેજે' એવો ભાવ બતાવતું ફક્ત તિરસ્કાર યુક્ત હાસ્ય કર્યું. પછી મેં એની આગળ આજીજી વિનતિ અને કાલાવાલા કર્યા. અમારી ભૂતકાળની દોસ્તીની યાદ આપી મારું જીવન મહેરબાની કરીને બરબાદ ન કર એવી વારંવાર હાથ જોડી કાકલુદી કરી. પણ તેણે મારી બધી વાતને હસી કાઢી ને ઉલ્ટો મારી મશ્કરી કરી મેણાં ટોણાં સંભળાવવા લાગ્યો. હું એકદમ ઝનૂન પર આવી ગયો હતો અને આ લગ્ન અટકાવવા મેં મારાથી બનતું બધું કર્યું. પણ મારું શું ચાલે તેમ હતું.? મારી ફૈઇ તાલેવંત હતાં અને નજુમિયાં પણ તાલેવંત હતો. તેમણે બન્નેએ મળીને મને મને પકડાવ્યો ને લગ્ન સમયે તેમજ લગ્ન પછી એકાદ મહીના સુધી કેદમાં રાખ્યો. નજુમિયાં જ્યારે પરણીને વહુરાણી લઈ એના ઘેર જવા નીકળ્યો ત્યારે ઉશ્કેરાટમાં આવીને મેં તેનું જરૂર ખૂન કરી નાખ્યું હોત. પણ મેં એની બાજુમાં જ ઊભેલી અમીનાને જોઇ. અને મારું હૃદય પાછું પડી ગયું. ભલે ગમે તે થયું પણ હવે તે કાયદેસર નજુમિયાંની પત્ની બની હતી અને જો હું નજુમિયાંને મારું તો એ પોતે જ વિધવા બની જાય. અને તેની સ્થિતિ કફોડી થાય. આથી કશું બોલ્યા ચાલ્યા સિવાય હું ચૂપચાપ મારા બાપદાદાના વતનમાં—રહીમપુરમાં ચાલ્યો ગયો. કારણ એ સિવાય મારે ઠરીને ઠામ રહેવાનું કે આવરોજાવરો કરવાનું બીજું એક પણ સ્થળ નહોતું.

અસગરમિયાં એકાદ મિનિટ થંભ્યો. તેણે મલેક સામે જોયું. પછી તેને ઉદ્દેશીને બોલ્યો. ' મલેક, આજે તું આટલો બધો કડવો થઇ ગયો છે. અને મારા ઉપર આટલો બધો ખીજાઈ ગયો છે. કદાચ તું એમ માનતો હોઇશ કે હું તારા તરફ સખ્તાઇથી વર્તું છું. પણ મારી વાત માનીશ, મલેક તારા બાપા મારી પસંદ કરેલી કન્યાને પરણી ગયા ત્યારે મારી સ્થિતિ કેવી કફોડી હતી એ તને તું કલ્પના

પણ કરી શકે તેમ નથી. વળી પરણ્યા પછી તે સુખી નથી એવી અફવા પણ જ્યારે મેં લોકોને મોઢેથી સાંભળી ત્યારે ઉલટું મારૂં દુઃખ ખૂબ વધી ગયું. નજુમિયાં તુંડમિજાજી, ગુસ્સાબાજ અને શંકાશીલ સ્વભાવનો આદમી હતો. તે એમ ધારતો હતો કે પોતાની પત્ની પોતાને પુરી રીતે પ્યાર કરતી નથી. હું તેને એક વખત ચાહતો હતો એ વાત એ કદિ ભૂલી શકયો નહિ. આથી અમીના કદાચ ચોરી છુપકીથી એનો પ્રેમ મારા તરફ ઢોળતી હશે એવી શંકાનો કીડો એના મનમાં હંમેશા કોતરી રહેતો. મારી વાત કરૂં તો મારૂં જીવન તો બરબાદ થઇ ગયું હતું. હવે મને કોઇની પરવા નહોતી. લુંટાણા પછી ભય કોનો રાખવો ? શા માટે રાખવો ?

આ લાંબી વાતને આટલેથી ટૂંકાવું તો એનો સાર એટલો જ હતો કે અમીના પોતાનું જીવન બરબાદ થઇ ગયું એ માટે દુઃખી હતી એટલું જ નહિ પણ મારી બરબાદ થયેલી જીંદગી માટે પણ તેનું હૃદય વલોવાતું હતું. એક દિવસે તેણે મને કોઇ ન જાણે તેમ છાની રીતે સંદેશો મોકલી મળવા બોલાવ્યો ને મને મારી રીતભાત સુધારવા ને સીધે રસ્તે જવા હૃદયપૂર્વક આજીજી કરી. હું એના શબ્દો ઉવેખી શકયો નહિ અને હવે પછીથી ભવિષ્યમાં સીધે રસ્તે જવા, સાદું સીધું ને માનભર્યું જીવન જીવવા પ્રયત્ન કરીશ. મેં મારા આ વચનનું પાલન કરવા કેટલી કોશીશ કરી છે એનો તો એક અલ્લા સાક્ષી છે. એ દિવસથી મેં જાણી કરીને નાનું કે મોટું કોઇ પાપ કર્યું નથી.

નજુમિયાંને અમારા બન્ને વચ્ચે થયેલી આ ખાનગી મુલાકાતની ખબર પડી. આથી તે પોતાની પત્ની તરફ ચિડાયો. તેણે એને ખૂબ જ ધમકાવી, મારી, અપમાનિત કરી પણ તેણે તો પતિના આ બધા જુલ્મો મૂંગે મોઢે સહન કરી લીધા. ગામમાં કેટલાક દુષ્ટ લોકો હતા અને નિંદા કરવામાં પાછું વાળી જોતા ન હતા તેમણે પેટ ભરીને અમીનાની અને મારી નિંદા કરી. તેમની દુષ્ટ વાતોએ નજુમિયાંની શંકાને ઉલટી વધારે દૃઢ બનાવી. નજુમિયાં એની પત્ની

પ્રત્યે વધારે કઠોર અને કડવા થતો ગયો. મલેક, તારો જન્મ થયા પછી તુરત જ તારા પિતાની શંકા અને દ્વેષ એકદમ ભભૂકી ઉઠયાં. તેણે તારી માતા ઉપર બેવફાઈનું આળ ઓઢાડયું. પછી એની સાથે છૂટાછેડા લઇ એની બદનામી કરીને એને પિયર પાછી મોકલી દીધી.

દરમ્યાન મારી ફઇ અવસાન પામ્યા હતા અને તારી માતા આ દુનિયામાં એકલી રહી ગઈ. એને બીજા સગાવહાલાં નહોતાં એમ નહોતું પણ અમીનાની જે બેઆબરૂ થઈ એને લીધે તે લોકનજરમાં ને સગાવહાલાં હલકી પડી ગઈ. એવી 'હલકી બાઇને' સંઘરવાની કોણ હિંમત કરે. આમ બધે ઠેકાણેથી જાકારો મળવાથી અને અપમાન અને તિરસ્કારનું દુઃખ સહન ન થવાથી છેવટે તેણે પાણીમાં ડૂબી મરવાની કોશિશ કરી. પણ એ મરી જાય એવી અલ્લાની મરજી નહોતી. એથી હું એને છેવટની પળે આપઘાતમાંથી બચાવી શકયો. બચાવીને ઘેર લાવ્યા પછી મેં તેને મારી સાથે લગ્ન કરવા વિનતિ કરી. પણ પહેલાં તો તેણે એમાં સંમતિ આપી નહિ. તેંણે કહ્યું કે 'મારી બદનામીવાળી જીંદગી તમારી પાક જીંદગી સાથે જોડવા ઇચ્છતી નથી.' મેં એની આગળ કાકલૂદી કરી. દલીલો કરી એને સમજાવી કે' તું જ મારી જીંદગીનું મધ્ય બિન્દુ છે. તારા સિવાય મારી જીંદગી વૃથા છે. મારી જીંદગીનું સમસ્ત સુખનો આધાર જ એક તું છે.' છેવટે માંડ માંડ તે સમજી અને મારી સાથે લગ્ન કરવા કબૂલ થઇ. મેં જીંદગીમાં જેની કદિ આશા નહોતી રાખી એવું સુખ મને પ્રાપ્ત થયું જ્યારે નુરૂનો જન્મ થયો ત્યારે તો મારા સુખનો સાગર જાણે છલકાઇ ઉઠયો. દુષ્ટોની જીભથી બચવા માટે નજુમિયાં જ્યાં સુધી જીવતો રહ્યો ત્યાં સુધીં હું અમીનાને ધુલડીમાં કદિ લાવ્યો નહિ. એના અવસાન પછીજ તેને હું અહીં લઈ આવ્યો. એ પછીની તો તું બધી વાત જાણે જ છે!

ઉપસંહાર

થોડીવાર કોઇ કંઇ બોલ્યું નહિ, સૂર્ય દરિયાના મોજાં ઉપર વિરમી રહ્યો હતો. હોડીઓ સાંજનો ભાર લઇને કિનારા તરફ પાછી ફરતી હતી. ધીમે ધીમે દૂર દૂરના ઝૂંપડાઓમાં દીવા ટમટમવા લાગ્યા પણ તેઓ ત્રણ જણ ચૂપચાપ સમુદ્ર કિનારા પાસે ઊભાં રહ્યાં. ત્રણે-માંથી કોઇ એક શબ્દ પણ બોલ્યું નહિ.

છેવટે મલેકે મૌન તોડ્યું. એની આંખોમાં આંસુ નહોતાં પણ તેમાં નિરાશાની છાયા હતી. કેમ જાણે મૃતાત્મા બોલતો હોય એવા નિર્જીવ અને નબળા સ્વરે તેણે કહ્યું. 'તમે આ વાત મને આ પહેલાં શામાટે ન કરી ? તમે અત્યાર સુધી મને તુરૂ પ્રત્યે એક પ્રેમી પોતાની પ્રિયતમા પ્રત્યે જે દ્રષ્ટિએ જુએ તેમ શામાટે જોવા દીધું ? અને છેવટે હવે તમે કહો છો કે એ તારી બેન થાય અને તું એની પ્રત્યે એક પ્રેમીની દૃષ્ટિથી પતિની દૃષ્ટિથી નીહાળી શકે નહિ ! આવું હતું તો મને પહેલેથી ચેતવ્યો કેમ નહિ ?'

અસગરમિયાંએ કંઇ જવાબ આપ્યો નહિ. તે ધીમેથી પોતાનો હાથ તુરૂના કપાળ ઉપર મૂકી બોલ્યો. 'બેટી તુરૂ, તું પણ આ બધા દોષનો ટોપલો તારા બાપ ઉપર ઢોળી તેને દોષિત ઠરાવીશ ?'

તુરૂએ ધીમેથી માથું ધુણાવ્યું. તે એકાએક યુવતી મટીને જાણે ઘરડી ડોસી બની ગઈ હોય એવી [illegible] એની આંખોમાં જાણે

એક આયખું વીતી ગયું. તે તેના બાપનો હાથ પોતાના હાથમાં લઇ બોલી. 'બાપુ, બિચારા મારા બાપુ.'

અસગરમિયાંની આંખમાં આંસુ ઉભરાણાં ને ગાલ ઉપરથી દડીને ધરતી પર પડવા લાગ્યાં. પછી તે ગળગળા અવાજે બોલ્યો. 'પ્યારાં બચ્ચાંઓ—ખુદાએ તમને મારા જ બનાવ્યાં હોત મારા ઉપર સખ્ત ન બનો. થોડી દયા કરો. મને જે સૂઝયું તે ઉત્તમ સમજી કર્યું. એમાં ભૂલ થઇ હોય તો પણ સારા હેતુથી થઇ હતી. મારી ઇચ્છા તમારા બંનેની યુવાનીથી ભરપુર જિંદગીને રક્ષવાની હતી. શંકા કુશંકાની છાયા તમારાં પવિત્ર જીવન ઉપર ન પડી જાય એ માટે મેં અત્યાર સુધી ચૂપકીદી સેવી હતી. પણ એથીયે ધાર્યું હતું એ ન થયું અને ખુદાતાલાને જે મંજૂર હતું તે જ થયું.'

નુર એની માતાની કબર ઉપર માથું મૂકીને મોકળે મને રડી. ડૂસકાં ભરતાં ભરતાં તે બોલી 'મા, તેં મને પહેલેથી કેમ ન કહ્યું! તારે તો મને વખતસર સાચી વાતથી વાકેફ કરી મને ચેતવવી'તી?'

મલેક ઊભો થયો. અસગરમિયાં અને નુરએ તેના તરફ જોયું. પણ તેણે એ બંને તરફ જોયું નહિ. તેણે પશ્ચિમ તરફ જ્યાં ઢળતા સૂર્યના છેલ્લા કિરણ ઝબૂકતાં હતાં, એ દરિયાના વિશાળ પટ ઉપર નજર નાખી. દૂર દૂરથી કોઇ અવાજ આવતો હોય એવા સ્વરે તે બોલ્યો. 'અસગર ચાચા, છેલ્લી સલામ, નુર છેલ્લી સલામ! અચ્છા ત્યારે બોલ્યું ચાલ્યું માફ કરજો! અલ્લા તમારા બંને ઉપર મહેર કરે લ્યો ત્યારે સલામ આલેકુ'

અસગરમિયાં તૂટેલે સ્વરે બોલ્યા 'અરે મલેક તું ક્યાં ચાલ્યો?' નુર પણ કેમ જાણે એની ભીની આંખોમાં આર્જવતાના ભાવો લાવી તેને રોકાવા મૂક વિનતિ કરતી હોય તેમ દયામણે ચહેરે એ તેના તરફ જોઇ રહી.

પણ મલેકે માથું ધુણાવી ના પાડી કહ્યું, 'ના ના. હવે અહીં નહિ રોકાવાય. અને દિલગીરીપૂર્વક પોતાનું માથું ધુણાવ્યું. મારે હવે અહીંથી ચાલ્યા જવું જોઇએ. મારે અહીંથી ચાલ્યા જવું જોઇએ અને બની શકે તો આ બધી વાત ભૂલી જવી જોઇએ. હું તુરૂ મારી બેન હોય એ દષ્ટિથી હવે કેવી રીતે જોઈ શકું? મારી જુવાનીના બધા સ્વપ્નો અને રંગીન કલ્પનાઓ એની આસપાસ જ મેં ગુંથી હતી. એ બધા સ્વપ્નોને રંગીન કલ્પનાઓનો ઉચ્છેદ એક શબ્દ શું એકાએક કરી શકશે?'

અસગરમિયાંએ પોતાનું માથું ઊંચું કર્યું નહિ. એ તો પોતાની પત્નીની કબર તરફ જોઇને બોલ્યો:

'આપણે તો નદીમાતાના છોરૂ છીએ. આપણે ખેડુઓ ધરતીપુત્રો છીએ. આપણે આપણાં ઘર, નદીની વેળુ ઉપર બાંધીએ છીએ ને નદીના પાણી એને તોડી ફોડી ક્યાંય તાણી જાય છે. આપણે એની દરકાર કરતાં નથી. ને ફરી ફરીને રેતી ઉપર ઘર બાંધીએ છીએ. વળી ખેતર ખેડીએ છીએ એમાં હળ હાંકીએ છીએ. ઉજ્જડ ધરતી ફાડીને ધાન પકવીએ છીએ અને સોનલાવરણો પાક ઉતારીએ છીએ.

મલેકે કહ્યું: 'હું પણ નદીપુત્ર છું. મારે પણ મારું ઘર નદીની રેતી ઉપર બાંધવું જોઇએ. પણ નવા જીવો પેદા થાય એ પહેલાં જૂના જીવોએ ખતમ થઈ જવું જોઇએ. જૂનાએ નવાને માટે જગા કરી આપવી જોઇએ. એટલે જ મારે આજે અહીંયા વિદાય લેવી જોઈએ. અસગરચાચા, અને કોને ખબર છે વળી એક દિવસ અંજળ હશે તો હું પાછો આવીશ.'

અસગરમિયાંએ મલેકને ફરી કશું કહ્યું નહિ. કેમ જાણે પોતાના મનની સાથે જ વાત કરતો હોય તેમ તે બોલ્યો: 'નદીએ જૂના અને [illegible] પ્રવાહ

બદલવો જ જોઇએ. આમ છતાં નદી પાછી એ જ કાંઠામાં આવીને વહેવા લાગે છે. તે પોતાના પરિચિત કિનારાઓને કદી ભૂલી શકતી નથી.'

એ પછી તે ઊભો થયો અને તુરને બૂમ મારી બોલાવી કહ્યું. 'તુરૂ મારી, મા, બેટી ચાલ હવે આપણે ઘેર જઇએ.'

તુરૂએ ચુપચાપ પિતાની આજ્ઞાનું પાલન કર્યું. ધીમેથી તે ઊભી થઇ ને અસગરમિયાંની પાછળ પાછળ ચાલવા લાગી. મલેકની આંખોને જ્યાં સુધી એ દેખાણાં ત્યાં સુધી મલેક એ બન્નેને ઘર તરફ ચાલ્યાં જતાં એક દૃષ્ટિએ જોઇ રહ્યો. અસગરમિયાંએ એક વખત પણ પાછું વાળીને જોયું નહિ. પણ તુરૂ ફરી ફરીને પાછું વાળીને જોતી રહી. એની ગ્લાનીથી ભરેલી આંખમાં મલેકને જોવાની ઉત્કટતા હતી. તે પાછા વળી વળીને મલેક તરફ જોતી જ રહી. ચાલતાં ચાલતાં કેટલીયે વાર તેના પગ થંભી જતા અને મલેક માટે રોકાઇને પાછા જવા દિલ થઈ જતું પણ આખરે તો તે એના પિતાને પગલે પગલે ચાલી પિતૃગૃહે પહોંચી ગઇ.

મલેક એની માતાની કબર પાસે મુંગો મુંગો એકલો બેઠો. પશ્ચિમના સમુદ્ર તરફ અનેક કિંમતી માલથાલથી ભરેલાં વહાણો જઈ રહ્યાં હતાં.

ખલાસીઓ ગીત ગાતા ને બંસી બજાવતા હતા. આમ કરતાં કરતાં સાંજ પડી. દિવસ આથમી ગયો ને આખી પૃથ્વી અંધારાની ચાદરમાં લપેટાઇ ગઈ. આકાશમાં નવલખ તારા ઝબૂકવા લાગ્યા. મોડી રાતે અસગરમિયાં ફરીને પોતાની પત્નીની કબર પાસે ગયો પણ ત્યારે મલેક ત્યાં હતો નહિ અને કયાં ગયો એની પણ કોઇને ખબર પડી નહિ. અસગરમિયાંએ પત્નીની કબર પર પહાડ જેવડો નિસાસો નાખી આકાશ સામે જોયું ને બોલ્યો. 'અલ્લા, મહેર કર મહેર કર.'

સમાપ્ત

શ્રી [illegible] પુસ્તકો

પર્લબક અનુવાદિત

૧ આશાનું બીજ ભા. ૧-૨ ૯-૦
૨ પ્રથમપત્ની અને બીજી વાતો ૩-૦
૩ દરિયાની વેળ ૧-૪

જીવનચરિત્ર

૪ મુસ્તફા કમાલ ૧-૮
૫ કવિવર રવીન્દ્રનાથ ઠાકુર ૨-૮
૬ ઠક્કરબાપા (નવજીવનમાંથી)

દુષ્કાળને અંગે

૭ ફરતાં ફરતાં હાડપિંજરો વચ્ચે ૩-૪
૮ દુર્ભિક્ષ ૩-૮

લોકકથાઓ

૯ પાંચ લોકકથાઓ
(સસ્તું સાહિત્યમાંથી) ૧-૮
૧૦ બંગાળની રસકથાઓ
(સંસ્કાર-સા.-મંદિર) ૪-૦
૧૧ દક્ષિણ દેશની લોકકથાઓ (,,) ૪-૦
૧૨ કાશ્મીરની લોકકથાઓ (,,) ૧-૪
૧૩ અતિલોભ પાપનું મૂળ (,,) ૦-૪

બાળસાહિત્ય

૧૪ દિલીપરાજાનીકથા (,,) ૦-૬
૧૫ સુંદરપરી ૧-૪
૧૬ ત્રણ પીછાં ૧-૪
૧૭ કાળા જાદુની શાળા ૧-૮

શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘનાં

પ્રકાશનો

પુસ્તક	લેખક	કિંમત
૧ ઝેર તો પીધાં છે જાણી જાણી	દર્શક	૩-૧૨-૦
૨ લોક ભારત-૧૨ પુસ્તકો	નાનાભાઈ ભટ્ટ	૬-૪-૦
૩ દૃષ્ટાંત કથાઓ ભા. ૧-૨	,,	૧-૧૫-૦
૪ ગાંધીબાપુ ખંડ ૧-૨	રામનારાયણ ના. પાઠક	૯-૦-૦
૫ દીપ નિર્વાણ	દર્શક	૩-૪-૦
૬ કેળવણીની પગદંડી	નાનાભાઈ ભટ્ટ	૩-૮-૦
૭ દીઠું મેં ગામડું જ્યાં	રતુભાઇ અદાણી	૨-૮-૦
૮ નાનસેન	મૂ. મો. ભટ્ટ	૧-૪-૦
૯ શિક્ષણ સાધના	ક્ષિતિમોહનસેન	૧-૧૨-૦
૧૦ રોમ	દર્શક	૧-૮-૦
૧૧ ગ્રીસ ભા. ૧-૨	,,	૨-૦-૦

સર્વોદય સહકારી પ્રકાશન સંઘ

રાષ્ટ્રીય શાળા, રાજકોટ



લોકભારતી, સણોસરા

જૅકેટ : દીપક પ્રિન્ટરી : અમદાવાદ